
Barcode - 99999990877544
Title - Lal Killano Mukaddamo.
Subject - GENERALITIES
Author - Meghani Zaverchand K.
Language - gujarati
Pages - 181
Publication Year - 1946
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087754

# લાલકિલ્લાનો મુકદ્દમો




વહેતાં પાણી

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक २५८८४ किंमत १-८-०

ग्रंथनाम લાલ કિલ્લાનો મુકદ્દમો

वर्गांक ૯૫૨ : ૨૫૦૩૧૨૦૮૬, ટ૫

વહેતાંપાણી પ્રકાશનમાળા – ૧

# લાલ કિલ્લાનો
# મુકદ્દમો

: સોલ એજન્ટ :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડીંગ : કાલબાદેવી રોડ : મુંબઈ ૨.
ફરનાન્ડીઝ પૂલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ.

વહેતાંપાણી પ્રકાશનમાળા

સંપાદક

ઝવેરચંદ મેઘાણી

પહેલી આવૃત્તિ : ૨૩ : જાન્યુઆરી '૪૬ નેતાજીની ૫૦મી વર્ષગાંઠ
બીજી આવૃત્તિ : ૧ : ફેબ્રુઆરી '૪૬

કિંમત


સાદી : દોઢ રૂપિયો
ઊંચી : ત્રણ રૂપિયા

મુદ્રક
નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

પ્રકાશક
નાથાલાલ મ. શાહ
કાઠિયાવાડ લિમિટેડ
રાણપુર : કાઠિયાવાડ

૨૫૮૮૪
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

ઊઘડતી અદાલતે ૩
તહોમતનામું ૭
લેફ્૦ નાગની જુબાની ૨૯
કામચલાઉ સરકારનું જાહેરનામું ૪૨
'આપણે જાપાનીઓની તાબેદારી નથી કરવાની' ૪૯
'તો આપણે જાપાનીઓ સામે પણ લડશું' ૫૯
પઢાવાયેલા સાક્ષીઓ ? ૬૯
'હિંદુસ્તાનની સાચી તસ્વીર અમે ભાળી' ૭૯
પાંચ જાપાનીસ સાક્ષીઓની જુબાની ૯૭
આઝાદ હિંદ સરકારના બે પ્રધાનોની જુબાની ૧૧૩
આઝાદ સરકારના વહીવટની વધુ વિગતો ૧૩૭
'મુક્તિયુદ્ધ ખેલવાનો ગુલામોનો અધિકાર' ૧૫૨
ફેંસલો : સજા : માફી ૧૬૯




બ્રિટિશ ફોજોએ સુરંગ ફૂંકીને ઉડાડી મૂકેલું આઝાદ ફોજના શહીદોનું સિંગાપુરનું સ્મારક

# નિવેદન

**સમયના વહેતાં પાણીમાં** જે કાંઇ ઘસડાઇ આવે છે, થોડુંઝાઝું વહેણમાં ટકી રહે છે અને પછી વહેલુંમોડું જેમ આવ્યું હતું તેમજ ઘસડાતું–પછડાતું ચાલ્યું જાય છે, તેમાંથી કાંઇક ને કાંઇક ઉપાડી લઇને પુસ્તિકાઓ રૂપે એને સાચવી રાખવાના ઉદ્દેશથી આ ' વહેતાં પાણી પ્રકાશનમાળા 'ની શરૂઆત કરવામાં આવી છે. પેઢીઓ સુધી ન વિસરાય એવી આઝાદ હિંદ ફોજની ગૌરવકથાનું એક નાનું પ્રકરણ આ પુસ્તિકાશ્રેણીની પહેલી પુસ્તિકા તરીકે અપાય છે એ એને માટે શુકનવંતી શરૂઆત છે. એ શુકન માથે ચડાવીને આગળ વધવાની અને થોડા થોડા વખતે ચાલુ કાળના બનાવોને લગતી આવી પુસ્તિકાઓ આપતા રહેવાની એની નમ્ર ઉમેદ છે.

આઝાદ હિંદ ફોજની શૌર્યકથાઓ જ્યારે આરાકાનના પહાડોમાં અને મણિપુરના મેદાનોમાં સાચેસાચ ભજવાઈ રહી હતી ત્યારે વિધાતાની કોઇ ક્રૂર કરામતને લીધે આ દેશની પ્રજા એની સાથે તાલ મિલાવી શકેલી નહિ એટલું જ નહિ પણ ઊછળતી છાતીએ એને નીરખતી રહીને એમાં પોરસ રેડવાનું પણ એનાથી બની શક્યું નહોતું. ઈરાવદીને પેલે પારથી જ્યારે વતનનો સાદ સાંભળીને ' ચલો દિલ્હી'ના નાદ ગજવતા આઝાદ ફોજના સિપાહીઓ દિલ્હીની વાટને લોહીભીની બનાવતા દોડ્યા આવતા હતા, હિંદી-હિંદીના લોહીનાસંગમ વચ્ચે માત્ર થોડી ટેકરીઓ અને થોડાં મેદાનો જ જ્યારે બાકી રહ્યાં હતાં, ત્યારે વતનનું લોહી તો થીજેલું જ પડ્યું હતું. આ દેશના પ્રજાજનો એ સિપાહીઓને મુક્તકંઠે આવકારી પણ શકે તેમ નહોતા. એમને મોઢે જેમ ડૂચો દેવાયેલો હતો તેમ એમની આંખોએ પાટા બાંધેલા હતા.

અને હવે, આઝાદ ફોજ ગુલાબી એક સ્વપ્નામાંથી ઊડીને એમાંજ જાણે પાછી સમાઇ ગઇ હોય તેવું લાગે છે ત્યારે પ્રજાના અંતરમાં એને માટે પ્રેમનાં લાખ-લાખ ઝરણાં ફૂટ્યાં છે. પોતે જેને ખરે ટાણે સન્માની શકી નહોતી તેને આજે તો એ પૂજવાની હદે પહોંચી ગઈ છે. આઝાદ ફોજ વિશે જેટલું મળે તેટલું જાણીને પોતાનું અંતર એનાથી છલકાવી દેવાનો તનમનાટ પ્રજામાં જાગ્યો છે.

આઝાદ ફોજ વિશે થોકબંધ સાહિત્ય બહાર પડવાની તૈયારીઓ થઇ રહી છે. એની સત્યકથામાં જ બલિદાન અને મરણિયાપણાના એવા રાતા-કેસરિયા રંગો પડ્યા છે કે શબ્દચાતુરીની ગમે તેવી રંગપુરણી પણ કદાચ એની આગળ ફિક્કી જ દેખાશે. એટલે આ પુસ્તિકામાં માત્ર હકીકત જ આપેલી છે. લશ્કરી અદાલતમાં લગભગ બે મહિના સુધી આઝાદ ફોજના ત્રણ અફસરો ઉપર ચાલેલા પ્રથમ મુકદ્દમાનો ટુંકાવેલો અહેવાલ અહીં આપ્યો છે. પૂરા અહેવાલના શબ્દે શબ્દમાં સામાન્ય વાચકને કાંઇ રસ ન હોય એટલે એમાંથી વીણી વીણીને અહીં આપ્યું છે. પુસ્તિકા પ્રથમ તો ૧૦૦ પાનાની જ કરવા ધારેલી. પણ અગત્યની કોઇ વાત આ સળંગ અને કડીબદ્ધ અહેવાલમાંથી રહી ન જાય તેથી એને એના અત્યારના કદ સુધી ન છૂટકે વધવા દેવી પડી છે.

આ અહેવાલ દૈનિક અંગ્રેજી અખબારોની કટારોમાંથી ભેગો કરી, વીણીને તેનો અનુવાદ કરવાનું કામ મહેન્દ્ર મેઘાણીએ કર્યું છે. દિલ્હીના 'હિંદુસ્તાન ટાઇમ્સ'ના અહેવાલને સૌથી વધુ જવાબદાર અને ઝીણવટભર્યો માનીને વિશેષતઃ એને જ એ વફાદાર રહ્યા છે.

જેને લીધે આ પુસ્તિકા શોભિતી બની છે તે ચિત્રોના બ્લોક વાપરવા દેવા બદલ અમદાવાદના 'ગુજરાત સમાચાર'ના અમે ઋણી છીએ.


પ્રકાશનમાળાનું સંપાદન-કાર્ય શ્રી ઝવેરચંદ મેઘાણીના હાથમાં છે. પરંતુ આ અથવા બીજી કોઇ પુસ્તિકા કે આખી પ્રકાશનમાળા અંગેના કોઇપણ સૂચનો ભારતી સાહિત્ય સંઘ લિ.ને જણાવવા વિનતિ છે. પ્રકાશનમાળાની હવે પછીની પુસ્તિકા જાવાને લગતી રાખવાની અને પહેલી માર્ચ સુધીમાં એને બહાર પાડવાની ધારણા છે. હવે પછીની પુસ્તિકાઓનું કદ સો-સવાસો પાનાનું રહેશે, અને કિંમત લગભગ રૂપિયો રહેશે.

**પ્રકાશક**

# લાલ કિલ્લાનો

# મુકદ્દમો

**દિલ્હીનો ઐતિહાસિક લાલ કિલ્લો :** ૧૮૫૭ના બળવાખોરોના બાદશાહ બહાદુરશાહ ઉપર જ્યાં મુકદ્દમો ચાલેલો.
૮૯ વર્ષ પછી આઝાદ હિંદ ફોજના બળવાખોરોનો મુકદ્દમો પણ ત્યાં જ ચાલ્યો.



# ઊ ઘ ડ તી અ દા લ તે

**૫ મી નવેંબર : સોમવાર** : ૧ :

બ્રિટિશ હિંદના ઇતિહાસમાં અજોડ એવો એક ખટલો દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લામાંની એક લશ્કરી 'બેરેક'—ઇમારતને બીજે માળે આજે શરૂ થયો. ન્યાયકચેરીમાં દાખલ થવા માટેના ખાસ પરવાના અગાઉથી જેમણે મેળવ્યા હતા તેવા ૧૪૦ પ્રેક્ષકો અને ૬૦ પત્રકારોથી અદાલતનો ખંડ ચિક્કાર ભરાઇ ગયો હતો. ન્યાયમૂર્તિઓએ પોતાનાં સ્થાન લીધા પછી છબીકારોને ચાર મિનિટ સુધી અદાલતની છબીઓ ખેંચવા દેવામાં આવી.

છબીકારોએ વિદાય લીધી અને લશ્કરી અદાલતના પ્રમુખે ફરમાન કર્યું: 'તહોમતદારોને હાજર કરો.' કૅપ્ટન શાહનવાઝખાન, કૅપ્ટન સેહગલ અને કૅપ્ટન ધિલન દાખલ થયા અને અદાલતને એક છટાભરી સલામી કરી. આઝાદ હિંદ ફોજના ત્રણેય અફસરો લશ્કરી પોષાકમાં સજ્જ થયેલા હતા. એમના હોદ્દા દાખવતા બિલ્લાઓ એમની પાસે હતા નહિ.

હિંદી લશ્કરી કાનૂન હેઠળ આ લશ્કરી અદાલતની રચના કરતા હુકમને જજ–એડવોકેટે ઘેરા અવાજે વાંચી સંભળાવ્યો. ત્યારપછી, અદાલતના ચાલુ અને ખડા સભ્યો, શીઘ્રલહિયાઓ અને ફરિયાદપક્ષી વકીલનાં નામોના એમણે સાદ પાડયા. એ બધાએ 'હાજર' એવો જવાબ આપ્યા પછી અદાલતે બચાવપક્ષના મુખ્ય ધારાશાસ્ત્રીનું નામ પૂછ્યું. સર તેજ બહાદુર સપ્રુએ જવાબ આપ્યો કે એમની નાદુરસ્ત તબિયતને કારણે તેમણે શ્રી. ભુલાભાઈ દેસાઈને આ ખટલો ચલાવવાનું કહ્યુ છે. તેમણે બીજા ધારાશાસ્ત્રીઓની પણ ઓળખાણ કરાવી–જેમાં પંડિત જવાહરલાલ નેહરુ, સર દલીપ-–સીંઘ, શ્રી અસફઅલી, ડૉ. કાત્જુ, શ્રી સેન, અને રાયબહાદુર, બદ્રીદાસનો સમાવેશ થાય છે. અદાલતના પ્રમુખે ટકોર કરી કે, 'હિંદી લશ્કરી કાનૂનની રૂએ આ અદાલતમાં ઊભા રહેવાની લાયકાત તમે સૌ ધરાવતા હશો એમ હું માની લઉં છું.' શ્રી ભુલાભાઈએ હકારમાં જવાબ વાળ્યો.

આ૦હિં૦ફો૦ના ત્રણેય આરોપી અફસરોને તે પછી પૂછવામાં આવ્યું કે અદાલતના પ્રમુખ કે બીજા કોઈ સભ્યને હાથે તેમનો ઈન્સાફ તોળાય તે સામે તેમને કાંઈ વાંધો છે? 'ના જી,' ત્રણેયના એ જવાબ હતા. અદાલતના કામની સંપૂર્ણ નોંધ ઉતારવા માટેના શીઘ્રલહિયાઓમાંના એકેયની સામે તેમને વાંધો છે કે કેમ તેવા પૂછાણના જવાબમાં પણ ત્રણેય આરોપીઓએ ના પાડી. ત્યાર પછીની દસ મિનિટ અદાલતના સભ્યોની અને શીઘ્રલહિયાઓની સોગંદવિધિમાં વીતી. અદાલતના સભ્યોના સોગંદ નીચે પ્રમાણે હતા:

'સર્વશક્તિમાન પરમેશ્વરના સોગંદપૂર્વક હું કહું છું કે, હિંદી લશ્કરી કાનૂન પ્રમાણે, અને પક્ષપાત, મહેરબાની કે પ્રીતિ વિના હું ઇન્સાફ તોળીશ, અને જો કોઈ શંકા ઊભી થશે તો મારા અંતરાત્માના કહ્યા પ્રમાણે, મારી મતિમાં ઊતરે તે રીતે અને આવા દાખલાઓમાં યુદ્ધના શિરસ્તા મુજબ વર્તીશ. આ લશ્કરી અદાલતના ફેંસલાની જાહેરાત સત્તાવાળાઓ ન કરે ત્યાં સુધી હું તેની જાણ કોઈને કરીશ નહિ. વધુમાં, આ લશ્કરી અદાલતના કોઈપણ સભ્યનો મત કે અભિપ્રાય હું જાહેર કરીશ નહિ કે જાણીશ નહિ—સિવાય કે કાયદા મુજબની એ વાતની સાબિતિ કોઇ ન્યાયકોર્ટ કે લશ્કરી અદાલતમાં દેવાનું મને કહેવામાં આવે. ઇશ્વર મને મદદ કરે!'

જજ–એડવોકેટે ત્યારબાદ દસેય આરોપો વાંચી સંભળાવ્યા. હિંદી ફોઝદારી કાયદાની કલમ ૧૨૧–અ પ્રમાણેનો રાજા સામે યુદ્ધ ચલાવવાનો નાગરિક આરોપ ત્રણેય અફસરો ઉપર મૂકવામાં આવ્યો છે. બરમામાં પોપા ટેકરી ઉપર કે નજીકમાં ૧૯૪૫ના માર્ચની છઠ્ઠીએ હારસીંધ, દુલીચંદ, દોરાઇસીંધ અને ધરમસીંધના ખૂન કરવાનો આરોપ કે. ધિલન ઉપર મૂકવામાં આવ્યો છે. કે; સેહગલ ઉપર આ ચાર ખૂન કરાવવાનો આરોપ અને કે. શાહનવાઝ ઉપર તોપચી મહમ્મદ હુસેનનું ખૂન ૧૯૪૫ ની ૨૯ મી માર્ચની આસપાસ કરાવવાનો આરોપ મૂક્વામાં આવ્યો છે. આ૦હિં૦ફો૦ના ત્રણેય અફસરોએ તમામ આરોપોના જવાબમાં મક્કમપણે 'બિનગુન્હેગાર' કહ્યું. પછી અફસરોને બચાવના મેજની પાછળ પોતાની બેઠક લેવાનું જણાવવામાં આવ્યું.

તે પછી અદાલતની કામગરી મુલતવી રાખવાની અરજ શ્રી ભુલાભાઈએ કરી અને કહ્યું કે, છેલ્લા એક મહિના જેટલી ટૂંકી મુદત દરમિયાન તમામ પુરાવાઓ અને હકીકતો મેળવવાનું કે તેની તુલના કરવાનું બચાવપક્ષથી બની શક્યું નહોતું. ૧૧૨ સાક્ષીઓમાંથી હજી ૮૦ થી પણ વધુની મુલાકાત લેવાની બાકી છે. મલાયાના યુદ્ધ વિશેનો ફીલ્ડ–માર્શલ વેવલનો અહેવાલ અને બીજા સંખ્યાબંધ અગત્યના અહેવાલો મેળવવાના હજી બાકી છે. ખટલો આવો અજોડ હોઈને તેમજ કાયદાની આંટીઘૂંટીઓ એમાં સંડોવાયેલી હોઇને ત્રણ અઠવાડિયાની મુદત પાડવી જરૂરી છે એમ એમણે દલીલ કરી.

સરકારી વકીલ સર નોશીરવાન એન્જીનિયરે મુદત પાડવા સામે વાંધો લીધો નહિ પણ એવી ઇચ્છા દર્શાવી કે ફરિયાદપક્ષની રજૂઆત પોતે શરૂ કરી દે અને એક સાક્ષીની જુબાની લેવાઇ જાય ત્યારબાદ મુદત પાડવી. બચાવપક્ષને મુશ્કેલીમાં મૂકવાની એમની મુદ્દલ ઇચ્છા નથી, અને ફરિયાદપક્ષ તરફથી બચાવપક્ષને એકેએક સગવડ કેવી રીતે અપાઇ રહી છે તે તેમણે સમજાવ્યું.

ત્યારપછી અદાલત જરાવાર માટે ઊઠી. પાછા ફરીને પ્રમુખશ્રીએ કહ્યું કે કોઈ દિવાની કોર્ટની માફક લશ્કરી અદાલતમાં વખતોવખત મુદત પાડી શકાય નહિ. લશ્કરી કાનૂન પ્રમાણે લશ્કરી અદાલતને પોતાની કામગરી રોજ-બરોજ બજાવવાની હોય છે. અદાલતના સભ્યોને સારા પ્રમાણમાં પોતાનાં જ કામનો બોજો રહે છે અને તે ઉપરાંત આ અદાલતના સભ્યો તરીકેની ફરજ પણ એમણે બજાવવાની હોય છે. ઈન્સાફની મુખ્ય જરૂરિયાતોમાંની એક એ છે કે તે ઝડપી હોવો જોઇએ એમ પણ તેમણે કહ્યું. પણ સંજોગોને લક્ષમાં લેતાં અમુક મુદત પાડવી જરૂરી લાગે છે એ એમણે કબૂલ કર્યું. સર નોશી-રવાનની સૂચના મુજબનો માર્ગ લેવો એ ખુદ તહોમતદારના લાભમાં હોવાનું તેમણે જણાવ્યું.

તે પછી સરકારી વકીલ સર નોશીરવાને ફરિયાદપક્ષને રજૂ કરતું પોતાનું લાંબુ ભાષણ વાંચી સંભળાવ્યું.



લશ્કરી અદાલતના ન્યાયાધીશો

# રાજા સામેના યુદ્ધનું અને ખૂનોનું

# તહોમતનામું

'બધા આરોપીઓ હિંદી લશ્કરી અફસરો છે અને તેથી હિંદી લશ્કરી કાનૂનને તેઓ આધીન છે.

કૅપ્ટન શાહનવાઝખાનનો જન્મ રાવલપીંડીમાં ૧૯૧૪ની ૨૪મી જાન્યુઆરીએ થયો હતો. દેહરાદૂનની હિંદી લશ્કરી વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યા પછી ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં એમને ૧૪મી પંજાબ રેજિમેન્ટમાં મૂકવામાં આવ્યા હતા.

કૅપ્ટન પ્રેમકુમાર સેહગલનો જન્મ ૧૯૧૭ની ૨૫ મી જાન્યુઆરીએ હોશિયારપુરમાં થયો હતો. એમણે પણ દહેરદૂનની લશ્કરી વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો અને પછી ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં એમને ૧૦મી બલુચ રેજિમેન્ટમાં મૂકવામાં આવ્યા.

લેફ્ટનન્ટ ગુરૂબક્ષસીંઘ ધિલન લાહોર જિલ્લાના આલ્ગુ ગામે ૧૯૧૫ની ૪થી એપ્રિલે જન્મ્યા હતા. દહેરાદૂનમાં અભ્યાસ કર્યા પછી એમને પણ ૧૯૪૦મા ૧૪મી પંજાબ રેજિમેન્ટમાં મૂકવામાં આવ્યા હતા.

શહેનશાહ સામે યુદ્ધ ચલાવવાના આરોપને હું પહેલાં લઇશ.

હિંદી લશ્કરી કાનૂનની ૪૧મી કલમ પ્રમાણે આ કાનૂન જેને લાગુ પડતો હોય તેવો કોઇ પણ માણસ બ્રિટિશ હિંદની અંદર કે બહાર કોઇપણ નાગરિક ગુનો કરે તો તેને માટે લશ્કરી અદાલતમાં તેની ઉપર કામ ચલાવી શકાય. નાગરિક ગુનો એટલે એવો ગુનો કે જે બ્રિટિશ હિંદમાં થયો હોય, તો ફોજદારી કાયદા પ્રમાણે તેનો ખટલો થઇ શકે.

કયા ઉદ્દેશથી યુદ્ધ ચલાવાયું હતું તે મુદ્દો અપ્રસ્તુત છે. આરોપીઓએ આ કામ તેમના મત પ્રમાણે દેશપ્રેમી ઇરાદાથી કર્યું હોય

કે પગારદારી ઇરાદાથી, કાયદા મુજબ ગુનો તો કરવામાં આવ્યો છે જ. વફાદારીની ફરજ સામે આ ગુનો કરવામાં આવ્યો છે. આ વફાદારી તાજને દર્શાવવા આરોપીઓ સદાકાળને માટે અને ગમે તે સંજોગોની અંદર બંધાયેલા છે. તેઓ ચાહે ત્યાં હોય આ વફાદારી એમને માથે હતી જ; અને તેઓ યુદ્ધકેદી બન્યા ત્યારે પણ આ વફાદારીથી બંધાયેલા હતા.

જેને આઝાદ હિંદ ફોજ કહેવામાં આવતી હતી તેના અફસરો તરીકે લડીને આરોપીઓએ શહેનશાહ સામે યુદ્ધ ચલાવ્યું હતું. આઝાદ હિંદ ફોજ મુખ્યત્વે હિંદી લશ્કરના અફસરો અને સૈનિકોની બનેલી હતી. તેમાં નીચેનાનો સમાવેશ થતો હતો:

(क) વડું મથક ( હેડ ક્વાર્ટર્સ )
(ख) હિંદુસ્તાની મેદાન દળ ( હિંદુસ્તાની ફીલ્ડ ગ્રૂપ )
(ग) શેરદિલ ગેરીલા દળ ( શેરદિલ ગેરીલા ગ્રૂપ )
(घ) ખાસ કામગરી દળ ( સ્પેશિય સર્વિસ ગ્રૂપ )
(च) જાસૂસ દળ ( ઇન્ટેલિજન્સ ગ્રૂપ )
(छ) પુનઃભરતી દળ ( રી-ઇન્ફોર્સમેન્ટ ગ્રૂપ )

શેરદિલ ગેરીલા દળમાં ગાંધી ગેરીલા રેજિમેન્ટ, આઝાદ ગેરીલા રેજીમેન્ટ અને નહેરુ ગેરીલા રેજિમેન્ટનો સમાવેશ થતો હતો.

૧૯૪૩ના નવેંબરની આસપાસ, એટલે કે સુભાષચંદ્ર બોઝ સિંગાપુર આવ્યા તે પછી બે-ત્રણ મહિને નં. ૧ ગેરીલા રેજિમેન્ટને નામે ઓળખાતી વધુ એક ગેરીલા રેજિમેન્ટ ઊભી કરવામાં આવી હતી. એ સુભાષ રેજિમેન્ટને નામે પણ ઓળખાતી હતી.

શાહનવાઝખાનને એના કમાન્ડર નિમવામાં આવ્યા હતા. આ ચારેય રેજિમેન્ટનો સમાવેશ ડિવિઝન નં. ૧ માં કરાયો હતો. આગળ ઉપર બીજું અને ત્રીજું ડિવિઝન ઊભું કરવામાં આવ્યું હતું. ડિવિઝન નં. ૨ માં અમુક હિંદી લશ્કરી યુદ્ધકેદીઓ હતા અને અમુક નાગ-

રિકો હતા. ડિવિઝન નં. ૩ માં લગભગ બધા નાગરિકો જ હતા. આ નાગરિકોની ભરતી મોટે ભાગે મલાયામાં હિંદી સ્વાતંત્ર્ય સંઘે કરી હતી,

૧૯૪૨ની ૧૫મી ફેબ્રુઆરીએ સિંગાપુર જાપાનીઓને શરણે થયું. ૧૭ મી ફેબ્રુઆરીએ યુદ્ધકેદીઓની એક મોટી સંખ્યાને સિંગાપુરના ફેરર પાર્કમાં લઇ જવાઇ હતી. મેજર ફ્યુજીવારા નામના એક જાપાની અફસરે યુદ્ધકેદીઓ સામે ભાષણ કર્યું. હિંદી લશ્કરના કેટલાક અફસરો પણ ત્યાં હાજર હતા. એમાંના એક હતા પંજાબ રેજિમેન્ટના કે. મોહનસીંઘ. આમાંના કેટલાંક હિંદી અફસરોની બાંય ઉપર 'ફ' અક્ષરવાળો એક બિલ્લો હતો. 'ફ' એટલે ફ્યુજીવારા નામના જાપાની અફસર કે જેમને હિંદી સૈનિકોને જાપાનીઓને પક્ષે લલચાવી લેવાનું કામ જાપાની સરકારે સોંપ્યું હતું. સિંગાપુર પડ્યું તે અગાઉ પણ કેટલીક વખતથી મેજર ફ્યુજીવારા આ કામ કરી રહ્યા હતા. એમના ભાષણ પછી કે. મોહનસીંઘનો વારો આવ્યો. એમણે કહ્યું: "આપણે એક આઝાદ હિંદ ફોજની સ્થાપના કરવાના છીએ અને હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે આપણે લડવાના છીએ. તમારે બધાએ એમાં જોડાવું જોઇએ."

સત્તાવાર રીતે આઝાદ હિંદ ફોજનો જન્મ ૧૯૪૨ ની ૧ લી આક્ટોબરે થયો. નીસુનની યુદ્ધકેદીઓની છાવણીના કમાન્ડર તરીકે કે. શાહનવાઝખાને ૨૦૦-૩૦૦ નાના મોટા અફસર-યુદ્ધકેદીઓ સામે ભાષણ કર્યું એમણે કહ્યું કે કેપ્ટન મોહનસીંગના વડા મથકે મળેલી એક સભામાં એવો ઠરાવ થયો છે કે, આપણા ધર્મો જુદા જુદા હોવા છતાં આપણે સહુ હિંદીઓ છીએ અને આપણે બધાએ હિંદની આઝાદી માટે લડવું જોઇએ આ ઠરાવ યુદ્ધકેદીઓને સમજાવવાનું કે. શાહનવાઝે હાજર રહેલા સૌને કહ્યું. તેમણે એ કબૂલ કર્યું. ૧૯૪૨ ના જૂનમાં બેંગકોકમાં એક પરિષદ મળેલી. એના પ્રતિનિધિ-

ઓમાં હિંદી લશ્કરની જુદી જુદી રેજિમેન્ટના પ્રતિનિધિઓ તેમજ કે. મોહનસીંઘ પણ હાજર હતા. પરિષદના પ્રમુખ રાશબિહારી બોઝ જાપાનથી આવેલા એક હિંદી નાગરિક હતા. પરિષદમાં કેટલાક એવા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા કે દૂર પૂર્વમાંના લશ્કરી અને નાગરિક હિંદીજનોમાંથી કે. મોહનસીંઘના સેનાપતિપદ નીચે આઝાદ હિંદ ફોજ ઊભી કરવી અને એ આઝાદ હિંદ ફોજે હિંદની આઝાદી માટે લડવું. બીજા ઠરાવો એવા અર્થના હતા કે હિંદી સ્વાતંત્ર્ય સંઘ તરફથી આ૦હિં૦ફો૦ને રંગરૂટો, નાણાં, ખોરાકી, અને કપડાં પૂરાં પડાશે, અને જાપાની સરકાર તરફથી જરૂરી હથિયારો અને દારૂગોળો પૂરાં પડાશે.

હિંદી યુદ્ધકેદીઓને જે સતામણી અને યાતનાઓ વેઠવી પડતી હતી. અને જ્યાંસુધી આ૦હિં૦ફો૦માં તેઓ નહિ જોડાય ત્યાંસુધી એ તેમને વેઠવી પડશે એવી જાહેરાત કરાઇ હતી, તેમાંથી છટકવા માટે જ તેમાંનો મોટો ભાગ આ૦હિં૦ફો૦માં જોડાયો હતો. હિંદી યુદ્ધકેદીઓની છાવણીઓમાં લાલચ અને જબરદસ્તીથી તેમને આ૦ હિં૦ફો૦માં જોડવાના પ્રયત્નો થયા હતા. એની સામે ટકી રહેનારાઓને કેદ છાવણીઓમાં ખસેડવામાં આવતા હતા, દિવસો સુધી તેમને કાંઈ ખોરાક આપવામાં આવતો નહોતો અને જે કાંઈ ખોરાક અપાતો તે ઘણો ખરાબ હતો. તબીબી મદદ તો જરા પણ નહોતી અપાતી. એમને જમીન ઉપર સુવડાવીને પાંચ ફીટ લાંબી તથા બે ઇંચ જાડી લાકડીથી મારવામાં આવ્યા હતા. તેમની પાસે મજૂરી કરાવવામાં આવી હતી. એમને કોથળાઓ અપાતા અને તેમાં માટી ભરીને એક વાંસડાને બે છેડે લટકાવીને ઉપાડી જવા પડતા હતા, આવી મજૂરી દિવસના બાર કલાક સુધી એમની પાસે કરાવતી. કેટલીક વાર તો એમને ધોકાથી મારવામાં આવતા. કેટલાક સિતમગરોને એમણે કહ્યું કે, 'અમને ગોળીઓ દઇ દો.' જવાબમાં એમને

કહેવાયું કે, 'અમે તમને ઠાર નથી મારવાના. જો તમે આ૦હિં૦ ફો૦માં જોડાશો તો આ યાતનામાંથી બચશો, નહિ તો આ રીતે જ તમે મરી જશો.' કીડીઓથી છવાયેલી જગ્યા ઉપર એમને કપડાં કે બિસ્તર વિના સુવાડવામાં આવતા.

યુદ્ધકેદીઓ ઉપરના આ સિતમ કરનારાઓ ખુદ હિંદી યુદ્ધકેદીએ-જ હતા, પણ તેઓ આ૦હિં૦ફો૦માં જોડાયેલા હતા. આ છાવણીનો કબજો સંભાળનારાઓમાં પંજાબ રેજિમેન્ટવાળા સુબેદાર શીંગારા-સીંઘ, કે. અબ્દુલ રશીદ અને જમાદાર ફત્તેહખાન હતા. ૧૯૪૨ના ઑગસ્ટમાં એક દિવસ ચૌદ હથિયારબંધ શીખોને લઈને શીંગારા-સીંઘ અને ફત્તેહખાન છાવણી ઉપર આવ્યા ફત્તેહખાને કહ્યું કે એ કેદીઓને આ૦હિં૦ફો૦માં લઇ જવા માટે આવ્યા હતા. જે છાવણીમાં આ બન્યું તેમાં ત્રણસોએક મુસલમાન યુદ્ધકેદીઓ હતા. તેમણે તેની સાથે જવાની ના પાડી અને કહ્યું કે, અમે વફાદારીના સોગંદ-નો ભંગ નહિ કરીએ. તેમને આ૦હિં૦ફો૦માં જોડાવા માટે લઈ જવાતા હતા તેનો એમણે સામનો કર્યો. એમની ઉપર ગોળીબાર થયા અને કેટલાક માર્યા ગયા. શીંગારાસીંઘ અને ફત્તેહખાનની સાથે આવેલા શીખોમાંનો એક માર્યો ગયો. એમના ગયા પછી ત્રણ જાપાની અફસરો અને આ૦હિં૦ફો૦ના ત્રણ અફસરો ત્યાં આવ્યા. જાપાની અફસરોએ કહ્યું કે આ૦હિં૦ફો૦માં જોડાવાનો હુકમ જાપાની સરકાર તરફથી કરવામાં આવ્યો હતો. અને તેનું પાલન કરવાનું જ હતું; અને જો આવો બનાવ ફરીવાર બનશે તો જાપાનીઓ એનો બદલો મોતથી લેશે. ત્યારપછી એ મુસલમાન સૈનિકોને નજરકેદ–છાવણીમાં લઇ ગયા. ત્યાં તેમની ઉપર સિતમ થયા, માર પડયો અને એમની પાસે મજૂરી કરાવવામાં આવી. એ છાવણીમાં મોહન-સીંઘે આવીને એમને ભાષણ સંભળાવ્યું કે, મુશ્કેલીઓમાંથી બચવા માટે તમારે ભરતી થઇ જવું. જોઇએ. એટલે આ રીતે કેટલાકને આ૦હિં૦ફો૦માં જોડાવું પડયું.

સપ્ટેંબર ૧૯૪૨ માં, એક બીજી છાવણીમાં આવો જ બનાવ બન્યો. એમાં 'ગુરખા રાયફલ્સ' ના અફસરો અને સિપાહીઓ હતા. પુરનસીંઘ અને આ૦હિં૦ફો૦માં જોડાયેલા બીજાઓ એમની સામે ભાષણો કરતા અને આ૦હિં૦ફો૦માં જોડાવાનું કહેતા. પણ એમણે ના પાડી. પરિણામે એમના અફસરોને બીજી નજરકેદ–છાવણીમાં લઈ જવાયા. પછી સિપાહીઓને કહેવાયું કે, જો નહિ જોડાવ તો તમારી ઉપર ગોળીબાર થશે. ૨૩ મી સપ્ટેંબરે જમાદાર પુરનસીંઘે સિપાહીઓને કહ્યું: 'તમે હિંદુસ્તાનીઓ નથી? શા માટે તમે આ૦ હિં૦ફો૦માં ભાગ લેતા નથી?' તેમ છતાં પણ એમણે ના પાડી, એટલે એમાંના કેટલાકને એક પછી એક મારવામાં આવ્યા. એમને કહેવાયું કે, 'વારંવાર તમને ચેતવણી આપવામાં આવી હતી; અમારા હુકમ ન માનવાનું આ ફળ છે.' સિપાહીઓએ બૂમ પાડીને કહ્યું: 'અમને આ રીતે માર ન મારો! અમે જાપાનીઓના યુદ્ધકેદીઓ છીએ અને અમે મજૂરી કરીશું પણ આ૦હિં૦ફો૦માં નહિ જોડાઈએ.' તે પછી સિપાહીઓ ઊભા થઇ ગયા. પુરનસીંઘે એમને પૂછ્યું કે, 'તમને ઊભા થવાનો હુકમ કોણે આપ્યો છે? તમે હુકમનું પાલન કરતા નથી અને બધું અમારી વિરૂદ્ધ જ કરો છો. એટલે અમે તમારી ઉપર બંદૂક ચલાવીશું.'

ગોળી ચલાવવાનો હુકમ જમાદાર પુરનસીંઘે ચોકીદારોને આપ્યો, અને એમણે એમ કર્યું. ગુરખા યુદ્ધકેદીઓ પાસે કાંઇ હથિયાર નહોતાં એટલે ચોકીદારો અને ભાષણકર્તાઓ ઉપર ચંપલ ફેંકવા અને તેમની ઉપર ધસી જવા સિવાય બીજું કાંઇ તેઓ કરી શકયા નહિ. પુરનસીંઘના ફરમાન મુજબ ચોકીદારોએ બંદૂકોને સંગીન ચડાવીને એમની ઉપર હલ્લો કર્યો. કેટલાક ગુરખાઓ ઘવાયા. તેમને ઇસ્પિતાલમાં લઇ જવાયા. ઇસ્પિતાલમાં પણ એમને આ૦હિં૦ફો૦માં જોડાવાનું કહેવામાં આવ્યું, પણ એમણે ના પાડી. 'ગુરખા રાયફલ્સ'ના હવાલ-

દાર વોલેતબહાદુર, કે જે આ યુદ્ધકેદીઓમાંના એક હતા અને જખમી બન્યા હતા તે, આ બનાવની સાક્ષી પૂરશે.

૧૯૪૨ના ડીસેંબરમાં મોહનસીંઘ અને જાપાનીઓ વચ્ચે ટંટો થયો. જાપાનીઓએ મોહનસીંઘની ધરપકડ કરી અને આ૦હિં૦ફો૦-માં જોડાયેલા યુદ્ધકેદીઓમાં ઘણાએ પોતાના બિલ્લા ઉતારી નાખ્યા. જોકે વડા મથકના કેટલાક અફસરોએ પોતાના બિલ્લા રાખેલા. મોહનસીંઘની ધરપકડ પછી વહીવટી સમિતિના પ્રયત્નો છતાં આ૦હિં૦ફો૦ના મોટા ભાગના અફસરોની એમાં રહેવાની મરજી નહોતી. ૧૦મી ફેબ્રુઆરી ૧૯૪૩ના દિવસે વહીવટી સમિતિએ તમામ હિંદી અફસરોની એક સભા બોલાવી અને તેમાં એમની સમક્ષ એક પ્રશ્નાવલિ મૂકી. એક પ્રશ્ન એ હતો કે, આ૦હિં૦ફો૦ માં ચાલુ રહેવાની તમારી મરજી છે કે નહિ? જે અફસરોએ ના પાડી તેમને ૧૩મી ફેબ્રુઆરીએ રાશબિહારી બોઝ સમક્ષ હાજર કરવામાં આવ્યા. હાજર કરાતાં પહેલાં અફસરોને એક છાપેલું ચોપાનિયું આપવામાં આવ્યું હતું, તેમાં હિંદી સ્વાતંત્ર્ય સંઘની કારોબારી સમિતિના પ્રમુખ તરીકેની રાશબિહારી બોઝની છાપેલી સહી હતી.

ચોપાનિયામાં લખ્યું હતું કે, ' અત્યારના સંજોગોમાં જેઓ આ૦ હિં૦ફો૦માં ન રહેવા માગતા હોય તેમને વિષે હું તો એટલું જ કહી શકું કે ફોજના અત્યારના સંજોગો વિશે મારો દોષ ભાગ્યે જ કાઢી શકાશે......તમે જાણો છો તેમ બ્રિટન સામેની હિંદની લડત હવે કટોકટીએ પહોંચી ગઈ છે. અંગ્રેજો ઉપર હિંદ છોડી જવાનું હજી વધુ દબાણ લાવવા માટે મહાત્મા ગાંધીજીએ ત્રણ અઠવાડિયાના ઉપવાસ આદર્યા છે. આ રીતે સમાધાનની કોઈ પણ તક રહેતી નથી. આપણી ફરજ હવે સ્પષ્ટ છે. આ૦હિં૦ફો૦માંથી નીકળી જનારાઓનું શું થશે એ જાણવા તમારામાંના કેટલાક કદાચ આતુર હશો. કમનસીબે, અત્યારની ઘડીએ જાણી બૂઝીને આ૦હિં૦ફો૦ છોડી

જનારાઓ ઉપર મારો કાંઇ પણ અંકુશ નહિ રહે. જાપાનીઓ વતી હું બોલી શકું નહિ. જે સત્તાના કેદીઓ થવાનું તેઓ પસંદ કરે તે એમને કેવી રીતે કે કયે સ્થળે રાખશે તે હું કહી શકું નહિ. જે અફસરો પોતાના નિર્ણયની પુનઃવિચારણા ન કરવા માગતા હોય તેમને હું તેમના સિપાહીઓથી જુદા પાડું તે પૂર્વે તેમનાં કારણો જણાવવા મારી સમક્ષ આજે સાડા અગિયાર વાગે હાજર થવું પડશે.'

૧૯૪૩ ના જાન્યુઆરી પછી આ૦હિં૦ફો૦ માટે ફરીથી ભરતી થતી હતી. ઘણા યુદ્ધકેદીઓ એમાં જોડાયા અને તેથીય વધારેને જોડવામાં આવ્યા હતા.

યુદ્ધકેદીઓ ઉપરના સિતમો અને યાતનાઓ તેમની છાવણી-ઓમાં અને નજરકેદ–છાવણીઓમાં ખુલ્લેખુલ્લાં અને જાહેર રીતે લાદવામાં આવતાં. આરોપીઓ યુદ્ધકેદીઓની અને કેદીઓની છાવણી-ઓમાં જતા. ૧૯૪૨ના ડીસેંબર પહેલાં અને પછી આરોપીઓ પોતે જ કેટલીય યુદ્ધકેદી–છાવણીઓમાં વખતો વખત ભાષણો કરતા હતા. હું તેમાનાં થોડાક પ્રસંગો ટાંકીશ:

૧૯૪૩ના જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં કે. શાહનવાઝ પોર્ટ ડિકસન-માં હતા અને યુદ્ધકેદી–અફસરો, સુબેદારો અને જમાદારો સમક્ષ એમણે ભાષણ કરેલું. એમણે કહ્યું હતું કે, 'મોહનસીંઘ વાળી આ૦હિં૦ફો૦ વિખેરી નાખવામાં આવી છે. અને એક નવી આ૦હિં૦ફો૦ ઊભી થઇ રહી છે. કોઈ યુદ્ધકેદીને એમાં જોડાવું હોય તો તે જોડાઇ શકે છે. અહીં તમને કેટલી ખરાબ રીતે રાખવામાં આવે છે! પણ જો આ૦હિં૦ફો૦માં જોડાશો તો તમારી સારી સંભાળ રખાશે અને ખોરાક બરાબર અપાશે. યુદ્ધકેદીઓને આ સમજાવજો અને ભરતી થવા માગનારાઓનાં નામ સિંગાપુરમાંના આ૦હિં૦ફો૦ના વડા મથકે મોકલી આપવા આ છાવણીના નાયકને આપજો.'

કોઇ ભરતી થવા આગળ આવ્યું નહિ.

૧૯૪૨ ના એપ્રિલ–મેમાં કે. શાહનવાઝ પોર્ટ સ્વેટનહામમાં હતા. એ પ્રસંગે એમની સમક્ષ પેરેડ કરવા લવાયેલા તમામ યુદ્ધકેદીઓ સામે તેમણે એક ભાષણ કર્યું. અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા ભરતી થવાની હાકલ તેમણે કરી. એમણે કહ્યું, 'તમારે આ૦હિં૦ફો૦માં જોડાવું જોઇએ. જો એમ કરશો તો તમને સારો ખોરાક મળશે અને થોડા વખતમાં બરમા મોકલવામાં આવશે. આ૦હિં૦ફો૦માં તમારો પગાર એ તો માત્ર ખિસ્સાખર્ચ જેવો રહેશે, પણ હિંદની આઝાદી મળશે ત્યારે તમારા પગારનો જૂનો દર ફરી ચાલુ કરાશે.'

એ પ્રસંગે પણ કોઈ ભરતી થવા આવ્યું નહિ.

જાન્યુઆરી ૧૯૪૩ માં, એક છાવણીમાંના યુદ્ધકેદીઓ સમક્ષ ઇવાકુરુ નામના એક જાપાની અફસરે અને રાશબિહારી બોઝે ભાષણ કર્યું ત્યારે એમની ભાષણ–મંડળીમાંના એક તરીકે લે૦ ધિલન ત્યાં હાજર હતા. ભાષણ પછી લે૦ ધિલન ભોજનગૃહમાં ગયા અને કહ્યું કે ત્યાં હાજર રહેલા માણસો સાથે એમને વાત કરવી હતી. એમણે કહ્યું કે તમામ અફસરોએ આ૦હિં૦ફો૦માં જોડાવું જોઈએ. પંજાબ રેજિમેન્ટવાળા સુબેદાર–મેજર બાબુરામ અને સુબેદાર ચનાનસીંઘે એમને કહ્યું કે એ જાતની વાત કરવા એ ત્યાં આવ્યા હોય તો એમણે એજ ઘડીએ બહાર ચાલ્યા જવું. તે ગુસ્સે થઇ ગયા અને ચાલ્યા ગયા.

૧૯૪૩ ના માર્ચમાં મે. ધારા સાથે લે. ધિલન જિત્રા ગયા અને ત્યાંના યુદ્ધકેદીઓ સમક્ષ ભાષણો કર્યાં. પ્રથમ મે. ધારાએ પોતાના ભાષણમાં કહ્યુ કે, 'આ૦હિં૦ફો૦ની સ્થાપના થઇ ગઈ છે અને એ માત્ર હિંદુસ્તાનમાં જ લડશે અને હિંદની સ્વતંત્રા મેળવશે. એ જાપાનીઓની સાથે રહીને લડશે ખરી, પણ જો જાપાનીઓ તરફથી કાંઇ લુચ્ચાઇ થશે તો પછી એકવાર હિંદમાં પહોંચ્યા પછી તો

આ૦હિં૦ફો૦ પાસે પોતાનાં હથિયાર હશે, અને જાપાનીઓ સામે પણ એ લડશે. તમારે આ૦હિં૦ફો૦માં જોડાઈ જવું જોઈએ કારણ કે એ જ સારામાં સારી તક છે અને મોટા ભાગના યુદ્ધકેદીઓ તો અત્યાર-સુધીમાં જોડાઇ પણ ચૂક્યા છે.' પછી લે. ધિલને ભાષણ કર્યું કે, મે. ધારાના ભાષણ પછી યુદ્ધકેદીઓએ શું કરવું જોઇએ તેની કોઇ શંકા ન હોઇ શકે. આ૦હિં૦ફો૦ માત્ર હિંદુસ્તાનમાં જ લડશે અને હિંદની સ્વતંત્રા મેળવશે. જાપાનીઓ પાસેથી એને મદદ મળશે.

એજ માસમાં લે. ધિલન તાઈપીંપ ગયેલા. આ૦હિં૦ફો૦માં ન જોડાયેલા ત્યાંના યુદ્ધકેદીઓ સામે તેમણે ભાષણ કર્યું, સિંગાપુર અને જિત્રામાં યુદ્ધકેદીઓ સામે મેં ભાષણો કર્યાં હતાં અને એ સહુ આ૦હિં૦ફોમાં જોડાઈ ગયા છે. તમારે પણ જોડાવું જોઇએ. અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા આ૦હિં૦ફો૦ લડવાની છે. નહિ જોડાવ તો તમે મુશ્કેલીમાં મૂકાશો. આ૦હિં૦ફો૦ નિષ્ફળ જાય તોપણ તમારે કશો જ ડર રાખવાનો નથી; કારણ કે ઉચ્ચ અફસરો ઉપર બધો વાંક આવશે અને સામાન્ય સિપાહીઓને સજા કરાશે નહિ.'

આરોપીઓએ જે કહ્યું અને કર્યું તેના પરિણામને તે વખતના સંજોગોને લક્ષમાં રાખીને વિચારવાનું છે. મલાયા અને સિંગાપુર-માંનાં બ્રિટિશ દળો ભાંગી પડયાં હતાં. યુદ્ધકેદીઓ સાથે યુદ્ધકેદી-છાવણીઓ અને નજરકેદ–છાવણીઓમાં ઉપર કહ્યું તેવું વર્તન ચલાવવામાં આવતું હતું. પોતાના અફસરના હુકમનું મૂંગુ પાલન કરવાની તાલીમ હિંદી સિપાહીને અપાતી આવી છે. આરોપીઓ આ૦હિં૦ફો૦ માટે માણસોની ભરતી કરતા હતા અને સારા વર્તા-વનાં વચનો અને ગર્ભિત ધમકીઓ આપતા હતા. આ૦હિં૦ફોજમાં ન જોડાનાર માટે બાકી રહેતાં હતાં માત્ર ભૂખમરો અને સિતમો. એટલે હિંદી લશ્કરનાં ઘણાં માણસો આ૦હિં૦ફો૦માં જોડાયા તેની કોઇ નવાઈ નથી–ખાસ તો એટલા માટે કે આ૦હિં૦ફો૦માં જોડાયેલ એમના ઉચ્ચ અફસરોનો દાખલો એમની નજર સામે જ હતો.

પુરાવાઓમાંથી દેખાશે કે આરોપીઓએ આ૦હિં૦ફો૦માં સિપાહીઓની ભરતી કરી છે, આ૦હિં૦ફો૦ના સંચાલનમાં ભાગ લીધો છે, નામદાર શહેનશાહનાં દળો સામે લડવાનાં સૂચનો અને ફરમાનો આપ્યાં છે, અને ખુદ પોતે પણ એ દળો સામે લડયા છે. એમ કરીને એમણે અગાઉથી ઘડેલી યોજનાઓનો અમલ કર્યો છે અને બીજાઓ સાથે મળીને યુદ્ધ ચલાવવાના સંયુક્ત ઇરાદાનો અમલ કર્યો છે.

જાપાનીઓએ કબજે કરેલાં બ્રિટિશ શસ્ત્રો વડે એ તાલીમ પામતા અને લડાઇ લડતા હતા. સિપાહીઓ અને અફસરોએ હિંદી લશ્કરના પોતાના ગણવેશ પહેરવા ચાલુ રાખ્યા હતા અને વધુમાં આ૦હિં૦ફો૦ના બિલ્લાઓ એમણે લગાડયા હતા. આવા કેટલાક બિલ્લાઓ પુરાવા તરીકે રજૂ કરાશે.

આ૦હિં૦ફો૦માં જોડાયેલા લે. નાગને લગભગ ઓગસ્ટ ૧૯૪૨ માં કહેવાતો આ૦હિં૦ફો૦ કાનૂન ઘડવાનું કહેવામાં આવ્યું હતું. તેણે તે પ્રમાણે કર્યું. આ કાનૂન મોટે ભાગે તો હિંદી લશ્કરી કાનૂનને મળતો આવે છે, પણ ફટકાની સજાનો એક મહત્વનો ઉમેરો એમાં કરાયો હતો. શરૂઆતમાં એમાં અઠવાડિયે ૬ ફટકા અને બધા મળીને વધુમાં વધુ ૨૪ ફટકાનો પ્રબંધ હતો. સિપાહીઓ અને અફસરોમાં ગંભીર શિસ્તભંગના કિસ્સાઓમાં ફટકાની સજા ફરમાવવાની સત્તા ૧૯૪૩ ના જુનમાં લશ્કરી કમાન્ડરો અને 'ડાયરેક્ટોરેટ ઓફ મિલિટરી બ્યૂરો'ને આપવામાં આવી હતી. ઓગસ્ટ ૧૯૪૪ માં વધુમાં વધુ ફટકાની સંખ્યા–મર્યાદા વધારીને ૪૫ કે ૫૦ ની બનાવીને એનો અમલ કરવાની સત્તા ડિવિઝનોના, રેજિમેન્ટોના અને બેટેલિયનોના કમાન્ડરોને પણ અપાઇ હતી.

૧૯૪૩ ના જાન્યુઆરીના અરસામાં, યુદ્ધકેદીઓની વહીવટી જરૂરિયાતો માટે એક વહીવટી–સમિતિ સ્થાપવામાં આવી હતી. પ્રચાર-

નાં ભાષણો ગોઠવવાનું કામ આ જ સમિતિ કરતી હતી. ૧૯૪૩ ના મે ના અરસામાં 'ડાયરેકટોરેટ ઑફ મિલિટરી બ્યૂરો'ની સ્થાપના થઈ. સેહગલ લશ્કરી મંત્રી હતા અને શાહનવાઝ હતા 'ચીફ ઑફ જનરલ સ્ટાફ.'

૧૯૪૩ ની ૨૧ મી ઑક્ટોબરે સિંગાપુરમાં આ૦હિં૦ફો૦ના માણસો અને નાગરિકોની એક જંગી સભા થઈ હતી. સુભાષચંદ્ર બોઝે ત્યાં ભાષણ કરેલું. આ૦હિં૦ફો૦એ કબજે કરેલા વિસ્તારો-ના વહીવટ માટે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના કર્યાની તેમણે જાહેરાત કરી. તેના પ્રધાનોના નામની પણ એમણે જાહેરાત કરી; અને એમાં કે. શાહનવાઝખાનનું નામ શામિલ હતું. ૧૯૪૪ ની ૩૦ મી ઑક્ટોબરે કામચલાઉ સરકારની એક યુદ્ધ-સમિતિ ઊભી કરવામાં આવી હતી. આ માહિતીની જાહેરાત કરવા માટે કે. સેહગલે તેની એક નકલ લે. નાગને મોકલી હતી.

૧૯૪૫ના માર્ચ સુધીમાં આ૦હિં૦ફો૦ના ઘણા અફસરો અને સિપાહીઓ ના. શહેનશાહના દળો સાથે ભળી જવા લાગ્યાં. આ અટકાવવા માટે સુભાષચંદ્ર બોઝે એક ફરમાન બહાર પાડયું કે આ૦ હિં૦ફો૦નો કોઈ પણ સભ્ય, તેનો ચાહે તે હોદ્દો હોય પણ, જો બાયલી વર્તણૂક દેખાડે તો તેને કેદ પકડવાનો અને જો દગાખોરી કરે તો ઠાર મારવાનો અધિકાર હવેથી આ૦હિં૦ફો૦ના તમામ સભ્યો—નાના મોટા અફસરો તેમજ સિપાહીઓને આપવામાં આવે છે.

આ ખટલામાંના પુરાવાઓ મૌખિક તેમજ દસ્તાવેજી બેઉ હશે. બરમામાંના બ્રિટિશ લશ્કરના હાથમાં વખતોવખત જુદા જુદા દસ્તાવેજો આવતા. ફરિયાદપક્ષ તેમને રજૂ કરી શકે તેમ છે. છતાં તેમાંના થોડાકનો ઉલ્લેખ હું અહીં કરીશ. આ દસ્તાવેજો નીચે આરોપીઓની સહી છે.

કે. શાહનવાઝખાનની સહીવાળા અથવા તેમના હસ્તાક્ષરોવાળા

દસ્તાવેજોમાંના કેટલાક નીચે મુજબ છે: ૧૯૪૩ ની ૮ મી ઓગસ્ટે ડિવિઝન નં. ૧ના વડા મથકને એમણે એક કાગળ લખ્યો અને બરમામાં હિંદી સૈનિકોની સ્વાગત અને સંચાલનની યોજનાની એક નકલ મોકલી. આ કાગળમાં તારીખ છે, ૮ મી ઓગસ્ટ, '૦૩ '૦૩' એટલે ૨૬૦૩ની જાપાની સાલ. ૧૯૪૩ની ૧૪મી મેએ એક જાહેરાત થઇ હતી કે તે દિવસથી જાપાની પંચાંગને અપનાવવામાં આવશે. એટલે કે ૧૯૪૩ ને બદલે ૨૬૦૩, અને એ પ્રમાણે આગળ. યોજનામાં જણાવાયું હતું કે હિંદ–બરમા સરહદ ઉપર લડાઇ ચાલુ થશે ત્યારે અમુક હિંદી સૈનિકો એમને પક્ષે ભળી જશે અને બીજા કેટલાકને લડાઇમાં શરણે થવું પડશે એવી ધારણા રખાય છે. ભાષાની અને બીજી મુશ્કેલીઓના કારણે એવા સિપાહીઓને તારવવાનું જાપાની લશ્કર માટે કપરું બની જશે. એ સિપાહીઓના ત્રણ વિભાગ પાડી નાખવા જોઇએ એમ એમાં જણાવાયું હતું. (क) જેમને ચળવળની જાણ હોય અને તેમાં જોડાવાના ઇરાદાથી આવ્યા હોય. (ख) જેમને કાંઈ ખબર ન હોય પણ તેમાં જોડાવા તૈયાર હોય (ग) જેઓ આ૦હિં૦ફો૦માં જોડાવા કબૂલ ન થતા હોય. (अ) અને (ख) વિભાગોને વ્યવસ્થિત કરીને તેમને શસ્ત્રસજ્જ કરવાના હતા. જ્યારે (ग) વિભાગને યુદ્ધકેદીઓ તરીકે રાખવા જાપાની સત્તાવાળાઓને સોંપી દેવાના હતા. આ યોજનાનો અમલ થાય તે પૂર્વે જ હિંદુસ્તાન તરફની, આ૦હિં૦ફો૦ તરફની તેમજ તેમને પક્ષે ભળી જતા હિંદી સૈનિકો તરફની જાપાન સરકારની નીતિથી સહુ જાપાની અફસરો અને સૈનિકો જાણકાર થઇ જાય. આ૦હિં૦ફો૦ને મદદ કરવા અને તેની સાથે સહકાર કરવા તેઓ તૈયાર રહે અને યોજનાના સરળ સંચાલન માટે શક્ય તેટલી બધી સગવડો આપે એટલી ખાતરી કરી લેવાની વિનતિ હિકારી–કિકાનને એમાં કરવામાં આવી હતી.

૧૯૪૪ ની ૫ મી સપ્ટેંબરે આ૦હિં૦ફો૦નો એક હુકમ બહાર પાડવામાં આવ્યો હતો. લશ્કરી મંત્રી તરીકેની કે. સેહગલની સૂચના

મુજબ એની જાહેરાત થયેલી. આઝાદ હિંદની કામચલાઉ સરકાર તરફથી આ૦હિં૦ફો૦ના માણસોને અપાનારા માનચાંદની એક યાદી એમાં અપાયેલી. એમાંનો એક હતો 'તમધા–એ–શત્રુનાશ.' કોઇપણ બ્રિટિશ કે અમેરિકન અફસરને મારી નાખવામાં કે જીવતો પકડવામાં બહાદુરી અને કર્તવ્યનિષ્ટા દેખાડનાર આ૦હિં૦ફો૦ના સિપાહીને એ એનાયત કરવામાં આવનાર હતો.

૧૯૪૫ની ૧૦મી એપ્રિલે કે. શાહનવાઝે યુનિટ નં. ૬૦૫, ૭૪૭ અને ૮૦૧ ને એક હુકમ મોકલીને જણાવ્યું કે એ રેજિમેન્ટોને વિશાળ ક્ષેત્રમાં ફેલાઇ જવું પડશે. અને વડા મથક સાથેનો સંદેશ વ્યવહાર સરળ નહિ રહે; તેથી સર્વોચ્ચ કમાન્ડરની રજાથી ડિવિઝન-ના કમાન્ડર તમામ રેજિમેન્ટોના કમાન્ડરને સત્તા આપે છે કે ગંભીર શિસ્તભંગ, નિમકહરામી, ભાગેડુપણા કે બીજા કોઇ ગંભીર અપરાધ માટે કોઇ પણ માણસને એ મોતની સુદ્ધાં ગમે તે સજા ફરમાવી શકે છે.

૧૯૪૪ અને ૧૯૪૫ની સાલની કે. શાહનવાઝખાનની રોજનીશી પણ ફરિયાદપક્ષના હાથમાં આવી છે. તા. ૩૦ મી માર્ચ નીચેની એક નોંધ આ પ્રમાણે છે: ' બૂમી કેનેડી પીકથી પાછો ફર્યો. એનો અહેવાલ દુઃખકર છે, આ૦હિં૦ફો૦ની ચુનંદી રેજિમેન્ટનો જાપાનીઓ મજૂરો તરીકે ઉપયોગ કરી રહ્યા છે. આ બારામાં કિમેવારીને મળવા હું આજે હાક જવાનો છું. મને થાય છે કે આ બધી એકપક્ષી સંયુક્ત–આબાદીનો અંજામ શું આવવાનો હશે ! '

૧૯૪૪ ની ૪ થી એપ્રિલની નીચેની બીજી એક નોંધ કહે છે કે એલ. ઈ. ટી. ડિવિઝનના કમાન્ડરને કે. શાહનવાઝ મળેલા. કમાન્ડરે આવતી લશ્કરી હિલચાલમાં પોતાનો ભાગ મુકરર કરવાની તક કે. શાહનવાઝને આપી હતી એમ નોંધ કહે છે. એમની પસંદગી ઈમ્ફાલ ઉપર હુમલો કરવા પર ઊતરી.

૧૯૪૪ની ૭ મી જુલાઈની નોંધ નીચે પ્રમાણે છે: 'સિપાહીઓને કાંઈ રેશન મળ્યું નથી. ચાર ગઢવાલીઓ ભૂખમરાથી મરણ પામ્યા છે. રેશન વિશે કાંઈક કરવાનું કહેવા હું અને રામસરૂપ હિકારી–કિકાનને મળ્યા. તેઓ તો એની પ્રત્યે જરા ય ધ્યાન આપતા લાગતા નથી. મારા માણસોને આમ જાણીબૂઝીને ભૂખે મારવાનો શો હેતુ હશે તેની મને ખબર પડતી નથી.'

૧૯૪૪ ની ૧૫ મી જુલાઈની નોંધ કહે છે કે ભૂખમરાને કારણે માણસો માખીની જેમ મરી રહ્યા છે અને કેટલાક તો આપઘાત કરી રહ્યા છે, પણ જાપાનીઓ જરાય મદદ કરતા નથી.

૧૯૪૪ ની ૮ મી ઓગસ્ટની નોંધ : 'યુવાથી કિમેવારીનો જવાબ લઈને પિયાકા પાછો ફર્યો છે. પૈસાની સગવડ કે બીજી મદદ માટે તેના તરફથી કોઈ સગવડ થઈ શકી નથી. એણે સૂચવ્યું છે કે તારાઉન ખાતેના આપણા બીમાર સિપાહીઓએ આપઘાત કરવો જોઈએ.'

૧૯૪૫ ની રોજનીશી પણ એટલી જ મહત્વની છે. ૨૧ મી ફેબ્રુઆરી ૧૯૪૫ ની તારીખ નીચેની નોંધ કહે છે કે એ રાતે કે. શાહનવાઝ મોરચા ભણી રવાના થયા હતા, મધરાતે એ પોપા જવા ઊપડી ગયા, એમને વિદાય આપવા નેતાજી આવ્યા હતા અને એમને બધી જ સૂચનાઓ આપી હતી. નેતાજી એટલે સુભાષ બોઝ.

૧૫ માર્ચ: તા. ૧૫–૧૬ ની મધરાતે સેહગલ અને તેમના સિપાહીઓએ પ્યિનબિનમાં દુશ્મન ઉપર હુમલો કર્યો.

માર્ચ ૨૯ : લેગી આગળ તેમની કૂચ થંભી. ત્યાં ખબર મળ્યા કે. સેહગલ અને બીજા ગૂમ થયેલા અફસરો આવી પહોંચ્યા છે.

એપ્રિલ ૨ : દુઃખદ આંચકાઓથી દિવસ શરૂ થયો. કેટલાક અફસરો ફોજમાંથી નાસી છૂટયા. એપ્રિલ ૩ : સેહગલ તરફથી સમા-

ચાર સાંપડે છે કે દુશ્મનની બે બેટેલિયનો સહિત ૧૨ ટેન્કો એમની ઉપર ચડાઇ લાવી રહી છે.

એપ્રિલ ૪ : સેહગલે ખબર મોકલ્યા કે મોટા ભાગના સિપાહીઓ ફોજ છોડી ભાગી ગયા છે, અને એમ લાગે છે કે ખેલ ખતમ થયો છે. એપ્રિલ ૫ : ક્યાક પાડોંગ અને પોપાનું રક્ષણ સંભાળી લેવાનું ધિલન અને સેહગલને સોંપ્યું. એપ્રિલ ૭ : બચાવની હરોળોનો કબજો સંભાળી લેવાનો હુકમ ગુરૂબક્ષ અને સેહગલને કર્યો.

એપ્રિલ ૧૮ : અંગ્રેજોએ ટાંગવિંગીનો કબજો લઇ લીધો છે. જાપાનીઓ અને આ૦ હિં૦ ફો૦ વળતા હુમલા કરી રહ્યા છે. એપ્રિલ ૧૯ : માગ્વે પાસેની બચાવની હરોળો બ્રિટિશ ટેન્કોએ તોડી પાડી છે અને વ્યવસ્થિત સામનો મુદ્દલેય થઇ શકે તેમ નથી.

મે ૪ : 'એક નાના ઝૂંપડામાં દિવસ ગાળ્યો. આખો દિવસ વરસાદ વરસતો હતો. અમને રઝળતા મૂકીને જાપાનીઓ ભાગી નીકળ્યા છે. તેઓ પોતે નાસી રહ્યા છે અને અમારી કાંઇ ફિકર કરતા નથી.' મે ૫: જાપાનીઓને આ૦હિં૦ફો૦ની હવે વધુ કાંઇ જરૂર રહી નથી. એ બે વચ્ચેના સંપર્કખાતામાંથી પોતાના અમલદારોને એમણે પ્રોમ શહેરમાંથી પાછા તેડાવી લીધા છે. ફોજનાં શિસ્ત અને જુસ્સો બગડતાં જાય છે.

કોઇનો કાંઇ કાબૂ રહ્યો નથી અને સિપાહીઓને છોડી છોડીને અફસરો જતા રહે છે.

મે ૧૩ : બ્રિટિશ દળો વિશેની પૂરી માહિતી મેળવી. મને લાગે છે કે અમે સંપૂર્ણપણે વિખુટા પડી ગયા છીએ. છટકવાનો કોઇ માર્ગ નથી. સાંજના સાત વાગે ગામ છોડીને જંગલમાં ગયા. ત્યાં સિપાહીઓને મેં બધી જ વિગતો જણાવી. બહુમતીએ નક્કી કર્યું કે યુદ્ધકેદી બની જવું. પણ હજી હું શરણે જવા તૈયાર નથી. બરમાના જંગલોમાં થોડો વધુ રઝળપાટ મને વધુ ગમશે.

મે ૧૪: મેજર જાગીર અને 'એ. બી. 'ના અંકુશ હેઠળ યુદ્ધકેદીઓની ટૂકડી સવારના દસ વાગે ચાલી નીકળી. કર્નલ ધિલન, મેજર મેહરદાસ અને ૮૦ સિપાહીઓવાળી મારી ટૂકડી પાછળ રહી. જોઈએ કે વિધાતાએ અમારે માટે શેનું નિર્માણ કર્યું છે! સાંજના ચાર વાગે પેગુથી પશ્ચિમે સાત માઇલ પરના લોગા ગામે પહોંચ્યો. જંગલમાં સપડાઇ ગયેલા ઘણા જાપાનીઓ પણ અહીં છે. બધાં રહેવાસીઓ બહુ જ બ્રિટિશપક્ષી છે, અમારું સંખ્યાબળ માત્ર ૪૯ માણસોનું છે.

છેલ્લી નિત્યનોંધ ૧૭મી મે. ૧૯૪૫ની તારીખ નીચે છે; 'તા. ૧૬–૧૭ ની મધરાત સુમારે ને સિતાપિનઝીકસ ગામમાં દાખલ થતાં જ પંદર વારને છેટેથી પંજાબ રેજિમેન્ટના માણસોએ અમારી ઉપર ભારે ગોળીબારો કર્યો. અમારો નાગરિક ભોમિયો માર્યો ગયો. મેં મારી બેગ ખોઇ. એ રાત જંગલમાં ગાળી. સવારના આઠ વાગે ઊભો થયો પણ તમામ રસ્તા બંધ થઇ ચૂકયાની જાણ થઈ. સાંજના છ વાગે પંજાબ રેજિમેન્ટે મને કેદ પકડયો અને પેગુના ડિવિઝનના વડા મથકે, અને આખરે જેલમાં પહોંચાડ્યો.'

કે. સેહગલની સહીવાળા અથવા એમના અક્ષરો વાળા લખાણોમાં નીચે મુજબના શામિલ છે: આ૦ હિં૦ ફો૦ ના સર્વોચ્ચ સેનાપતિ તરીકે ૧૯૪૪ ની ૯ મી ફેબ્રુઆરીએ સુભાષ બોઝે કાઢેલા એક રોજિંદા ફરમાનને કે. સેહગલે તમામ એકમો ઉપર મોકલી આપ્યું. એમાં કહેવાયું હતું કે પ્રત્યેક એકમ–કમાન્ડરે પોતાના અંકુશ નીચેના સનિકોની પેરેડ ગોઠવવી અને આરાકાન મોરચા પરની હિલચાલની મળી હોય તેટલી બધી વીગતો તેમને જણાવવી. આ ખાસ ફરમાનમાં કહેવાયું હતું કે લાંબા કાળથી જેની વાટ જોવાતી હતી તે દિલ્હી ભણીની કૂચ શરૂ થઈ છે. આરાકાન પર્વત ઉપર ફરકી રહેલો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ વાઈસરોયના મહેલ ઉપર ન

કૂચ અને દિલ્હીના પુરાણા લાલ કિલ્લામાં એમની વિજય-કૂચ ન નીકળે ત્યાંસુધી એ કૂચ કાળા નિશ્ચય સાથે ચાલુ રાખવી જોઈએ 'ચલો દિલ્હી'નો પોકાર ઉપાડી લેવાનું એમને કહેવાયું હતું.

૧૯૪૫ ની છઠ્ઠી એપ્રિલે આઝાદ ફોજની ટૂકડી નં. ૫૯૯ ઉપર કે. સેહગલે એક અહેવાલ મોકલેલો. તેમાં જણાવેલું કે લેફ. યાસિન-ખાન અને બીજા અફસરો તથા સૈનિકોમાં ખૂબ ગભરાટ અને નિરાશા ફેલાયાં છે. લેફ૦ ખાઝિમશાહની માનસિક હાલત સારી ન હોવાથી ટૂકડીનું નેતાપદ તે સંભાળી શકે તેમ નથી. તેથી 'એ' કંપનીના કમાન્ડર ઉપર નજર રાખવા એને મોકલ્યા છે, અને લડાઈનું સંચાલન કે. સેહગલે પોતાના હાથમાં લીધું છે. લડાઈ દરમિયાન બે પાયદળ ટૂકડીઓ દુશ્મન સાથે ભળી ગઈ અને આગળ ઉપર પોતાની બેટેલિયનના આખા વડા મથક સાથે લેફ૦ ખાઝિમ-શાહ અને 'એ' કંપનીની એક પાયદળ ટૂકડી ફોજમાંથી ભાગી છૂટયાં.

ફોજમાંથી નાસી છૂટવાના વધુ કિસ્સાઓ પણ અહેવાલમાં જણાવાયા હતા કે તેઓ ચારે બાજુથી ઘેરાઈ ગયા હતા, ટૂકડીનો જુસ્સો ઓસરી ગયો હતો; અને એમાંના થોડા દુશ્મનપક્ષે ભળી જશે એવું લાગતું હતું. દુશ્મનપક્ષે ભળી જતા અફસરો એમના હાથ નીચેના માણસોને પણ પોતાની સાથે આવવાનો હુકમ કરતા જતા.

કે. સેહગલના હસ્તાક્ષરોમાં લખાયેલી એમની રોજનીશી પણ મોજૂદ છે અને તે રજૂ કરાશે. ૮મી ફેબ્રુઆરી ૧૯૪૫ની તારીખ નીચેની નોંધ કહે છે કે પોપા ટેકરીનું રક્ષણનું કામ તેમણે બજાવવાનું હતું. ૧૭મી ફેબ્રુઆરીએ એમણે લખ્યું છે કે કે૦ ધિલનના મોરચા સામેની ઈરાવદી નદી દુશ્મને પાર કરી હતી; અને તેની રેજિમેન્ટ

લગભગ ખતમ થઈ ચૂકી હતી. (૧૯મીઃ) રેજિમેન્ટની હાલત વિશે ધિલન ઘણા નિરાશ હતા. એમાં જરાય શિસ્ત નહોતી, જુસ્સો ઓસરી ગયો હતો. (૧૯મી માર્ચઃ) "મોરચા ઉપર જવાની ના પાડવા બદલ એક અફસરને મારે મોતની સજા ફરમાવવી પડી હતી. અફસોસ, માનવ જીવનનો આ કેવો વ્યય થાય છે!" (૨ જીઃ) 'આ અફસરો હજી સુધી પાછા ફર્યા નથી. મને ખાતરી છે કે એ દગાખોર સૂવરો દુશ્મનપક્ષે ભળી ગયા છે. હવેથી હું બિલકુલ નિર્દય થવાનો છું. કોઈ પણ માણસ શંકાજનક હિલચાલ કરતો માલૂમ પડે કે તરત તેને ઠાર મારવાનો હુકમ મેં આપી દીધો છે. (૧૧મીઃ) 'ધિલને આજે હુમલો શરૂ કર્યો છે. હું ઇચ્છું છું કે એ સાચે જ કાંઇક સારું કરી બતાવે. આ દગાખોરોએ લગાડેલું કલંક આપણે ધોઇ નાખવાનું છે.' (૨૦મીઃ) "આક્રમણમાં અમને પણ ભાગીદાર બનાવવાનું, શાહનવાઝે જાપાનીઓને કહ્યું છે. એની સાથે હું સંમત થાઉં છું. પણ મને નથી લાગતું કે અમને એ તક મળે.'

૧૯૪૫ની ૨૮મી એપ્રિલે કે. સેહગલ શરણે થયા હતા.

પુરાવાઓમાંથી સાબિત કરાશે કે ૧૯૪૩ જુલાઈમાં સુભાષ બોઝ સિંગાપુર આવ્યા પછી સ્થપાયેલી ગેરીલા રેજિમેન્ટ નં. ૧ ના કમાન્ડર તરીકે શાહનવાઝખાનની નિમણૂક થઇ હતી. પોતાની રેજિમેન્ટને લઇને બરમા જવા તેઓ ઓકટોબર ૧૯૪૩માં રવાના થયા.

૧૯૪૩મા એપ્રિલમાં કે. સેહગલ લશ્કરી મંત્રી બન્યા. ૧૯૪૪ના ફેબ્રુઆરીમાં એ સિંગાપુરથી રંગુન આવી પહોંચ્યા.

૧૯૪૪ના સપ્ટેંબરના અરસામાં લેફ. ધિલન બરમા આવી પહોંચ્યા. રંગુન પહોંચ્યા પછી તરત જ એમને ચોથી ગેરીલા રેજિમેન્ટ (નેહરુ બ્રિગેડ)ના ઉપરી અફસર નીમવામાં આવ્યા; અને પોતાનો હોદ્દો સંભાળી લેવા તેઓ માંડલે ગયા.

૧૯૪૪ના ફેબ્રુઆરીમાં આઝાદ ફોજનું મુખ્ય વડું મથક રંગુન પહોંચ્યું. પાછલું વડું મથક સિંગાપુરમાં હતું. એ વર્ષના એપ્રિલમાં ગેરીલા રેજિમેન્ટ નં. ૧, ૨ અને ૩ મણિપુર અને આરાકાનના આક્રમણની તૈયારી કરતી મોરચા ઉપર પડી હતી. એ વખતે ચોથી ગેરીલા રેજિમેન્ટ માંડલેમાં હતી.

આરોપીઓને લાગેવળગે છે ત્યાં સુધી યુદ્ધ ચલાવવાનો આખરી તબક્કો ન્યાયુક પાડોંગ અને પોપાની આસપાસમાં હતો. બધા આરોપીઓ એ વિસ્તારમાં જ હતા; અને નામદાર શહેનશાહનાં લશ્કરો સામે લડાઈ ચલાવતા હતા અને ખુદ પોતે પણ લડી રહ્યા હતા.

૧૯૪૫ ની ૧૬મી માર્ચે લે. ધિલનના કાબૂ હેઠળની ચોથી ગેરીલા રેજિમેન્ટની ૯૦-૧૦૦ માણસોની એક કંપની અને લે. કર્નલ મેકકોનાશીના કાબૂ હેઠળની ગુરખા રાયફલ્સ-ટૂકડી વચ્ચે ક્યાયુક પાડોંગની નજીકમાં અથડામણ થઈ હતી. ૧૮મી માર્ચ ૧૯૪૫ના એક 'યુદ્ધ-અહેવાલ'માં લે. ધિલને આ માહિતી આપી છે.'

શહેનશાહ સામે યુદ્ધ ચલાવવાના આરોપ સંબંધમાં આટલું જણાવ્યા બાદ ફરિયાદપક્ષના વકીલે ત્રણેય આરોપીઓ ઉપર ખૂન કરવાના અને કરાવવાના આરોપો અંગે વિગતો આપતાં કેટલાક કિસ્સાનું વર્ણન કર્યું હતું. આ આરોપના ટેકારૂપ સાબિતિઓ અમુક અંશે દસ્તાવેજી અને અમુક અંશે મૌખિક રહેશે એમ તેમણે જણાવ્યું. છેલ્લે તેમણે ઉમેર્યું કે—

'પોતે જે કાંઇ કર્યું છે તે આઝાદ હિંદ ફોજ કાનૂનને અનુસરીને કર્યું છે. એમ કહીને આરોપીઓ પોતાના પગલાંને વાજબી ઠરાવી શકે નહિ. એ કાનૂન નીચે અપાયેલી કહેવાતી કોઇપણ સત્તાને આ અદાલત કે આ દેશમાંની બીજી કોઈપણ અદાલત મંજૂર રાખી શકે નહિ.'

પોણા વાગે અદાલત વિરામ માટે ઊઠી. પ્રેક્ષકવર્ગમાંથી ન્યાયમૂર્તિ અચ્છુરામ આગળ આવ્યા અને પોતાના પુત્ર કે. સેહગલને ભેટયા.



**બચાવપક્ષના ધારાશાસ્ત્રીઓ :** સર દલીપસીંઘ, પંડિત જવાહરલાલ, સર તેજબહાદુર, શ્રી. ભુલાભાઇ, શ્રી અસફઅલી અને શ્રી કાટજુ.



અદાલતમાં દાખલ થવાનો પાસ ચોકીઆતોને બતાવતા શ્રી ભુલાભાઇ.



ડૉ. સેહગલના બે બહેનો, સરોજિની દેવી અને લે. ધિલનનાં પત્ની બસંતકોર.

# આઝાદ ફોજનો કાનૂન ઘડનારા
# લેફ્૦ નાગની જુબાની

બે વાગે અદાલત ફરી મળી ત્યારે ફરિયાદપક્ષે કેટલાક દસ્તાવેજો રજૂ કર્યા હતા. એમાંથી બતાવાયું કે ત્રણે ય આરોપીઓ અગાઉ હિંદી લશ્કરમાં અફસરો હતા અને દુશ્મનના હાથમાં યુદ્ધકેદીઓ બન્યા પછી આ૦હિં૦ફો૦માં જોડાયા હતા. એ ફોજના અફસરો તરીકે એમણે રાજા સામે યુદ્ધ ચલાવ્યું હતું અને પાંચ હિંદી સિપાહીઓને મોતની શિક્ષા કરવાનો હુકમ કર્યો હતો. તે પછી ફરિયાદપક્ષના સૌ પહેલા સાક્ષી લેફ્ટેનન્ટ નાગની જુબાની શરૂ થઈ.

લેફ્. નાગ બંગાળના એક મેજીસ્ટ્રેટ હતા ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં એમની લશ્કરમાં ભરતી થઈ. ૧૯૪૧ના ફેબ્રુઆરીમાં એમને ફરજ બજાવવા હાજર થવાનું તેડું આવ્યુ હતું. તેમને દરિયાપાર મોકલાયા; અને ૧૯૪૧ની પાંચમી માર્ચે એ સિંગાપુર પહોંચ્યા. સિંગાપુરના પતન પૂર્વે જ તે એક હવાઈ હુમલામાં ઘવાયા અને પાછળથી જાપાનીઓના યુદ્ધકેદી બન્યા. હૉસ્પિતાલમાંથી નીકળ્યા બાદ એમને જાણવા મળ્યું કે આ૦હિં૦ફો૦ની સ્થાપના માટે એક ચળવળ ચાલી રહી છે. એમણે કહ્યું કે આ૦હિં૦ફો૦ની સ્થાપના હિંદુસ્તાનને અંગ્રેજોથી મુક્ત કરવા કાજે લડવા માટે થઇ હતી. તેઓ જે છાવણીમાં હતા ત્યાં આવીને આ૦હિં૦ફો૦ના કેટલાક અફસરોએ ભાષણો કર્યાં, અને એ ચળવળમાં જોડાવાનું કેદીઓને કહ્યું. એમણે ૧૯૪૨ના ઑગસ્ટમાં થયેલા એક જ ભાષણમાં હાજરી આપી હતી. આગલા ભાષણોમાં તે હાજર રહી શક્યા નહોતા, કારણ કે પોતે બીમાર હતા અને વળી આ ચળવળમાં એમને જરા ય રસ નહોતો. કે. શાહનવાઝને તેઓ ૧૯૪૨ના ઑગસ્ટમાં મળ્યા હતા.

૧૯૪૨ના ઑગસ્ટને એક દિવસે છાવણીની ઑફિસ પાસેથી પસાર થતી વખતે આ૦હિં૦ફો૦ના કેટલાક અફસરો સાથે ઊભેલા

કે. મોહનસીંઘે તેને બોલાવ્યા. એ અફસરોમાંના એક કે. શાહનવાઝ હતા. લેફ. નાગે જ્યારે જણાવ્યું કે લસ્કરમાં ભરતી થયા અગાઉ તેઓ બંગાળમાં એક મેજીસ્ટ્રેટ હતા, ત્યારે તેની કામગીરીની એમને જરૂર છે, એમ કહીને કે. મોહનસીંઘે પોતાને ફરી મળવાનું તેને જણાવ્યું.

પાછળથી તે આ૦હિં૦ફો૦ના ન્યાયખાતામાં જોડાયા હતા. એમનું પહેલું જ કામ કે. મથુરની મદદ લઈને આ૦હિં૦ફો૦ કાનૂન ઘડવાનું હતું.

**ભુલાભાઈ**—હું માની લઉં છું કે આ૦હિં૦ફો૦ કાનૂનની જરૂર પડશે તો તે રજૂ કરવામાં આવશે.

**સરકારી વકીલ**—અમારી પાસે એક નકલ છે.

આ૦હિં૦ફો૦ના અફસરો અને સૈનિકોને સંગઠિત અને તાલીમબદ્ધ કરવા અંગે સૂચનાઓ આપતો એક દસ્તાવેજ રજૂ કરાયો અને સરકારી વકીલે વાંચી સંભળાવ્યો. ઑગસ્ટ ૨૦. ૧૯૪૨ પહેલા તે બહાર પાડવામાં આવ્યો હતો. સાક્ષીએ તેની ઉપરની સહી ઓળખી કાઢી.

**સ૦ વ૦**—૧૯૪૨ ના સપ્ટેંબરમાં આ૦હિ૦ફો૦નું સંખ્યા બળ કેટલું હતું તે તમે જાણો છો ?

**સાક્ષી**—હા, દસહજાર જેટલું.

**ભુ૦**—એની પાસે ચોક્કસ માહિતી છે કે કેમ તે હું જાણવા માગું છું.

**જજએડવોકેટ**—એ વિશેની તમારી અંગત માહિતી શી છે?

**સા૦**—સપ્ટેંબર ૧૯૪૨ ની શરૂઆતમાં એ સંખ્યા દસ હજારની હતી એ વાત સામાન્ય રીતે જાણીતી હતી.

**જ૦ એ૦**—એ તમારી જાતમાહિતીમાંથી છે કે લોકોએ તમને જે કહ્યું તેમાંથી ?

**સા૦**—મારી જાતમાહિતીમાંથી.

ભુ૦—પોતે જે સાંભળ્યું હોય તેને પોતે જે જાણતા હોય તેની સાથે એ ભેળવી ન બેસે એ મારે જોવું હતું.

સાક્ષીએ જણાવ્યું કે આ૦હિં૦ફો૦ની અરધી સંખ્યા શસ્ત્રસજ્જ હતી.

જ૦ એ૦—એ તમારી જાતમાહિતીની વાત છે કે કોઈએ તમને કહેલી છે?

સા૦—એ મેં સાંભળેલી છે.

જ૦ એ૦—તમે જાણતા હો તે જ તમારે બોલવું બીજાઓએ તમને કહેલું હોય તે નહિ.

સ૦ વ૦—આ૦હિં૦ફો૦ માટે શસ્ત્રો ક્યાંથી મેળવાયાં હતાં?

ભુ૦—હું વાંધો ઉઠાવું છું. પ્રથમ તો મારે એ જાણવું છે કે સાક્ષી પાસે કાંઇ જાતમાહિતી છે કે નહિ.

જ૦ એ૦—એ તમારી જાતમાહિતી છે?

સા૦—શસ્ત્રો મેં જાતે જોયેલાં છે. એ બ્રિટિશ શસ્ત્રો હતાં.

ભુ૦—મારો ઉદ્દેશ કાર્યવાહીમાં ઢીલ કરવાનો નહોતો પણ એ જાતે જે જાણતા હોય તેની જ રજૂઆત કરાવવાનો હતો.

સ૦ વ૦—૧૯૪૪ ના ઓગસ્ટમાં રંગુનમાં એક પરિષદ ભરાયેલી તે તમને યાદ છે?

સા૦—હા.

સ૦ વ૦—કે. મોહનસીંઘ જ્યારે આ૦હિં૦ફો૦ના સેનાપતિ હતા ત્યારે એક કાર્યવાહક સમિતિ હતી?

સા૦—હા. એના પ્રમુખ રાશબિહારી બોઝ ઉપરાંત ત્રણ નાગરિકો તથા ત્રણ લશ્કરી અફસરો એ સમિતિમાં-હતા. તે પછી આ૦હિં૦ફો૦ ભાંગી પડી. કે. મોહનસીંઘની સૂચના પ્રમાણે આ૦ હિં૦ફો૦નાં દફતરોનો અને બિલ્લાઓનો નાશ કરવામાં આવ્યો હતો.

કે. મોહનસીંઘની ધરપકડ પછી અઠવાડિયાએકમાં જ એક વહીવટી સમિતિ બનાવાઇ હતી. સમિતિએ પહેલું ફરમાન બહાર પાડીને કહ્યું કે વહીવટ અને શિસ્તની જાળવણી માટે તેની સ્થાપના થઇ હતી. એ ફરમાન પછી ભાષણોની એક ઝૂંબેશ ચાલુ થઇ હતી અને ઉપલા અફસરો જુદી જુદી છાવણીમાંના બીજા અફસરો અને સૈનિકો સમક્ષ ભાષણો કરતા હતા.

જ૦ એ૦—આ તમારો અભિપ્રાય છે?

સા૦—આ મારી જાતમાહિતી છે. આ૦હિં૦ફો૦ના માજી સૈનિકો આ૦હિં૦ફો૦માં ફરી જોડાવા માગે છે કે નહિ તે જાણવા માટે ભાષણો ગોઠવાયાં હતાં. આવાં બે કે ત્રણ ભાષણોમાં હું જાતે હાજર રહ્યો હતો. એમાંનું એક રાશબિહારી બોઝે કરેલું. આ ભાષણો જાન્યુઆરી ૧૯૪૩ માં થયાં હતાં. આ ભાષણોનો હેતુ અમને આ૦ હિં૦ફો૦માં રહેવાનું ચાલુ રાખવાનું કહેવાનો હતો. કારણ કે એમના કહેવા પ્રમાણે હિંદુસ્તાનની સ્વતંત્રતા મેળવવાનું આ૦હિં૦ફો૦નું ધ્યેય ઘણું પ્રશંસાપાત્ર હતું. મોહનસીંઘની ધરપકડની એમને લેશ પણ પરવા નહોતી. બીજું એમણે કહ્યું કે, આપણે આપણાં સ્થાન જાળવી નહિ રાખીએ તો બહુ મુશ્કેલી પડશે કારણ કે જાપાનીઓ આપણને લડાઇમાં ટેકો નહિ આપે.

પછી આ વિશેનો એમનો અભિપ્રાય શું છે તે અફસરોને પૂછવામાં આવ્યું. અને એમાંના મોટા ભાગનો મત એવો હતો કે આ૦હિં૦ફો૦માં તેમણે રહેવું ન જોઇએ, આ ભાષણોની પણ તેમણે ઉઘાડેછોગ ટીકા કરી હતી. રાશબિહારી બોઝને એ વિશે ચોકખે ચોકખું કહી દેવાયું. મેં સાંભળેલાં બેઉ ભાષણો લશ્કરના વિરોધી દેખાવોને લગતાં હતાં. મને પોતાને એક ફોર્મ ભરવા માટે અપાયું હતું. ૧૯૪૩ ના ફેબ્રુઆરીની શરૂઆતમાં અફસરોને એક પ્રશ્નાવલિ

આપવામાં આવી અને તેના જવાબ મંગાયા. તેઓ આ૦હિં૦ફો૦માં ચાલુ રહેવા માગતા હતા કે નહિ તે જાણવા માટેના આ સવાલો હતા. મેં કહ્યું કે હું રહેવા તૈયાર નહોતો. તે પછી તરતમાં કેટલાક અફસરોને વ્યક્તિગત રીતે રાશબિહારી બોઝે તેડાવ્યા. મારો વારો આવ્યો ત્યારે મેં જોયું કે મારો જવાબપત્ર એમની સામે જ પડયો હતો. હું મારા નિર્ણયને વળગી રહું છું કે કેમ તે એમણે મને પૂછયું. મેં કહ્યું હું મારો નિર્ણય બદલવા માગતો નથી. અને આ૦ હિં૦ફો૦માં રહેવા માગતો નથી. રાશબિહારી બોઝને હું મળ્યો તે અગાઉ સૌ અફસરોને ૧૯૪૩ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખવાળું એક ચોપાનિયું પહોંચાડાયું હતું. એના લખનારા હતા રાશબિહારી બોઝ, હિંદી સ્વાતંત્ર્ય સંઘની કાર્યવાહક સમિતિના પ્રમુખ.

જજ–એડવોકેટે આ ચોપાનિયું વાંચી સંભળાવ્યું. એમાં રાશબિહારી બોઝે કહ્યું હતું કે :

'મારી પાડવેલી પ્રશ્નાવલિના અફસરોએ આપેલા ઉત્તરોનો મેં ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો છે. હું જાણું છું કે માતૃભૂમિને મુક્ત કરવા લડવા માટે લગભગ તમામ અફસરો તૈયાર છે, પણ મને દુઃખ થાય છે કે આ૦હિં૦ફોમાં રહેવા સૌ તૈયાર નથી. આવા અફસરોમાં એવાનો સમાવેશ થાય છે કે જે અંગ્રેજો સામે હથિયાર ઉઠાવતાં ડરે છે, જેમને હિંદી રાષ્ટ્રીય મહાસભામાં પૂરો વિશ્વાસ નથી, જેઓ હિંદુસ્તાન માટે સાંસ્થાનિક દરજ્જામાં માને છે અને જેઓ અત્યારની પરિસ્થિતિમાં આ૦હિં૦ફો૦માં રહેવા માગતા નથી. યુદ્ધકેદીઓ જો આવા વિચાર દર્શાવે તો તે સમજી શકાય. પણ આ૦હિં૦ફો૦ના અફસરોએ એ દર્શાવ્યા છે તેથી સાંસ્થાનિક દરજ્જો મેળવવા માટે નહિ પણ હિંદના સંપૂર્ણ સ્વાતંત્ર્ય કાજે લડવા માટેની જે ચળવળ છે તેમાં જોડાવાતા આ અફસરોના શા હેતુ હતા તેને

વિષે એ અનેક કલ્પનાઓ જગાડે છે. એક સંસ્થાનનો શો દરજ્જો છે ? એ સંસ્થાન તો બ્રિટનનો ચોકિયાત કુત્તો જ રહે છે.

'અત્યારની પરિસ્થિતિમાં જેઓ આ૦હિં૦ફો૦થી અળગા રહે છે તેમને વિષે તો હું એટલું જ કહી શકું કે લશ્કરમાંની અત્યારની પરિસ્થિત્તિ માટે મારો દોષ ભાગ્યે જ કાઢી શકાય. બ્રિટન એક કટોકટીએ પહોંચી ચૂકયું છે. અને હિંદ છોડી જવાનું દબાણ તેની ઉપર લાવવા માટે મહાત્મા ગાંધીએ ત્રણ અઠવાડિયાંના ઉપવાસ શરૂ કર્યા છે. આ તો આખરી ફટકો છે; અને સમાધાન માટે હવે કોઇ શકયતા નથી. તમારામાંના કેટલાક એ જાણવા આતુર હશે કે આ૦હિં૦ફો૦માંથી બાતલ થનારાઓનું શું થશે ? કમનસીબે અત્યારને તબક્કે જાણી જોઇને આ૦હિં૦ફો છોડી જવાનું પસંદ કરનારાઓ ઉપર મારો કોઇ કાબૂ નથી. જે અફસરો પોતાના અભિપ્રાયો ઉપર ફરી વિચાર કરવા ન માગતા હોય તેમણે મારી સમક્ષ હાજર થઇને તેમનાં કારણો જણાવવાં પડશે.'

**સા૦**—મારો મત બદલાવવાની મેં ના પાડી એટલે મને બીજા ઓરડામાં મોકલવામાં આવ્યો. અમે બધા ત્યાં ભેગા થયા પછી એક જાપાની અફસર સિંગાપુરની એક જુદી છાવણીમાં અમને લઇ ગયો. ત્યાંથી ત્રણ-ચાર દિવસે વળી બીજી એક છાવણીમાં અમને લઇ જવાયા. એ છાવણીમાં હું માંદો પડયો ત્યારે મને એક ઇસ્પિતાલમાં મોકલાયો. ત્યાં મને કહેવામાં આવ્યું કે જે લોકો આ૦હિં૦ફોમાં જોડાવા ન માગતા હોય તેમને બીજી છાવણીમાં ખસેડાશે. એ છાવણીમાં તબીબી સારવાર માટેની કોઇ સગવડ નહોતી. હું હજી ય બીમાર જ હતો અને તેથી મેં કહ્યું કે હું આ૦હિં૦ફો૦માં જોડાઇશ ઇસ્પિતાલમાંથી રજા મળ્યા બાદ મેં આ૦હિં૦ફો૦ના જજ-એડવોકેટ તરીકેની ફરજ પાછી ૧૯૪૩નાં મેમાં સંભાળી. હું ફરી એમાં જોડાયો ત્યારની સંસ્થા જુદી હતી. સંચાલન કરનારું એક

લશ્કરી ખાતું હતું: એમાં એક સંચાલક. એક મુખ્ય વહીવટકર્તા, 'ચીફ ઑફ જનરલ સ્ટાફ' ( શાહનવાઝખાન ), એક લશ્કરી કમાન્ડર અને બીજા અફસરો હતા. આ૦હિં૦ફો૦ના લડાયક એકમો એનાં એ જ હતાં–માત્ર તેમનાં નામ બદલાયાં હતાં.

સરકારી વકીલે તે પછી કેટલાક દસ્તાવેજો રજૂ કર્યા. નિમણૂકો અને બદલીઓને લગતા હુકમો તરીકે એ બહાર પાડવામાં આવ્યા હતા. એમાં 'ચીફ ઑફ જનરલ' સ્ટાફ તરીકે લેફ્૦ કર્નલ શાહનવાઝનું નામ, લશ્કરી મંત્રી તરીકે મેજર સેહગલનું અને ડેપ્યુટી ક્વાર્ટર માસ્ટર–જનરલ' તરીકે મેજર ધિલનનું નામ રજૂ થયું હતું. લશ્કરી ખાતાંના સંખ્યાબંધ ગેઝેટ પણ રજૂ કરાયાં હતાં. એમના જણાવ્યા પ્રમાણે મેજર સેહગલને લશ્કરી ખાતાની ડીરેક્ટોરેટમાં ૧૯૪૩ ના ફેબ્રુઆરીની ૨૯મીથી ખસેડવામાં આવ્યા હતા. અને લેફ્૦ કર્નલ શાહનવાઝખાનની પણ એજ તારીખથી એજ કચેરીમાં બદલી કરવામાં આવી હતી. બીજા એક ફરમાનમાં શાહ–નવાઝને રંગરૂટોની તાલીમશાળાના સંચાલક–અફસરપદે બઢતી અપાઈ હતી.

સા૦—સુભાષચંદ્ર બોઝ સિંગાપુરમાં ૧૯૪૩ ના જુલાઈમાં આવ્યા હતા. આવ્યા બાદ તેમણે આ૦હિં૦ફો૦ અને હિંદી સ્વાતંત્ર્ય સંઘનો સંપૂર્ણ કાબૂ સંભાળી લીધો હતો. સરસેનાપતિપદ ધારણ કરતી વેળા એક રોજિંદા ફરમાનમાં સુભાષચંદ્ર બોઝે આ૦હિં૦ફો૦ને કહ્યું :

'હિંદી સ્વાતંત્ર્યની ચળવળના હિતમાં આપણી ફોજની સીધી આગેવાની મેં આજથી ઉપાડી લીધી છે. મારે માટે આ આનંદ અને અભિમાનનો વિષય છે, કારણ કે હિંદુસ્તાનની સ્વાતંત્ર્ય સેનાના સેનાપતિ થવું એથી કોઈ વધુ મોટું માન એક હિંદી માટે હોઈ શકે નહિ, પણ મેં ઉપાડેલા કાર્યની વિશાળતાનું મને ભાન છે, અને એ જવાબદારીના ખ્યાલનો હું ભારે બોજો અનુભવી રહ્યો છું. મને ગમે તેવા મુશ્કેલીભર્યા અને આકરા સંજોગોમાં મારી ફરજ બજાવી શકવાનું બળ આપવાની પ્રાર્થના હું ઇશ્વરને કરું છું. જુદા જુદા ધર્મપંથોવાળા

મારા ૩૮ કરોડ દેશવાસીઓનો હું મારી જાતને સેવક માનું છું. મારી ફરજ એવી રીતે બજાવવાનો મેં નિશ્ચય કર્યો છે, કે આ આડત્રીસ કરોડનું હિત મારા હાથમાં સલામત રહે; અને આપણી માતૃભૂમિની મુક્તિ માટેની, આઝાદ હિંદની સરકાર સ્થાપવાની અને સદાકાળ માટે હિંદી સ્વાતંત્ર્યની જે રક્ષા કરી શકે તેવું કાયમી સૈન્ય રચવા માટેની આવી રહેલી લડતમાં દરેકે દરેક હિંદી પૂરેપૂરી શ્રધ્ધા રાખે.

'આઝાદ હિંદ ફોજે એક મહત્વનો ભાગ ભજવવાનો છે. એ પાઠમાં યોગ્ય બનવા આપણે આપણી જાતને એકત્ર કરીને એક ફોજમાં ફેરવી નાખવાની છે. આ ફોજનું એક જ ધ્યેય હશે: હિંદુસ્તાનની આઝાદી. અને તેનો એક જ નિર્ધાર હશે: હિંદની આઝાદી કાજે કરેંગે યા મરેંગે. આપણા ધ્યેયનો ઇન્સાફ અને અજેયત્વમાં મને સંપૂર્ણ શ્રધ્ધા છે. માનવજાતના પાંચમા હિસ્સા સમાન આડત્રીસ કરોડ માનવીઓનો આઝાદ બનવાનો અધિકાર છે, અને પોતાની આઝાદીનાં મૂલ્ય ચૂકવવા હવે તેઓ તૈયાર થયા છે. સ્વતંત્રતાના આપણા જન્મસિધ્ધ હકથી આપણને વંચિત રાખી શકે એવી કોઇ તાકાત આ ધરતી ઉપર છે નહિ. બિરાદરો ! અફસરો અને સૈનિકો ! તમારા મુક્ત હૃદયના ટેકાથી અને અચળ વફાદારીથી આઝાદ હિંદ ફોજ હિંદુસ્તાનની મુક્તિનું સાધન બની રહેશે. આપણો જરૂર વિજય થશે.'

રોજિંદા ફરમાનનો અંત 'ચલો દિલ્હી'ના નાદથી થયો હતો. વાઇસરોયના મકાન ઉપર ત્રિરંગી ઝંડો ફરકાવવાનો અને હિંદના પાટનગરના પુરાણા લાલ કિલ્લામાં વિજય-'પેરેડ' કરવાનો નિર્ધાર એમાં દર્શાવાયો હતો.

**૬ઠ્ઠી નવેંબર : મંગળવાર** : ૨ :

અદાલતની આગલા દિવસની કાર્યવાહી બરોબર સાંભળી શકતી નહોતી તેથી આજે ધ્વનિવર્ધક-યંત્રોના વધુ ભુંગળાં ગોઠવ્યાં હતાં.

અદાલતનાં આંખ–કાનનું કામ જજ–એડવોકેટ બજાવે એવો લશ્કરી અદાલતનો શિરસ્તો લાગે છે. કર્નલ કેરિને ગઈ કાલની માફક આજે પણ એ કામ કર્યું હતું. લે૦ નાગની અધૂરી રહેલી જુબાની આજે ફરી ચાલુ થઈ હતી. સાક્ષીએ જણાવ્યું કે આઝાદ હિંદ ફોજનો કાનૂન એમણે ઘડ્યો હતો. એ કાનૂનની એક નકલ રજૂ કરતાં સાક્ષીએ તેને ઓળખી કાઢી હતી.

**સરકારી વકીલ**—એની ૬૫ મી કલમ જુઓ એ કોઈના કહેવાથી ઉમેરવામાં આવેલી?

જ૦—હબીબુર રહેમાન અને કર્નલ લોકનાથનની સૂચનાથી.

**સ૦**—આગળ જતાં આ કલમમાં કાંઈ ઉમેરો કરવામાં આવ્યો હતો ખરો?

જ૦—ફટકાની સજામાં, ફટકાની સંખ્યા ૨૪ થી ૫૦ સુધી વધારતો ઉમેરો કરવામાં આવ્યો હતો. અને એ સજા કરવાની સત્તા ડીવિઝન, રેજિમેન્ટ અને બૅટેલિયનના કમાન્ડરોને આપવામાં આવેલી.

**સ૦**—આ૦હિં૦ફો૦નું સંખ્યાબળ કેટલું હતું?

જ૦—આ૦હિં૦ફો૦નું સત્તાવાર સંખ્યાબળ ૪૦,૦૦૦ નું હતું. ડિવિઝન નં. ૨ માં યુદ્ધકેદીઓ અને મલાયામાંથી ભરતી કરાયેલા નાગરિકો હતા. સુભાષચંદ્ર બોઝના આગમન પછી ૧૯૪૩ની ૨૨મી ઑક્ટોબરે સિંગાપુરમાં એક સભા મળી હતી, દક્ષિણ–પૂર્વ એશિયાના જે જે દેશોમાં હિંદી વસતિ હતી ત્યાંથી આવેલા હિંદી પ્રતિનિધિઓ. આ૦હિં૦ફો૦ના અફસરો અને સૈનિકો, જાપાનીઓ અને જાપાનમાં રહેતા કેટલાક હિંદીઓ એમાં હાજર હતા. હું પણ એમાં હાજર હતો. આ સભામાં સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાની ચર્ચા કરી અને પછી એ સરકારના સભ્યોનાં નામ જાહેર કર્યાં. ટૂંક સમયમાં બરમા મોરચે લડવા જનારી આ૦હિં૦ફો૦ને પૂરતી મદદ કરવાની અપીલ પણ સુભાષ બોઝે નાગરિકોને કરી હતી.

**સ૦**—આરોપીઓમાંના કોઇનું નામ એ યાદીમાં હતું ?

**જ૦**—હા, કે. શાહનવાઝખાન એના એક સભ્ય હતા. ૧૯૪૫-ની ૩૧ મી માર્ચે હું રંગુન પહોંચ્યો. આ૦હિં૦ફો૦ના કબજા હેઠળ આવનારા પ્રદેશોના ભાવિ ગવર્નર લે. કર્નલ ચેટરજીએ એ પ્રદેશોના વહીવટ અંગે પોતે ઘડેલી યોજનાઓ, અને કાયદા-કાનૂનો તપાસી જવાનું મને કહ્યું.

**સ૦**—૧૯૪૪ના જુલાઇ સુધીમાં ત્રણ ગેરીલા રેજિમેન્ટનું શું થયું ?

**જ૦**—તે પીછેહઠ કરતી કરતી માંડલે આવી પહોંચેલી.

**સ૦**—૧૯૪૫ના એપ્રિલમાં આ૦હિં૦ફો૦ની લશ્કરી પરિસ્થિતિ શી હતી ?

**જ૦**—૧૯૪૫ના એપ્રિલમાં અમને ખબર મળ્યા કે બ્રિટિશ સૈન્ય રંગુન તરફ આગળ વધી રહ્યું છે. અને જાપાનીઓ એને ખાલી કરી રહ્યા છે. આ૦હિં૦ફો૦ના છએક હજાર સૈનિકો એ વખતે રંગુનમાં હતા એમાંના અરધાને પૂરાં પડે એટલાં જ હથિયારો એમની પાસે હતાં, ૨૪ મી એપ્રિલે સુભાષચંદ્રબાબુએ રંગુન છોડયું. મેની ત્રીજીએ બ્રિટિશ સૈન્ય રંગુનમાં દાખલ થયું. સુભાષ બોઝની સહીવાળા ૧૯૪૫ની ૧૪મી માર્ચના એક ખાસ રોજિંદા ફરમાનમાં એમ ભારપૂર્વક કહેવાયું હતું કે :

'આઝાદ હિંદ ફોજના દરેક માણસે પોતાની જાતને એ ફોજના ગૌરવ અને સ્વમાનની સરંક્ષક માનવી જોઈએ. ફોજમાં રહેવાની જેની ઇચ્છા ન હોય તે સૌને ફોજ છોડી જવાની તક આપ્યા પછી જો બાયલાપણાનો કોઇ બનાવ બનશે તો તેની સજા મોત હશે. કોઇપણ જાતના બાયલાપણા કે દગાખોરી સામે આપણે જલદ ધિક્કાર પેદા કરવાનો છે. ક્રાંતિકારી સેનાના સૈનિક માટે

બાયલાપણાથી વધુ ભયંકર ગુનો કોઇ નથી. સાફસૂફી થઇ જાય તે પછી આઝાદ હિંદ ફોજના દરેક સૈનિકે માતૃભૂમિની મુક્તિ માટેની પ્રતિજ્ઞા ફરી લેવી પડશે. દગાખોર તત્ત્વોની માહિતી આપનારાઓ અને બાયલાં તત્ત્વોના પકડનારા અને ગોળીએ દેનારાઓને ખાસ બદલો આપવામાં આવશે.'

તે પછી, ફરિયાદપક્ષના વકીલે રજૂ કરેલા સંખ્યાબંધ દસ્તાવેજોને સાક્ષીએ ઓળખાવ્યા અને પોતે પણ કેટલાક દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા. બપોરના સાડાબાર વાગે અદાલત ભોજન માટે ઊઠી ત્યારે, આજના ભાઇબીજના ઉત્સવ નિમિત્તે કે. સેહગલની બે બહેનોએ પોતાના ભાઇના કપાળે કંકુનો ચાંદલો કર્યો. બીજા બે આરોપીઓના કપાળે પણ ચાંદલો કરવા જતી એ બહેનોને રોકવામાં આવી; કારણ કે એ બે આરોપીઓ એમના કુટુંબીજનો નથી.

અદાલત ફરી મળી ત્યારે સાક્ષીએ એક દસ્તાવેજ રજૂ કર્યો. સુભાષચંદ્ર બોઝનું એ ખાસ રોજિંદુ ફરમાન હતું. એમાં કહેવાયું હતું કે, 'આખી દુનિયાની આંખો આ૦હિં૦ફો૦ ઉપર મંડાઇ છે. નીપોનનાં દળો સાથે મળીને આ૦હિં૦ફો૦નાં દળો વળતું આક્રમણ શરૂ કરનાર છે. આ૦હિં૦ફો૦નો વાવટો પ્રથમ આપણે આરાકાનના પહાડો ઉપર અને પછી દિલ્હીમાં વાઇસરોયના મહેલ ઉપર અને લાલ કિલ્લા ઉપર ફરકાવશું. આપણો વિજય નિશ્ચિત છે. ઇન્કીલાબ ઝીંદાબાદ. આઝાદ હિંદ ઝીંદાબાદ.'

સુભાષચંદ્ર બોઝે લે. ધિલન ઉપર લખેલો એક કાગળ સાક્ષીએ રજૂ કર્યો. એમાં લે. ધિલનમાં પૂરી શ્રદ્ધા દર્શાવવામાં આવી હતી. હિંદુસ્તાનની આઝાદીના માર્ગમાં દુનિયાની કોઈ સત્તા ઊભી રહી શકે તેમ નથી એમ તેમાં જણાવ્યું હતું.

સાક્ષીએ કહ્યું કે ૧૯૪૫ના મેની શરૂઆત સુધી એ રંગુનમાં

હતા અને એ વર્ષના એપ્રિલની આખર સુધીમાં આ૦હિં૦ફો૦ના દફતરોનો નાશ કરવામાં આવ્યો નહોતો એવી એમને માહિતી છે.

તે પછી બચાવપક્ષ તરફથી પરદેશોમાંથી બોલાવાયેલા સંખ્યાબંધ સાક્ષીઓ દિલ્હી પહોંચતાં કેટલો વખત લાગશે વગેરે વિગતોના સવાલ-જવાબ જજ-એડવોકેટ, શ્રી. ભુલાભાઇ અને ફરિયાદપક્ષના લશ્કરી ધારાશાસ્ત્રીએ લે. કર્નલ વૉલ્શ વચ્ચે થયા. મુદત પાડવા વિશે વિચાર કરવા અદાલતે દસ મિનિટની વિદાય લીધી. પાછા ફરીને જજ-એડવોકેટે જાહેર કર્યું કે ૨૧મી નવેંબર સુધીની મુદત પાડવામાં આવી છે.

## ૨૧મી નવેંબર : બુધવાર : ૩ :

ફરિયાદપક્ષના પહેલા સાક્ષી લે. નાગની ઊલટતપાસ બચાવપક્ષના ધારાશાસ્ત્રી શ્રી. ભુલાભાઇએ આજે શરૂ કરી.

લે. નાગે જણાવ્યું કે, 'સપ્ટેંબર ૧૯૪૨ થી ડીસેંબર ૧૯૪૨ સુધી અને પછીથી મે ૧૯૪૩થી આખર સુધી હું આ૦હિં૦ફો૦નો સભ્ય હતો. વચગાળાના સમયમાં એક કટોકટી ઊભી થઇ હતી. પહેલેથી છેલ્લે સુધીમાં મેં બે હોદ્દા સંભાળ્યા હતા. જજ-એડવોકેટ જનરલનો અને ડેપ્યુટી-એડજ્યુટન્ટ-જનરલનો. જજ-એડવોકેટ— પ્રથમ તો મેં આઝાદ હિંદ ફોજ કાનૂન ઘડયો અને પછી મારું કામ આ૦હિં૦ફો૦ના કાયદેસરના વહીવટનું ધ્યાન રાખવાનું, એટલે કે લશ્કરી અદાલતની કામગરીનો ખ્યાલ રાખવાનું, તપાસ કરવાનું અને શિસ્તભંગના કિસ્સાઓ તપાસવાનું હતું.

'૧૯૪૩ની ૨૧મી ફેબ્રુઆરીએ આઝાદ હિંદ સરકારની સ્થાપનાની જાહેરાત થઇ હતી. પણ હું એનો કાનૂની સલાહકાર નહોતો. હું તો આ૦હિં૦ફો૦નો કાનૂની સલાહકાર હતો. આ૦હિં૦

સરકારના કાનૂની સલાહકાર તો બંગાળની સિવિલ સર્વિસના એક શ્રી સરકાર હતા.

'જાપાન લડાઇમાં ઊતર્યું ત્યારે હું પીનાંગમાં હતો. જાપાની લડાઇ ૧૯૪૧ ની ૮મી ડીસેંબરે શરૂ થઇ અને પીનાંગથી ૧૫મી ડીસેંબરે નીકળીને અમે જાન્યુઆરીની ૨૫મીએ સિંગાપુર પહોંચ્યા. સિંગાપુર ઉપર ૧૬મી ફેબ્રુઆરીએ થયેલા વિમાની હુમલામાં હું ઘાયલ થયો હતો. અને મને ઇસ્પિતાલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો......જજ-એડવોકેટનો હોદ્દો મેં રાજીખુશીથી સ્વીકાર્યો હતો. મારું પહેલું કામ આ૦હિં૦ફો૦ કાનૂન ઘડવાનું હતું, કાનૂન ઘડવાનો આશય એ હતો કે સુધરેલી દુનિયાના શિરસ્તા મુજબ ફોજનું સંચાલન થઇ શકે. હું કામ કરતો બંધ પડયો, ત્યાં સુધીના આખા સમય દરમિયાન એ કાનૂનનું પાલન થયું હતું......'

સાક્ષીએ જણાવ્યું કે ૧૯૪૩ની ૨૧મી ઑકટોબરે સિંગાપુરમાં એક જંગી સભા ભરાયેલી તેમાં પોતે હાજર હતા. એ સભામાં આઝાદ હિંદ સરકારની સ્થાપનાની જાહેરાત કરાઇ હતી. સભામાં આ૦હિં૦ફો૦ના સૈનિકો, હિંદી નાગરિકો, જાવાની અફસરો અને મલાયા, થાઈલેંડ, સુમાત્રા, હિંદી-ચીન અને હોંગકોંગમાંથી આવેલા હિંદી પ્રતિનિધિઓ હાજર હતા.

તે પછી શ્રી. ભુલાભાઈએ આઝાદ હિંદ સરકારની સ્થાપનાનું જાહેરનામું વાંચી સંભળાવ્યું:

# આઝાદ હિંદુસ્તાનની
# કામચલાઉ સરકારનું જાહેરનામું

'૧૭૭૫ માં બંગાળમાં અંગ્રેજોને હાથે પહેલીવાર પરાજય પામ્યા પછી, હિંદુસ્તાનની પ્રજા એકસો વર્ષના ગાળા દરમિયાન આકરી અને ઘોર લડાઇઓની એક પરંપરા લડી હતી. આ કાળનો ઇતિહાસ અજોડ વીરતા અને સ્વાર્પણની કથાઓથી ભરપૂર છે. બંગાળના સિરાજુદ્દુલ્લા અને મોહનલાલ, દક્ષિણ હિંદના હૈદરઅલી, ટિપ્પુ સુલતાન અને વેલુ તામ્પી, મહારાષ્ટ્રના અપ્પા સાહેબ ભોંસલે અને પેશ્વા બાજીરાવ, ઔંધની બેગમો, પંજાબના સરદાર શ્યામસીંઘ અટારીવાલ, અને છેલ્લે, પણ કોઇથી ય ઊતરે નહિ તેવાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, તાત્યા ટોપે, દુમરાવનના મહારાજ કુંવરસીંઘ અને નાના સાહેબ તથા બીજાઓ—આ બધા યોદ્ધાઓનાં નામ એ ઇતિહાસનાં પાનાં ઉપર સદાને માટે સોનેરી અક્ષરોમાં કોરાઇ ચૂક્યાં છે. આપણાં કમભાગ્યે આપણા પૂર્વજો પહેલેથી જ એ ન સમજી શક્યા કે અંગ્રેજો આખા હિંદુસ્તાન માટે એક મહાન ભય સમાન છે; અને તેથી દુશ્મન સામે એમણે સંયુક્ત મોરચો ઊભો કર્યો નહિ.

આખરે, સંજોગો સાચે જ કેવા છે તેનું ભાન જ્યારે હિંદી પ્રજાને થયું ત્યારે એમણે ભેગા થઇને પગલું ભર્યું અને ૧૮૫૭ માં બહાદુરશાહના નેજા હેઠળ, આઝાદ માનવીઓ તરીકેની એમની છેલ્લી લડાઈ તેઓ લડયા. આ લડાઇના શરૂઆતના કાળમાં મળેલા ઝળહળતા વિજયોની પરંપરા

છતાં, બદકિસ્મત અને ખામીભરી આગેવાનીને પરિણામે ધીમે ધીમે તેમનાં આખરી પરાજય અને પરાધીનતા આવી પડયાં. તેમ છતાંય, ઝાંસીની રાણી, તાત્યા ટોપે કુંવરસીંઘ અને નાના સાહેબ જેવા શુરવીરો રાષ્ટ્રની યાદદાસ્તમાં શાશ્વત તારા તરીકે જીવતા રહેશે અને બલિદાન તથા વીરતાનાં હજીય મહાન કાર્યો કરવાની આપણને પ્રેરણા આપશે.

૧૮૫૭ પછી અંગ્રેજોને હાથે બળજબરીથી નિઃશસ્ત્ર બનાવાયેલી અને ત્રાસ અને નિર્દયતાનો ભોગ બનાવાયેલી હિંદી પ્રજા થોડા વખત માટે તો નિઃસહાય હાલતમાં પડી રહી. પણ ૧૮૮૫ માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના જન્મ સાથે જ એક નવી જાગૃતિ પેદા થઈ. ૧૮૮૫થી તે ગયા વિશ્વયુદ્ધના અંત સુધીમાં, પોતાની ગુમાવેલી સ્વાધીનતા પાછી મેળવવા માટે હિંદની પ્રજાએ જેહાદ અને પ્રચાર, બ્રિટિશ માલનો બહિષ્કાર, ત્રાસવાદ અને ભાંગફોડ, અને છેવટે સશસ્ત્ર બળવા જેવા શકય તેટલા તમામ માર્ગો લઈ જોયા, પણ થોડા સમય માટે તો આ બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા. આખરે ૧૯૨૦ માં નિષ્ફળતાની લાગણીથી ત્રાસેલી હિંદી પ્રજા જ્યારે કોઇ નવા માર્ગ માટે ફાંફાં મારી રહી હતી ત્યારે અસહકાર અને સામુદાયિક કાનૂનભંગનાં પોતાનાં નવાં શસ્ત્રો લઈને મહાત્મા ગાંધી આગળ આવ્યા.

તે પછીના બે દાયકા દરમિયાન જલદ દેશપ્રેમી ચળવળના એક તબકકામાંથી હિંદી પ્રજા પસાર થઇ આઝાદીનો સંદેશો હિંદુસ્તાનના ઘરેઘરમાં પહોંચાડયો.

આઝાદીને કાજે સહન કરવાનું, ભોગ દેવાનું અને મરવાનું પ્રજાને વ્યકિતગત દષ્ટાંતોથી શીખવવામાં આવ્યું. મધ્યબિંદુથી તે દૂર દૂરનાં ગામડાં સુધીના હિંદીઓને એક જ રાજકીય સંસ્થામાં ગૂંથી લેવામાં આવ્યા. આ રીતે હિંદી પ્રજાએ પોતાની રાજકીય જાગૃતિ પાછી મેળવી. એટલું જ નહિ, પણ ફરી એકવાર એ એક જીવંત રાજકીય તાકાત બની હવે, એક ધ્યેય માટે તે એક જ અવાજે બોલી શકતી હતી અને એક જ મકસદથી મથી શકતી હતી. ૧૯૩૭થી ૧૯૩૯ સુધીમાં આઠ પ્રાંતોમાંનાં કોંગ્રેસી પ્રધાનમંડળો દ્વારા તેણે પોતાનો વહીવટ કરવાની શકિત અને તૈયારીની સાબિતિ આપી.

આ રીતે આ વિશ્વયુદ્ધની આગલી સંધ્યાએ હિંદુસ્તાનની સ્વાધીનતાના આખરી સંગ્રામ માટેની પૂર્વભૂમિકા રચાઇ ચૂકી હતી. આ લડાઇ દરમિયાન જર્મની અને તેના સાથીઓએ મળીને આપણા દુશ્મન ઉપર યુરોપમાં સજ્જડ પ્રહારો કર્યા છે, અને જાપાન અને તેના સાથીઓએ મળીને આપણા દુશ્મનને પૂર્વ એશિયામાં ધૂળ ચાટતો કર્યો છે. ઘણા જ શુભ સંજોગોના એકીકરણને લીધે આજે હિન્દી પ્રજાની સામે પોતાની રાષ્ટ્રીય મુકિત મેળવવાની એક અજબ તક આવી છે.

તાજેતરમાં ઇતિહાસમાં પહેલી જ વાર પરદેશોમાં વસતા હિંદીઓમાં પણ રાજકીય જાગૃતિ આવી છે. અને એક સંસ્થામાં તેઓ એકત્ર બન્યા છે. વતનમાંના પોતાના દેશભાઇઓની સાથે એક સૂરે તેઓ વિચાર કરી

રહ્યા છે. અને લાગણીઓ અનુભવી રહ્યા છે. એટલું જ નહિ, પણ આઝાદીને મારગે એમની સાથે કદમ મિલાવીને એ કૂચ કરી રહયા છે. ખાસ કરીને પૂર્વ એશિયામાંના વીસ લાખથી વધુ હિંદીઓ કુલઝપટ લશ્કરી ભરતીના પોકારથી ઉત્સાહ પામીને એક નક્કર લશ્કર બની ઊભા છે. અને એમની સામે ખભેખભા મિલાવીને ખડી છે હિંદુસ્તાનની સ્વાધીનતાની સેના. એમના હોઠ ઉપર છે 'ચલો દિલ્હી'નો નાદ.

પોતાની દાંભિકતાથી ઘોંચપરોણો કરી કરીને હિંદીઓને અધીરા બનાવનાર અને પોતાની લૂંટથી એમને ભૂખમરા અને મોત ભેગા કરનાર હિંદમાંના બ્રિટિશ રાજે હિંદી પ્રજાની ભલી લાગણી સંદતર ગુમાવી છે. અને હવે એ જોખમી જિંદગાની ગુજારી રહયું છે. એ દુઃખદ રાજના છેલ્લા અંશનો પણ નાશ કરવા માટે એક જ્વાલાની જ જરૂર છે. એ જ્વાલા જલાવવાનું કામ હિંદુસ્તાનની સ્વાધીનતાની સેનાનું છે. વતનમાંના નાગરિક પ્રજાજનો તેમજ બ્રિટનના હિંદી લશ્કરના મોટા ભાગના ઉત્સાહજનક પીઠબળની જેને ખાતરી છે અને પરદેશના બહાદુર અને અજેય મિત્રોનો જેને ટેકે છે, પણ જે પ્રથમ પહેલાં તો પોતાની તાકાત ઉપર જ આધાર રાખે છે, તે હિંદુસ્તાનની સ્વાધીનતાની સેના પોતાનો ઐતિહાસિક ભાગ ભજવી શકશે એવો એને વિશ્વાસ છે.

હવે જ્યારે આઝાદીનું પ્રભાત હાથવેંતમાં જ છે. ત્યારે હિંદી પ્રજાની ફરજ છે કે એ પોતાની એક કામચલાઉ

સરકારની સ્થાપના કરે; અને તેના ઝંડા નીચે પોતાની આખરી લડતનાં મંડાણુ કરે. પણ તમામ હિંદી નેતાઓ જેલમાં છે, અને વતનમાંના લોકો સંપૂર્ણપણે નિઃશસ્ત્ર છે, ત્યારે હિન્દુસ્તાનમાં કોઇ કામચલાઉ સરકાર સ્થાપવી, કે એ સરકારના નેતૃત્વ હેઠળ લડત ઉપાડવી એ શકય નથી. એટલે વતનમાંના અને પરદેશોમાં તમામ દેશપ્રેમી હિંદીઓના ટેકા સાથે પુર્વ એશિયાના હિંદી સ્વાતંત્ર્ય સંઘની એ ફરજ છે કે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના કરવાનું આ કામ ઉપાડી લેવું, અને સંઘે તૈયાર કરેલી સ્વાધીનતાની સેનાની મદદથી આઝાદીની આખરી લડતનું સંચાલન કરવું.

પૂર્વ એશિયામાંના હિંદી સ્વાતંત્ર્ય સંઘ તરફથી અમારી આઝાદ હિંદની કામચલાઉ સરકાર બનાવવામાં આવેલ છે. અમારા ઉપરની જવાબદારીના પૂરા ભાન સહિત અમે અમારી ફરજ બજાવવાની શરૂઆત કરીએ છીએ. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમારા કાર્યને અને માતૃભૂમિની મુકિત માટેની અમારી લડતને ઇશ્વરના આશીર્વાદ મળે. એની આઝાદી, એની આબાદી અને જગતનાં રાષ્ટ્રો વચ્ચે એના ઉચ્ચતર સ્થાનની પ્રાપ્તિ માટે અમે અમારા જાન અને અમારા સશસ્ત્ર સાથીઓના જાન આપવાના સોગંદ લઇએ છીએ.

અંગ્રેજો અને તેના મિત્રોને હિંદની ધરતી ઉપરથી જે હાંકી કાઢી શકે એવી લડત શરૂ કરવાની, અને તેને

ચાલુ રાખવાની આ કામચલાઉ સરકારની ફરજ રહેશે. તે પછી, હિંદી પ્રજાની ઇચ્છા પ્રમાણે રચાયેલી અને તેનો વિશ્વાસ ધરાવતી આઝાદ હિંદની કાયમી રાષ્ટ્રીય સરકાર ઊભી કરવાનું કામ આ કામચલાઉ સરકારનું રહેશે. અંગ્રેજો અને તેમના મિત્રોને હાંકી કાઢયા પછી આઝાદ હિંદની કાયમી રાષ્ટ્રીય સરકારની સ્થાપના થાય ત્યાં સુધીના કાળ દરમિયાન આ કામચલાઉ સરકાર હિંદી પ્રજાના ‘ટ્રસ્ટી તરીકે દેશનો વહીવટ ચલાવશે.

કામચલાઉ સરકાર પોતાની જાતને દરેક હિંદીની વફાદારીની અધિકારી માને છે, અને આથી એ વફાદારી માટે દાવો કરે છે. તેના દરેક પ્રજાજનને ધાર્મિક સ્વાતંત્ર્ય અને તમામ હકકો અને અનુકૂળતાઓની એ ખાતરી આપે છે. આખા ય રાષ્ટ અને તેના તમામ ભાગોની સુખાકારી અને આબાદી માટે મથવાનો પોતાનો મકકમ નિર્ધાર એ જાહેર કરે છે. એમ કરવામાં રાષ્ટ્રના તમામ સંતાનોને તે સમાન ગણશે, અને પરદેશી સરકારે ભૂતકાળમાં ચાલાકી-પૂર્વક પેદા કરેલા સૌ મતભેદોથી એ પર રહેશે.

ઇશ્વરને નામે, હિંદી પ્રજાનું જેમણે એક રાષ્ટ્ર તરીકે ઘડતર કર્યું છે એ પાછલી પેઢીઓને નામે અને આપણને વીરતા અને સ્વાર્પણનો વારસો આપી જનારા મરેલા શુરવીરોને નામે અમે હિંદી પ્રજાને સાદ કરીએ છીએ કે અમારા નિશાન નીચે એકત્ર થાવ, અને હિંદની આઝાદી માટે તૂટી પડો. અગ્રેજો અને હિદમાંના એમના તમામ સાથીઓ સામે આખરી લડત માંડવાનો, અને હિંદની ધરતી

ઉપરથી દુશ્મન હાંકી ન કઢાય તથા હિંદી પ્રજા ફરી વાર એક આઝાદ રાષ્ટ્ર ન બને ત્યાં સુધી આખરી વિજયમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને બહાદુરી અને ખંતપૂર્વક એ લડત ચાલુ રાખવાનો સાદ અમે હિંદી પ્રજાને કરીએ છીએ.'

આઝાદ હિંદની કામચલાઉ સરકાર વતી સહી કરનાર :

**સુભાષચંદ્ર બોઝ** (સરકારના વડા, વડા પ્રધાન. યુદ્ધ-પ્રધાન, પરદેશ-ખાતાના પ્રધાન).

**કૅપ્ટન કુ. લક્ષ્મી** (સ્ત્રીઓની સંસ્થા).

**એસ. એ. અય્યર** (જાહેરાત અને પ્રચારખાતું).

**લેફ્ટેનન્ટ કર્નલ એ. સી. ચેટરજી** (નાણાં ખાતું).

**લેફ્ટેનન્ટ કર્નલ અઝીઝ અહમદ, લેફ્૦ ક૦ એન. એસ. ભગત, લેફ્૦ ક૦ જે. કે. ભોંસલે, લેફ્૦ ક૦ ગુલઝારાસીંઘ, લેફ્૦ ક૦ એમ. ઝેડ. કિયાની, લેફ્૦ ક૦ એ. ડી. લોગનાથન, લેફ્૦ ક૦ એહસાન કાદીર, લેફ્૦ ક૦ શાહનવાઝ** (ફોજીદળોના પ્રતિનિધિઓ ).

**એ. એમ. સહાય** (પ્રધાન-દરજ્જાના મંત્રી).

**રાશબિહારી બોઝ** (સર્વોચ્ચ સલાહકાર).

**કરીમ ગની, દેવનાથ દાસ, ડી. એમ. ખાન. એ. યેલાપ્પા, જે. થિવી, સરદાર ઇશારસીંઘ** (સલાહકારો).

**એ. એન. સરકાર** (કાનૂની સલાહકાર).

**શોનાન : ઑક્ટોબર ૨૧, ૧૯૪૩.**

## 'આપણે જાપાનીઓની તાબેદારી નથી કરવાની !'

જાહેરનામુ વંચાઈ રહ્યા બાદ શ્રી ભુલાભાઈએ આગળ ચલાવેલી ઊલટ-તપાસ દરમિયાન સાક્ષીએ જણાવ્યું કે :—

'૧૯૪૪ના એપ્રિલમાં હું રંગુન ગયો ત્યારે આઝાદ હિંદ બેન્કની મને જાણ થઇ. કામચલાઉ સરકારના કાર્ય માટે પૂર્વ એશિયાના હિંદીઓએ મોટી રકમો ભેટ આપી હતી; અને એ આઝાદ હિંદ બેન્કમાં રાખવામાં આવતી હતી. પૈસા ઉપરાંત એજ કાર્ય માટે ચીજવસ્તુઓના રૂપમાં પણ મોટી ભેટો આપવામાં આવતી હતી. બેન્કમાંની રકમ અંદાજે કેટલી હશે તે હું જાણતો નથી પણ એ કરોડોની અને ઘણી મોટી રકમ હતી. ચીજવસ્તુઓની કિંમત પણ ઘણી મોટી હતી......

આઝાદ હિંદ દળવાળા લે૦ કર્નલ એહસાન કાદિરને હું મળ્યો હતો. આ૦હિં૦ફો૦ના કબજામાં આવે તે પ્રદેશનો વહીવટ આ દળને કરવાનો હતો. દળ નાગરિકોનું બનેલું હતું. સિંગાપુરમાં અને પછી રંગુનમાં નાગરિક વહીવટ માટેની તાલીમ એમને આપવામાં આવેલી. આ૦હિં૦ સરકારના કબજામાં આવનારા પ્રદેશના ભાવિ ગવર્નર લે૦ કર્નલ ચેટરજી હતા. કબજે કરાયેલા પ્રદેશના વહીવટ માટેની એક યોજના મને લે૦ કર્નલ ચેટરજીએ આપી હતી અને મેં એ તપાસી હતી...આઝાદ હિંદ દળમાં બસોએક માણસો હતા એમ હું ધારું છું. કામચલાઉ સરકાર તરફથી એક 'ગેઝેટ' બહાર પાડવામાં આવતું હતું. લશ્કરમાં થતી નિમણુકોની વિગતો એમાં આવતી હતી. એ વિગતો 'લશ્કરી ગેઝેટ'માં પણ આવતી હતી.'

**સવાલ :** આ૦હિં૦ફો૦ અને જાપાનીઓ વચ્ચેના સંબંધ વિષે તમે કાંઈ જાણો છો ?

**જવાબ :** હા. બે મિત્રો તરીકે એ કાર્ય કરતાં હતાં...જાપાની

લશ્કરમાં એક સંકલન-ખાતું હતું તે આ૦હિં૦ફો૦ સાથે સંપર્ક જાળવતું...આ૦હિં૦સરકારની સ્થાપના પછી બ્રિટન અને અમેરિકા બેઉ સામે લડાઇ જાહેર કરવામાં આવી હતી. જાપાની સરકારે આ૦હિં૦સરકાર ઉપર એક એલચી મોકલ્યો હતો. એનું નામ હાચિયા. ધરી રાજ્યો અને થાઇલૅન્ડ, ફિલિપાઇન્સ. ક્રોશિયા અને મંચુકુઓ સહિત તેમના બીજા સાથીઓએ કામચલાઉ સરકારનો સ્વીકાર કર્યો હતો....આ૦હિં૦ફો૦નો મુખ્ય ઉદ્દેશ હિંદુસ્તાનની મુક્તિ માટે અંગ્રેજો સાથે લડવાનો હતો. બીજો ઉદ્દેશ હતો મલાયા. બરમા અને દૂર પૂર્વમાંના હિંદીઓનું રક્ષણ કરવાનો....

પહેલી આ૦હિં૦ફો૦ને ૧૯૪૨ના ડીસેંબરમાં વિખેરી નાખવામાં આવી હતી. પહેલી આ૦હિં૦ફો૦ના ઉપરી અફસર હતા કે૦ મોહનસીંઘ. ડીસેંબર ૧૯૪૨માં જાપાનીઓએ એમની ધરપકડ કરી હતી. જાપાનીઓ સાથે અમારે મતભેદો હતા પણ કે. મોહનસીંઘની ધરપકડ પછી જ આ૦હિં૦ફો૦ને વિખેરી નાખવામાં આવેલી.


**સ૦ :** કે. મોહનસીંઘે એવી જાહેરાત કરેલી ખરી કે, જરૂર પડયે હું અંગ્રેજો ઉપરાંત જાપાનીઓ સામે પણ લડીશ ?

**જ૦ :** સિંગાપુરની એક સભામાં એમણે એમ કહેલું કે, મારા રસ્તામાં જે કોઇ આવશે તેની સાથે હું લડીશ. . . . કે૦ મોહનસીંઘ તરફથી અમને લેખિત સૂચના અપાયેલી હતી કે એમની ધરપકડ થાય તો આ૦હિં૦ફો૦ વિખેરી નાખવી. આ સૂચના એક સીલબંધ કવરમાં હતી. એમની ધરપકડ પછી જ એ ખોલવાનું હતું. . . . શરૂઆતથી જ સહુમાં સામાન્ય લાગણી હતી કે આપણે જાપાનીઓની તાબેદારી નથી કરવાની . . . . સુભાષબાબુ આવ્યા પછી બધાને થયું કે, હવે આપણને એક એવા આગેવાન મળ્યા છે કે જે જાપાનીઓની તાબેદારી સ્વીકાર્યા વિના આપણને સાચે માર્ગે દોરી જશે. તે પછી એ બે

લશ્કરો મિત્ર બન્યાં. આ૦હિં૦ફો૦ને જાપાની અફસરો નહિ પણ હિંદી અફસરો તરફથી તાલીમ અપાતી. એના તમામ અફસરો હિંદીઓ હતા. આ૦હિં૦ફો૦ના વાવટામાં હિંદી રાષ્ટ્રીય મહાસભાના વાવટાના જ રંગો હતા : કેસરી સફેદ અને લીલો. એના બિલ્લા જાપાની બિલ્લાઓ કરતાં જુદા હતા.

સ૦ : બિલ્લા ઉપરના બજરિયા રંગના એક તારાને કાઢી નાખવામાં આવ્યો હતો કારણ કે એ જાપાનના ઊગતા સૂરજ જેવો લાગતો, એ વાત સાચી છે ?

જ૦ : હા, બીજી આ૦હિં૦ફો૦એ એને કાઢી નાખ્યો હતો.. ૧૯૪૪ના ઑકટોબરની ૨૧ મી પછી સિંગાપુરમાં મળેલી એક સભામાં સુભાષચંદ્ર બોઝે કહેલું કે જેને આ૦હિં૦ફો૦ માંથી નીકળી જવું હોય તે જઇ શકે છે. આ૦હિં૦ફો૦ના સૈનિકો આ સભામાં હાજર હતા. . . . આઝાદ હિંદ સરકાર તરફથી બહાર પડતું ' જય હિંદ ' અથવા ' આઝાદ હિંદ ' નામનું એક અઠવાડિક મેં સિંગાપુરમાં જોયું હતું . . . . આઝાદ હિંદ ફોજમાં ખોરાક–પોષાક ઉપરાંત લેફ્ટેનન્ટને માસિક રૂ. ૮૦ અને કેપ્ટનને રૂ. ૧૭૫ ભથ્થા તરીકે અપાતા હતા. મેજરને મલાયામાં રૂ. ૧૮૦ અને બરમામાં રૂ. ૨૩૦ મળતા. એજ રીતે લેફ્ટેનન્ટ કર્નલને રૂ. ૩૦૦ અને કર્નલને રૂ. ૪૦૦ અપાતા. આઝાદ હિંદ સરકારને એક જંગી સોગાદ આપવા માટે રંગુનમાં હબીબને ' સેવક–એ–હિંદ 'નો ચાંદ એનાયત કરવામાં આવ્યો ત્યારે હું હાજર હતો. એ સોગાદ રૂપિયા એક કરોડની હતી તેની મને ખબર નથી. આઝાદ હિંદ સરકાર તરફથી બીજા માનચાંદ પણ આપવામાં આવતા હતા.


AZAD HIND

ENGLISH EDITION

CASUALTIES IN OKINAWA

MAHATMA GANDHI REJECTS VICEROY'S INVITATION TO ATTEND SIMLA CONFERENCE

Wavell's Scheme Designed To Hold India In Bondage

BRITISH PROPOSALS HELD

'આઝાદ હિંદ': હિંદી સ્વાતંત્ર્ય-સંઘ અને આઝાદ હિંદ સરકારના અંગ્રેજી મુખપત્રના તા, ૧૮મી જૂન ૨૬૦૫ (૧૯૪૫) ના અંકનું પહેલું પાનું.

**૨૨ મી નવેંબર : ગુરુવાર** : ૪ :

ફરિયાદપક્ષના બીજા સાક્ષી કે. ઘરગાલકરની જુબાની આજે શરૂ થઈ. સરકારી વકીલના સવાલોના જવાબ દરમિયાન તેમણે જણાવ્યું કે—

'૧૯૩૧ માં હું હિંદી લશ્કરમાં જોડાયેલો. મલાયાની લડાઇમાં મેં ભાગ લીધો છે. ૧૯૪૨ ની ૧૬ મી ફેબ્રુઆરીએ સિંગાપુરમાં અંગ્રેજો જાપાનીઓને શરણે થઇ ગયા ત્યારે હું ત્યાં હતો. આ૦હિં૦ફો૦ સાથે અગાઉ મારે કાંઇ સંબંધ નહોતો. મારી રેજિમેન્ટના અને બીજા માણસોને આ૦હિં૦ફો૦માં જોડાતા રોકવા મેં પ્રયત્નો કરેલા. બીજા હજારેક યુદ્ધકેદીઓની સાથે મને થાઇલેંડમાં મજૂરી કરવા મોકલેલો.'

**સરકારી વકીલ** : એ છાવણીમાં તમને કેટલા દિવસ રાખવામાં આવેલા ?

**સાક્ષી** : ૮૮ દિવસ સુધી.

**સ૦ વ૦** : ત્યાં તમારી સાથે કેવું વર્તન રાખવામાં આવતું હતું ?

**ભુલાભાઇ** : એ વાતને આરોપીઓ સાથે કાંઈ સંબંધ છે. ખરો ? એમાં જો કોઇ ફરિયાદ હોય તો એ જાપાનીઓ સામે છે.

આથી સરકારી વકીલે સવાલ આગળ પૂછવાનું માંડી વાળ્યું. તે પછી યુદ્ધકેદીઓની છાવણીમાંની પરિસ્થિતિ વિષે એમણે સંખ્યાબંધ સવાલો પૂછ્યા. જવાબમાં સાક્ષીએ છાવણીના નાયક શીંગારાસીંઘ અને ફત્તેહખાન ઉપર આક્ષેપો કર્યા. શીંગારાસીંઘ અને ફત્તેહખાન ઉપર ચાલતા બીજા એક ખટલામાં શ્રી અસફઅલી એમના વકીલ હોવાથી એની સામે એમણે વાંધો ઉઠાવ્યો કે એ અફસરો સામે આ અદાલતમાં આક્ષેપો કરીને તેમની સામેના ખટલામાં પૂર્વગ્રહો ઊભા કરવા એ ઘણું અયોગ્ય છે. અદાલતે દસ મિનિટ સુધી ખાનગીમાં મંત્રણા કરીને જાહેર કર્યું કે એ બે અફસરોના નામ લેવાવાં ન જોઇએ.

આગળ ચાલતાં સાક્ષીએ કહ્યું કે, 'શાહનવાઝ અને સેહગલ એ છાવણીમાં આવતા હતા તે મને યાદ છે. એ બેઉ અફસરોને હું ઓળખું છું.'

તરત જ જજ–એડવોકેટે સાક્ષીને સૂચના આપી કે એમનો ઉલ્લેખ 'અફસરો' તરીકે નહિ પણ 'આરોપીઓ' તરીકે કરવો વધુમાં સાક્ષીએ જણાવ્યું કે—

'આ૦હિં૦ફો૦ના કબજા હેઠળની એક છાવણીમાં યુદ્ધકેદીઓને ખરાબ વર્તન અને મારના ભોગ થતા મેં જોયા છે . . . . સિંગપુરમાં લે૦ કર્નલ હંટે હિંદી લશ્કરને મેજર ફયુજીવારાને શરણે સોંપી દીધા પછી જાપાનીઓએ અંગ્રેજો અને હિંદીઓને જુદા પાડેલા, આ૦હિં૦ફો૦–માં જોડાવા જે તૈયાર થયા એમને બીજાઓથી વિખૂટા પાડવામાં આવ્યા હતા. ન જોડાનારાઓ જાપાનીઓના કબજામાં રહ્યા હતા . . . મને જે છાવણીમાં રાખવામાં આવ્યો હતો તેમાં કોઇની સાથે ખરાબ વર્તન ચલાવેલું હોવાની મને જાણ નથી. ખોરાક સારો નહોતો પણ બરોબર હતો . . . . છાવણીમાંના અફસરોને આ૦હિં૦ફો૦માં જોડાવાનુ કે. શાહનવાઝે કહ્યું હતું કે નહિ તે મને ચોક્કસ યાદ નથી.'

તે પછી ફરિયાદપક્ષના ત્રીજા સાક્ષી સુબેદાર મેજર બાબુરામ આવ્યા એમને અંગ્રેજી બરોબર નહોતું આવડતું તેથી એક દુભાષિયાને પણ બોલાવવામાં આવ્યો. અદાલતે આરોપીઓને પૂછ્યું કે, દુભાષિયાની સામે કોઈને વાંધો છે? કે. શાહનવાઝ અને કે. સહેગલે ના પાડી. પણ લે. ધિલને કહ્યું કે, અત્યારે મને કાંઈ વાંધો નથી પણ એ જો પૂરી આવડતવાળો નહિ જણાય તો હું વાંધો ઉઠાવીશ. જજ–એડવોકેટે કહ્યું કે આવડત છે કે નહિ તે અદાલત નક્કી કરશે. પાછળથી સાત ન્યાયાધીશોમાંના એક મેજર બનવારીલાલ દુભાષિયા બન્યા. સાક્ષીએ જુબાનીમાં જણાવ્યું કે—

'સિંગાપુરની શરણાગતિ પછી કે૦ કિયાંનીના તાબા હેઠળની અમારી બેટેલિયન ફેરર પાર્કમાં ગઈ. ત્યાં સોળેક હજાર યુદ્ધકેદીઓ ભેગા થયા હતા......લે. કર્નલ હંટે ધ્વનિવર્ધક યંત્ર ઉપરથી ત્યાં ભાષણ કર્યું કે, 'બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે હું તમને બધાને યુદ્ધકેદીઓ તરીકે જાપાનીસ સરકારના હાથમાં સોંપી દઉં છું. જે રીતે તમે બ્રિટિશ સરકારના હુકમોનું પાલન કરતા હતા

એજ રીતે જાપાનીસ સરકારના હુકમ ઉઠાવજો નહિ તો તમને સજા થશે' તે પછી લે૦ ક૦ હંટે મેજર ફ્યુજીવારાને કેટલાંક કાગળીઆં સોંપ્યાં. પછી મેજર ફ્યુજીવારાએ જાપાનીસ ભાષામાં ભાષણ કર્યું. તેનો અંગ્રેજી અને હિન્દુસ્તાનીમાં તરજૂમો પણ કરવામાં આવ્યો હતો. એમણે કહ્યું કે, 'જાપાનીઝ સરકારના પ્રતિનિધિ તરીકે હું તમારો કબજો સંભાળી લઉં છું, પણ મારી સરકાર તમને યુદ્ધ-કેદીઓ નહિ ગણે. તમે સ્વતંત્ર માનવીઓ છો. અમારી પાસે ખોરાક-ની તંગી છે અને યુદ્ધકેદીઓ પાસે મજૂરી કરાવવી પડશે. હું તમને કે૦ મોહનસીંઘના હાથમાં સોંપું છું. એ તમારા સર-સેનાધિપતિ રહેશે.'

કે. મોહનસીંઘે કહ્યું કે, 'અંગ્રેજોએ આપણને જાપાનીઓના હાથમાં સોંપી દીધા છે. પણ જાપાનીઓ આપણને યુદ્ધકેદી ગણાતા નથી, તેમજ તેમની પાસે ખોરાકની તંગી છે. આપણે એક આઝાદ હિંદ ફોજ ઊભી કરીએ કે જે હિંદને સ્વતંત્ર કરવા માટે લડે. તમે આ૦હિં૦ફો૦માં જોડાવા તૈયાર છો?' જવાબમાં સભાના માણસોએ પોતાનાં હથિયારો ઊંચાં કર્યાં, પાઘડીઓ હવામાં ઉડાડી અને ઘણો આનંદ દેખાડયો. કે૦ મોહનસીંઘે કહ્યું કે, 'તમને આનંદ પામતા જોઇને હું ખુશ થાઉં છું પણ બરાડા પાડવાથી આપણને આઝાદી નહિ મળે. અંગ્રેજોએ એવો આક્ષેપ કર્યો છે કે હિન્દી લશ્કર મલાયામાં બરાબર લડયું નથી. પણ હિન્દી લશ્કર પાસે કેવાંક હથિયાર હતાં તે આપણે જાણીએ છીએ. આપણી પાસે કેટલી ટેન્કો હતી? કેટલાં વિમાનો હતાં?......'

કે. કિયાનીના હુકમ પ્રમાણે બેંગકોક પરિષદમાં મેં હાજરી આપી હતી. એમાં કેટલાક ઠરાવો પસાર થયા હતા. આઝાદ હિંદ ફોજ અને હિંદી સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના કરવાનું આ પરિષદમાં નક્કી થયું હતું. સિંગાપુર મલાયા, બરમા, થાઇલેંડ, જાવા, સુમાત્રા,

ફિલિપાઇન્સ અને જાપાનમાંની સંઘની શાખાઓ તરફથી આ૦ હિં૦ ફો૦ માટે પૈસા, કપડાં અને રંગરૂટો ભેગા કરવાનું પણ નક્કી થયું હતું. આ૦હિં૦ફો૦ માટેનાં હથિયારો. દારૂગોળો અને સામગ્રી જાપાનીસ સરકાર તરફથી પૂરાં પાડવામાં આવશે અને પછી રચાનારી હિન્દી સરકાર તરફથી એની કિંમત રોકડી ચૂકવવામાં આવશે એવું નક્કી થયું હતું......

બેંગકોક પરિષદમાંથી પાછા ફર્યા બાદ હું મારી પોતાની મરજીથી આ૦હિં૦ફો૦માં જોડાયો હતો. ૧૯૪૨ની ૧લી સપ્ટેમ્બરે આ૦ હિં૦ફો૦ની સ્થાપના થઈ હતી. એની પહેલી પાયદળ બેટેલિયનમાં મને મુકવામાં આવ્યો હતો. બે ત્રણ દિવસ પછી અમે કવાયત કરવા માંડી. થોડા દિવસ પછી અમને મશીનગન, મોર્ટાર પિસ્તોલો અને રાયફલો મળ્યાં. સિંગાપુરમાં શરણે થયેલા હિંદી લશ્કરનાં એ હથિયારો હતાં. અમારી બેટેલિયન હિંદી લશ્કરનો ખાખી પોષાક પહેરતી પણ અમારાં બાવડાં ઉપર આ૦હિં૦ફો૦ના બિલ્લા હતા. એમાં જ કોંગ્રેસનો વાવટો અને 'આ૦હિં૦ફો૦' એવા અક્ષરો હતા...... કે. મોહનસીંઘના ફરમાન મુજબ આ૦હિં૦ફો૦ને વિખેરી નાખવામાં આવેલી. આગળ ઉપર નવી આ૦હિં૦ફો૦ ઊભી કરવાની ચળવળ આવેલી. એમાં હું ન જોડાયો. એમાં ન જોડાનારાઓને જાપાનીઓએ ૧૯૪૩ની ૫ મી મેને દિવસે ન્યુ ગિની મોકલી દીધા. ત્યાંની જાપાની છાવણીમાંથી એક દિવસ હું નાસી છૂટયો.'

શ્રી ભુલાભાઈની ઊલટતપાસમાં સાક્ષીએ જણાવ્યું કે—

'સિંગાપુરની શરણાગતિ પહેલાં હું કે૦ શાહનવાઝના તાબા હેઠળની બેટેલિયનમાં હતો. બ્રિટિશ અફસરોના તાબા હેઠળની કંપનીઓ ભાગી ગઈ ત્યારે પણ અમારી કંપનીએ લડવાનું ચાલુ રાખેલું.........નીસૂનની યુદ્ધકેદીઓની છાવણી કે૦ શાહનવાઝના કબજા હેઠળ હતી. આ૦હિં૦ફો૦માં જોડાયેલા

અને ન જોડાયેલા બેઉને એ છાવણીમાં રાખ્યા હતા. એમની સાથેના વર્તનમાં કોઇ ભેદભાવ નહોતો. અમે સાથે જ રહેતા અને એક જ ખોરાક ખાતા. હું ત્યાં પહોંચ્યો ત્યારે પાણી, દીવા વ. ની કાંઈ સગવડ ત્યાં હતી નહિ. કે. શાહનવાઝે એ પૂરી પાડેલી. કે૦ શાહનવાઝે છાવણીનો કબજો સંભાળ્યો તે પછીથી પરિસ્થિતિ સુધરતી જતી હતી. ઇસ્પિતાલમાં મળતી સારવારમાં કોઇ જાતનો ભેદભાવ નહોતો રખાતો. કે૦ શાહનવાઝ અને બીજા અફસરોએ ઇસ્પિતાલ માટે પૈસા આપેલા. કે૦ શાહનવાઝની અપીલને લીધે ઇસ્પિતાલના દરદીઓને કોઇ જાતના ભેદભાવ વિના ફળો અને દવાઓ પૂરાં પાડવાં ૨૫૦૦ ડોલરનો ફાળો કરાયેલો......

પહેલી આ૦હિં૦ફો૦ની ચળવળ હિંદની આઝાદી માટેની હતી તેથી હું એમાં સ્વેચ્છાએ ભરતી થયેલો. હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરવા માટે જાપાનીઓ આ૦હિં૦ફો૦નો પાંચમી કતાર તરીકે ઉપયોગ કરવા માગતા હતા, તેથી સેનાપતિ મોહનસીંગ અને જાપાની વચ્ચે મતભેદ ઊભા થયા, અને પરિણામે આ૦હિં૦ફો૦ને વિખેરી નાખવામાં આવી. બીજી વારની આ૦હિં૦ફો૦માં જોડાવાની મેં ના પાડી, કારણકે મને થયું કે પોતાના ઉપયોગ માટે ફરીવાર જાપાનીઓ આ૦હિં૦ફો૦નો ઉપયોગ પાંચમી કતાર તરીકે કરશે.'

<u>૨૩ મી નવેંબર : શુક્રવાર</u> : ૫ :

ફરિયાદપક્ષના ચોથા સાક્ષી જમાદાર અલ્તાફ રઝાકે કહ્યું કે–

હિંદી લશ્કરમાં હું ૧૯૨૨ ની સાલમાં જોડાયો. ૧૯૪૧ના જાન્યુઆરીમાં હું મલાયામાં હતો ત્યારે મને જમાદાર બનાવવામાં આવેલો. સિંગાપુરમાં હું યુદ્ધકેદી બન્યો હતો અને એક વરસ સુધી મલાયાની જુદી જુદી છાવણીઓમાં રહેલો.

પોર્ટ ડિકસનમાંની યુદ્ધકેદીઓની છાવણીની મુલાકાતે કે૦ શાહનવાઝ આવ્યા ત્યારે એમણે ચોકખું કહેલું કે, તમારે તમારી

પોતાની મરજીથી જ આ૦હિં૦ફો૦માં જોડાવું. આઠ મહિના પછી હું આ૦હિં૦ફો૦માં જોડાયો કારણકે મને અને બીજાઓને લાગ્યું કે જાપાનીઓના યુદ્ધકેદીઓ તરીકે મરવા કરતાં હિંદની આઝાદી માટે મરવું બહેતર છે. આ૦હિં૦ફો૦ની મારી રેજિમેન્ટ ઑગસ્ટ ૧૯૪૪ સુધી ઉત્તર મલાયામાં હતી. ત્યાંથી પછી ૧૯૪૫ ના જાન્યુઆરીમાં અમને રંગુન નજીકના એક સ્થળે લઇ જવામાં આવેલા. અમારી રેજિમેન્ટ કે૦ સેહગલના તાબામાં હતી. એમણે અમને કહ્યું કે આ રેજિમેન્ટને હવે આગળ વધીને પોપા ટેકરી જવાનું છે......

સુભાષચંદ્ર બોઝે રેજિમેન્ટની મુલાકાત લીધેલી અને અમે એમને સલામી આપેલી. સુભાષચંદ્રબોઝે રેજિમેન્ટને કહ્યું કે, ગયે વર્ષે આ૦હિં૦ ફો૦એ જેવો ભાગ ભજવ્યો હતો એવો જ તમે પણ ભજવજો. આ૦ હિં૦ફો૦માંથી કેટલાક માણસો ભાગી ગયા છે. પણ હવે એવું ન બનવું જોઈએ. જે લોકો મોરચા સુધી કૂચ કરી શકે તેમ ન હોય એ પાછળ રહી શકે છે. એ પ્રસંગે કોઈ પાછળ રહ્યું નહોતું.'

ફરિયાદપક્ષના પાંચમા સાક્ષી સંતોખસીંઘે જણાવ્યું કે–

'૧૯૩૬માં હું લશ્કરમાં જોડાયો. જાપાન સાથેની લડાઇ શરૂ થઇ ત્યારે હું મલાયામાં એક હોદ્દા પર હતો. જાપાનીઓનો કેદી બન્યા પછી ૧૯૪૨ના સપ્ટેંબરમાં આ૦હિં૦ફો૦માં જોડાયો. કે૦ સેહગલે અમને આ૦હિં૦ફો૦માં મરજિયાતપણે ભરતી થવાનો આગ્રહ કરેલો. પણ એમણે કહેલું કે, હું કોઇને બળજબરીથી ભરતી કરવા નથી માગતો. એ વખતે હું ભરતી ન થયો. મને અને બીજા ભરતી ન થનારાઓને બીજી છાવણીમાં લઇ ગયા. એ છાવણીમાં કે૦ શાહનવાઝે ભાષણ કરેલું કે 'હિંદની આઝાદી માટે આ૦હિં૦ફો૦માં જોડાવું એ દરેક હિંદીની ફરજ છે. ગુરુ ગોવિંદસિંહે પોતાનો પંથ શરૂ કર્યો ત્યારે પાંચ જ માણસો એમાં જોડાયા હતા. બહાદુર માણસોએ આ બીજી આ૦હિં૦ફો૦મા જોડાઇ જઇને હિંદના રાષ્ટ્રધ્વજ નીચે ઊભા રહેવું જોઇએ,'

## ‘તો આપણે જાપાનીઓ સામે પણ લડશું !’

ફરિયાદપક્ષના છઠ્ઠા સાક્ષી લાન્સ-નાયક ગંગારામ નેવારે કહ્યું:—

૧૯૩૩માં હું હિંદી લશ્કરમાં જોડાયો અને ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં મલાયામાં યુદ્ધકેદી બન્યો. એક છાવણીમાં કે૦ શાહનવાઝ ભાષણ કરવા આવ્યા ત્યારે મેં એમને જોયેલા. એમણે કહેલું કે હિંદુસ્તાન હિંદીઓનું છે. આપણે હિંદની સ્વતંત્રતા માટે લડવું જોઇએ; અને અંગ્રેજોને હિંદની બહાર હાંકી કાઢવા જોઇએ.

ફરિયાદપક્ષના સાતમા સાક્ષી સુબેદાર અસલનૂન ખાને કહ્યું કે—

૧૯૧૩માં હું હિંદી લશ્કરમાં જોડાયેલો. ૧૯૪૨માં મલાયામાં યુદ્ધકેદી બન્યો એ વર્ષના એપ્રિલમાં હું આ૦હિં૦ફો૦માં જોડાયો. લેં૦ કર્નલ જિલાનીની ગુપ્તચર ટૂકડીમાં હું હતો......જાસૂસી અને ભાંગફોડના રસ્તાઓની અમને પીનાંગમાં ખાસ તાલીમ આપવામાં આવેલી. ૧૯૪૪ની ૨૦મી ફેબ્રુઆરીએ જાપાનીઓએ એક સબમરીનમાં હિંદુસ્તાન મોકલેલા બાર માણસોમાંનો હું એક હતો. સત્તર દિવસ પછી અમે હિંદને કાંઠે ઊતરવાનો પ્રયાસ શરૂ કર્યો, પણ એમાં નિષ્ફળ ગયા. પછીથી માર્ચની આખરમાં અમે કિનારે પહોંચ્યા અને મેં મારી જાતને બ્રિટિશ સત્તાવાળાઓના હાથમાં સોંપી દીધી.

ફરિયાદપક્ષના આઠમા સાક્ષી જમાદાર સચાસીંઘે જણાવ્યું કે—

૧૯૩૩માં હું હિંદી લશ્કરમાં જોડાયો. સિંગાપુરના પતન વખતે હું ત્યાં હતો. યુદ્ધકેદીઓની એક છાવણીમાં હું હતો ત્યાં લે૦ ધિલન અને તેમની સાથે મેજર ધારા આવેલા. મેજર ધારાએ ભાષણ કરતાં કહ્યું કે, ઘણા માણસો આ૦હિં૦ફો૦માં જોડાઇ ગયા છે. આ૦હિં૦ફો૦ માત્ર હિંદની આઝાદી માટે જ લડશે, બીજા કશાને માટે નહિ. જાપાનીઓ જો આપણી સામા થશે તો આપણે એમની સાથે પણ લડશું. હિંદની આઝાદી માટે લડવાની આ એક સોનેરી તક છે અને આવી તક ફરી પાછી નહિ આવે.

યુદ્ધકેદી તરીકે મને સારી સગવડ કે ખોરાકી નહોતાં મળતાં તેથી અને બીજા ઘણા આ૦હિં૦ફો૦માં જોડાયેલા તેથી હું પણ એમાં જોડાયો......૧૯૪૪ની શરૂઆતમાં અમે બરમા ગયા...... ૧૯૪૪ની આખરમાં અમે ઈરાવદીને મોરચે હતા. અમારી જમણી બાજુ મિત્રસૈન્યનો સખત તોપમારો ચાલતો હતો. પછી લે૦ હરિરામ આવ્યા એમણે સફેદ વાવટો ફરકાવ્યો અને અમે ૮૪ માણસો બ્રિટિશ લશ્કરને શરણે થઇ ગયા.

**ભુલાભાઈ**: હિંદની આઝાદી ખાતર લડવા માટે તમે આ૦ હિં૦ફો૦માં જોડાયેલા ?

**સાક્ષી**: હું ઘણી મુસીબતોમાં હતો. એ મુસીબતોમાંથી છટકવા માટે હું આ૦હિં૦ફો૦માં જોડાયેલો.

**ભુલાભાઈ**–મુસીબત હોય કે નહિ પણ તમે શેને માટે લડવાના હતા ?

**સા૦**—અમે કદી લડયા જ નહોતા.

**ભુ૦**—તમે આ૦હિં૦ફો૦માં જોડાયા ત્યારે તમને એટલી ખબર હતી ખરી કે હિંદની આઝાદીને ખાતર, એનો વિરોધ કરનાર ગમે તેની સામે, ખુદ જાપાનીઓ સામે પણ આ૦હિં૦ફો૦ લડવાની હતી ?

**સા૦**—હા ( હસાહસ ).

તે પછી આવ્યા નવમા સાક્ષી કાકાસીંઘ. એમણે જાહેર કર્યું કે–

૧૯૪૦માં હું હિંદી લશ્કરમાં જોડાયેલો. સિંગાપુરના પતન વખતે હું ત્યાં હતો. મને યુદ્ધકેદી બનાવ્યા પછી ઘણે વખતે હું આ૦હિં૦ફો૦માં જોડાયો હતો, યુદ્ધકેદીઓની એક છાવણીમાં હું હતો ત્યારે ૧૯૪૩ના માર્ચમાં લે૦ વિલને ત્યાં એક ભાષણ કરેલું કે, 'તમે આ૦હિં૦ફો૦માં નહિ જોડાવ તો મુશ્કેલીમાં મૂકાશો. આપણે અંગ્રેજોને હિંદની બહાર હાંકી કાઢશું, તમારે કાંઇ બીક રાખવી

ન જોઈએ, કારણકે જે કાંઇ આવી પડશે તે ઉપલા અફસરો ઉપર આવશે.'

ફરિયાદપક્ષે તે પછી જ્યારે પોતાના દસમા સાક્ષી જમાદાર મહમ્મદ નવાઝને હાજર કર્યા, ત્યારે બચાવપક્ષના વકીલ શ્રી ભુલાભાઈએ અદાલતનું ધ્યાન એ હકીકત તરફ દોર્યું કે સાક્ષીની જુબાનીના સારમાં પહેલી આ૦ હિં૦ફો૦ ને લગતી વિગતો છે. અને બીજી આ૦હિં૦ફો૦ ઊભી કરતાં પહેલાં ગુજારાયેલા કહેવાતા સિતમો અને મુસીબતો સાથે એને કાંઈ સંબંધ નથી. આ મુદ્દાનો વિચાર કરવા અદાલત ઊઠી અને પાછા આવીને પ્રમુખશ્રીએ જાહેર કર્યું કે ૧૯૪૨ ના મે માસ પછીના સિતમો અને મુસીબતોની જુબાની જ દાખલ કરવાનો અદાલતે નિર્ણય કર્યો છે.

## ૨૪મી નવેંબર : શનિવાર : ૬ :

જમાદાર મહમ્મદ નવાઝે પોતાની જુબાનીમાં કહ્યું કે—

૧૯૩૦માં હું હિંદી લશ્કરમાં જોડાયો. મલાયામાં મને યુદ્ધકેદી બનાવવામાં આવેલો. આ૦હિં૦ફો૦માં જોડાવાની મેં ના પાડી. એક નજરકેદ છાવણીમાં હું હતો ત્યારે એક રાત્રે અગિયાર વાગે મને એક અફસરે બોલાવીને કહ્યું કે, આવી આકરી જિંદગી ગાળો છો એના કરતાં બહેતર છે કે તમે આ૦હિં૦ફો૦માં ભરતી થઇ જાવ. જો તમે આ૦હિં૦ફો૦માં નહિ જોડાવ તો એનું પરિણામ તમારે ભોગવવું પડશે, ખાસ તો એટલા માટે કે બીજાને પણ તમે આ૦હિં૦ફો૦માં ન જોડાવાનું કહી રહ્યા છો. તેમ છતાં હું ન જોડાયો. બીજે દિવસે મને અને ભરતી થવાની ના પાડનાર આઠ બીજા અફસરોને કૂચ કરાવવામાં આવી. અમે કૂચ કરતા હતા ત્યારે આ૦હિં૦ફો૦ના સિપાહીઓએ અમને લાઠીથી માર્યા હતા. છાણના કોથળા ભરી ભરીને ૩૦૦ વાર છેટે લઇ જવાનું પણ અમને કહેવામાં આવેલું.

અમને એમ પણ કહેલું કે જો કોઇ પોતે બીમાર છે એમ કહેશે

અને જો દાક્તર કહેશે કે એ બીમાર નથી તો કામમાંથી છટકવાના આવા ઢોંગ કરવા માટે એને ૧૨ ફટકાની સજા થશે. આ રીતની સજા પામીને બેભાન થઇ ઢળી પડતો એક યુદ્ધકેદી મેં જોયો છે. બીજી એક વાર મેં ચીસો સાંભળેલી અને ખાખી પોષાકવાળા એક માણસના હાથ લાકડી સાથે અને પગ લોઢાના ખીલા સાથે બાંધેલા જોયેલા. એક અફસરને એની પાસે જતો અને એને મોઢે ડૂચા દીધા પછી લાઠી વડે એને મારતો મેં જોયેલો, જે સંત્રી અમારી પાસે મજૂરી કરાવતો તે અમે ઢીલ કરીએ ત્યારે અમને મારતો. રોજની હાજરી વખતે અમને કહેવાતું કે હિંદુસ્તાનને સ્વતંત્ર કર્યા પછી હિંદુસ્તાનીઓના હાથમાં સોંપી દેવાનો જાપાનીઓએ કોલ આપ્યો છે. અમને મળતો ખોરાક પૂરતો નહોતો અને તે હલકી જાતનો હતો. તે પછી મને એક અલગ છાવણીમાં લઈ ગયા પણ હું આ૦હિં૦ ફો૦માં ન જોડાયો.

**ભુલાભાઇ:** જુદી છાવણીમાંના કેટલા માણસોને તમે ઓળખો છો?

**સાક્ષી :** તેર જણાને.

**ભુ૦ :** તમે જણાવેલા તેર માણસોને શિસ્તભંગ અને ચોરી માટે સજા થયેલી એ વાત સાચી નથી?

**સા૦ :** મને કાંઇ ખબર નથી.

અગિયારમા સાક્ષી હવાલદાર મહમ્મદ સરવારે જણાવ્યું કે—

લડાઇ શરૂ થઇ ત્યારે હું મલાયામાં હતો. જેમાં ઘણા પંજાબી મુસલમાનો હતા એવી એક યુદ્ધકેદીઓની છાવણીમાં મને લઇ જવાયો હતો. એક જમાદારે અમારી પાસે આવીને અમને આ૦હિં૦ફો૦માં જોડાવાનો આગ્રહ કર્યો. અમે બધાએ ના પાડી. પછી જમાદારે કહ્યું કે, જેને ભરતી થવું હોય તે એક બાજુ કતારમાં ઊભા રહે. પણ બધાએ આ૦હિં૦ફો૦માં ભરતી થવાની ના પાડી. પછી સુબેદાર

અને જમાદારે અમારી ઉપર ગોળીબાર કરવા માંડયા અને ચોકીદારોને પણ એમ કરવા કહ્યું. અમારામાંના બે, લાન્સ-નાયક મહમ્મદ આઝમ અને જમાદાર અલ્લાહ દિત્તા માર્યા ગયા. નાયક મહમ્મદ હાનિફે બૂમ પાડી કે 'નારા-એ-તકબીર,' બધાએ જવાબ આપ્યો: 'અલ્લા-હો-અકબર.' પછી ગોળીબાર કરતા ચોકીદારો ઉપર અમે હુમલો કર્યો. અમારામાંના ઘણા ઘાયલ થયા. અમારામાંના એકે એક ચોકીદારના માથામાં પાવડો માર્યો અને એ ઢળી પડયો. એના માથાનાં કાચલાં થઇ ગયાં. પંદર મિનિટ સુધી ચોકીદારોએ ગોળીબાર ચાલુ રાખ્યો, અને પછી ઘવાયેલાઓને એ પોતાની લૉરીઓમાં ઉઠાવી ગયા.

તે પછી જાપાની અફસરો, આ૦હિં૦ફો૦ના અફસરો અને એક કર્નલ ત્યાં આવ્યા. કર્નલ દુભાષિયાનું કામ કરતા હતા. જાપાની અફસરોએ અમને કહ્યું કે, 'આ રીતનું વર્તન જો તમે ચાલુ રાખશો તો તમને જાનથી મારી નાખવામાં આવશે. તમે આ૦હિં૦ફો૦ના એક અફસરને મારશો તો બદલામાં તમારામાંથી એકસોના જાન લેવાશે.'

તે પછી અમને એક નજરકેદ-છાવણીમાં લઇ ગયા. ત્યાં અમને નેતરની સોટીથી મારવામાં આવ્યા. મને એટલી બધી ઈજા થઇ કે હું બેભાન બની ગયો; અને મને ઇસ્પિતાલમાં લઈ જવાયો. ઇસ્પિતાલમાંથી નીકળ્યા બાદ હું ઝાંસી છાવણીમાં ગયો અને આ૦હિં૦ફો૦માં જોડાયો. પાછળથી અંગ્રેજો સાથે મળી જવાનો મારો ઈરાદો હતો.

**૨૬ મી નવેંબર : સોમવાર** : ૭ :

ફરિયાદપક્ષના બારમા સાક્ષી જમાદાર મહમ્મદ હયાતે આ૦હિં૦ફો૦માં ભરતી ન થવા માટે પોતાની ઉપર અને પોતાના મતના બીજાઓ ઉપર વીતેલાં વીતકોના સંખ્યાબંધ પ્રસંગો વર્ણવ્યા. એમના કહેવા પ્રમાણે આ૦હિં૦ફો૦માં ન જોડાનારને કેદ-છાવણીમાં વારંવાર માર પડતો, કાંકરીવાળા ભાત ખાવા મળતા, જોઇએ તેટલું પાણી

મળતું નહિ, એમનાં અપમાનો થતાં, મજૂરી કરાવવામાં આવતી અને બીમાર પડવા છતાં દાકતરી મદદ મળતી નહિ. એમને એમ કહેવામાં આવતું કે આ બધી હાડમારીમાંથી બચવાનો ઇલાજ એકજ છે— આ૦હિં૦ફો૦માં ભરતી થઇ જવાનો. છતાં એમણે મચક આપી નહોતી. દિવસો, અઠવાડિયાંઓ અને મહિનાઓ સુધી જુલમો સહન કર્યા છતાં આ૦હિં૦ફો૦માં પોતે કદી ભરતી થયા નહોતા એમ એમણે કહ્યું. છેવટે બીજા ૨૪૦૦ ની સાથે ૧૯૪૩ના મેમાં એમને ન્યુ ગિની મોકલવામાં આવેલા. ૧૯૪૪ના એપ્રિલમાં અમેરિકનો હોલેન્ડીઆ આવ્યા ત્યારે જમાદાર મહમ્મદ હયાત એમને મળી ગયેલા.

ઊલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, 'નાગરિકોની માલિકીની સાત ગાય ચોરી, તેની કતલ કરીને તેને ખાઇ જવાના ગુન્હાસર મેજર અઝીઝ અહમદે મારી ટૂકડીના માણસોને નજરકેદ છાવણીમાં મોકલ્યા હતા એ વાત ખોટી છે. આ૦હિં૦ફો૦માં ભરતી થવા મેં મારી જાતને રજૂ કરેલી પણ હું ભરોસાપાત્ર નહિ હોવાથી મને નકારવામાં આવેલો એ વાત ખોટી છે. આ૦ હિં૦ફો૦માં ભરતી થવા હું કદી ગયો નથી.'

ફરિયાદપક્ષના તે પછીના ગુરખા સાક્ષી હવાલદાર વેલીત બહાદુરે પણ સિંગાપુરની શરણાગતિ પછી આ૦હિં૦ફો૦માં જોડાવાનું પોતાની ઉપર કેવું દબાણ થયું હતું અને ન જોડાવા બદલ કેવા જુલમો થયા હતા તેનું બયાન આપ્યું. સાક્ષી છેવટ સુધી એક નજરકેદ છાવણીમાં રહેલ અને અંગ્રેજો પાછા ફર્યા ત્યારે એમને મળી ગયેલ. કેદ—છાવણીમાં વારંવાર એમની સામે ભાષણ કરાતાં અને હિંદની આઝાદી ખાતર લડવા માટે આ૦હિં૦ફો૦માં ભરતી થવાનો આગ્રહ એમને કરવામાં આવતો.

ચૌદમા સાક્ષી પણ એક ગુરખા સિપાહી રવીલાલ હતા. સિંગાપુરમાં યુદ્ધકેદીઓની એક પછી એક નજર—કેદ—છાવણીઓમાં

એમની બદલી કરવામાં આવતી અને આ૦હિં૦ફો૦માં જોડાવાનું એમને કહેવામાં આવતું, પણ સાક્ષી હમેશાં એમાં જોડાવાનો ઇન્કાર કરતા. ન જોડાવા માટે એમને પણ વેઠવી પડેલી અનેક મુસીબતોનું બયાન એમણે અદાલત સમક્ષ રજૂ કર્યું. પોતાની પાસે કરાવાતી મજૂરી અને અકારણ કે સકારણ એમને પડેલા મારની વિગતો પણ એમણે પ્રસંગવાર આપી. ૧૯૪૫ ના ઑગસ્ટ સુધી એ મલાયામાંની નજરકેદ–છાવણીમાં જ રહેલા. અંગ્રેજોએ પાછા ફરીને એમને મુક્ત કર્યા.

પછી સુબેદાર રામરૂપ સાક્ષી તરીકે આવ્યા. સિંગાપુરના પતનને આગલે દિવસે દુશ્મનના હાથમાંથી બચવા માટે તે નાગરિક પોષાક પહેરીને શહેરમાં છટકી ગયા હતા. પણ પાછળથી એ પકડાયેલા આ૦હિં૦ફો૦માં ન જોડાવા બદલ પોતાની ઉપર પણ જુલમો થયાની વાત એમણે કરી. એક દિવસ એમને બહુ માર પડયો પછી એ ભરતી થવા કબૂલ થયા. હિંદુસ્તાનની લશ્કરી પરિસ્થિતિની માહિતી મેળવવા એમણે છૂપી રીતે આ દેશમાં મોકલવામાં આવેલા. પણ અહીં આવીને તરતજ એ પોતાને ઘેર પહોંચી ગયા અને ફીરોઝપુરના પોતાના લશ્કરી–મથક ઉપર પોતાની જાત રજૂ કરી.

<u>૨૭મી નવેંબર : મંગળવાર</u> : ૮ :

ઊલટતપાસ દરમિયાન સાક્ષીએ જણાવ્યું કે આ૦હિં૦ફો૦નું ધ્યેય હિંદને આઝાદ કરવાનું હતું, અને પોતે એ સ્વીકાર્યું હતું તેમજ આ૦હિં૦ફો૦માં રાજીખુશીથી રહ્યા હતા......એ હિંદમાં જાસૂસ તરીકે આવ્યા હતા અને અહીં આવવામાં એમનો ઉદ્દેશ લશ્કરી પરિસ્થિતિ વિશે માહિતી એકઠી કરવાનો હતો—નહિ કે આ૦હિં૦ફો૦—માંથી ભાગી છૂટવાનો.

ફરિયાદપક્ષના સોળમા સાક્ષી હતા લાન્સ–નાયક ફિટર મોહિન્દર-સીંઘ. એમણે કહ્યું કે, ૧૯૪૨ ના સપ્ટેંબરમાં હું નજરકેદ–છાવણી-માંથી આ૦હિં૦ફો૦માં ભરતી થયો હતો. મારી ટૂકડીનું કામ છૂપે વેશે ફરવાનું, હિંદુસ્તાનમાં પેસી જવાનું અને ભાંગફોડ કરવાનું હતું પહેલી

આ૦હિં૦ફો૦માં હું રાજીખુશીથી ભરતી થયો હતો. પણ બીજી આ૦હિં૦ફો૦માં હું જોડાયો કારણકે મારાથી મુસીબતો સહી જતી નહોતી છટકી જવાના ઇરાદાથી હું ભરતી થયેલો.

**૨૮મી નવેંબર : બુધવાર** :૯:

સત્તરમા સાક્ષી સિપાહી દિલાસાખાન ૧૯૪૨ માં આ૦હિં૦ફો૦-માં જોડાયેલ અને મોરચા પર એની ચોકિયાત કામગરી બજાવેલી પણ ખરી, નાસીને પાછળથી એ અંગ્રેજોને પક્ષે ભળી ગયેલા એમણે કહ્યું કે, પહેલાં મને આઝાદ બ્રિગેડમાં મૂકવામાં આવેલો. પછી બોઝ બ્રિગેડમાં મારી બદલી રાઇ એ કે૦ શાહનવાઝખાનના તાબામાં હતી. અમારી બ્રિગેડ સામે કે૦ શાહનવાઝે ભાષણ કરેલું કે-

'બોઝ બ્રિગેડમાં ચુનંદા માણસો છે. અને સહુથી પહેલાં એને જ મોરચા ઉપર જવાનું છે. તમે મોરચા ઉપર જશો ત્યારે ઘણી મુસીબતો વેઠવી પડશે, અને જો કોઇને મોતનો કે મુસીબતોનો ડર હોય તો એ નીકળી શકે છે. આપણે આપણા સાથી જાપાનીઓની પડખે રહીને લડીએ ત્યારે ઊતરતી કક્ષાના સિપાહીઓ દેખાઇ આપણા રાષ્ટ્રને કલંક ન લાગવા દેવું જોઇએ. હિંદુસ્તાન પહોંચશું ત્યારે આપણાથી મોટી સ્ત્રીઓને આપણી માતા ગણવાની છે અને નાનીને બહેન-દીકરી ગણવાની છે આ સૂચના કોઇ નહિ માને તો એને ઠાર મારવામાં આવશે. હિંદ પહોંચ્યા પછી જો કોઈ જાપાનીને, સ્ત્રીઓ સાથે ગેરવર્તન કરતો તમે જુઓ તો પહેલાં એને ચેતવણી આપવી. તેમ છતાં એ ન માને તો બળ વાપરવાની અને એને ઠાર સુદ્ધાં મારવાની તમને છૂટ છે. આપણી લડત હિંદુસ્તાનની આઝાદી અને આબાદી માટેની છે, નહિ કે જાપાનીઓના ફાયદા માટેની. આપણે આઝાદીની લડત લડવાની છે અને એને માટે આપણને બહાદુર માણસોની જરૂર છે, બાયલાઓની નહિ. જ્યારે હિંદુસ્તાન સ્વતંત્ર થાય ત્યારે આજે આપણને મદદ કરી રહેલા જાપાનીઓ જો આપણને દબાવવા કોશિશ કરે તો

આપણે એમની સામે પણ લડશું. આજે પણ, જો કોઇ જાપાની તમને એક તમાચો મારે તો તમે એને ત્રણ મારજો, કારણ કે આપણી સરકાર અને જાપાની સરકાર એકજ સપાટી ઉપર છે અને આપણે જાપાનીઓના લેશમાત્ર પણ દાબમાં નથી.'

ઊલટ તપાસ દરમિયાન સાક્ષીએ રંગુન છોડવાને આગલે દિવસે નેતાજી તરીકે ઓળખાતા સુભાષચંદ્ર બોઝે બ્રિગેડ સમક્ષ કરેલું ભાષણ યાદ કર્યું. સુભાષ બોઝે કહેલું કે—

'હિંદને સ્વાધીન કરવા માટેના તમે સ્વતંત્રતાના સૈનિક છો. મોરચા ઉપર તમારે કષ્ટો સહન કરવાં પડશે. તમારી ઈચ્છા હોય તો તમે પાછળ રહી શકો છો. આપણે હિંદની સ્વાધીનતા માટે લડી રહ્યા છીએ, તેથી પૈસા અને બીજી સામગ્રી અંગે આપણી સ્થિતિ સારી નથી. બની શકે તેટલું અમે તમને આપીએ છીએ. આપણે ગરીબ છીએ એટલે ખોરાકમાં અત્યારે તમને મળે છે તેથી વધુ સારું અમે કાંઇ આપી શકીએ તેમ નથી. ઓછા ખોરાક ઉપર તમારે ચલાવી લેવું પડશે.'

સરહદી રાયફલ ટૂકડીના હવાલદાર નવાબખાન અઢારમા સાક્ષી હતા. ૧૮૩૭ની આખરમાં એ હિંદી-લશ્કરમાં જોડાયેલા, અને સિંગાપુરના પતન વખતે ત્યાં હાજર હતા. ૧૯૪૩ના ઓકટોબરમાં એ આ૦હિં૦ફો૦માં જોડાયા અને સુભાષ બ્રિગેડ અથવા ગેરીલા રેજિમેન્ટ નં. ૧માં એમને મૂકવામાં આવ્યા......એમની બ્રિગેડ ૧૯૪૪ ના મે મહિનામાં ઈમ્ફાલ મોરચે ગઇ હતી. ઊલટતપાસમાં એમણે જણાવ્યું કે :

'આ૦હિં૦ફો૦માં જોડાયા પછી મને ખબર પડી કે એ ફોજને દુનિયાની કોઇપણ સેના સામે લડવાનું હતું—જરૂર પડયે જાપાનીઓની સામે પણ. હું બ્રિગેડમાં હતો ત્યારે જાપાનીઓ પાસેથી નહિ પણ મારા પોતાના હિંદી અફસરો પાસેથી તાલીમ મેળવતો હતો. મારા વિસ્તારમાં કે આ૦હિં૦ફો૦માં બીજે કયાંય પણ કોઈ જાપાની

અફસરપદે હતો નહિ. લે૦ અબ્દુલ રહેમાનના હાથ નીચે ખોરાકી-ખાતું હતું અને હું તેમનો મદદનીશ હતો. અમને મળતા ખોરાકમાં ચોખા, નીમક અને થોડું તેલ અપાતાં. મોરચા ઉપર ઘણી મુસીબતોની વચ્ચે આ૦હિં૦ફો૦ લડતી હતી. હું નોકરી ઉપર હતો તે દરમિયાન મેં મારી ફરજ વફાદારીપૂર્વક બજાવી હતી......મોરચા પર જતા સૈનિકોને ઉદ્દેશીને કરેલા એક ભાષણમાં સુભાષ બોઝ બોલેલા કે—

'આ૦હિં૦ફો૦ હિંદની સ્વાધીનતા માટે લડી રહી છે. એ એકજ એનું ધ્યેય છે. આપણે જાપાનીઓના ફાયદા માટે નથી લડી રહ્યા. હિંદુસ્તાન આઝાદ થઈ શકે એટલા માટે આ૦હિં૦ફો૦ જાપાનીઓની એક મિત્ર તરીકેની મદદ લ્યે છે. આપણાં સાધનો અને નાણાં મેળવવાના માર્ગો ઓછાં છે. જિંદગીની વધુ સારી જરૂરિયાતો મેળવવા માટે આ૦હિં૦ફો૦માં જોડાવાનો ભ્રમ કોઇ રાખે નહિ. જેને આગળ આવવાની ઇચ્છા ન હોય તેણે ન આવવું.'

તેમ છતાં અમારી બ્રિગેડમાંથી કોઇ પાછું વળ્યું નહોતું. તે પછી બેટેલિયન અને કંપનીના કમાન્ડરે મોરચા પર ન જવા ઇચ્છનારાઓનાં નામ માગ્યાં પણ કોઇએ નામ લખાવ્યાનું હું જાણતો નથી. જ્યારે હું નાસીને અંગ્રેજો સાથે મળી ગયો ત્યારે મને ઘેર જવા દેવામાં આવેલો......અમને જ્યારે કાંઇ ખોરાક ન મળતો ત્યારે અમારે જંગલમાં જઇને જે મળે તે ભેગું કરવું પડતું.

ફરિયાદપક્ષના ઓગણીસમા સાક્ષી સિપાહી હનુમાનપ્રસાદ ૧૯૪૧ માં હિંદી લશ્કરમાં જોડાયેલા. સિંગાપુરના પતન પછી ૧૯૪૩ ના એપ્રિલમાં એ આ૦હિં૦ફો૦માં જોડાયેલા. એમને નેહરુ રેજિમેન્ટની ૧૭ મી બેટેલિયનમાં મૂકવામાં આવેલા. એમની બ્રિગેડ ૧૯૪૪ના નવેંબરમાં બરમા ગયેલી. એ મેજર ધિલનના તાબામાં હતી. ૧૯૪૪ના ફેબ્રુઆરીમાં પોપાને મોરચે એમની કંપની હિંદી લશ્કરની એક ગુરખા ટૂકડીને શરણે થઇ હતી.

## પઢાવાયેલા સાક્ષીઓ?

**વીસમા** સાક્ષી તોપચી બહાદુરસીંધ ૧૯૪૪ના ફેબ્રુઆરીમાં આ૦હિં૦ફો૦મા જોડાયા ત્યાં સુધી મલાયાની જુદી જુદી નજરકેદ-છાવણીમાં હતા. બરમામાં પોપા ટેકરીને મોરચે ગયેલી આ૦હિં૦ફો૦ની ટૂકડીઓમાં એ પણ શામિલ હતા. ઊલટ તપાસમાં ભુલાભાઇએ એમને પૂછયું: આ૦હિં૦ફો૦ હિંદની સ્વાધીનતા ખાતર લડવા માટે ઊભી કરવામાં આવી હતી એ તમે જાણતા હતા?'

**સાક્ષી**: ના.

**ભુ૦**: તમે આ૦હિં૦ફો૦માં જોડાયા હતા, ખરું કે નહિ?

**સા૦**: હા.

**ભુ૦**: એમાં કોણ કોણ હતું?

**સા૦**: હિંદીઓ અને મલાયાવાસીઓ.

**ભુ૦**: એમનું કામ લડવાનું હતું?

**સા૦**: હા.

**ભુ૦**: શેને ખાતર લડવાનું?

**સા૦**: મારામાં મર્યાદિત બુદ્ધિશક્તિ છે અને મને સવાલ સમજાતો નથી.

**ભુ૦**: ઠીક, ત્યારે તમને હું એટલેથી જવા દઉં છું.

એકવીસમા સાક્ષી હતા જાટ રેજિમેન્ટના સિપાહી સૈયદુલ્લાખાન. ૧૯૪૦ની ૧૨મી ડીસેંબરે હિંદી લશ્કરમાં એ જોડાયેલા. અને ૧૯૪૨ની બીજી જાન્યુઆરીએ મલાયા પહોંચેલા. સિંગાપુરના પતન પછી ૧૯૪૩ના સપ્ટેંબર કે ઓકટોબરમાં એ આ૦હિં૦ફો૦માં જોડાયેલા. ૧૯૪૫ના માર્ચ મહિનામાં એમની ટૂકડી બરમામાં પોપા ટેકરીના વિસ્તારમાં ચોકિયાતી-કામગરી બજાવતી હતી. અમેરિકનો

અને અંગ્રેજોનું સ્થાન શોધવાનો એ પ્રયાસ કરતી હતી...એમની ટૂકડી જાપાનીઓ સાથે એક ગામમાંથી પસાર થતી હતી ત્યારે એની ઉપર તોપમારો થયો. એ દોડીને એક હવાઈ હુમલામાં રક્ષણ આપતી ખાઈમાં ઊતરી પડયા. તોપમારો બંધ થયો પછી બહાર નીકળીને એમણે જોયું તો ન મળે જાપાનીઓ કે ન મળે હિંદીઓ. પછી એ હિંદી લશ્કરની એક ગુરખા બેટેલિયનને શરણે થઈ ગયા.

**સવાલ** : તમે કાંઈ રોજનીશી રાખો છો ખરા ?

**સાક્ષી** : હું અભણ માણસ છું અને રોજનીશી રાખતો નથી.

**ભુ૦** : ત્યારે તમે પટપટ બોલી ગયા એ બધી તારીખો તમે યાદ કેવી રીતે રાખી? એ ડઝન જેટલી તારીખો મેં સાંભળી છે.

( એનો કાંઇ જવાબ ન મળ્યો. )

શ્રી ભુલાભાઇએ પોતાનો સવાલ ફરીથી પૂછયો અને કહ્યું : 'તમે કાંઈ રોજનીશી રાખતા નથી. તો એક પછી એક આ તારીખો તમે કઇ રીતે આપી તે હું જાણવા માગું છું.

સાક્ષી હજી ગળચવાં ગળતો હતો એટલે શ્રી. ભુલાભાઇ બોલ્યા: 'તમને હું સીધો સવાલ જ પૂછું : આ અદાલતમાં આવતાં પહેલાં આ બધી જુબાની તમને શીખવવામાં આવી છે? હા' કે 'ના'માં જવાબ આપો.

**સા૦** : શી જુબાની આપવી તે મને કહેવામાં આવેલું.

**ભુ૦** : એને કારણે જ તમને આ તારીખો યાદ રહી હતી ને?

**સા૦** : હા.

**ભુ૦** : તમને આ બધી તારીખો ગોખાવવામાં આવેલી ?

**સા૦** : હા.

બાવીસમા સાક્ષી લાન્સ-નાયક મહમ્મદ સૈયદ ૧૯૪૩માં આ૦હિં૦ફો૦માં જોડાયેલા. ૧૯૪૪ની આખરમાં કે ૧૯૪૫ની શરૂ-

આતમાં એમની રેજિમેન્ટ બરમામાં હતી ત્યારે એની સમક્ષ ભાષણ કરતાં લે૦ કર્નલ સેહગલે કહેલું કે—

'મોરચા પર લડી રહેલી કોઈ ટૂકડીનું નેતૃત્વ લેવાની લાંબા કાળની મારી ઇચ્છા હતી. એની કોઈ ટૂકડીનું નેતૃત્વ મને સોંપવાની વિનતિ મેં નેતાજી સુભાષચંદ્ર બોઝને કરેલી. જે ગેરીલા રેજિમેન્ટ એના ઉજળાના નામ માટે જાણીતી છે તેની લગામ સંભાળી શકવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. બેટેલિયનના કમાન્ડરોથી જે દૂર ન થઇ શકે એવી ફરિયાદ કે મુશ્કેલી કોઇને જો હોય તો એમણે મારી પાસે આવવુ અને હું તે નિવારવા પ્રયત્ન કરીશ.'

બરમામાં પોપા ટેકરીને મોરચે લડતાં લડતાં હું નાસીને અંગ્રેજો સાથે મળી ગયેલો.

ઊલટતપાસમાં સાક્ષીએ કહ્યું કે પોપા ટેકરી ઉપર લે૦ ક૦ સેહગલે કરેલા ભાષણમાં કહેલું કે—

'આ લડાઇની મુસીબતો જે ન ખમી શકતા હોય એમણે એમનાં નામ મને આપવાં અને એમને મોરચાની પાછળના વિસ્તારમાં મૂકવામાં આવશે. કોઇ અફસરોને કે સૈનિકોને સામા પક્ષે જતા રહેવું હોય તો તે જઇ શકે છે.'

નેતાજી બોઝનું એક લાંબુ ભાષણ મેં સાંભળેલું. હિંદની આઝાદી કાજે લડવાનો એમણે અમને આગ્રહ કર્યો હતો. એમણે કહેલું કે, 'હિંદુસ્તાનના કરોડો કંગાલોના આપણે પ્રતિનિધિઓ છીએ અને ખિસ્સાખર્ચની નાની રકમોથી અને સરકારની મર્યાદિત શક્તિથી મળી શકે તેટલા ખોરાકથી સંતોષ માનવો જોઇએ. ઘણા જ થોડા સમયમાં આ રેજિમેન્ટ મોરચા પર પહોંચશે. આપણે જ્યાં જન્મ લીધો છે એ દેશ પ્રત્યેની ફરજ આપણે બજાવવી જોઇએ.'

<u>૨૯મી નવેંબર : ગુરુવાર</u> : ૧૦ :

ત્રેવીસમા સાક્ષી સરહદી હવાલદાર ગુલામ મહમ્મદ ૧૯૪૨ના

ઓક્ટોબરમાં આ૦હિં૦ફો૦માં જોડાયેલા. ૧૯૪૫ના જાન્યુઆરીમાં બરમામાં નેતાજી સુભાષચંદ્ર બોઝ એમની રેજિમેન્ટની મુલાકાતે આવેલા ત્યારે સિપાહીઓ સમક્ષ એમણે ભાષણ કરેલું કે—

'ગયે વરસે આ૦હિં૦ફો૦એ પહેલીજ વાર રણમેદાનમાં દુશ્મનનો સામનો કર્યો હતો. આ૦હિં૦ફો૦નાં કાર્યો અદ્ભુત હતાં, મારી ધારણા બહારનાં હતાં, અને દોસ્ત તથા દુશ્મન બેઉની પ્રશંસા એણે મેળવી હતી. જ્યાં જ્યાં આપણે એની સાથે લડયા ત્યાં ત્યાં દુશ્મનને આપણે સખત હાર ખવરાવી છે. ખરાબ હવામાન અને બીજી મુશ્કેલીઓને કારણે, પરાજય પામ્યા વિના—એક વ્યૂહના પગલા તરીકે આપણાં દળો આપણે ઇમ્ફાલ મોરચેથી પાછાં ખેંચી લેવાં પડયાં હતાં. હવે આપણે એ મુશ્કેલીઓ પાર કરવાનો પ્રયાસ કર્યો છે... પણ સૌએ યાદ રાખવું જોઇએ કે આપણી ફોજ તો એક ક્રાન્તિકારી સેના છે. માનવશક્તિથી જેટલા સુસજ્જ આપણા દુશ્મનો છે એટલા આપણે નથી. આપણા દુશ્મનોએ નક્કી કર્યું છે કે હિંદુસ્તાન રક્ષણ-ની પહેલી લડાઇ એ આસામમાં લડશે અને એ વિસ્તારને એમણે હિંદનું સ્ટાલિનગ્રાડ બનાવ્યો છે.

આ વરસ લડાઇનું નિર્ણયાત્મક વર્ષ હશે. હિંદની આઝાદીનું ભાવિ ઇમ્ફાલની ટેકરીઓ નજીક અને ચિત્તાગોંગનાં મેદાનો ઉપર નક્કી થઇ જશે. ગયે વર્ષે આપણા કેટલાક સિપાહીઓ દુશ્મન સાથે ભળી ગયેલા. આ વખતે આપણે મોરચા ઉપર જઈએ ત્યારે એક પણ માણસ દુશ્મનપક્ષે ચાલ્યો જાય એ હું નથી ઇચ્છતો. એટલે, નબળાઇ, નામરદાઈ કે બીજા કોઇ કારણસર પોતે મોરચા પર જઇ શકે તેમ નથી એમ કોઇને લાગે તો એણે એની રેજિમેન્ટના કમા-ન્ડરને એ ખબર આપવા, અને એને પાછળ રાખવાની વ્યવસ્થા કરવામાં આવશે.

હું તમારી સામે કોઈ અત્યંત ગુલાબી ચિત્ર દોરવા માગતો

નથી. ભૂખ તરસ અને બીજી મુસીબતો ઉપરાંત મોરચા પર જાવ ત્યારે મોતનો પણ તમારે સામનો કરવો પડશે. દુશ્મને તમામ તૈયારીઓ કરી છે એટલે આપણે પણ આપણી બધી શક્તિઓ એકત્રિત કરવી પડશે.

આ૦હિં૦ફો૦ના અત્યારના પોકાર 'ચલો દિલ્હી' ઉપરાંત આજથી એક બીજો પોકાર પણ શરૂ કરવામાં આવશે. એ છે : ખૂન, ખૂન, ખૂન એટલે કે હિંદુસ્તાનની ૪૦ કરોડની પ્રજા માટે આપણે આપણું ખૂન વહાવશું, એજ રીતે એ ધ્યેય માટે દુશ્મનનું લોહી પણ આપણે વહેવડાવશું. દક્ષિણપૂર્વ એશિયાના હિંદી નાગરિકોનો પોકાર આ હશે; નિચ્છાવર સબ કરો, બનો સબ ફકીર.' ઇન્કિલાબ ઝીંદાબાદ! ચલો દિલ્હી! ખૂન, ખૂન, હજી વધુ ખૂન!'

માર્ચ મહિનામાં ધ્યાનબિન ઉપર હલ્લો કરવા બેટેલિયન નં. ૨ની બે કંપનીઓ મોકલવામાં આવી હતી. એ રવાના થાય તે પહેલાં કે. શાહનવાઝખાન એને મળવા આવ્યા. એમણે કહ્યું: 'બેટેલિયન નં ૨ના સિપાહીઓ ઉપર અમારી નજર મંડાયેલી છે. એ બેટેલિયનની બે કંપનીઓ આજે પહેલી જ વાર મોરચા ઉપર જઇ રહી છે. ગયા વર્ષની લડાઈ દરમિયાન મેળવેલા અનુભવ ઉપરથી હું કહી શકું છું કે દુશ્મન બાયલો છે. તમારી પાસેથી હું આશા રાખું છું કે હિંદુસ્તાનનું નામ તમે કોઇ રીતે નીચું નહિ પાડો. તમારે માટે હું પ્રાર્થના કરું છું.'

તે પછી સાક્ષીએ એ મોરચા પરના એક પ્રસંગની વાત કરી, જેમાં આ૦હિં૦ફો૦ના અફસરના તાબા હેઠળની એક ટૂકડીમાંના જાપાનીઓ દુશ્મનના ગોળીબારનો અવાજ સાંભળીને ભાગી ગયા હતા. બરમાને મોરચે દુશ્મનની ટૂકડીઓ સાથે આ૦હિં૦ફો૦ના સિપાહીઓને થયેલી અથડામણો, આ૦હિં૦ફો૦એ ભગાડેલા દુશ્મન સૈનિકો, આ૦હિં૦ફો૦ ઉપર એક સ્થળે બાર બ્રિટિશ વિમાનોએ

૩–૪ કલાક સુધી કરેલો બોંબમારો, વ.નું વર્ણન કર્યા બાદ સાક્ષીએ જણાવ્યું કે ૧૯૪૫ના એપ્રિલની આખરમાં કે૦ સેહલગ અને તેમના માણસો ચારે બાજુથી ઘેરાઇ ગયા હતા. પોતાના માણસોને ભેગા કરીને કે૦ સેહલગે એમને કહ્યું, 'આપણી સામે હવે ત્રણ રસ્તા ખુલ્લા છે: એક તો અગાઉની માફક લડતાં લડતાં દુશ્મનની હરોળ વીંધીને જતા રહેવાનો, બીજો નાગરિક–વેશમાં ભાગી નીકળવાનો અને ત્રીજો યુદ્ધકેદીઓ બની જવાનો.' એક કલાકની વિચારણા બાદ બધા અફસરોએ યુદ્ધકેદીઓ બની જવાનું નક્કી કર્યું.

તે પછી કે. સેહગલે મિત્રદળોના કમાન્ડરને એક ચિઠ્ઠી મોકલી. એમણે સાક્ષીને કહેલું કે પોતે યુદ્ધકેદી બનવા માગે છે એવું એમણે એ ચિઠ્ઠીમાં લખ્યું હતું. કે૦ સેહગલે પોતાના અફસરોને કહેલું કે, યુદ્ધ-કેદીઓ બનાવવાની આપણી માગણી નહિ સ્વીકારાય તો આપણે લડવાનું ચાલુ રાખશું.

શરણાગતિ પૂર્વેના દિવસોની વાત કરતાં સાક્ષીએ કહ્યું કે, ૧૯૪૫ના માર્ચમાં અમારી રેજિમેન્ટ પોપા પહોંચી ત્યારે કે૦ સેહગલે એમને કહેલું કે, 'જેમને આ૦હિં૦ફો૦માં ન રહેવું હોય અને દુશ્મન-પક્ષે જતા રહેવું હોય તેમણે મને એ વાત કરી દેવી. એટલે એ બધાને એક ટૂકડીરૂપે દુશ્મનની છાવણીમાં મોકલી દેવાની વ્યવસ્થા કરવામાં આવશે. પણ પોતાની સાથે હથિયારો કે કાગળિયાં લઇ જવાની રજા આ લોકોને મળશે નહિ, હું એમ ઇચ્છું છું કે એક એક અને બબ્બે માણસો નાસી ન જાય.'

સાક્ષીએ થોડા કિસ્સા વર્ણવ્યા: જેમાં ફોજમાંથી નાસી છૂટ-નારાઓ અને નાસી છૂટવાની કોશિશ કરનારાઓએ પોતાની ભૂલ કબૂલ કર્યાથી અને માફી માગ્યાથી કે૦ સેહગલે તેમની સજા માફ કરી હતી. હુકમપાલનની ના પાડવા બદલ મોતની સજા પામેલા

એક હવાલદાર ગંગાસરણને પણ કે૦ સેહગલે માફી બક્ષ્યાની વાત સાક્ષીએ જણાવી.

ઑગસ્ટ ૧૯૪૩માં પોતે સિંગાપુરની એક છાવણીમાં હતા ત્યારે સાક્ષી અને બીજાઓની સમક્ષ ભાષણ કરતાં કર્નલ શાહનવાઝે કહેલું કે, ' આ૦હિં૦ફો૦ હિંદની સ્વાધીનતા માટે ઊભી કરવામાં આવી છે. બ્રિટિશ શાહીવાદ સામેજ નહિ, પણ હિંદની આઝાદીના માર્ગમાં અંતરાય કરનારાઓ અને હિંદને ગુલામ બનાવવા માગનારી બીજી કોઈ પણ સત્તા સામે પણ એ લડશે. જેણે બ્રિટિશ સરકારની ઘણી સેવા કરી છે એવા કુટુંબમાંથી હું આવું છું. પણ જેમ હઝરત ઇમામે સત્ય અને ઇન્સાફ માટે યુદ્ધે ચડવાનું નક્કી કર્યું હતું તેમ મેં પણ હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે મારી જિંદગીને ફના કરી દેવાનું નક્કી કર્યું છે. આઝાદી માટે ઝંખવું અને તેને માટે લડવું એ દરેક હિંદુસ્તાનીનો હક્ક છે. '

૧૯૪૫ના જાન્યુઆરીમાં પોપામાંના હિંદીઓની એક સભામાં કર્નલ શાહનવાઝે ભાષણ કરેલું કે, ' ચોથી ગેરીલા રેજિમેન્ટના કેટલાક માણસો નાસીને દુશ્મન સાથે મળી ગયા. આથી નેતાજીને ઘણું ઘણું દુઃખ થયું છે. નેતાજી પોતેજ અહીં આવવા માગતા હતા પણ મેં નેતાજીને ખાતરી આપી છે કે હું જાતે આ બાબતમાં તપાસ કરીશ. આજે દુનિયાની આંખો આ૦હિં૦ફો૦ ઉપર મંડાયેલી છે. આ વખતે જો આપણે આઝાદી નહિ મેળવી શકીએ તો એકસો વર્ષ સુધી એ નહિ પામીએ. એટલે, નેતાજીની આગેવાની નીચે પોતાની જિંદગીનો ભોગ આપવાની સો એ સો ટકા તૈયારી તમારામાંથી કોની કોની છે એ મને કહો.'

ફોજમાંથી નાસી છૂટવાની કોશિશ કરવા માટે સાક્ષીને મોરચા પરથી કેદ પકડીને બીજા સોળની સાથે હથિયારબંધ પહેરા નીચે પગપાળા રંગુન મોકલવામાં આવેલ. રસ્તામાં માંગ્વે ગામે ૧૯૪૫ના

એપ્રિલની ૧૯ મીએ અંગ્રેજોએ એમની ઉપર હુમલો કર્યો. પહેરેગીરો નાસી ગયા અને સાક્ષી જઈને અંગ્રેજો સમક્ષ રજૂ થયા.

તે પછીના સાક્ષી સિપાહી જાગીરીરામ સિંગાપુરના પતન પછીના ઓક્ટોબર માસમાં આ૦હિં૦ફો૦માં જોડાયેલા. મહમ્મદ હુસેનની સાથે ફોજમાંથી નાસી જવાની કોશિશ કરવા બદલ મહમ્મદ હુસેનને અપાયેલી મોતની સજાનો અમલ કરવાનું કામ એને બળજબરીથી સોંપાયેલું એમ સાક્ષીએ કહ્યું. સાક્ષી હિંદી લશ્કરમાં તબીબી ખાતામાં હતા અને પાટાપીંડી કરવાનું અને પથારીઓ પાથરવાનું કામ એ કરતા. એમણે કદી કોઈ હથિયાર વાપર્યું નહોતું. છતાં મહમ્મદ હુસેન ઉપર ગોળીબાર કરનારા ત્રણમાંના એક તરીકે એમને ઊભા રાખવામાં આવેલા. એમના હાથમાં જબરદસ્તીથી રાયફલ પકડાવાયેલી અને જો એ રાયફલ ન ચલાવે તો મહમ્મદ હુસેનની સાથે એને પણ ઠાર મારવાની ધમકી અપાયેલી. પરિણામે સાક્ષીએ મહમ્મદ હુસેન ઉપર રાયફલ ચલાવેલી.

<u>૩૦ મી નવેંબર : શુક્રવાર</u> : ૧૧ :

મહમ્મદ હુસેન એક મુસલમાન હતા તેથી વિશેષ એમને વિષે સાક્ષીને કાંઈ માહિતી નથી એમ એણે કહ્યું. એ સાવ અભણ છે અને રોમન લિપિમાં માત્ર પોતાનું નામ લખી જાણે છે. તારીખિયાની, સાલની, મહિનાની કે બીજી કશી જ એમને ખબર નથી. મહમ્મદ હુસેનને ગોળીએ દેનારા એની સાથેના બે બંધૂકધારીઓમાંનો એક શીખ હતો અને એક તામીલ હતો. એથી વિશેષ એમને વિશે સાક્ષી કાંઈ કહી શકે તેમ નહોતા.

પછી આવ્યા ફરિયાદપક્ષના પચ્ચીસમા સાક્ષી લાન્સ–નાયક સવાર મહમ્મદ. સિંગાપુરના પતન પછી આ૦હિં૦ફો૦માં જોડાઈને આખરે ૧૯૪૫ના એપ્રિલમાં બરમા મોરચે અંગ્રેજો સાથે એ

ભળી ગયેલ. મહમ્મદ હુસેનને ઠાર મારવામાં આવ્યા ત્યારે પોતે ત્યાં હાજર હતા, એના મૃતદેહમાં ત્રણ ગોળીઓ વાગેલી પોતે જોઇ હતી, પણ અંધારું થઇ જવા આવ્યું હોવાથી એ શરીરમાંથી કાંઇ લોહી નીકળતું જોયું નહોતું એમ એમણે કહ્યું.

તે પછીના સાક્ષી હતા તબીબી ઓર્ડરલી અબ્દુલ હાફિઝખાન. એક દરદીને એ પોપા વિસ્તારમાંની ઇસ્પિતાલમાં લઇ જતા હતા ત્યારે એક નાળામાં મેજર ધિલન અને બીજા કેટલાક માણસોને એમણે જોયેલા. એમની સાથેના ચાર માણસો ખાઇમાં ઊભા હતા. ઇસ્પિતાલમાંથી નીકળ્યા બાદ એ જગ્યાએ સાક્ષી ગયા ત્યારે એમણે મેજર ધિલનને ખાઇમાંના માણસોમાંના એક પછી એકને બોલાવતા જોયા. એમને ઠાર મારવા માટે મેજર ધિલને માણસોને બોલાવ્યા. શેરસીંઘ, કાલુરામ અને હિદાયતુલ્લા નામના માણસો આગળ આવ્યા. મેજર ધિલને એક કેદીને બોલાવ્યો અને હાજર રહેલા સૌને કહ્યું કે આ ચાર માણસો નાસીને દુશ્મનની છાવણીમાં જતા રહેતા પકડાયા છે. એટલે એમને મોતની સજા આપવાની છે. મેજર ધિલનના હુકમ-થી વારાફરતી ચારેય કેદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. તે પછી સાક્ષીએ એ ચારને જોયા હતા, પણ એ હજી મરી ગયા નહોતા, કારણ કે એ હલતાચલતા હતા. તે પછી મેજર ધિલનના હુકમથી શેરસીંઘે એમાંના દરેક કેદી ઉપર એક-બે ગોળીઓ છોડી, અને પછી એક દાક્તરે જાહેર કર્યું કે એમનું મોત નીપજ્યું છે. ગોળીએ દેવાયેલા ચાર માણસો જાટ હતા, તેથી વિશેષ સાક્ષીને કાંઈ માહિતી છે નહિ. આખો બનાવ અરધા કલાકમાં ખતમ થયો હતો. એ બનાવ ક્યારે બન્યો તેની તારીખ, અઠવાડિયું કે મહિનો સાક્ષી કહી શકે તેમ નથી. એ બનાવ પછી પંદરેક દિવસે સાક્ષી હિંદી લશ્કરની એક ગુરખા રેજિમેન્ટ સાથે મળી ગયેલ.

 : १२ :

जावानी लडाईमां ए भाग लई रहेला त्यांथी तेडावायेला फरियाद-पक्षना छेल्ला साक्षी ले० कर्नल क्रिटसने कॅ० सेहगल अने तेमना माणसोनी शरणागतिवाळो बनाव वर्णव्यो. एमणे जणाव्युं के—

'१९४५ना एप्रिलमां मारी टूकडी इरावदी नदीने डाबे कांठे आगळ वधी रही हती. मेगीगाम नजीक अमे पहोंच्या त्यारे अमारी आगली कंपनीना कमान्डर कॅ० सेहगल अने आ०हि०फो०ना सोएक माणसोने मारी पासे लई आव्या. ब्रिटिश दळोना कमान्डरने उद्देशीने लखायेली युद्धकेदीओ तरीकेनी शरणागतिनी एक चिट्ठी ए कमान्डरे मने आपी. ए चिट्ठीमां लखेलुं हतुं के आ०हिं०फो०ना त्रीसेक अफसरो अने पांचसोएक सिपाहीओ ब्रिटिश दळोने शरणे आववा मागता हता. ए चिट्ठी में साचवी नथी. एकाद महिना पछी में एनो नाश करेलो. पाछळथी में कॅ. सेहगल साथे वात करी अने एमणे मने कह्युं के आ०हिं०फो०नी एक रेजिमेन्टना ए आगेवान हता.

ते पछी में कॅ. सेहगलने केटलाक प्रश्नो पूछेला. आ०हिं० फो०मां ए शा माटे जोडाया एम में पूछेलुं, पण ए विषयनी चर्चा करवानी कॅ. सेहगलनी इच्छा नहोती. कॅ. सेहगले कहेलुं के ब्रिटिश अफसरोमांना बे-त्रण एमना खास मित्रो हता. एमणे एम पण कहेलुं के हिंदमां ब्रिटिश शाहीवादनी हयाती एमने नापसंद छे. कॅ. सेहगले मने एम कह्युं हतुं के पोते जेने साचुं मान्युं तेने माटे ए लडेला; अने हवे ए हारी गया एटले एनां परिणाम भोगववा तैयार हता.'

## ‘ હિંદુસ્તાનની સાચી તસ્વીર અમે ભાળી ’

ફરિયાદીનો પક્ષ પૂરો થયો તે પછી ત્રણેય આરોપીઓએ અદાલત સમક્ષ પોતાનાં જુદાં જુદાં નિવેદનો કર્યાં. ચાલીસ મિનિટ સુધી ચાલેલું કે. શાહનવાઝખાનનું નિવેદન આ રહ્યું:

‘ જંજુઆ રજપુતોના કુળમાં મારો જન્મ થયો છે. મારા પિતાએ હિંદી લશ્કરમાં ત્રીસ વરસ સુધી નોકરી કરી હતી. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મારા કુટુંબનો એકેએક સશક્ત માણસ લશ્કરમાં જોડાઇ ગયો હતો. અત્યારે એંમાના એંશી જેટલા હિંદી લશ્કરમાં અફસરો તરીકે કામ કરી રહ્યા છે. ટૂંકમાં હું અણિશુદ્ધ લશ્કરી વાતાવરણમાં ઊછર્યો છું, અને ૧૯૪૩ના જુલાઇમાં સિંગાપુરમાં નેતાજી સુભાષચંદ્ર બોઝને હું મળ્યો ત્યાં સુધી રાજકીય દ્રષ્ટિએ હું લગભગ અભણ હતો. જુવાન અંગ્રેજ અફસરોની આંખો વડે હિંદુસ્તાન જોતાં મને શીખવવામાં આવેલું, અને મને એક સિપાહીગીરી અને બીજી રમતગમતો સિવાય કોઇ ત્રીજી વાતમાં રસ નહોતો

૧૯૪૨ની ૨૯મી જાન્યુઆરીએ હું સિંગાપુર પહોંચ્યો ત્યારના સંજોગો ઘણા કટોકટીભર્યા હતા. તેમ છતાં બહાદુરીથી લડવાનું મેં નક્કી કરેલું. ૧૯૪૨ની ૧૩, ૧૪ ને ૧૫મી ફેબ્રુઆરીની સિંગાપુરની લડાઇ દરમિયાન મારી જમણી અને ડાબી પાંખ પરના બ્રિટિશ અફસરો પોતાની ટૂકડીઓ સહિત નાસી ગયા હતા ત્યારે પણ, મારા ઉપરી અફસરે શરણે જવાનો હુકમ ન આપ્યો ત્યાં સુધી હું મારી જગ્યાએ ટકી રહ્યો હતો.

આ હુકમ મને ઘણો અકારો લાગ્યો, કારણકે મને થયું કે દુશ્મન સામે લડવાનો સરખો મોકો મને આપવામાં આવ્યો નહોતો. લડાઇમાં આમ મને મોડો મોડો સિંગાપુર લાવીને તરતજ હથિયાર

હેઠાં મૂકવાનું અને બિનશરતી શરણાગતિ સ્વીકારવાનું ફરમાન કરવામાં આવ્યું એમાં મને મારી જાત પ્રત્યેનો અને એક સિપાહી તરીકેના મારા સ્વમાન પ્રત્યેનો મોટો ગેરઈન્સાફ જણાયો.

૧૯૪૨ના ફેબ્રુઆરીની તા: ૧૫-૧૬ની શરણાગતિવાળી રાતે અમને ફરમાન પહોંચ્યું કે 'કિંગ્ઝ કમિશન્ડ અફસરો' સહિત તમામ હિંદીઓએ ફેરર પાર્કમાં ભેગા થવાનું છે; અને તમામ બ્રિટિશ અફસરો અને બિન–અફસરોએ ચાંગીમાં એકઠા થવાનું છે. અમે બધા અને ખાસ કરીને તો અફસરો આ હુકમ સાંભળીને ઘણી નવાઇ પામ્યા, કારણકે સુધરેલી લડાઇના કાનૂન મુજબ હિન્દી કે બ્રિટિશ તમામ કેદી–અફસરોને તેમની ટૂકડીઓથી અલગ પાડયા બાદ એક સ્થળે ભેગા રાખવામાં આવે છે.

૧૬મી ફેબ્રુઆરી ૧૯૪૨ની સવારે અમે અમારે એકઠા થવાના સ્થળ તરફ જઇ રહ્યા હતા, ત્યારે અમારા કમાન્ડિંગ અફસર મેજર મકાદમ અને બીજા બ્રિટિશ અફસરો બેટેલિયનને મળવા આવ્યા અને મારી સાથે હાથ મિલાવતા બોલ્યા, 'હું ધારું છું કે આપણા રાહ જુદા પડવાની વેળા હવે આવી ગઈ છે.' અમને હિન્દીઓને રઝળતા છોડવામાં આવ્યા છે એવી માન્યતાને આ શબ્દોએ ટેકો આપ્યો.

ફેરર પાર્કમાં બ્રિટિશ સરકારના પ્રતિનિધિ કર્નલ હંટે અમને જાપાનીસ જાસૂસી ખાતાના કમાન્ડર મેજર ફયુજીવારાના હાથમાં સોંપી દીધા. સોંપતી વેળા, કર્નલ હંટે આખી પેરેડને 'હોંશિયાર'નો હુકમ આપી ઊભા રાખી અને કહ્યું: 'હું તમને જાપાનીસ સરકારના હાથમાં સોંપું છું. જેમ તમે અમારા હુકમ પાળતા હતા તેમ એમના પણ પાળજો.'

૧૯૪૨ની ૧૫મી ફેબ્રુઆરીથી તે મેની આખર સુધી હું આ૦ હિં૦ફોજ ઊભી કરવાની વિરૂદ્ધમાં હતો. ૧૯૪૨ના જૂનથી ૧૯૪૩ના

જુલાઈ સુધી હું આ૦હિં૦ફો૦માં રહેલો પણ તે એવા જ ઇરાદાથી કે જો તે પરદેશીઓની સ્વાર્થસાધકતા આગળ નમી પડે તો અંદરથી તેમાં ભંગાણ પડાવવું. પણ ૧૯૪૩ના જુલાઇમાં મને પૂરી ખાત્રી થઇ કે એ સ્વાધીનતાની એક સાચી સેના છે અને એની પ્રવૃત્તિઓમાં મેં પૂરા દિલથી ભાગ લીધો.

શરૂઆતમાં જ્યારે હું નીસૂન છાવણીનો કામાન્ડર હતો ત્યારે એમાં રહેતા યુદ્ધકેદીઓ માટેની આરોગ્યની વ્યવસ્થા, પાણી, રહેવા–જમવાની વ્યવસ્થા, તબીબી સારવાર, વ૦માં મેં સુધારો કર્યો હતો. હું કમાન્ડર હતો તે સમય દરમિયાન મારા હાથ નીચેનાં માણસોના દુર્ભાગી સંજોગોમાં સુધારો કરવો એ જ મારી મુખ્ય ઉમેદ રહી હતી. સિંગાપુરમાંની યુદ્ધકેદીઓની છાવણીઓની મુલાકાતે હું જતો અને આ૦હિં૦ફો૦માંથી મને મળતા ખિસ્સાખર્ચ, કપડાં અને દવાદારૂ એ કેદીઓમાં વહેંચતો. કુલાલુમ્પુરમાં હિંદી યુદ્ધકેદીઓ માટે રહેવાની સારામાં સારી સગવડો હું મેળવી શક્યો હતો દૂર પૂર્વમાંના કોઇપણ કેદીઓને અપાયેલી સગવડો કરતાં એ કદાચ વધુ સારી હશે. હું ત્યાં હતો તે દરમિયાન નિરાધાર હિંદીઓને પણ મેં મારાથી બનતી મદદ કરેલી. એમાંના કુટીમ્બ માણસો ભૂખથી મૃત્યુ પામી રહ્યા હતા. બધા યુદ્ધકેદીઓને મેં એક દિવસ ઉપવાસ કરવાની અને એ રીતે બચાવેલો ખોરાક એ લોકોને મોકલાવવાની વિનંતી કરી હતી.

નેતાજી સુભાષચંદ્ર બોઝ આ૦હિં૦ફો૦ની આગેવાની લેવા સિંગાપુર આવવાના છે એવું જાણ્યા પછી ૧૯૪૩ ના ફેબ્રુઆરીમાં હું આ૦હિં૦ફો૦માં જોડાયો. નેતાજી સિંગાપુર આવ્યા ત્યારે મેં એમનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું અગાઉ કદી મેં એમને જોયેલા નહિ અને હિંદુસ્તાનમાંની એમની પ્રવૃત્તિઓ વિષે હું ઝાઝું જાણતો નહોતો.

મલાયામાં મેં એમનાં કેટલાંક જાહેર ભાષણો સાંભળ્યાં. એની

મારી ઉપર ઊંડી અસર થઇ. એમના વ્યક્તિત્વે અને ભાષણોએ મને વશીકરણ કર્યું એમ કહેવું ખોટું નથી. હિંદુસ્તાનની સાચી તસ્વીર એમણે અમારી સામે રજૂ કરી, અને જિંદગીમાં પહેલી જ વાર મેં હિંદુસ્તાનને એક હિંદુસ્તાનીની આંખે નિહાળ્યું. એમની નિઃસ્વાર્થભાવનાઓ. આપણા દેશ પ્રત્યેના એમના સંપૂર્ણ ભક્તિભાવે, એમની નિષ્કપટતાએ અને જાપાનીઓની ઇચ્છાને આધીન થવાના એમના ઇન્કારે મારી ઉપર સૌથી વધુ છાપ પાડી.

મને સમજાયું કે અમને ગમે કે ન ગમે પણ જાપાનીઓ જરૂર હિંદમાં જવાના છે. મને એ પણ સમજાયું કે મોટે ભાગે તો લડાઇ હિંદની ધરતી ઉપર ઘસડી જવામાં આવશે કારણકે બ્રિટિશ દળો જાપાનીસ આગેકૂચને રોકી શકે એમ હું માનતો નહોતો. મલાયા પરની ચઢાઈ મેં જોઇ હતી અને એવુ હિંદમાં બને એમ હું નહોતો ઇચ્છતો. મને થયું કે મલાયામાંના એક નિઃસહાય યુદ્ધકેદી કરતાં હાથમાં એક રાયફલ સાથે હિંદીઓના જાનમાલ અને સન્માન જાળવવામાં મારા દેશને હું બહુ વધારે ઉપયોગી થઇ પડીશ.

આ૦હિં૦ફો૦ માટે સૈનિકોની ભરતી કરતી વખતે મેં એવા જ માણસો ને ભેગા કરેલા કે જે, જો જાપાનીઓ અપ્રમાણિક માલૂમ પડે તો એમની સાથે પણ લડવા તૈયાર હોય. આ હકીકત તો ફરિયાદપક્ષના સાક્ષીઓએ પણ બિલકુલ શંકારહિતપણે સાબિત કરી આપી છે. આ૦હિં૦ફો૦માં જોડાવા માટે યુદ્ધકેદીઓ ઉપર કોઇપણ જાતનું દબાણ થયું હોવાનો હું ઇન્કાર કરું છું. ફરજિયાત ભરતી તો મેં મનાઇ કરી હતી, અને અસફરોને સાચેજ ચેતવણી આપેલી કે આ૦હિં૦ફો૦માં કોઇને બળજબરીથી જોડાશો તો તમને સજા થશે.

નેતાજીમાં મેં એક આગેવાન નિહાળ્યો, અને એમને પગલે પગલે ચાલવાનો મેં નિર્ણય કર્યો. મારે માટે તો એ મારી જિંદગીનો સૌથી મોટો અને સૌથી મુશ્કેલ નિર્ણય હતો. બ્રિટિશ હિંદી લશ્કરમાંના

મારા જ અનેક કુટુંબીજનો કે જેમને હું મારા મતે કદી પલટાવી શકું તેમ હતો નહિ. એમની સામે લડવાનો એ નિર્ણય હતો. મારું કુટુંબ અને મારું કુળ હિંદમાંના વિશિષ્ટાધિકારો માણતા વર્ગમાંનાં હતાં. એ બધા સમૃદ્ધ અને સંતોષી હતા. ખરી રીતે તો મારા આ૦હિં૦ફો૦માં જોડાવાથી એમને સહન કરવું પડે તેમ હતું.

બીજી બાજુ, અંગ્રેજોને હાથે જે નિર્દયપણે શોષાઇ રહ્યાં છે, અને આ શોષણ સહેલું બનાવવા માટે જેમને જાણી જોઇને અભણ અને અજ્ઞાની રાખવામાં આવે છે એ ભૂખ્યાં કરોડોનો વિચાર મેં કર્યો, ત્યારે અન્યાય ઉપર રચાયેલા હિંદમાંના રાજતંત્ર માટે મારા દિલમાં અત્યંત તિરસ્કારભાવ પેદા થયો. આ અન્યાયને દૂર કરવા માટે મારું સર્વસ્વ—મારી જિંદગી, મારું ઘર, મારું કુટુંબ અને મારી કુલપરંપરા હોમી દેવાનો મેં નિશ્ચય કર્યો

મારો ભાઇ મારા માર્ગમાં ઊભો રહે તો એની સામે પણ લડવાનું મેં નક્કી કર્યું. અને તે પછી ૧૯૪૪માં જે યુદ્ધ ખરેખર લડાયું તેમાં અમે એકબીજાની સામે લડયા હતા. એમાં એ જખમી બન્યો હતો. ચિન ટેકરીઓમાં બે મહિના સુધી રોજેરોજ હું અને મારા પિત્રાઇ સામસામા લડી રહ્યા હતા.

ટૂંકમાં મારી સામે 'રાજધર્મ કે રાષ્ટ્રધર્મ ?' એ સવાલ હતો. મારા રાષ્ટ્રને વફાદાર રહેવાનું મેં નક્કી કર્યું, અને નેતાજીને મેં મારા ઇમાનનો કોલ દીધો કે દેશને ખાતર હું મારી જાતનું બલિદાન આપીશ.

બીજી જે એક વાતે મને હંમેશા પરેશાન કરી મૂકયો હતો તે છે હિંદી અને બ્રિટિશ સિપાહીઓ સાથેના વર્તાવમાંનો ભેદભાવ, મેં મારી નજરે જોયેલું છે કે લડવાને લાગેવળગે છે ત્યાંસુધી એ બે વચ્ચે કોઈ તફાવત નથી. પોતાના છેલ્લા શ્વાસ સુધી હિંદી સિપાહી

પોતાના સ્થાને ટકી રહે છે અને લડતો હોય છે, તો પછી એમનાં પગાર, ભથ્થાં, ખોરાક અને રહેવાની સગવડોમાં આટલો બધો તફાવત શા માટે હોવો જોઇએ એ મને કદી સમજાયું નથી. મને એ ઘણું જ અન્યાયી લાગ્યું.

ઉપરાંત હું એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું કે આ૦હિં૦ ફો૦ને ઊભી કરવાનું, તાલીમ આપવાનું અને રણમેદાન ઉપર દોરી જવાનું કામ એકલા હિંદીઓએ જ કર્યું છે. બીજી બાજુ હિંદી લશ્કરના પચીસ લાખ હિંદીઓમાંથી એકેયને કોઈ ડિવિઝનનો કાબુ સોંપાયો નથી અને બ્રિગેડનો કાબૂ ફક્ત એક હિંદીને જ અપાયો છે.

આ૦હિં૦ફો૦માં હું ફક્ત દેશપ્રેમી ઈરાદાઓથી જ જોડાયો હતો. અવિચળ મુશ્કેલીઓનો સામનો કરીને પણ રણમેદાનમાં હું સાફ, સીધું અને માનભર્યું યુદ્ધ ખેલ્યો છું. પૂરતી તબીબી સગવડ, વાહનવ્યવહાર અને સાધનસામગ્રીના અભાવે મને પાંગળો બનાવ્યો હતો; અને લાંબી મુદતો સુધી કમોદ તથા જંગલી ઘાસ ઉપર અમારે જિંદગી ગુજારવી પડી હતી. મીઠું પણ ત્યારે અમારે માટે વૈભવ સમાન હતું. આ સમય દરમિયાન બરમામાં ત્રણ હજારથીય વધુ માઇલોની કૂચ અમે કરેલી.

આ૦હિં૦ફો૦ તરફથી બ્રિટિશ સૈનિકો કેદ પકડાતા ત્યારે એમની સાથે સારો વર્તાવ રાખવામાં આવતો. અમે જ્યારે યુદ્ધ-કેદીઓ તરીકે શરણે થયા ત્યારે અમારી પ્રત્યે પણ એવાજ વર્તાવની આશા રાખેલી.

હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે લડેલી આ૦હિં૦ફો૦એ જેવી મુસીબતો સહન કરી છે તેવી કોઈ ભાડૂતી કે પૂતળા લશ્કરથી ન સહી શકાઇ હોત. લડાઈમાં ભાગ લીધાનો હું ઇન્કાર નથી કરતો. પણ, પોતાના દેશની સ્વાધીનતા ખાતર સુધરેલી લડાઇના કાનૂનોને

અનુસરીને યુદ્ધ ચલાવનાર આઝાદ હિંદની કામચલાઉ સરકારના એક સભ્ય તરીકે મેં એમ કરેલું'

ખૂન કરાવવાના આરોપ સંબંધે મારે એ કહેવાનું છે કે, જે હકીકતોના આક્ષેપો કરાવામાં આવ્યા છે એ સાચી હોય તો પણ હું ગુનાનો અપરાધી ઠરતો નથી. મહમ્મદ હુસેન આ૦હિં૦ફો૦માં સ્વેચ્છાથી જોડાયેલા અને એમણે સ્વેચ્છાએ પોતાની જાતને એની શિસ્તને આધીન બનાવેલી. આ૦હિં૦ફો૦માંથી જો એ નાસી જઇ શકયા હોત તો અંગ્રેજો પાસે એ કિંમતી માહિતી લઈ ગયા હોત. એના પરિણામે અમારી સંપૂર્ણ ખાનાખરાબી થઇ હોત. આઝાદ હિંદ ફોજ કાનૂન હેઠળ અને તમામ સુધરેલા દેશોના લશ્કરી કાનૂન હેઠળ એનો અપરાધ ભારે ગંભીર હતો. અને મોતની સજાને પાત્ર હતો. પણ મેં એને મોતની સજા કરી હતી, કે એ સજાના પાલનરૂપે એને ઠાર મારવામાં આવ્યા હતા એ વાત ખોટી છે. એને તો મારી સમક્ષ અવિધિસર રીતે હાજર કરવામાં આવેલ અને મેં કહેલું કે પછી એને મારી સમક્ષ યા યોગ્ય સત્તાવાળા સમક્ષ વિધિસરની રીતે હાજર કરજો. પણ એમ કરવામાં આવ્યું નહોતું.'

તે પછી પોતાનું નિવેદન કરતા કૅપ્ટન સેહગલે કહ્યું કે–

'મારી ઉપર મૂકાયેલા કોઈપણ આરોપસર અપરાધી હોવાનો હું ઇન્કાર કરુ છું. હું એમ પણ માનું છું કે આ અદાલત સમક્ષ ચાલેલો મારો ખટલો ગેરકાયદેસર છે.

૧૯૪૨ની ૧૭મી ફેબ્રુઆરીએ સિંગાપુરના ફેરર પાર્કમાં મળેલી સભામાં બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે લે૦ કર્નલ હંટે હિંદી અફસરો અને સિપાહીઓને ઘેટાંના એક ટોળાની માફક જાપાનીઓના હાથમાં સોંપી દીધા. અમને બધાને આથી એક ભારે ફટકો લાગ્યો આકરામાં આકરી મુસીબતોનો સામનો કરી હિંદી લશ્કર લડયું

હતું; અને બદલામાં સર્વોચ્ચ બ્રિટિશ અફસરદળ અમને જાપા-નીઓની દયા ઉપર છોડીને જતું રહ્યું.

અમને લાગ્યું કે, બ્રિટિશ તાજ સાથે અમને બાંધતાં તમામ બંધનો બ્રિટિશ સરકારે પોતાની મેળે જ તોડી નાખ્યાં છે. આ૦ હિં૦ફો૦ના જી. ઓ. સી. તરીકે ઓળખાતા કેપ્ટન મોહનસીંઘના હાથમાં જાપાનીઓએ અમને સોંપી દીધા. એની નીચે રહીને અમારું તકદીર ઘડવાની અમને સ્વતંત્રતા હતી. અમે સાચા દિલથી એમ માન્યું કે બ્રિટિશ તાજે અમને જરા પૂરતુ રક્ષણ આપવું બંધ કર્યું હોઈને હવે તે અમારી વફાદારી માટે દાવો કરી શકે નહિ.

૧૯૪૨ના જૂનમાં મને બેંગકોક પરિષદમાં આમંત્રણ આપ-વામાં આવ્યું. પણ મેં એ આમંત્રણ નકાર્યું. પણ ૧૯૪૨ના જૂનથી ઓગસ્ટના અંત સુધીમાં એવા મહત્વના બનાવો બન્યા કે જેથી આ૦ હિં૦ફો૦ની બહાર રહેવાના મારા આગલા નિર્ણયને ફરી વિચાર-વાની મને ફરજ પડી.

એક તો લડાઇના દરેક મોરચા ઉપર જાપાની દળોએ ચોંકા-વનારા વિજયો મેળવ્યા હતા, અને હિંદુસ્તાન ઉપરના આક્રમણની ઘડીઓ ગણાઇ રહી હતી. બધાને એમ થતું હતું કે થોડાજ વખતમાં હિન્દુસ્તાન સામે જાપાની ધસારાનો ભય ખડો થશે. બી. બી. સી. ( લંડન રેડીઓ )એ પણ એ આવતી આપત્તિઓમાં સહાનુભૂતિ દર્શાવતો સંદેશો મોકલ્યો હતો.

સિંગાપુરમાં પૂરવણી તરીકે આવેલા છેલ્લા સિપાહીઓમાં એકલા કાચા રંગરૂટો હતા; અને હિંદના સંરક્ષણ માટે કેવાક સિપા-હીઓ મોજૂદ હશે તેનો ઠીક ઠીક ખ્યાલ એ આપી રહેતા હતા. સિંગાપુરની શરણાગતિ અગાઉ થોડાજ વખત પહેલાં ત્યાં આવેલા અફસરો એમ કહેતા હતા કે હિન્દુસ્તાનમાં લશ્કર પાસે આધુનિક

સરંજામ હતો નહિ. મને કહેવામાં આવ્યું કે લાકડાની રાયફલો અને હળવી મશીનગનોથી સિપાહીઓને તાલીમ અપાઇ રહી હતી, અને હિંદના ઉત્તર-પૂર્વના સીમાડા ઉપર સંરક્ષણ જેવી કોઇ વસ્તુ લગભગ હતી જ નહિ.

અમારામાંના દરેકને ખાતરી થઇ કે જો જાપાનીઓ હિંદ ઉપર ચડાઇ કરે તો એમનો ધસારો રોકનારું ત્યાં કોઈ છે નહિ. અમારે માટે તો આ સૌથી વધુ દુ:ખની વાત હતી.

બીજું, ૧૯૪૨ ની ૮મી ઑગસ્ટે હિંદી રાષ્ટ્રીય મહાસભાએ 'હિંદ છોડો'નો વિખ્યાત ઠરાવ પસાર કર્યો; અને એ પસાર થયા પછી દેશભરમાં દેખાવો થયા. ઑલ ઇન્ડીઆ રેડીઓ અને બી. બી. સી.એ હિંદુસ્તાનમાંના બનાવો ઉપર પડદો ઢાળી દીધો. તેમ છતાં હિંદની અંદર કયાંકથી કામ કરતાં કેટલાંક છૂપાં રેડીઓ-મથકો અને જાપાનીઓ તથા ધરી રાજ્યોનાં કબજા હેઠળનાં હિંદ બહારનાં બીજાં રેડીઓ-મથકો એ બનાવો વિષે તેમજ આઝાદીની ચળવળને કચડી નાખવા સરકારે લીધેલાં પગલાં વિષે મોકળે મોઢે બ્રોડકાસ્ટ કરતાં હતાં. આ મથકો તરફથી બ્રોડકાસ્ટ થતી વિગતો ઉપરથી એમ લાગતું કે ૧૮૫૭ના બળવા પછીના કાળ દરમિયાન પ્રસરેલું તેવું જ એક ત્રાસરાજ શરૂ થઇ ચૂકયું હતું.

બ્રિટિશ અને હિંદી વર્તમાનપત્રોએ તથા સત્તાવાર 'બ્રોડકાસ્ટિંગ' ખાતાએ એ વિષય ઉપર જાળવેલા અત્યંત સંયમને કારણે આ રેડીઓ-જાહેરાતોની સચ્ચાઇ વિષે શંકા લાવવાનું અમારે માટે કોઇ કારણ નહોતું. કહેવાની જરૂર નથી કે, અમે જેમને પાછળ મૂકીને આવ્યા હતા તે સગાંવહાલાં વિષે એક ભયંકર ચિંતા, અને અમને તથા અમારા દેશને સદાને માટે ગુલામીમાં રાખવાની જેણે ગાંઠ વાળી હોય તેવું લાગતું હતું તે બ્રિટિશ શાહીવાદ પ્રત્યે ઉગ્ર પુણ્ય-પ્રકોપ અમારા દિલમાં આથી પેદા થયો.

હિંદના સંરક્ષણની જવાબદારી એકલા પોતાના હાથમાં બ્રિટિશ સરકારે રાખી અને એ સંરક્ષણનું કાર્ય ઉપાડી લઈને તેનું સંચાલન કરવાની અમારા પોતાના નેતાઓની માગણીને એણે તિરસ્કાર-પૂર્વક નકારી હતી.

હિંદમાં સંરક્ષણ અંગેની તૈયારીઓ વિષે અમને જે માહિતી મળતી હતી તે જરાય ઉત્સાહપ્રેરક નહોતી, અને અંગ્રેજો જાપાનીસ ધસારો અટકાવી શકશે કે કેમ તેની ખાત્રી અમારામાંના સૌથી વધુ આશાવાદીઓને પણ હતી નહિ, નાગરિક પ્રજા તો જરાય સામનો કરવાનો વિચાર સરખો પણ કરી શકે તેમ નહોતી; અને તેણે તો અકથ્ય યાતનાઓ અને મુસીબતોનો ભોગ બનવું જ રહ્યું હતું. ધીખતી ધરાની નીતિ અપનાવવાનો નિર્ણય અંગ્રેજો કરી ચૂકયા હતા, અને તેનો અમલ પણ શરૂ કરી દીધો હતો, તેથી તો એ વિનાશમાં અધિક ઉમેરો થવાનો હતો.

લાંબી ચર્ચાઓ પછી અમને એકજ ઉકેલ સૂઝયો કે એવું એક મજબૂત અને શિસ્તબંધી લશ્કરી દળ ઊભું કરવું કે જેનામાં અત્યારની પરદેશી હકૂમતની સામે લડવાની સાથે સાથે, જાપાનીઓના હાથે અમારા દેશબંધુઓની લાજ લૂંટાય તો તેમનું રક્ષણ કરવાની, અને અંગ્રેજોની જગ્યાએ દેશના રાજકર્તા બનવાના જાપાનીઓના કોઈપણ પ્રયાસનો સામનો કરવાની તાકાત હોય અને તૈયારી પણ હોય.

મલાયા અને બરમામાંના હિંદીઓના જાનમાલ અને ગૌરવનું જે રક્ષણ આઝાદ હિંદ ફોજ કરી ચૂકી હતી તેણે એમાં જોડાવા માટેનું વધુ એક સબળ કારણ આપ્યું.

દિવસોના દિવસ સુધી હું એક ઘોર માનસિક યુદ્ધમાંથી પસાર થયો. જેણની સાથે ખભેખભા મિલાવીને હું લડયો હતો એ મારા આગલા સાથીઓ પ્રત્યેની વફાદારી એક તરફ હતી, અને બીજી બાજૂ

આરી માતૃભૂમિની સામે દાંતીઆં કરતી ભયાનકતાઓથી એને બચાવવાની તમન્ના હતી. ઘણા જ ઝીણવટભર્યા વિચારો અને ચર્ચાઓ પછી હું એવા નિર્ણય ઉપર આવ્યો કે મારે આ૦હિં૦ફો૦માં જોડાવું; અને એ ફોજે હિંદના હિતને ખાતર મથનારી એક બળવાન, સશસ્ત્ર સુસજ્જ અને શિસ્તબદ્ધ તાકાત બનવું.

એક ઉન્નત ધ્યેયને ખાતર હું આ૦હિં૦ફો૦માં જોડાયો અને કોઇને પણ પોતાની ઇચ્છા વિરૂદ્ધ આ૦હિં૦ફો૦માં જોડાવાનું દબાણ કરવાની કે સમજાવવાની સુદ્ધાં નાનપ મેં કદી વહોરી નથી. મને ખ્યાલ છે ત્યાં સુધી તો કોઇએ ય પણ આ૦હિં૦ફો૦માં જોડાવા માટે કોઇના ઉપર દબાણ કર્યું નથી. હું જાણું છું ત્યાં સુધી આ૦હિં૦ફો૦માંનું ભરતીકામ પૂરેપૂરું સ્વેચ્છાપૂર્વકનું હતું. આ મુદ્દા ઉપર ફરિયાદપક્ષે રજૂ કરેલા પૂરાવા ખોટા છે. અને એ ગમે તેમ હોય તો પણ કહેવાતા અત્યાચારો સાથે મારે તો જરાય સંબંધ નથી અને એ વિશેની કાંઇ જાણ પણ મને છે નહિ.

પહેલેથી જ મને ખાતરી હતી કે અમારી તાકાત અમારા ધ્યેય પ્રત્યેની નિઃસ્વાર્થ અનુરક્તિમાં છે, અને મારી નેમ હતી કે હિંદ-માતાને ખાતર પોતાનું ખૂન વહાવવા જે તૈયાર થાય એવા જ માણસોની બનેલી અમારી ફોજ હોવી જોઇએ.

આ એક જ કારણસર, મોરચા ભણી રવાના થતા પહેલાં જે ઉન્નત આદર્શો ખાતર આ૦હિં૦ફો૦ ઊભી કરવામાં આવી હતી તે મેં મારા તાબા નીચેના અફસરોને અને સિપાહીઓને લંબાણપૂર્વક સમજાવ્યા હતા; અને એ આદર્શોને પરિપૂર્ણ કરવાના માર્ગમાં રહેલાં જોખમો મુશ્કેલીઓ અને યાતનાઓની વાત મેં એમને કરી હતી.

લડાઇમાં ભાગ લેવા માટે પોતાનામાં શારિરિક કે માનસિક તૈયારી નથી એવું જેમને લાગ્યું એવા ઘણાએ પાછળ રહેવાનું નક્કી કરેલું. મોરચા ઉપર પહોંચ્યા પછી પણ જેને મોરચા ઉપર ન રહેવું

હોય તેને પાછલા મથક ભણી પાછા વળવાની વધુ એક તક મેં આપેલી. આ તકનો લાભ જેમણે લીધો તેમને કાંઇ પણ સજા કર્યા વિના રંગુન પાછા મોકલવામાં આવેલા.

મારા તાબા નીચેની ટૂકડીઓમાં કોઇને એની ઇચ્છા વિરૂદ્ધ રાખવામાં આવે અને એની પાસે લડાઇ લડાવવામાં આવે એ વાતને હું ગૌરવશાળી નહોતો માનતો. તેથી હું પોપા પહોંચ્યો ત્યારે મારા સિપાહીઓને મેં ભારપૂર્વક અને જાહેરમાં કહ્યું હતું કે એમનામાંથી જેને પણ અંગ્રેજોની છાવણીમાં ચાલ્યા જવું હોય તેમને એજ વખતે એમ કરવાની છૂટ હતી: ફક્ત તેમણે પોતાનાં શસ્ત્રો મૂકતાં જવાનાં હતાં, અને એક વ્યવસ્થિત ટૂકડીમાં જવાનું હતું, કે જેથી મારી મોરચાબંધી વાટે સહીસલામત રીતે પસાર થવાની સગવડ હું એમને આપી શકું.

જેમને હું મારા અંગત મિત્રો ગણું છું તેમાં કેટલાક અંગ્રેજ સ્ત્રી-પુરૂષો પણ છે. અંગ્રેજ પ્રજા સાથે મેં કદી પણ દુશ્મનાવટ રાખી નથી. મારા તાબા નીચેના અફસરો અને સિપાહીઓને મેં સ્પષ્ટ સૂચનાઓ આપેલી હતી કે એમના હાથે પકડાયેલા ચાહે તે રાષ્ટ્રના યુદ્ધકેદીઓ પ્રત્યે એમણે માયાળુ વર્તાવ રાખવાનો છે.

હું એવો દાવો કરું છું કે આ૦હિં૦ફો૦માં રહીને લડવામાં મેં કોઇ ગુનો કર્યો નથી. ઊલટાની, મેં મારા દેશની યથાશક્તિ સેવા બજાવી છે. વધુમાં હું એવો પણ દાવો કરું છું કે એક યુદ્ધકેદી તરીકેના તમામ અધિકારો મને મળવા જોઈએ.

પોપામાંના બ્રિટિશ દળોના જે કમાન્ડરને શરણે હું અને મારી નીચે રહીને લડતા અફસરો તથા સિપાહીઓ ગયા હતા તેની ઉપર ૧૯૪૫ની ૧૮મી એપ્રિલે લખેલ ચિઠ્ઠીમાં× મેં સાફસાફ કહેલું કે અમે

× [ બહાદુરગઢ વિસ્તારના વડા મથકના ૧૨ મી ઓક્ટોબર ૧૯૪૫ના કાગળમાં આ ચિઠ્ઠીની પહોંચ સ્વીકારવામાં આવી છે, પણ એ મોજૂદ ન હોવાનું જણાવવામાં આવ્યું છે. ]

માત્ર યુદ્ધકેદીઓ તરીકે જ શરણે થવા માગતા હતા. આ ચિઠ્ઠી મળ્યા પછી જે શરતે અમે શરણે થવા માગતા હતા તેની સામે કોઈ વિરોધ વિના અમારી શરણાગતિ સ્વીકારવામાં આવેલી, અને શરણાગતિ પછી રીતસરના યુદ્ધકેદીઓ તરીકેનો જ અમારી સાથે વર્તાવ રાખવામાં આવતો હતો. અમને જો એમ કહેવામાં આવ્યું હોત કે અમે જણાવેલી શરતોએ શરણાગતિ સ્વીકારવાનું બ્રિટિશ કમાન્ડર માટે શક્ય નહોતું તો લડી લેવાનો અમારો નિર્ધાર હતો. અમે એમ કરી પણ શક્યા હોત. કારણકે અમે લગભગ ૬૦૦ ના જથ્થામાં હતા. સંપૂર્ણપણે સશસ્ત્ર અને સજ્જ હતા, તેમજ પોતાના દેશને ખાતર પોતાના ખૂનનું છેલ્લું ટીપું પણ વહાવી દેવા અમારામાંનો એકે એક જણ તૈયાર હતો.

ખૂન કરાવવાના આરોપ વિશે મારે એટલું કહેવાનું છે કે—

ડિવિઝનના કમાન્ડર તરીકેના મારા હોદ્દાની રૂઇએ ૧૯૪૫ની છઠ્ઠી માર્ચે મારે હરિસીંઘ, દુલીચંદ, દરયાવસીંઘ અને ધરમસીંઘ ઉપર કામ ચલાવવાનું હતું, ફોજમાંથી ભાગી છૂટવાનો અને દુશ્મન સાથે સંપર્ક સાધવાનો પ્રયાસ કરવાના આરોપસર કર્નલ ધિલ્લને એમને મારી સમક્ષ ખડા કરેલા હતા, આઝાદ હિંદ ફોજ કાનૂનની કલમ ૬૫ અને ૨૯ (ग) નીચે આ માણસો ગુનેગાર જણાયા હતા અને એમને મોતની સજા ફરમાવવામાં આવી હતી, તેમ છતાં એ સજાનો અમલ કરવામા આવ્યો નહોતો. એ અરસામાં એમના જેવા બીજા ઘણાની ઉપર એ રીતે કામ ચલાવીને સજા ફરમાવવામાં આવતી, પણ એમણે ક્ષમા માગ્યા પછી અને ભવિષ્યમાં ફરી ગેરવર્તન નહિ કરે એવી ખાતરી આપ્યા પછી એમને માફી અપાતી.

સજાનો અમલ કરવામાં આવ્યો હોત તો પણ ખૂન કરાવવાનો આરોપ મારી ઉપર મૂકી શકાય તેમ નથી. એ ચાર ગુનેગારો સ્વેચ્છાથી આ૦હિં૦ફો૦માં જોડાયા હતા, પોતાની જાતને એની

શિસ્તને આધીન બનાવી હતી અને આવી ગ્હેલી લડાઇમાં ભાગ લેવાનું સ્વેચ્છાપૂર્વક અને પોતાની મેળે જ એમણે નક્કી કર્યું હતું. લડાઇ ચાલુ હતી અને દુશ્મન સામે જ હતો ત્યારે બેશરમપણે ફોજમાંથી નાસી જઇને એમણે એવો ગુનો કર્યો હતો કે જેને માટે આ૦હિં૦ફો૦ કાનૂન પ્રમાણે અને દુનિયાભરના લશ્કરી કાનૂન પ્રમાણે એમને મોતની સજા થઇ શકે.

દુશ્મન પાસે જે માહિતી લઇ જવાનો પ્રયાસ એમણે કરેલો તેથી મારા તાબા નીચેના તમામ દળોનો વિનાશ થઇ ચૂક્યો હોત, મને કાયદેસર રીતે આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને યોગ્ય ખટલો ચલાવ્યા પછી જ એ સજા ફરમાવવામાં આવી હતી.

હિંદુસ્તાનને સ્વાધીન બનાવવાના પોતાના પ્રથમ ઉદ્દેશમાં આ૦હિં૦ફો૦ નિષ્ફળ ગઇ છે, તેમ છતાં અમારામાંના દરેકને એ સંતોષ છે કે મલાયા, બરમા અને દક્ષિણ–પૂર્વ એશિયામાંના હિંદીઓના જાનમાલ અને ગૌરવનું તમામ આક્રમણકારો સામે રક્ષણ કરવાનું ધ્યેય એણે સંપૂર્ણપણે હાંસલ કર્યું છે. આ ખટલાની શરૂઆત થયા પછી રંગુનના હિંદી–ખ્રિસ્તિ સંઘ તરફથી અને બરમા હિંદી સંઘ તરફથી મને મળેલા તાર, કે જે મેં આ નિવેદન સાથે રજૂ કર્યા છે તે, આ વાતની પુરતી સાબિતિ આપી રહે છે.'

છેલ્લે આવ્યા લેફ્ટનન્ટ ધિલન પોતાના નિવેદનમાં એમણે કહ્યું કે—

'દહેરાદૂનમાંની ઇન્ડિયન મિલિટરી એકેડેમી' (હિંદી લશ્કરી વિદ્યાપીઠ)માં જ હું મારા દેશની સર્વોપરિ સેવા બજાવવાનું શીખ્યો હતો. ત્યાં ચેટવૂડ ખંડમા મોટા સોનેરી અક્ષરોમાં મેં વાંચેલું કે: "તારા દેશનું ગૌરવ, એની આબાદી અને એની સલામતી હંમેશા સૌથી પહેલાં આવે છે. દરેક વખતે એ જ પહેલાં આવે છે. તે પછી આવે છે તારા હાથ નીચેના સિપાહીઓની સગવડ, એમની સલામતી

અને એની આબાદી. અને તારી પોતાની સલામતી અને તારી સગવડો હંમેશા સૌથી છેલ્લી આવે છે, દરેક વખતે એ જ છેલ્લી આવે છે." આ સૂત્ર મેં વાંચ્યું તે દિવસથી મારા દેશ પ્રત્યેની અને મારા સિપાહીઓ તરફની કર્તવ્ય-ભાવના મારા વિચારોમાં ગમે તેવા સંજોગોમાં પણ અગ્રસ્થાને રહી છે. મારી નજર સામે આ સૂત્ર રાખીને જ હિંદી લશ્કરના એક અફસર તરીકે મેં મારા દેશની સેવા કરેલી.

સિંગાપુરની શરણે થઈ જવાનું છે એવી અફવાઓ સાંભળીને બિદાદરીની છાવણી ખાલી કરતી વખતે મેં હજારો હિંદીઓને એક ખુલ્લી જગ્યામાં ભેગા મળેલા જોયા. એમણે ઘણા હિંદી રાષ્ટ્રધ્વજો ફરકાવ્યા હતા. આ જ્યારે મેં મારી સાથેના એક બ્રિટિશ કર્નલને દેખાડયું ત્યારે એણે કહ્યું: 'હું એમનો દોષ નથી જોતો. જો આપણે રક્ષણ ન કરી શકીએ તો પછી એમણે પોતે જ પોતાની સંભાળ લેવી રહે છે.'

મલાયાના રક્ષણ માટે જેણે જવાબદારી લીધી હતી એ બ્રિટિશ સરકારની તૈયારીઓના સદંતર અભાવને લીધે જાપાનીસ આક્રમણને પરિણામે મલાયાની પ્રજાને જે સહન કરવું પડયું હતું એ મેં જોયું હતું. અને હિંદુસ્તાન ઉપર ચડાઇ થાય તો મારા દેશવાસીઓની શી હાલત થાય તેનો વિચાર કરતાં પણ હું ધ્રૂજી ઊઠયો હતો. દોઢ સૈકાની બ્રિટિશ હકૂમતે મારા દેશનું જે સત્યાનાશ વાળ્યું છે તે મને એ વખતે સમજાયું.

મેં મનમાં વિચાર્યું કે અમારી તમામ ભૌતિક સાધનસંપત્તિનું અંગ્રેજોએ પોતાના લાભ માટે શોષણ કર્યું છે, અને પોતાનાં શાહીવાદી યુદ્ધો લડવા ખાતર અમારા માનવબળનો છૂટથી ઉપયોગ કર્યો છે: તેમ છતાં જરૂર પડયે અમારી માતૃભૂમિનું રક્ષણ કરવા એણે અમને તૈયાર નથી કર્યા, એટલું જ નહિ પણ સદાકાળને માટે બંધનમાં રાખવા માટે અમને પૂરેપૂરા નીર્વીર્ય બનાવી દીધા છે.

મને લાગ્યું કે જો હિંદુસ્તાન આઝાદ હોત અને પોતાનું સંરક્ષણ સાંભળી શકે તેવી સ્થિતિમાં હોત તો એના સીમાડા ભેદવાનો વિચાર કોઈ આક્રમણકારને આવી શકયો ન હોત. મોહનસીંઘે ઊભી કરવા ધારેલી આઝાદ હિંદ ફોજમાં હિંદુસ્તાન માટે મેં એક નવી આશા ભાળી. મને લાગ્યું કે જો એક બળવાન અને સ્વૈચ્છિક રાષ્ટ્રીયફોજ ઊભી કરી શકાય તો એ હિંદને પરદેશી હકૂમતમાંથી મુક્ત કરી શકે એટલુંજ નહિ પણ જો જાપાનીઓ પોતાના વચનનો ભંગ કરે અને આઝાદી જીતવામાં અમને મદદ કરવાને બદલે અમારા દેશનું પોતાના લાભને ખાતર શોષણ કરવા માંડે તો એમનો પણ સામનો કરી શકે. આવી ફોજ, દૂર પૂર્વમાંના અમારા હિંદી ભાઇ-બહેનોનું પણ બીજા રાષ્ટ્રની પ્રજાના હુમલા સામે રક્ષણ કરી શકે. હિંદમાતા જાણે મને સાદ કરી રહી અને એ સાદનો જવાબ દેવાનો અને મોહન-સીંઘ સાથે ઝંપલાવવાનો મેં નિર્ણય કર્યો. સુભાષ બોઝ નીચેની બીજી આ૦ હિં૦ ફો૦માં રહેવાનો નિર્ણય પણ મેં તે પછી કરેલો.

મારી જાણમાં છે ત્યાં સુધી આ૦ હિં૦ ફો૦માં જોડાવા માટે કોઈ યુદ્ધકેદી ઉપર દબાણ કે બળજબરી વાપરવામાં આવ્યાં નથી. ખરી રીતે તો એવા ઉદ્દેશ માટે દબાણ કે બળજબરી વાપરવાનું સાવ બિનજરૂરી હતું કારણકે અમારી પાસે હંમેશાં વધારાના સ્વયંસેવકોનો એક મોટો જથ્થો ફાજલ રહેતો હતો કે જેમને સરંજામના અભાવે અમે હથિયાર પૂરાં પાડી શકતા નહોતા અને તાલીમ આપી શકતા નહોતા.

મેં કરેલા બધાં ભાષણોમાં મારા શ્રોતાઓને મેં કહેલું કે તમને તમારા દેશ ઉપર પ્રેમ હોય અને એને ખાતર દરેક જાતની મુસીબતો અને યાતનાઓ સહન કરવાની તૈયારી અને તાકાત હોય તો જ ભરતી થજો. લડાઈમાં ઊતરતી વેળાએ મારા હાથ નીચેના માણસોને મેં ફરીવાર ચેતવ્યા હતા. કેટલાક અફસરોએ અને સિપાહીઓએ પોતાની

અનિચ્છા દર્શાવી અને મારી રેજિમેન્ટ મ્યિનગાન છોડી ગઇ તે પહેલાં ૨૦૦ માણસોને રંગુન પાછા મોકલવામાં આવ્યા હતા. ફોજમાં ભરતી થવાનું દબાણ યુદ્ધકેદીઓ ઉપર લાવવા માટે એમને કેદ–છાવણીમાં કે નજરકેદમાં રાખવામાં આવતા એવી જે જુબાની ફરિયાદપક્ષના સાક્ષીઓએ આપી છે તે સદંતર ખોટી છે. એકેય કેદ–છાવણીની હયાતી જ હતી નહિ. એક અટકાયતી–છાવણી હતી ખરી અને એમાં શિસ્તભંગના કે બીજા ગુનાઓ પ્રમાણે અપરાધી ઠરાવાયેલાઓને સજા તરીકે મોકલવામાં આવતા. પણ આ૦હિં૦ફો૦માં ભરતી–કાર્ય અંગે એ છાવણીને કોઈ જાતનો કે કોઇ ભાતનો સંબંધ હતો નહિ. ઊલટાના અટકાયતી–છાવણીમાં રખાયેલા માણસો સામેથી આવીને માગણી કરે તો પણ તેમને ભરતી કરવામાં આવતા નહોતા. કારણકે છાવણીમાં અમુક મુદત સુધી અટકાયતી તરીકે કોઇ રહે તો એ જ બતાવી આપે કે એનામાં ચારિત્રની કોઈ ખામી છે; અને એ રીતે આ૦હિં૦ફો૦ના સભ્યપદ માટે એ નાલાયક ઠરે.

ફોજમાંથી નાસી છૂટવાના અને દુશ્મન સાથે મળી જવાના પ્રયાસ કરવાના આરોપસર મેં ચાર સિપાહીઓને ખટલા માટે રજૂ કર્યા હતા એ વાત સાચી છે. પણ એ માણસોને મારા કહેવાથી કે મારા ફરમાન પ્રમાણે ગોળીએ દેવામાં આવ્યા હતા એ સાવ ખોટું છે. જે દિવસે અને જે સમયે એમને ગોળીએ દેવાયાનું કહેવામાં આવે છે એ વખતે હું પથારીવશ હતો અને હાલીચાલી શકતો નહોતો.

સાચી વાત તો એ છે કે આ માણસોને ફરમાવાયેલી મોતની સજા પાછળથી ડિવિઝનના કમાન્ડરે રદ કરી હતી અને એનો કદી અમલ થયો નહોતો.

મેં જે કાંઇ કર્યું છે તે આઝાદ હિંદની કામચલાઉ સરકાર નીચે રહીને લડતા, રીતસરના અને સુવ્યવસ્થિત લશ્કરના એક સભ્ય તરીકે કર્યું છે. અને તેથી એવા લશ્કરના સભ્ય તરીકેની મારી ફરજ

બજાવતાં મેં કોઈપણ કામ કર્યું હોય તો એ ગુનાસર મારી ઉપર હિંદી લશ્કરી કાનૂન પ્રમાણે અને હિંદના ફોજદારી કાયદા પ્રમાણે આરોપ મૂકી શકાય નહિ, તેમ કામ પણ ચલાવી શકાય નહિ.

વધુમાં મને એવી સલાહ આપવામાં આવી છે કે કાયદાની દૃષ્ટિએ જોતાં આ લશ્કરી અદાલતમાં ચાલતો મારો ખટલો ગેર-કાયદેસર છે. ઊંચામાં ઊંચા અને શ્રેષ્ટમાં શ્રેષ્ઠ ઇરાદાઓથી હું આ૦હિં૦ફો૦માં જોડાયેલો. આ૦હિં૦ફો૦ના સભ્ય તરીકે હું સંખ્યા-બંધ યુદ્ધકેદીઓને પૈસા અને ચીજવસ્તુઓની મદદ કરી શકયો છું. દૂર પૂર્વમાં વસતા હિંદીઓના જાનમાલ અને ઇજ્જતનું રક્ષણ આ૦હિં૦ફો૦ કરી શકી છે.

હિંદુસ્તાનના શહેરોમાંના નાગરિકો અને તેમની માલમિલકતો ઉપર બોંબમારો ન કરવાનું હું જાપાનીઓને સફળતાપૂર્વક સમજાવી શકયો હતો. આ૦હિં૦ફો૦એ બજાવેલી એમની સેવાની કદર તરીકે દૂર પૂર્વમાંના હિંદીઓને આઝાદ હિંદની કામચલાઉ સરકારના ફાળા-માં કરોડો રૂપિયા આપ્યા હતા.

અનેક પ્રસંગોએ મારે ૨૦ થી ૩૦ કલાક સુધી પાણી વિના ચલાવી લેવું પડયું હતું, અને ખોરાક વિના બે-ત્રણ દિવસો ગાળવા પડયા હતા. એક બ્રિગેડના કમાન્ડર તરીકે જો મારે આ બધી મુસીબતો વેઠવી પડી હોય તો મારા હાથ નીચેના માણસોને તો એથીય ઘણું વધારે સહન કરવું પડયું હશે, અને છતાં એ મારી સાથે જ રહ્યા હતા. દબાણથી કે બળજબરીથી ભરતી થયેલા કોઇ પણ સિપાહીઓ એમ ન કરી શકયા હોત.

હું સવિનય એવી માન્યતા ધરાવું છું કે આઝાદ હિંદની કામ-ચલાઉ સરકાર પ્રત્યે વફાદારી બતાવતા પચીસ લાખ હિંદીઓની માનભરી સેવા આ૦હિં૦ફો૦એ કરી છે અને અત્યંત દેશપ્રેમી ઇરાદાઓથી એ પ્રેરાયેલી હતી.

# પાંચ જાપાનીસ સાક્ષીઓની જુબાની

**૮ મી ડિસેંબર : શનિવાર** :૧૩:

જાપાનીસ પરદેશખાતાના એક અમલદાર શ્રી ઓહ્ટાએ આજે બચાવ પક્ષના સૌ પહેલા સાક્ષી તરીકે શુદ્ધ અંગ્રેજીમાં જુબાની આપી. એમની સોગંદવિધિ વેળા એમના હાથમાં કોઇ ધાર્મિક પુસ્તક હતું નહિ. એમણે કહ્યું કે—

'જાપાનીસ પરદેશખાતાનો હું એક અમલદાર છું. આખી લડાઈ દરમિયાન મેં મારો આ હોદ્દો જાળવ્યો છે. આઝાદ હિંદ સરકારની સ્થાપનાની જાહેરાત ૧૯૪૩ની ૨૧મી ઓકટોબરે થઇ હતી. જાપાનની સરકારે એની સાથે એક આઝાદ અને સ્વતંત્ર સરકાર તરીકેનો સંબંધ રાખ્યો હતો અને શકય તેટલી બધી મદદ એને કરી હતી.'

તે પછી શ્રી ભુલાભાઇએ કેટલાક દસ્તાવેજોની નકલો રજૂ કરી. અસલ દસ્તાવેજો ટોકીઓમાંના અમેરિકન લશ્કરી સત્તાવાળાઓ પાસે છે અને આ ખટલામાં ઉપયોગ કરવા માટે એમણે એની નકલો પૂરી પાડી છે. પછી શ્રી ઓહ્ટાએ કહ્યું કે આઝાદ હિંદ સરકારની સ્થાપના અને તેના સ્વીકારને લગતી જાપાની સરકારના માહિતી-ખાતાની એક જાહેરાતનો મૂળ મુસદ્દો એમણે ઘડયો હતો. ૧૯૪૩ની ૨૩મી ઓકટોબરે જાપાની સરકારે કરેલું નીચેનું નિવેદન પણ સાચું હોવાની એમણે ખાતરી આપી;—

'શ્રી સુભાષચંદ્ર બોઝની આગેવાની નીચે સ્થાપાયેલી આઝાદ હિંદ સરકાર અંગે જાપાનની શાહી સરકારને શ્રદ્ધા છે કે સ્વતંત્રતા માટેની હિંદી પ્રજાની લાંબા કાળની ઉમેદો પરિપૂર્ણ કરવામાં આ એક અગત્યનું પગલું છે અને તેને પૂરી મદદ કરવાનો એ કોલ આપે છે. એ સરકારનો આઝાદ હિંદની કામચલાઉ સરકાર તરીકે જાપાની

સરકાર સ્વીકાર કરે છે અને આથી જાહેર કરે છે કે એનું ધ્યેય હાંસલ કરવા માટે તેને પોતાના તરફથી શક્ય તેટલી તમામ મદદ કરવામાં આવશે.'

તે પછી બૃહદ્ પૂર્વ એશિયાઇ રાષ્ટ્રોના સંમેલન સમક્ષ ૧૯૪૩ની ૬ ઠ્ઠી નવેંબરે જાપાની વડા પ્રધાન સેનાપતિ ટોજોએ કરેલા એક ભાષણની નકલ શ્રી ભુલાભાઇએ સાક્ષીને આપી. એ ભાષણમાં ટોજો આમ બોલ્યા હતા :—

'આઝાદ હિંદની કામચલાઉ સરકારનો પાયો હવે વધુ મજબૂત બન્યો છે અને એ સરકાર નીચે હિંદી દેશભક્તોએ પોતાનું નિશ્ચલ ધ્યેય હાંસલ કરવાનો અફર નિર્ધાર કર્યો છે, એટલે આ પ્રસંગે હું જાહેર કરું છું કે આઝાદી માટેની હિંદની લડતમાં મદદ કરવાના પોતાના નિર્ધારની પ્રથમ સાબિતિ તરીકે, શાહી જાપાની દળોના કબજામાં અત્યારે રહેલી હિંદી ધરતીના આંદામાન અને નીકોબાર ટાપુઓને આઝાદ હિંદની કામચલાઉ સરકારની હકૂમત નીચે ટૂંક સમયમાંજ મૂકવા જાપાનની શાહી સરકાર તૈયાર છે. હિંદુસ્તાનને તેની આઝાદીની લડતમાં સંપૂર્ણ સહકાર આપવાનો જાપાનનો નિર્ધાર છે. જાપાન એ જોવા આતુર છે કે સામે પક્ષે હિંદીઓ પણ એ દિશામાંના પોતાના પ્રયત્નો બમણા કરે.'

સાક્ષીએ કહ્યું કે મૂળ જાપાનીસ ભાષણનો આ સાચો અને સત્તાવાર અનુવાદ છે. વધુમાં એમણે જણાવ્યું કે આઝાદ હિંદ સરકાર ઉપરના જાપાનીસ સરકારના રાજદ્વારી પ્રતિનિધિ તરીકે શ્રી હાચિયાની નિમણુક કરવામાં આવી હતી. ઊલટતપાસમાં સાક્ષીએ જણાવ્યું કે આંદામાન અને નીકોબાર ટાપુઓની સોંપણી કરવા માટે જાપાનીસ સરકારે શું પગલાં લીધાં હતાં તેની એમને જાણ નથી.

બીજા જાપાનીસ સાક્ષીઓની જુબાનીનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં મદદ કરવા માટે સાક્ષીને અદાલતમાં રહેવાની અને બચાવપક્ષના મેજ ઉપર બેસવાની રજા અદાલતે શ્રી ભુલાભાઇની વિનંતિથી આપી.

બીજા જાપાનીસ સાક્ષી શ્રી માત્સુઓ મોટોએ કહ્યું કે, '૧૯૪૨ -ના નવેંબરથી ૧૯૪૪ના ઍકટોબર સુધી અને ફરી પાછો ૧૯૪૫ ના મે થી તે લડાઇના અંત સુધી હું જાપાનીસ સરકાના પરદેશ-ખાતાનો નાયબ-પ્રધાન હતો. અગાઉ હું સંધિ-ખાતાનો કાર્યવાહક હતો. પરદેશો સાથેની સંધિને લગતી બાબતોનો નિકાલ આ ખાતું કરતું હતું. આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના થયાની મને ખબર છે. આઝાદ હિંદ સરકારને લગતા કેટલાક દસ્તાવેજો મેં ટોકીઓમાંની પરદેશખાતાની કચેરીમાં જોયા હતા. જર્મની, ઇટલી, મંચુકુઓ, ચીન, ફિલિપાઇન્સ, થાઇલેન્ડ અને બરમાએ આઝાદ હિંદની કામચલાઉ સરકારનો સ્વીકાર કર્યો હતો.'

બૃહદ્ પૂર્વ એશિયા-દિનના સંમેલનમાં ૧૯૪૩ ની ૬ઠ્ઠી નવેંબરે વડાપ્રધાન ટોજોએ કરેલા ભાષણની એક નકલ એમને બતાવવામાં આવતાં સાક્ષીએ કહ્યું કે એ વખતે પોતે ત્યાં હાજર હતા અને એ નિવેદન સાચું છે. ઊલટતપાસમાં એમણે જણાવ્યું કે—

'૧૯૪૦ના ડિસેંબરથી ૧૯૪૨ના નવેંબર સુધી હું સંધિ-ખાતાનો કાર્યવાહક હતો. આ સમય દરમિયાન ટોકીઓમાંના હિંદી સ્વાતંત્ર્ય સંઘ સાથે મારે કાંઇ સંબંધ હતો નહિ...રાશબિહારી બોઝને હું ઓળખતો નથી. પણ હિંદી સ્વાતંત્ર્ય સંઘ સાથે એમને કાંઇક સંબંધ હતો એ હું જાણું છું.

**સવાલ :** લડાઇની જાહેરાત પહેલાં લાંબા કાળથી જાપાનીસ સરકાર હિંદી સ્વાતંત્ર્ય સંઘની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતી હતી ખરી ?

**જવાબ :** એ વિષે હું કાંઇ પણ જાણતો નથી.

**સ૦**—લડાઇ પહેલાં લાંબા વખતથી હિંદમાં અશાંતિ ઊભી કરવાની અને તેને ઉત્તેજન આપવાની જાપાનીસ સરકારની નીતિ હતી ?

**જ૦**—એવી કોઇ નીતિ વિષે મને કાંઇ ખબર નથી.

સ૦—કામચલાઉ સરકારનો સ્વીકાર કરવાના પ્રશ્નની વિચારણા સૌ પહેલી ક્યારે થઇ તે તમે કહી શકશો ?

જ૦—૧૯૪૩ના ઓક્ટોબર કે નવેંબરના અરસામાં.

સ૦—મલાયામાંના હિંદી સ્વાતંત્ર્ય સંઘના નેતાઓએ ૧૯૪૨-ના માર્ચ જેટલા વહેલા જાપાની સરકારને કામચલાઉ સરકારનો સ્વીકાર કરવાનું તેમજ પોતાના સાથીરાજ્યોને પણ એનો સ્વીકાર કરવા કહેવાનું કહ્યું હતું ખરું ?

જ૦—મને એનો ખ્યાલ નથી.

સ૦—તમે સુભાષચંદ્ર બોઝને ઓળખતા હતા ?

જ૦—૧૯૪૩ના એપ્રિલમાં એ જ્યારે જર્મનીમાંથી આવ્યા ત્યારે હું પહેલવહેલો એમને મારા સરકારી રહેઠાણે મળેલો.

જ૦—એમને જર્મનીથી મોકલવાનું જાપાનીસ સરકારે જર્મન સરકારને કહેલું ?

જ૦—એમને જાપાન મોકલવાની વ્યવસ્થા જર્મન સરકાર સાથે કરવામાં આવી હતી.

સ૦—એટલા માટે કે ઓ જાપાનને મદદ કરે ?

જ૦—ના. એટલા માટે કે હિંદની સ્વતંત્રતાની માગણી કરવાથી જાપાનીસ યુદ્ધનેમોને મદદ થશે એમ માનવામાં આવતું હતું. સાથે સાથે, હિંદની સ્વતંત્રતા મેળવવામાં જાપાનીઓ આ માણસને મદદ કરવા માગતા હતા.

સ૦—જાપાનીઓએ પોતાની મેળે જ કર્યું હતું કે કોઈની વિનંતિથી ?

જ૦—પોતાની મેળે જ.

સ૦—લડાઇ જીતવાનો આ એક રસ્તો છે એમ જાપાનીસ સરકાર માનતી હતી ?

જ૦—જાપાનીસ યુદ્ધનેમોને મદદ કરવાનો એ રસ્તો હતો.

સ૦—જ્યારે સુભાષ બોઝને તેડાવવામાં આવ્યા ત્યારે જાપાનીસ સરકાર એમ જાણતી હતી કે આઝાદ હિંદની કામચલાઉ સરકારના અને આ૦હિં૦ફો૦ના વડા એમને બનાવવાના છે ?

જ૦—હું સમજું છું ત્યાં સુધી સુભાષચંદ્ર બોઝ બેઉના વડા થનારા હતા.

સ૦—એ જાપાનમાં કયારે આવેલા ?

જ૦—૧૯૪૩ના એપ્રિલના અરસામાં.

સ૦—કામચાઉ સરકારની સ્થાપના થવાની છે એ તમે કયારે સાંભળ્યું ?

જ૦—૧૯૪૩ના એપ્રિલના અરસામાં, જાપાનીસ સરકારને ખબર હતી કે એવી સરકારની સ્થાપના થવાની છે; અને સુભાષચંદ્ર બોઝ તેના વડા થવાના છે, અને જાપાનીઓ એ સરકારનો સ્વીકાર કરશે તેમજ એને મદદ કરશે,

સ૦—આઝાદ હિંદની સરકારનો સ્વીકાર કરવો એ જાપાનીસ યુદ્ધવ્યૂહનો એક ભાગ હતો ?

જ૦—એથી જાપાનની યુદ્ધનેમોને મદદ મળે એ એને માટેનું એક જ કારણ હતું.

સ૦—આઝાદ હિંદ સરકારનો સ્વીકાર કરવાનું જાપાને જ તેના સાથી રાજ્યોને કહેલું ?

જ૦—સુભાઝ બોઝે જાપાનીસ સરકાર દ્વારા તેના તમામ સાથી રાજ્યોને કામચલાઉ સરકાર કરવાનું કહેલું.

સ૦—પોતાના યુદ્ધવ્યૂહના એક હિસ્સા તરીકે જાપાનીસ સરકારે પોતાના સાથીરાજ્યોને કામચલાઉ સરકારનો સ્વીકાર કરવાનું કહેલું ?

જ૦—એમણે એમ કર્યું કારણકે એ જાપાનના લાભમાં હતું. જાપાનને લાગેવળગે છે ત્યાં સુધી આઝાદ હિંદ ફોજની આઝાદીની

લડાઈ સમૂળગી સ્વતંત્ર હતી. અને જાપાનીસ નિયંત્રણ નીચે નહોતી. ચીનની નાનકીંગ–સરકારે આઝાદ હિંદની કામચલાઉ સરકારનો સ્વીકાર કરેલો.

સ૦—નાનકીંગ સરકાર જાપાનીઓના કાબૂ હેઠળ હતી ?

જ૦—જાપાનીસ લશ્કર ત્યાં હતું ખરું, પણ એ ત્યાંનો કબજો સંભાળવા માટે નહોતું. એ નાનકીંગ સરકારને મદદ કરતું ખરું પણ જાપાન અને તેના સાથી રાજ્યો એ સરકારને બિલકુલ સ્વતંત્ર ગણતાં હતાં.

સ૦—તે સિવાય દુનિયાનાં બીજાં કયાં રાષ્ટ્રોએ નાનકીંગ–સરકારનો સ્વીકાર કર્યો હતો ?

જ૦—સ્પેઈને નાનકીંગ સરકારને સ્વતંત્ર ગણીને તેનો સ્વીકાર કર્યો હતો......ફિલિપાઈન્સ અને થાઈલેન્ડમાં પણ જાપાનીસ લશ્કર હતું પણ એ ત્યાંનો કબજો સંભાળવા માટે નહોતું. આ દેશોને તે સ્વતંત્રતા આપી ચૂક્યું હતું.. બરમાનું પણ એમ જ હતું. બરમામાંના જાપાનીસ લશ્કરનું સંખ્યાબળ હું જાણતો નથી.

ભુલાભાઈ—હિંદુસ્તાન અંગેની જાપાનીસ યુદ્ધનેમો શી હતી ?

જ૦—હિંદને લગતી જાપાનીસ યુદ્ધનેમો તેને સ્વતંત્ર બનાવવાની હતી.

## ૧૦મી ડિસેંબર : સોમવાર : ૧૪ :

બચાવપક્ષના ત્રીજા સાક્ષી હતા શ્રી રેન્ઝુ સાવાડા. એમણે કહ્યું કે ૧૯૪૪ના ઓકટોબરથી ૧૯૪૫ના મે સુધી એ જાપાની પરદેશ-ખાતાના નાયબ–પ્રધાન હતા, મુત્સદ્દી–ખાતાની નોકરીમાં એ ૧૯૧૪–માં દાખલ થયેલાં, અને લંડન, પેરિસ અને બીજાં સ્થળોમાંના એલચીખાંતાઓમાં વીસથી વધુ વર્ષો કામ કર્યું હતું.

સ૦—તમે પરદેશખાતાના નાયબ-પ્રધાન હતા તે કાળ પૂરતી જ તમારા જવાબોની મર્યાદા રાખીને મને જણાવો કે, આઝાદ હિંદની કામચલાઉ સરકાર વિષે તમને જાણ હતી ?

જ૦—હા.

સ૦—એ સરકાર ઉપર નીપોનના એક એલચીની નિમણુક કરવા સાથે તમારે કાંઇ સંબંધ હતો ?

જ૦—હા.

સ૦—એલચી નિમવાનો નિર્ણય કયારે લેવાયો હતો ?

જ૦—૧૯૪૪ના નવેંબરમાં

સ૦—એલચી તરીકે કોની નિમણુક કરવામાં આવેલી ?

જ૦—શ્રી હાચિયાની.

સ૦—પોતાની કામગીરીની શરૂઆત એમણે કયારે કરેલી ?

જ૦—આઝાદ હિંદ કામચલાઉ સરકારની બેઠક રંગુનમાં એ ૧૯૪૫ના માર્ચમાં પહોંચ્યા હતા એમ હું ધારૂં છું

ઊલટતપાસમાં—

સ૦—શ્રી હાચિયાની એલચી તરીકે નિમણુક કરવામાં આવી તેને લગતા કોઇ દસ્તાવેજો છે ?

જ૦—કામચલાઉ સરકાર ઉપર એક પ્રતિનિધિ મોકલવાના પોતાના નિર્ણયની સરકારે જાહેરાત કરી હતી.

સ૦—એ જાહેરાત કયાં કરાઇ અને કઇ રીતે ?

જ૦—સત્તાવાર ગેઝેટમાં.

સ૦—શ્રી હાચિયા ૧૯૪૫ના માર્ચમાં રંગુન પહોંચ્યા પછી એમની તરફથી તમને કાંઇ સંદેશા મળ્યા હતા ?

જ૦—હા.

સ૦એ મોજૂદ છે ?

જ૦—એ ટોકીઓમાં છે.

સ૦—શ્રી હાચિયા રંગુન ગયા ત્યારે એમને કાંઇ દસ્તાવેજો. એટલે કે કાગળો કે ઓળખાણ–પત્રો આપવામાં આવ્યા નહોતા એનું કારણ એ હતું કે આઝાદ હિંદની સરકાર કામચલાઉ હતી. પણ શ્રી હાચિયા રંગુન પહોંચ્યા પછી શ્રી સુભાષચંદ્ર બોઝના કહેવાથી જાપાનીસ સરકારે ઓળખાણ–પત્રો આપવાનો નિર્ણય કર્યો. ઓળખાણ –પત્રો ઉપર નામદાર શહેનશાહના રીતસરનાં સહીસિક્કા કરવામાં આવેલા, અને ૧૯૪૫ના મેની અધવચ્ચે એ શ્રી હાચિયાને મોકલવામાં આવેલા. પણ ટપાલવ્યવહારના ત્યારના સંજોગોને કારણે એ એમના મુકામે ખરેખર પહોંચ્યા નહોતા.

સ૦—શ્રી હાચિયા પાસે ઓળખાણ–પત્રો નહોતાં તેથી હકીકતમાં તો એમણે એલચી તરીકે કામ કર્યું જ નહોતું એ તમે જાણો છો?

જ૦—એમણે કામ કર્યું જ હતું કામચલાઉ સરકારના પરદેશ-પ્રધાનની મુલાકાતે એ ગયેલા, અને ઓળખાણ–પત્રો રજૂ થયાં તે પહેલાં પરદેશ–પ્રધાને પણ એમની વળતી મુલાકાત લીધેલી. એલચી તરીકે એ કામ કરી શકે તેવી સ્થિતિમાં હતા એમ હું માનું છું.

સ૦—આ મુલાકાતે જવા અને વળતી મુલાકાત મેળવવા સિવાય શ્રી હાચિયાએ એલચી તરીકે કાંઇપણ કામ કર્યું હતું?

જ૦—પરદેશ પ્રધાન સાથે એમને કચેરી–વ્યવહાર શા થયા તે હું જાણતો નથી.

સ૦—તમે તો એટલું જ જાણો છો કે એમણે મુલાકાત લીધી હતી.

જ૦—હા.

જ૦—કામચલાઉ સરકારના પરદેશ પ્રધાનનું નામ તમે જાણો છો?

જ૦—ના.

સ૦—પરદેશ પ્રધાને વળતી મુલાકાત લીધેલી એ તમે ક્યાંથી જાણ્યું?

જ૦—શ્રી હાચિયાના અહેવાલમાંથી.

સ૦—હું તમને કહું છું કે શ્રી હાચિયા પાસે ઓળખાણ–પત્રો નહોતા તેથી એમની સાથે કાંઈપણ વ્યવહાર રાખવાનો શ્રી સુભાષચંદ્ર બોઝે ઇન્કાર કરેલો? એ સાચું છે?

જ૦—હા, શ્રી હાચિયાના અહેવાલ પ્રમાણે એ સાચું છે.

સ૦—અને તમે એમ કહો છો કે શ્રી સુભાષચંદ્ર બોઝના કહેવાથી જાપાનીસ સરકારે ઓળખાણ–પત્રો મોકલવાનો નિર્ણય કરેલો?

જ૦—હા.

સ૦—એ વિનંતિ લેખિત હતી?

જ૦—ના.

સ૦—એવી મતલબનો કોઇ અહેવાલ શ્રી હાચિયા તરફથી તમને મળ્યો હતો?

જ૦—હા.

સ૦—હકીકતમાં તો ઓળખાણપત્રો એમને રંગુન કદી પહોંચ્યા જ નહોતા ને?

જ૦—ના.

સ૦—ટોકીઓથી ઓળખાણ–પત્રો રવાના થયા તેની તારીખ તમે આપી શકશો?

જ૦—૧૮૪૫ના મેની અધવચમાં

સ૦—બ્રિટિશ લશ્કરે તેની ૩જીએ રંગુનમાં પ્રવેશ કર્યો હતો તે તમે જાણો છો?

જ૦—હા.

સ૦—અને જાપાનીસ સેનાએ એપ્રિલની ૩૦મી સુધીમાં રંગુન ખાલી કરી નાખ્યું હતું ?

જ૦—હા.

સ૦—સુભાષચંદ્ર બોઝ પોતે એપ્રિલની ૨૪મીએ રંગુન છોડી ગયા હતા ?

જ૦—મને ખબર નથી.

સ૦—શ્રી હાચિયાએ રંગુન ક્યારે છોડયું હતું ?

જ૦—લગભગ એપ્રિલની આખરમાં.

સ૦—અને ઓળખાણ-પત્રો શ્રી હાચિયા માટેના હતા ?

જ૦—હા, એ જ્યાં હોય ત્યાં એમને એ મોકલી આપવાના હતા.

સ૦—એ કઇ જગ્યાએ મોકલી અપાયા હતા તે તમે જાણો છો ?

જ૦—ના.

સ૦—રંગુન છોડયા પછી શ્રી હાચિયા ક્યાં હતા તે તમે નથી જાણતા ?

જ૦—ના.

સ૦—એ જાપાન પાછા ફરેલા ?

જ૦—ના. એ બેંગકોક ગયેલા.

સ૦—બેંગકોકમાં એ લડાઇના અંત સુધી, એટલે કે ઑગસ્ટની અધવચ સુધી રહેલા ?

જ૦—હા.

સ૦—બેંગકોકથી તમને એમની તરફથી એકેય અહેવાલ મળ્યો નહોતો ?

જ૦—સંદેશાવ્યવહાર જરાય હતો જ નહિ.

તે પછીના સાક્ષી શ્રી તેરુરો હાચિયાએ કહ્યું કે—

'આઝાદ હિંદની કામચલાઉ સરકાર ઉપરના એલચી તરીકે મને જાપાનીસ સરકારે મોકલેલો. ૧૯૪૫ના માર્ચમાં હું રંગુન પહોંચ્યો, અને કામચલાઉ સરકારના પરદેશ પ્રધાન કર્નલ ચેટરજીને મળ્યો. રંગુનમાં હું ૧૯૪૫ની ૨૪મી એપ્રિલ સુધી હતો. કામચલાઉ સરકારના બીજા એક સભ્ય શ્રી અય્યરને હું મળેલો. રંગુનથી હું બેંગકોક ગયેલો અને કામચલાઉ સરકાર પણ રંગુનથી બેંગકોક ખસેડવામાં આવેલી. મને દિલ્હી લાવવામાં આવ્યો ત્યાં સુધી હું બેંગકોકમાં જ હતો.'

**સ૦**—તમે રંગુન આવ્યા ત્યારે કાંઇ ઓળખાણ-પત્રો લાવેલા ?

**જ૦**—હું કાંઈ ઓળખાણ-પત્રો લાવ્યો નહોતો. પણ પહોંચ્યા પછી પરદેશ પ્રધાન કર્નલ ચેટરજીની મુલાકાતે હું ગયેલો. રંગુન જતાં પહેલાં હું ટોકીઓમાં હતો. રંગુન જવાનો હુકમ મને જાપાનીસ પરદેશ-પ્રધાન શ્રી શિગેમિત્સુ તરફથી મળેલો. આઝાદ હિંદ સરકાર ઉપર મને મોકલવામાં આવ્યો તે અગાઉ હું જાપાનીસ મુત્સદ્દી-ખાતામાં હતો. પોલેન્ડમાંના જાપાનીસ એલચીખાતામાં પણ હતો. બલ્ગેરીઆ ખાતેનો એલચી હતો અને પરદેશ ખાતાના ટોકીઓમાંના સાંસ્કારિક ખાતાનો વડો પણ કેટલાક વખત માટે હતો. હું રંગુન કોઇ ઓળખાણ-પત્રો લઈ ગયેલો નહિ, કારણકે મને એ આપવામાં આવ્યા નહોતા. એ આપવામાં આવ્યા નહોતા કારણકે આઝાદ હિંદ સરકાર એક કામચલાઉ સરકાર હતી એની મને જાણ કરવામાં આવેલી.

**સ૦**—તમને ઓળખાણ-પત્રો શા માટે નથી આપવામાં આવ્યા તેની પૂછપરછ તમે કરેલી ખરી ?

**જ૦**—વાતચીતમાં મને જણાવવામાં આવેલું કે ઓળખાણ-પત્રોની જરૂર નથી. પાછળથી મને એક તાર મળેલો કે ઓળખાણ-પત્રો રવાના થઈ ચૂકયા છે, પણ મને એ પહોંચેલા નહિ.

ઊલટતપાસમાં:—

સ૦—તમે રંગુન જવા ઊપડ્યા ત્યારે કાંઇ કાગળિયાં સાથે લઇ ગયેલા ?

જ૦—ના.

સ૦—જાપાનીસ સરકાર તરફથી કોઇનીય ઉપર લખાયેલા કાગળ તમારી સાથે નહોતા ?

જ૦—મારી સાથે હું કાંઇ કાગળિયાં લઇ ગયો નહોતો. પણ રંગુન પહોંચ્યા પછી પરદેશ પ્રધાન કર્નલ ચેટરજીની મુલાકાતે હું ગયેલો અને એમને મેં એમ કહેલું કે મને એલચી નીમવામાં આવ્યો છે. તે પછી શ્રી અય્યરને પણ હું મળેલો.

સ૦—કર્નલ ચેટરજીને તમે પહેલવહેલા ક્યારે મળેલા ?

જ૦—મને ચોક્કસ તારીખ યાદ નથી, પણ પહોંચ્યા પછી થોડા દિવસે.

સ૦—કર્નલ ચેટરજી અને શ્રી અય્યરને તમે એક વાર મળેલા કે બે વાર ?

જ૦—કર્નલ ચેટરજી મારે ઘેર બે-ત્રણ વાર આવેલા અને શ્રી અય્યરને તો હું એકજ વાર મળેલો એમ ધારુ છું. રંગુનમાં હું શ્રી સુભાષચંદ્ર બોઝને મળ્યો નહોતો.

સ૦—તમને મળવાનો એમણે ઇન્કાર કરેલો ?

જ૦—હા. મને મળવાનો એમણે ઇન્કાર કરેલો.

સ૦—હું ધારું છું કે તમને કાંઇ કારણ કહેવામાં આવ્યું હશે ?

જ૦—મને લાગે છે કે મારી પાસે ઓળખાણ-પત્રો નહોતા તેથી એમણે મને મળવાનો ઇન્કાર કર્યો હતો. મને એ વાત કર્નલ ચેટરજીએ કરેલી.

સ૦—તે પછી જ તમને ઓળખાણ-પત્રો મોકલવાનું તમે જાપાનીસ સરકારને કહેલું ?

૪૦—કર્નલ ચેટરજી દ્વારા કરાયેલી શ્રી બોઝની વિનંતિને લીધે મેં મારા ઓળખાણ–પત્રોની માગણી કરતો તાર ટોકીઓ કર્યો. હું રંગુન પહોંચ્યો પછી ચાર–પાંચ દિવસે એ તાર મોકલાયો. જાપાનીસ સરકાર તરફથી મને તાર મળેલો કે એ ઓળખાણ–પત્રો મોકલી રહી છે.

બચાવપક્ષના તે પછીના સાક્ષી પણ એક જાપાની મેજર–જનરલ કાટાકુરા હતા. એમણે કહ્યું કે—

'૧૯૪૩ દરમિયાન જાપાનીસ વડા મથકના ચીફ ઓફ સ્ટાફ તરીકે હું રંગુનમાં હતો. આ૦હિં૦ફો૦ વિષે અને આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના વિશે પ્રસંગોપાત મને જાણવા મળતું, છતાં કોઇ ચોક્કસ વિગતોની મને જાણ નથી. આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના અંગે શ્રી સુભાષચંદ્ર બોઝને હું ૧૯૪૩ના જુલાઈમાં રંગુનમાં મળ્યો હતો. કામચલાઉ સરકાર શા માટે સ્થાપવામાં આવી હતી એ શ્રી બોઝે મને સમજાવેલું.'

શ્રી સુભાષચંદ્ર બોઝ સાથેની એમની વાતચીતમાં એમણે સાક્ષીને શું કહેલું તે જણાવવાનું શ્રી ભુલાભાઇએ સાક્ષીને કહ્યું. પણ એ તો સાંભળેલી વાતની જુબાની થાય એમ જજ–એડવોકેટનો અભિપ્રાય થવાથી અદાલતના પ્રમુખે સવાલને દફતર ઉપર લેવા દીધો નહોતો. આગળ ચાલતાં સાક્ષીએ જણાવ્યું કે દક્ષિણમાંની સેનાના વડા જનરલ તેરાઉચીના ફરમાનથી એમણે ઇમ્ફાલવાળી લડાઈની વ્યૂહરચના કરેલી એ લડાઇમાં આ૦હિં૦ફો૦એ શો ભાગ ભજવ્યો હતો એવા શ્રી. ભુલાભાઈના સવાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે આ૦હિં૦ફો૦ હિંદની આઝાદી માટે લડી હતી. પણ એ જવાબને સાક્ષીનો વ્યક્તિગત અભિપ્રાય ગણીને અદાલતે એને દફતર પર લેવા દીધો નહોતો.

સાક્ષીએ જણાવ્યું કે જાપાનીઓની સાથેજ આ૦હિં૦ફો૦ને અલગ લડાયક કામગરી સોંપવામાં આવી હતી. ૧૯૪૪ના જાન્યુઆરીમાં રંગુનમાં એક ગેરીલા રેજિમેન્ટ આવી હતી. એ રેજિમેન્ટ જેમના હાથ નીચે હતી તે કે. શાહનવાઝને સાક્ષીએ અદાલતમાં ઓળખી

બતાવ્યા ૧૯૪૪ના ફેબ્રુઆરી કે માર્ચમાં એ રેજિમેન્ટ મોરચા ભણી ઊપડી ગઇ હતી. આ રેજિમેન્ટને શી કામગરી સોંપવામાં આવી હતી એવા એક સવાલના જવાબમાં સાક્ષીએ ન્યાયાધીશોના મેજ પાસે જઇને એક આકૃતિ દોરીને સમજાવ્યું કે આખી આ૦હિં૦ફો૦ને એક ચોક્કસ હરોળ ભેદવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

સ૦—એમની રેજિમેન્ટ જ્યાં લડતી હતી એ વિભાગ એકલા કે. શાહનવાઝખાનના વર્ચસ્વ હેઠળ જ હતો? એમની સાથે કોઇ જાપાનીસ અફસર હતો?

જ૦—મને યાદ છે ત્યાં સુધી કે૦ શાહનવાઝની સાથે સંપર્ક-ખાતાનો એક અફસર હતો, પણ મને એની ખાતરી નથી.

સ૦—આ૦હિં૦ફો૦ અને ઇમ્ફાલ મોરચા પરના સંયુક્ત 'કમાન્ડ' વચ્ચે શી સમજણ હતી?

જ૦—જ્યારે લડાયક હિલચાલ ચાલતી ન હોય ત્યારે આ૦હિં૦ફો૦ સ્વતંત્ર હતી અને હિલચાલ ચાલુ હોય એટલા વખત દરમિયાન એ જાપાનીઓના કાબૂ હેઠળ હતી.

સ૦—હિંદુસ્તાનનો કોઈ પ્રદેશ કબજે કરાય તો તેનું શું કરવું તે વિશે કશી સમજણ હતી?

જ૦—હિંદનો જે કાંઈ પ્રદેશ અમે કબજે લઇએ તે આ૦હિં૦ફો૦ને સોંપી દેવામાં આવે એવી સમજણ હતી.

સ૦—આ મુકત કરાયેલા પ્રદેશોનું તંત્ર કોણે સંભાળવાનું હતું એ વિષે જાપાનીસ 'હાઇ-કમાન્ડ' અને આ૦હિં૦ફો૦ વચ્ચે કાંઇ સમજણ હતી?

જ૦—એની ઉપર કામચલાઉ સરકારનો કાબૂ રહેવાનો હતો.

સ૦—મુક્ત કરેલા પ્રદેશોમાંથી વિજેતા સૈન્યના હાથમાં જે શત્રુ-સરંજામ આવે તેને અંગે શી સમજણ હતી?

જ૦—તમામ શત્રુ-સરંજામ કામચલાઉ સરકારને સોંપી દેવાનો હતો.

સ૦—જાપાનીઓએ અને આ૦હિં૦ફો૦એ હિંદની સરહદ ઓળંગી ત્યારે કરાયેલી જાહેરાતો વિષે તમને કાંઇ જાતમાહિતી છે ?

જ૦—એ વખતે કરાયેલી બે જાહેરાતો વિશે હું જાણું છું. એક શ્રી સુભાષચંદ્ર બોઝે કરેલી કે તેઓ હિંદની સ્વતંત્રતા માટે લડી રહ્યા હતા. બીજી લેફ્ટેનન્ટ-જનરલ કાવાબાએ કરેલી કે જાપાનીઓએ કબજે કરેલા તમામ પ્રદેશો હિંદીઓને સોંપી દેવામાં આવશે. એ જાહેરાતો હું અહિ રજૂ કરી શકું તેમ નથી.

ઊલટતપાસ દરમિયાનઃ—

જ૦—ઇમ્ફાલવાળી લડાઇના વ્યૂહની યોજના ૧૯૪૪ના જાન્યુઆરીમાં થઇ હતી. એ લડાઇની શરૂઆત ૧૯૪૪ના માર્ચમાં થઈ હતી. એનો અંત ક્યારે આવ્યો તે હું જાણતો નથી. ૧૯૪૪ના જાન્યુઆરીમાં બરમામાંની જાપાનીસ સેનાનું સંખ્યાબળ ૨૩૦,૦૦૦નું હતું.

સ૦—૧૯૪૪ના જાન્યુઆરીમાં બરમામાંની આ૦હિં૦ફો૦નું સંખ્યાબળ ૧૦,૦૦૦નું હતું ?

જ૦—વધુમાં વધુ ૧૦,૦૦૦નું.

સ૦—આ૦હિં૦ફો૦ની કઇ કઇ રેજિમેન્ટોએ ઇમ્ફાલવાળી લડાઈમાં રીતસરનો ભાગ લીધો હતો તે તમે જાણો છો ?

જ૦—બધાં મળીને ત્રણેક ડિવિઝનો હતાં. આ૦હિં૦ફોના એક ડિવિઝનમાં ૭,૦૦૦૦ થી ૮,૦૦૦ સૈનિકો હતા એમ હું ધારું છું, પણ ચોક્કસ નથી કહી શકતો.

સ૦—તમે કહ્યું કે જાન્યુઆરીમાં બરમામાંની આ૦હિ૦ફો૦નું સંખ્યાબળ ૧૦,૦૦૦નું હતું. તમે એમ સૂચવો છો કે ઇન્ફાલને મોરચે લડતા આ૦હિ૦ફો૦ના દળોના. સૈનિકો ૧૦.૦૦૦ થી વધુ હતા ?

જ૦—ઇમ્ફાલને મોરચે આ૦હિં૦ફો૦ના ૧૦,૦૦૦ થી વધુ સૈનિકો હતા એમ હું માનું છું.

સ૦—એ ક્યાંથી આવેલા ?

જ૦—હું ધારું છું કે સિંગાપુરથી ઘણા આવેલા, અને આ રીતે ૧૦,૦૦૦ની મૂળ સંખ્યામાં વધારો થયો હતો. કેટલાક માણસો

બરમામાંથી પણ આવેલા. હું ધારું છું કે એમની સાથે ભળી જવા હિંદમાંથી પણ કેટલાક આવેલા, પણ કેટલા આવેલા તે હું નથી જાણતો.

સ૦—હિંદમાંથી પણ કેટલાક આવેલા તે તમે ક્યાંથી જાણ્યું ?

જ૦—મેં એ સાંભળ્યું હતું.

સ૦—ઇમ્ફાલ મોરચા પરની આ૦હિં૦ફો૦ રેજિમેન્ટોનાં નામ ગેરીલા રેજિમેન્ટ નં ૧, ૨, અને ૩ હતાં ?

જ૦— હું ધારું છું કે એ જ હતાં.

સ૦—ઇમ્ફાલવાળી લડાઇને પરિણામે આ૦હિં૦ફો૦ના સૈનિકોમાંથી કેટલા કમી થયા હતા તે તમે કહી શકો તેમ છો ?

જ૦—ના.



પહેલી આઝાદફોજના સંસ્થાપક કે૦ મોહનસીંઘ

# આઝાદ હિંદ સરકારના
# બે પ્રધાનોની જુબાની



બચાવપક્ષના છઠ્ઠા સાક્ષી હતા આઝાદ હિંદની કામચલાઉ સરકારના એક પ્રધાન શ્રી અય્યર એમણે જુબાની આપી કે—

'૧૯૪૧ની ૧૦મી ડિસેંબરે જાપાનીઓએ લડાઈની જાહેરાત કરી ત્યારે હું બેંગકોકમાં હતો. તેજ દિવસે બેંગકોક છોડીને બરમા—રસ્તે હિંદ પહોંચવાનો મેં પ્રયાસ કર્યો, પણ એમાં હું સફળ ન થયો કારણકે હું સરહદ ઉપર પહોંચ્યો તે અગાઉ બે દિવસે જ એ બંધ કરી દેવામાં આવેલી.

પૂર્વ એશિયામાંના તમામ હિંદીઓની એક પરિષદ ૧૯૪૨ના જૂનની અધવચમાં બેંગકોકમાં મળેલી. થાઇલેન્ડ, બરમા, મલાયા (સિંગાપુર સહિત), હિંદી–ચીન, જાવા, સુમાત્રા, ફિલિપાઇન્સ, શાંઘાઈ, હોંગકોંગ અને જાપાનમાંથી એમાં પ્રતિનિધિઓ હાજર રહેલા, પૂર્વ એશિયામાં એ વખતે હિંદીઓની આશરે પચીસથી ત્રીસ લાખની વસ્તી હતી. એ પરિષદમાં હું એક પ્રેક્ષક તરીકે હાજર રહેલો.

બેંગકોકમાં સ્થાપાયેલા હિંદી સ્વાતંત્ર્ય સંઘના વડા મથકમાં હું ૧૯૪૨ના જુલાઈમાં જોડાયો. હિંદી સ્વાતંત્ર્ય સંઘનું પ્રથમ ધ્યેય એ વખતે હું સમજ્યો હતો તે પ્રમાણે હિંદની સ્વતંત્રતા જીતવાનું હતું. સંઘના જાહેરાત–ખાતાનો કબજો મને સોંપવામાં આવેલો.

ફેબ્રુઆરીના અંતમાં બેંગકોક છોડીને હું માર્ચની ૩ જીએ સિંગાપુર પહોંચ્યો, ત્યાં, હિંદી સ્વાતંત્ર્ય સંઘના પ્રમુખ રાશબિહારી બોઝને હું મળ્યો. એમણે મને કહ્યું કે વડું મથક બેંગકોકથી સિંગાપુર બને તેટલું જલદી ખસેડવાનો એમણે નિર્ણય કર્યો હતો, તે વખતે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી અને ૧૯૪૩ના એપ્રિલમાં ખસેડવાનું કામ શરૂ થઇ ગયું. મારી કચેરીમાં કામ કરવું મેં ચાલુ રાખ્યું.

દક્ષિણ એશિયાના તમામ દેશોમાં હિંદી સ્વાતંત્ર્ય સંઘના રીતસરના સભ્યો હતા, અને એ વખતે એના સભ્યોની સંખ્યા સાડાસાત લાખ જેટલી હતી.



નેતાજી સુભાષચંદ્ર બોઝ અને રાશબિહારી બોઝ

નેતાજી સુભાષ બોઝ ૧૯૪૩ની ૨ જી જુલાઇએ સિંગાપુરમાં આવ્યા. ૪થી જુલાઇએ, પૂર્વ એશિયામાંના પ્રતિનિધિઓની એક પરિષદ સિંગાપુરમાં ભરાઇ. એ પરિષદમાં, રાશબિહારી બોઝે હિંદી સ્વાતંત્ર્ય સંઘના પ્રમુખપદની સત્તાવાર સોંપણી નેતાજી સુભાષચંદ્ર બોઝને કરી દીધી.

પ્રતિનિધિઓને અને પ્રેક્ષકોને રાશબિહારી બોઝે કહ્યું કે ટોકીઓથી એ એમને માટે એક સોગાદ—નેતાજી—લાવ્યા હતા, અને પ્રમુખપદ એ નેતાજીને સોંપી દેતા હતા. આ જાહેરાત વખતે હર્ષાવેશના પોકારોનો વરસાદ વરસ્યો હતો.

પોતાના ભાષણમાં નેતાજી બોઝે જાહેર કર્યું કે થોડા જ વખતમાં આઝાદ

હિંદની એક કામ ચલાઉ સરકારની સ્થાપના કરવાની એમની ધારણા હતી. એનો પણ અત્યંત ઉત્સાહપૂર્વક સત્કાર કરવામાં આવેલો.

૧૯૪૩ની ૨૧મી ઑક્ટોબરે, પૂર્વ એશિયામાંની હિંદી સ્વતંત્ર્ય સંઘની શાખાઓમાંથી આવેલા પ્રતિનિધિઓની બીજી એક પરિષદ સિંગાપુરમાં ભરાઇ હતી. સામાન્ય મંત્રીએ સંઘની પ્રગતિનો અહેવાલ સરકારની સ્થાપનાની જાહેરાત કરી હતી. પ્રતિનિધિઓએ અને હાજર રહેલા સૌ કોઇએ એ જાહેરાતને તાળીઓના ગડગડાટ અને પોકારો વચ્ચે આવકારી હતી.

આ સરકારના સભ્યોનાં નામ જાહેર કર્યાં પછી નેતાજીએ પોતે હિંદુસ્તાન પ્રત્યેની વફાદારીના સોગંદ લીધા. તે પછી પ્રધાનમંડળના બીજા સભ્યોએ હિંદુસ્તાન પ્રત્યેની અને નેતાજી પ્રત્યેની વફાદારીના સોગંદ લીધા. આખી કાર્યવાહી દરમિયાન ડગલે ને પગલે હર્ષાવેશની કીકિયારીઓ અને 'સુભાષ બોઝ કી જય', 'આઝાદ હમકૂત કી જય' તથા 'આઝાદ હિંદ કી જય'ના પોકારો થયા કરતા હતા.'

આઝાદ હિંદની કામચલાઉ સરકારની જાહેરાત કરવી વેળાની એક છબી અને સાક્ષી સહિતના એ સરકારના પ્રધાનોની બીજી છબી સાક્ષીને દેખાડવામાં આવતાં એ એમણે ઓળખી બતાવી. પછી ઉમેર્યું કે—

'કામચલાઉ સરકારની સ્થાપના પછી અમે બ્રિટન અને અમેરિકા સામે લડાઇ જાહેર કરી. એ સરકારમાં હું જાહેરાત અને પ્રચાર ખાતાનો પ્રધાન હતો. પોતાનો વહીવટ–તંત્ર તરીકે કામચલાઉ સરકાર હિંદી સ્વાતંત્ર્ય સંઘના વ્યવસ્થા–તંત્રનો ઉપયોગ કરતી.'

કામચલાઉ સરકારની જાહેરાત અને તેના પ્રધાનોનાં નામવાળો એક દસ્તાવેજ સાક્ષીને બતાવતાં, પોતાને યાદ છે ત્યાં સુધી એ સાચાં છે એમ એમણે જણાવ્યું. તે પછી કામચલાઉ સરકારની પ્રવૃત્તિઓ વિશે સવાલો પૂછતાં સાક્ષીએ જણાવ્યું કે—

સંઘદ્વારા હિંદીઓને રાષ્ટ્રીય શિક્ષણ પૂરું પાડવાનું અને તબીબી તથા અન્ય રાહત પહોંચાડવાનું કાર્ય આઝાદ હિંદ સરકાર કરતી હતી. હિંદુસ્તાનીઓને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે રક્ષણની અને ખાસ તો ગુંડાગીરી સામેના રક્ષણની, જરૂર પડે ત્યારે એ પૂરું પાડવાની સૂચના સરકારે આ૦હિં૦ફો૦ને આપી હતી.

૧૯૪૩ની ૩જી માર્ચ ૧૯૪૪ના ફેબ્રુઆરી સુધી હું સિંગાપુરમાં હતો. આઝાદ હિંદની કામચલાઉ સરકાર પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા ઉપર પોતાના સભ્યોની સહી લેવાનું કાર્ય હિંદી સ્વાતંત્ર્ય સંઘની મલાયામાંની શાખાઓએ ૧૯૪૩ના ડીસેંબરમાં શરૂ કર્યું.

સંઘની મલાયાની શાખા તરફથી નિયમિતપણે એક માસિક પત્રિકા બહાર પાડવામાં આવતી હતી ૧૬મી ડિસેંબર ૧૯૪૩ના એના અંકમાં સંઘની શાખાઓ માટે નીચે મુજબની સૂચનાઓ આપેલી હતી.

"પૂર્વ એશિયામાંના હિંદીઓ આજે હવે એક પરદેશી સત્તાના તાબેદારો નથી રહ્યા. એ તો આઝાદ હિંદની કામચલાઉ સરકારના ગર્વિષ્ઠ નાગરિકો છે.

મલાયામાંના બીજા હિંદીઓને આ વાત બરોબર સમજાવવા માટે અને પોતાના નવા સ્થાપનની જવાબદારીઓનું આપણા દેશભાઈઓને પૂરું ભાન કરાવવા માટે, આઝાદ હિંદની કામચલાઉ સરકાર પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા ઉપર સહી કરવાનું હિંદી સ્વાતંત્ર્ય સંઘના દરેક સભ્યને કહેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વિષેની વિગતવાર સૂચનાઓ અને પ્રતિજ્ઞાનો મુસદ્દો શાખાઓને મોકલાઇ ચૂકયાં છે.

પ્રતિજ્ઞા લેતી વખતે, દરેક સભ્યને વફાદારીની પ્રતિજ્ઞાનું એક કાર્ડ આપવામાં આવશે અને હિંદી સ્વાતંત્ર્ય સંઘના સભ્યપદનું તેનું કાર્ડ એ પ્રતિજ્ઞા લેવડાવનાર અમલદાર પાછું લઈ લેશે.

આપણી સરકાર પ્રત્યે વફાદારી રાખવાનો અધિકાર માત્ર હિંદી સ્વતંત્ર્ય સંઘના સભ્યોને જ આપવામાં આવશે, કારણ કે સંઘનો સભ્ય ન હોય તેવા કોઇપણ હિંદીને સાચો હિંદી ગણી શકાય નહિ. ૨૧મી ઓક્ટોબરે શૉનાનમાંના પોતાના ભાષણમાં નેતાજીએ કહ્યું હતું તેમ ' એમને આપણે હિંદીઓ કે મિત્રો ગણી શકીએ નહિ. હિંદુસ્તાનમાં એમને માટે કોઇ સ્થાન નથી. "

વફાદારીની પ્રતિજ્ઞા લેનારાઓની એક યાદી સાક્ષીને દેખાડવામાં આવી ૧૯૪૪ના જૂન સુધીની કુલ સંખ્યા એમાં ૨,૩૨,૫૬૨ની દેખાડેલી હતી.

**સ૦**—કામચલાઉ સરકારની આવકના કયા કયા માર્ગો હતા?

જ૦—પૂર્વ એશિયામાં બધેથી હિંદીઓ પાસેથી કામચલાઉ સરકાર ફાળા ઉઘરાવતી. આ રીતે ભેગા થયેલા પૈસા બરમામાં આઝાદ હિંદ બેન્કમાં રાખવામાં આવતા. ફાળામાં રોકડનાણું તેમજ ચીજવસ્તુઓ અપાતી. ખાદ્ય પદાર્થો, ધાતુનાં ઠામવાસણો અને આ૦હિં૦ફો૦ના ઉપયોગમાં આવી શકે એવી બીજી કોઇપણ ચીજનો એમાં સમાવેશ થતો.

૧૯૪૩ના નવેંબરમાં આ ફાળામાં રોકડનો આંકડો ૫૩,૪૩૯૫૬ ડૉલરે પહોંચેલો અને ૮૬,૩૧૦ ડૉલરની કિંમતનું ઝવેરાત એમાં અપાયેલું. ૧૯૪૪ના જુલાઈમાં કુલ આંકડો ૧,૫૩,૫૪,૧૦૪ ડૉલર પહોંચેલો આઝાદ હિંદ બેન્કની સ્થાપના રંગુનમાં ૧૯૪૪ના એપ્રિલ માં થઇ હતી. શ્રી દીનાનાથ તેના ડાયરેક્ટરોમાંના એક હતા અને હું તેના ડાયરેક્ટરોના બોર્ડનો પ્રમુખ હતો.

શ્રી સુભાષચંદ્ર બોઝે આ૦હિં૦ફો૦નો કબજો સંભાળી લીધો પછી એ સર્વોચ્ચ કમાન્ડર બન્યા. આ૦હિં૦ફો૦માં સંપૂર્ણપણે સ્વેચ્છા-પૂર્વકની ભરતી કરવામાં આવતી હતી એ હું જાણું છું. અમે જેમને તાલીમ આપી શકતા નહોતા એવા વધારાના સ્વયંસેવકો હમેશાં અમારી પાસે રહેતા હતા. નાગરિક વહીવટકર્તાઓને તાલીમ આપવા

માટેની એક તાલીમશાળા સિંગાપુરમાં હતી. નેતાજી સિંગાપુર આવ્યા પછી થોડા મહિનામાં એ શાળાની સ્થાપના કરવામાં આવેલી.

સ—નીપોન સરકાર અને આઝાદ હિંદની કામચલાઉ સરકાર વચ્ચેના સંબંધો કેવા હતા ?

જ૦—સમાનતાને ધોરણે વ્યવહાર રાખતાં બે સાથીરાજ્યો વચ્ચેના એ સંબંધો હતા......૧૯૪૪ના એપ્રિલથી ૧૯૪૫ના એપ્રિલ સુધી હું શ્રી સુભાષચંદ્ર બોઝના બંગલામાં રહ્યો હતો.

સ૦--જાપાનીસ સરકાર અને આઝાદ હિંદની કામચલાઉ સરકાર વચ્ચેના એવા કોઇ મતભેદની વિગતો તમે આપી શકશો કે જેમાં કામચલાઉ સરકારે પોતાનો મત સાચો ઠરાવ્યો હોય ?

જ૦—કામચલાઉ સરકારે જ્યારે પોતાનો મત સાચો ઠરાવ્યો હતો એવા મારી જાણના બે કે ત્રણ પ્રસંગો તો મને યાદ છે. ૧૯૪૪ માર્ચમાં. શ્રી સુભાષચંદ્ર બોઝ અને કેટલાક જાપાનીસ અફસરોની જેમાં હાજરી હતી એવી એક પરિષદ મળેલી. એમાં હું પણ હાજર હતો. હિંદની ધરતી ઉપરની લડાઇનું સંચાલન કરવા માટે એક યુદ્ધ સમિતિની સ્થાપના અંગેની ચર્ચાઓ ત્યાં થતી હતી. જાપાનીઓની એવી માગણી હતી કે એ સમિતિના પ્રમુખપદે કોઈ જાપાનીને મૂકવો, અને પોતાના એ દાવાના ટેકામાં એમણે દલીલો કરી. નેતાજીએ એ સૂચનાનો સામનો કર્યો અને તેમ કરવાનાં પોતાનાં કારણો દર્શાવ્યાં.

જાપાનીઓની દલીલ એ હતી કે પ્રમુખપદે જાપાની હોય તે સગવડતાને ખાતર જરૂરી છે. નેતાજી તો સિદ્ધાંત ઉપર ઊભા રહ્યા. અને એમણે કહ્યું કે જેમાં હિંદનું અખંડત્વ, સાર્વભૌમત્વ, કે સ્વાતંત્ર્ય જરા પણ ઓછું થાય એવી કોઈ પણ વાત એ સ્વીકારી શકે નહિ. એમની સામી દલીલ એ હતી કે કાં તો કોઇ હિંદી એનો પ્રમુખ બને અથવા તો પછી સમિતિ પ્રમુખ વિનાની જ રહે, અને તેના હિંદી તેમજ જાપાની સભ્યોનો દરજ્જો સમાન રહે.

નેતાજીએ પોતાની વાત સાચી ઠરાવી હતી અને એ સમિતિના પ્રમુખપદે કોઇ જાપાનીને મૂકવામાં આવ્યો નહોતો.

કામચલાઉ સરકાર પોતાની વાતને સફળતાપૂર્વક વળગી રહી હોય એવો બીજો પણ એક દાખલો છે. જાપાનીઓ અને કામચલાઉ સરકારના પ્રતિનિધિઓની હાજરીવાળી એક પરિષદમાં જાપાનીઓએ કહ્યું કે પૂરવઠા-ખાતાના અને માનવબળ-ખાતાના પ્રધાનોની નિમણૂકની જાણ એમને અગાઉથી જ કરવામાં આવે તો સારું, કારણ કે જાપાનીસ યુદ્ધ-પ્રયત્નોને એ નિમણૂકની સીધી યા આડકતરી અસર થતી હતી. પણ નેતાજીએ જણાવ્યું કે એ તો કામચલાઉ સરકારની બિલકુલ આંતરિક બાબત છે. જો કે આવી નિમણૂકો થઈ ચૂકયા બાદ, એક શિષ્ટાચાર રૂપે તેની જાણ જાપાનીઓને કરવામાં એમને વાંધો નહોતો. છેવટ સુધી તેઓ એ મતને વળગી રહ્યા હતા.

હજી એક બીજો દાખલો હું આપું છું. (હિંદના) મુક્ત કરાયેલા પ્રદેશોમાં કોઇપણ જાપાનીસ પેઢીને કામ કરવા ન દઇ શકાય અને એક આઝાદ હિંદ બેન્ક સિવાય બીજી કોઇપણ બેન્કથી ત્યાં કામકાજ ન થઈ શકે એવી એક યોજના નેતાજીએ ઘડી કાઢી હતી.

સ૦—મલાયા કે બરમામાંના હિંદીઓના રક્ષણ માટે કામચલાઉ સરકારે શું શું કર્યું હતું ?

જ૦—હિંદી સ્વાતંત્ર્ય સંઘના તંત્ર દ્વારા તબીબી મદદ અને સામાજિક સુખાકારીના બીજા કાર્યોની એમણે ગોઠવણ કરેલી. ઉપરાંત રાષ્ટ્રીય દૃષ્ટિએ એમની કેળવણી પણ ચાલુ રખાયેલી......આઝાદ હિંદ સરકારનાં ચાર રેડીઓ મથકો હતાં. જાહેરાત અને પ્રચાર-ખાતાના પ્રધાન તરીકે એમના સંચાલન માટે હું જવાબદાર હતો.

સ૦—આ મથકોના સંચાલન ઉપર બહારનું કોઇ નિયંત્રણહતું

જ૦—ના......મલાયામાંથી સ્વયંસેવકોની એક મોટી સંખ્યા (ફોજમાં) ભરતી થઇ હતી. બરમામાંથી પ્રમાણમાં ઓછા અને

દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાંથી પ્રમાણસરના સ્વયંસેવકો પણ એમાં જોડાયેલા. હિંદી વેપારીઓ પાસેથી અનાજના રૂપમાં સખાવતો અમને મળતી હતી.

ઊલટતપાસમાં;—

જ૦—૧૯૪૨માં હું છાપાનો ખબરપત્રી હતો. બેંગકોક પરિષદમાં હું હાજર હતો. હિંદની સ્વતંત્રતાના સંબંધમાં જાપાનીસ મુદ્દનેમોનું સ્પષ્ટીકરણ માગવાની મતલબનો એક ઠરાવ એ પરિષદમાં પસાર થયો હતો.

સ૦—એ પ્રમાણેની સત્તાવાર ચોખવટ જાપાનીઓએ કદી પણ કરી નહોતી એ હકીકત છે ?

જ૦—મને ખબર નથી......બેંગકોક પરિષદે નિમેલી કાર્યવાહક સમિતિની કાર્યવાહીની મને જાણ નથી. એક એના પ્રમુખ શ્રી રાશબિહારી બોઝ સિવાયના તેના બીજા સભ્યોના રાજીનામાની મને ખબર નથી. ૧૯૪૨ના ડિસેંબરમાં હું બેંગકોકમાં હતો, જ્યારે શ્રી રાશબિહારી બોઝ સિંગાપુર ગયેલા હતા......બરમા અને મલાયામાંથી ગેરહાજર હિંદીઓની માલિકીની મિલકતને લગતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો એ મને યાદ છે. બરમામાંના હિંદીઓએ 'એબસન્ટી ઇન્ડિયન પ્રોપર્ટીઝ એસોસિએશન' ( માલિકની ગેરહાજરીવાળી હિંદી મિલકતોનો સંઘ ) ની સ્થાપના કરી હતી. આ સંઘ હિંદી સ્વાતંત્ર્ય સંઘ નીચે રહીને કામ કરતો હતો. શ્રી સુભાષચંદ્ર બોઝને પૂર્વ એશિયામાં તેડાવતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો એ પણ મને યાદ છે......હિંદી સ્વાતંત્ર્ય સંઘમાં સાડાસાત લાખ સભ્યો હતા એ મારી માહિતી સંઘના સામયિકોમાં અપાતી વિગતોને આધારે અપાયેલી હતી. મારી કામગરી કામચલાઉ સરકારની તથા આ૦હિં૦ફો૦ની પ્રવૃત્તિનો પ્રચાર

કરાવવાની અને હિંદની સ્વતંત્રતા માટે હિંદુસ્તાનની પ્રજામાં પ્રચાર પહોંચતો કરવાની તથા સભાઓ ગોઠવવાની હતી.

સ૦—કામચલાઉ સરકાર માટે ફાળો ઉઘરાવનારાઓએ બરમા અને મલાયામાં હિંદીઓની મૂડીના અમુક ટકા ઠરાવેલા હતા એ સાચું છે ?

જ૦—બરમા અને મલાયામાંના હિંદીઓની સ્વેચ્છાપૂર્વકની સંમતિથી અમુક ટકા ઠરાવવામાં આવ્યા હતા. ફાળો ઉઘરાવનારાઓએ હિંદી વેપારીઓને અને બીજાઓને ફાળામાં આપવાનું કહેલું અને એમની સંમતિથી તેમજ એમની સૂચનાથી જુદા જુદા સ્થળો માટે જુદા જુદા ટકા ઠરાવવામાં આવેલા.

એક ' બોર્ડ ઓફ મેનેજમેન્ટ ' ( વ્યવસ્થા સમિતિ ) મલાયામાં ફાળો એકઠો કરતી અને બરમામાંના હિંદીઓની બનેલી એક નેતાજી ફાળા–સમિતિ પણ હતી. આગળ જતાં કરીમ ગની નામનો એક માણસ નેતાજી ફંડ સમિતિનો સભ્ય બન્યો. ૧૯૪૫ના જાન્યુઆરી અગાઉ ઉઘરાણું એમના કબજામાં નહોતું.

સ૦—પૈસા પડાવવાનો કોઇ આરોપ એમની ઉપર હતો ?

જ૦—ના.

સ૦—શ્રી સુભાષચંદ્ર બોઝના ફરમાનથી એમની ધરપકડ કરવામાં આવેલી ખરી ?

જ૦—નેતાજીના હુકમથી એમને અટકાયતમાં રાખવામાં આવેલા એનાં કારણોની મને ખબર નથી. નેતાજીના જન્મદિવસે સામગ્રી ઉઘરાવવાની પ્રવૃત્તિ વિશે એક તપાસણી થઇ હતી. પણ એમની સામેના ચોક્કસ આરોપોની મને જાણ નથી.

જ૦— આ૦હિં૦ફો૦ને એકવાર કપડું અથવા રૂ. ૫૦ આપવાનો હુકમ દરેક માણસને કરવામાં આવેલો ?

જ૦—દરેક હિંદીએ ઓછામાં ઓછું એક વાર કાપડ આપવું

જોઇએ એવી અપીલ કરવામાં આવેલી. પણ એમાં કોઇ જાતની બળજબરી તો હતી જ નહિ...ખુદ આ૦હિં૦ફો૦ને ઉદ્દેશીને નેતાજીએ કરેલાં સંખ્યાબંધ ભાષણો દ્વારા મેં જાણેલું કે આ૦હિં૦ ફો૦માં સ્વેચ્છાપૂર્વક જ ભરતી થતી હતી.

સ૦—મોઢેથી બોલવાનું બાદ કરતાં સાચેસાચ તો બળજબરી વાપરવામાં આવતી હતી એ સાચું ને ?

જ૦—લોકોને આ૦હિં૦ફો૦માં ભરતી કરવા માટે મુદ્દલે ય બળજબરી વપરાયાની મને જાણ નથી.

સ૦—લોકો ઉપર આ૦હિં૦ફો૦માં જોડાવાનું દબાણ લાવવા માટે ભયંકર જુલમો કરવામાં આવ્યા હતા એની તમને જાણ છે ?

જ૦—૧૯૪૨ના ડિસેંબર પછી હિંદીઓ ઉપર આ૦હિં૦ફો૦ માં જોડાવા માટે કોઈ જુલમો થયાની મને પોતાને જાણ નથી.

સ૦—જાપાનીઓએ આ૦હિં૦ફો૦ ઉપર કોઇ બંધનો મૂક્યાં હોવાનું તમે જાણો છો ?

જ૦—ના.

શ્રી. ભુલાભાઇએ સાક્ષીને અગાઉ એક સવાલ પૂછેલો : ' બંગાળના દુકાળની વાત તમે સાંભળેલી ? '

જ૦—હા.

સ૦—એમાં સપડાયેલા માણસોની રાહત માટે તમારી સરકાર તરફથી કોઇ ઑફર કરેલી.

જ૦—હા, બંગાળના દુકાળપીડિત માણસોની રાહત માટે નેતાજીએ એક લાખ ટન ચોખાની ઑફર કરેલી.

સ૦—એનો શો જવાબ મળેલો ?

જ૦—એનો સ્વીકાર કરાયો નહોતો.

ઊલટતપાસમાં સરકારી વકીલે એ વાતનો તાગ લીધોઃ—

સ૦—બંગાળના દુકાળની અને શ્રી સુભાષચંદ્ર બોઝે ચોખા

મોકલવાની કરેલી ઑફરની વાત તમે જણાવી હતી. એ ઑફર કેવી રીતે કરવામાં આવેલી ?

જ૦ – રેડીઓ ઉપરથી એ ઑફર હિંદુસ્તાનની જનતાને તેની જાણ માટે અને હિંદુસ્તાનમાંના સત્તાવાળાઓને એ અંગે પગલાં લેવા માટે કરવામાં આવેલી.

સ૦—આ બ્રૉડકાસ્ટ ક્યારે કરાયેલો ?

જ૦—હું માનું છું કે એ ૧૯૪૩ના જુલાઈ કે ઑગસ્ટમાં કરાયો હતો.

સ૦—ક્યાંથી ?

જ૦—સિંગાપુરથી.

સ૦—ચોખા ક્યાંથી મોકલવાના હતા ?

જ૦ – જો બ્રિટિશ સરકાર જહાજોની સલામતીની ખાતરી આપે તો બરમાના કોઇ પણ બંદરેથી એ મોકલવાના હતા.

સ૦—એ વખતે બરમાની પ્રજા ચોખા વિના ભૂખે મરતી હતી ખરી ?

જ૦—ના.

પછીના સાક્ષી તરીકે આવ્યા લે૦ કર્નલ લોગનાથન. આઝાદ હિંદની કામચલાઉ સરકારના એ એક પ્રધાન હતા અને આંદામાન તથા નીકોબાર ટાપુઓના ચીફ કમિશ્નર હતા. જુબાની આપતાં એમણે કહ્યું કે–

‘ સિંગાપુર પડ્યું ત્યારે હું ઇન્ડિયન જનરલ હૉસ્પિટલ ( હિંદી ઇસ્પિતાલ ) નં. ૧૯નો કબજો સંભાળાતો હતો. ૧૯૪૨ના સપ્ટેંબરના અરસામાં હું આ૦હિં૦ફો૦નો સભ્ય બન્યો. વચગાળા દરમિયાન નીસૂન છાવણીમાં આવેલી, મારી ઇસ્પિતાલનો કબજો સંભાળવો મેં ચાલુ રાખ્યો હતો. નીસૂન છાવણી ૨૦૦૦ સિપાહીઓ માટે બાંધવામાં આવેલી, પણ એમાં બારેક હજારને ખીચોખીચ ભરવામાં

આવેલા. શરૂઆતમાં નીસુન છાવણીમાં ચાર હૉસ્પિતાલો હતી અને છાવણીમાંના તમામ કેદીઓની સારવાર એ કરતી. પાછળથી અમુક હૉસ્પિતાલોને બિદાદરી અને સેલેટારની છાવણીઓમાં મોકલવામાં આવેલ.

બરમા, ફિલિપાઈન્સ, હોંગકોંગ, સુમાત્રા, જાવા, સેલેબસ, બોર્નીઓ, શાંઘાઈ, કેન્ટન, હિંદી–ચીન–આખાય દૂર પૂર્વમાંથી આવેલા ૧૧૦ પ્રતિનિધિઓની હાજરીવાળી બેંગકોક પરિષદમાં હું હાજર હતો.

પરિષદમાં ૬૦ કે ૭૦ ઠરાવો પસાર થયેલા. મુખ્ય ઠરાવમાં તમામ હિંદીઓને અને ખાસ તો નાગરિકોને સંગઠિત બનવાનો અને પોતાના જાનમાલની સલામતી જાળવવા માટે તથા પોતાની સામાન્ય આબાદી માટે એક સંસ્થા રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. હિન્દી સ્વાતંત્ર્ય સંઘ નામની એક સંસ્થા નીચે એ પ્રમાણે સંગઠિત બનવાનું હતું અને તેની જુદી જુદી શાખાઓને સંઘની પ્રાદેશિક અથવા સ્થાનિક શાખાઓ કહેવાતી હતી. એક ઠરાવમાં એક લશ્કર ઊભું કરવાની માગણી કરાઇ હતી. ઠરાવમાં એમ જાહેર કરવામાં આવ્યું હતું કે સ્વાતંત્ર્ય સંઘ તરફથી જે કાંઇ થાય તે હિંદી રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિઓને અનુરૂપ હોવું જોઇએ. એવી સમજણ હતી કે કોંગ્રેસ જ્યારે એમને હિંદમાં આવવાનું કહે ત્યારે એમ કરવા માટે એમણે પગલાં લેવાં જોઇએ.

આ૦હિં૦ફો૦ના 'જી. ઓ. સી.' કેપ્ટન મોહનસીંઘ અને હિંદી સ્વાતંત્ર્ય સંઘ તથા કાર્યવાહક સમિતિના પ્રમુખ શ્રી રાશબિહારી બોઝ વચ્ચેના સંબંધો બહુ સુખદ નહોતા, મારી પોતાની જાતમાહિતી એવી છે કે જાપાનીઓ સાથે લાંબા કાળથી પોતે રહ્યા હતા તેથી શ્રી રાશબિહારી બોઝ જાપાનીઓને હાથે દોરવણી પામવા અને એમના નિયંત્રણમાં રહેવાના મતે ઢળેલા હતા. જ્યારે મોહનસીંઘને એમ લાગતું હતું કે જાપાનીઓ સાથે શ્રી રાશબિહારી બોઝ ચલાવી શકે તેથી વધુ કડક વર્તાવ રાખવો જોઇએ.

આ૦હિં૦ફો૦ એ હિંદી સ્વાતંત્ર્ય સંઘની એક શાખા હતી. મોહનસીંઘને શ્રી રાશબિહારી બોઝ સાથે બહુ સુમેળ નહિ તેથી જાપાનીઓ સાથે વ્યવહાર રાખવામાં એમણે પોતાની ઉપર ઘણી જવાબદારી લીધી હતી. કટોકટી દરમિયાન કેટલાક ઉચ્ચ અફસરોને પોતાને બંગલે મળતા રહેવાનું મોહનસીંઘે કહ્યું હતું એમાંનો હું એક હતો. મોહનસીંઘે અમને જણાવ્યું હતું કે બેંગકોક પરિષદમાં કરેલા ઠરાવોને જાપાનીઓએ હજી સુધી બહાલી આપી નથી.

આ૦હિં૦ફો૦ સાથે એક મિત્રસેના તરીકેનો વર્તાવ રાખવાની મોહનસીંઘની માગણીનો સ્વીકાર થયો નહોતો. થોડી વિમાન–વિરોધી ટુકડીઓનો જાપાનીઓએ સંરક્ષણ માટે ઉપયોગ કર્યો તે સામે મોહનસીંઘે આકરો વિરોધ કર્યો હતો, કારણકે એનો કબજો એમને સોંપાઇ જવો જોઇએ એમ તેઓ માનતા હતા. શ્રી સુભાષચંદ્ર બોઝ આવી પહોંચ્યા નહિ ત્યાં સુધી જાપાનીઓએ એ વિમાન–વિરોધી તોપોનો કબજો સોંપ્યો નહોતો.

જાપાનીઓએ આ૦હિ૦ફો૦ના કેટલાક સૈનિકોને બરમા લઇ જવા માટે એક જહાજની ગોઠવણ કરેલી. પણ પોતાની જાણ વિના આ રીતે સૈનિકો મોકલાય તે સામે સમિતિના સભ્યોએ વાંધો ઉઠાવ્યો. મોહનસીંઘે પોતાના અફસરોને કહ્યું કે, 'આવા સંજોગોમાં કામ કરવું અશક્ય છે અને હું આ૦હિં૦ફો૦ને વિખેરી નાખવાનો છું.'

શ્રી રાજબિહારી બોઝના ફરમાન મુજબ મોહનસીંઘની ધરપકડ કરીને તેમને લઇ જવામાં આવ્યા અને પછી મોહનસીંગની સૂચના પ્રમાણે આ૦હિં૦ફો૦ને વિખેરી નાખવામાં આવી. એ વખતે કાર્યવાહક સમિતિના સભ્યો શ્રી રાઘવન, શ્રી મેનન, સેનાપતિ મોહનસીંઘ અને કર્નલ જિલાની હતા. શ્રી રાશબિહારી બોઝ એના પ્રમુખ હતા.

૧૯૪૨ના ડિસેંબરમાં હું આ૦હિં૦ફો૦ના વડા મથક બિદાદરીમાં હતો. ત્યાં હું તબીબીખાતું સંભાળતો હતો. શ્રી સુભાષચંદ્ર બોઝ

૧૯૪૩ની ૨જી જુલાઇએ સિંગાપુર આવ્યા ત્યારે હું એમને મળેલો. આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના વખતે હું ત્યાં હાજર હતો. હું પ્રધાનમંડળનો એક હતો. અને આ૦હિં૦ફો૦નું તબીબી –ખાતું મારા કબજામાં હતું.

દૂર પૂર્વની એશિયાઇ પરિષદમાં ૧૯૪૪ની ૧૭મી ફેબ્રુઆરીએ અંદામાન અને નીકોબાર ટાપુઓ કામચલાઉ સરકારને સોંપવામાં આવ્યા હતા. મને ત્યાં ગયા બે–ત્રણ અઠવાડિયા થયા બાદ પોર્ટ બ્લેરમાંના હિંદી સ્વાતંત્ર્ય સંઘના વડા મથકે એક વિધિ કરવામાં આવેલી અને એમાં અંદામાન અને નીકોબાર ટાપુઓ મને સત્તાવાર રીતે સોંપવામાં આવ્યા હતા. એ વિધિ વખતે ત્યાંનો કબજો સંભાળનાર જાપાનીસ 'રેર–એડમિરલ' અને ત્યાંના લશ્કરી કમાન્ડર હાજર હતા. નેતાજી સુભાષચંદ્ર બોઝે મને એ ટાપુઓનો ચીફ કમિશ્નર નીમ્યો હતો.

સિંગાપુર છોડતાં અગાઉ મને સૂચના આપવામાં આવેલી કે મારી સાથે મારે પાંચ માણસો લઈ જવા અને મેજર આલ્વી લે૦ સુભનસીંઘ, લે૦ મહમ્મદ ઇકબાલ અને શ્રી શ્રીનિવાસન નામના એક શોર્ટલહિયા–ટાઇપિસ્ટને લઇને હું આંદામાન જવા ઊપડયો.

પોર્ટ બ્લેરમાંની વિધિ પછી ત્યાં ચાલી રહેલા નાગરિક–તંત્રનો કબજો મેં લીધો. મેજર આલ્વીને આંદામાનમાંનું કેળવણીખાતું લે૦ સુભનસીંઘને મહેસૂલી અને નાણાંકીય ખાતું, અને લે૦ ઈકબાલને પોલીસખાતું સોંપ્યાં.

૧૯૪૪ ના સપ્ટેંબરમાં હું સિંગાપુર પાછો ફર્યો ત્યાં સુધી એ ટાપુઓનો વહીવટ મેં કર્યો હતો, મારા વહીવટનો એક અહેવાલ ૧૯૪૪ના નવેંબરમાં મેં શ્રી સુભાષચંદ્ર બોઝ સમક્ષ રજૂ કર્યો હતો. નેતાજીની એવી ઇચ્છા હતી કે રંગુન જાતે જઇને એ અહેવાલ એમને આપવો અને પછી એમની સાથે ટોકીઓ જવું, જેથી કાંઇ

મુશ્કેલીઓ હોય તો એ હું જાપાનીસ વિદેશખાતાની કચેરીમાં રજૂ કરી શકું એ વખતે હું ઘણો બીમાર હતો અને પથારીવશ જ હતો તેથી હું જઈ શકયો નહિ, અને શ્રી સુભાષચંદ્ર બોઝ ટોકીઓથી સિંગાપુર પાછા ફર્યા ત્યારે મેં એમને મારો અહેવાલ આપ્યો,

એ પ્રસંગે પોતે રજૂ કરેલો અહેવાલ સાક્ષીએ અદાલતમાં રજૂ કર્યો.

'મારી ગેરહાજરી દરમિયાન કામચલાઉ ચીફ કમિશનર તરીકે મેજર આલ્વીની નિમણુક કરવામાં આવી હતી. મારા વહીવટ દરમિયાન એ ટાપુઓનાં નવાં નામ શહીદ ( આંદામાન ) ટાપુઓ અને સ્વરાજ ( નીકોબાર ) ટાપુઓ પાડવામાં આવ્યાં હતાં.

આઝાદ હિંદની કામચલાઉ સરકારનો સ્વીકાર તમામ ધરી સત્તાઓએ—જર્મની, ઈટલી, જાપાન, ક્રોશીઆ, મંચુરીઆ, ફિલિપાઇન્સ, નાનકીંગ સરકાર, સિયામ અને બરમાએ કર્યો હતો.

આઝાદ હિંદ ફોજ એ સંપૂર્ણપણે સ્વયંસેવકોની બનેલી હતી. હું જાણું છું ત્યાં સુધી ભરતી કરવા માટે કોઇ બળજબરી વાપરવામાં આવી નહોતી. કામચલાઉ સરકારના એક સભ્ય તરીકે હું જાણું છું કે કામચલાઉ સરકારે બ્રિટન અને અમેરિકા સામે લડાઇ જાહેર કરી હતી. ૧૯૪૪ના ઓકટોબરથી હું સિંગાપુરમાંના મારા રહેઠાણે એક દરદી તરીકે રહેતો હતો.

નાગરિક પ્રજા માટે આ૦હિં૦ફો૦ બહુ મોટા આધાર સમાન હતી, જ્યારે હું રંગુનમાં શરણે થઈ ગયો ત્યારે પંદરેક દિવસ સુધી આ૦હિં૦ફો૦એ આખા રંગુન વિસ્તારનો કાબૂ સંભાળી લીધેલો અને નેતાજી જે સૂચનાઓ પાછળ મૂકતા ગયેલા તે મુજબ તેણે કાયદો અને વ્યવસ્થા જાળવ્યાં હતાં. જાપાનીઓના આક્રમણ વખતે લગભગ ૧૦,૦૦૦ હિંદીઓનાં ખૂન કરવામાં આવ્યાં હતાં. આવી આફત ફરી આવતી અટકાવવા માટે ચીના કે હિંદી, તમામ નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવાની જવાબદારી આ૦હિં૦ફો૦ ઉપર નાખવામાં આવેલી.

........મલાયા અને બરમામાંથી આ૦હિં૦ફો૦માં નાગરિકોની ભરતી થયેલી.'

ઊલટતપાસમાં:—

જ૦—આંદામાન અને નીકોબાર ટાપુઓ કામચલાઉ સરકારને સોંપી દીધાનું નિવેદન ટોકીઓમાંથી થયેલા એક બ્રૉડકાસ્ટને આધારે મેં કર્યું છે. બ્રૉડકાસ્ટના ચોક્કસ શબ્દો મને યાદ નથી.

સ૦—હું તમને કહું છું કે જાપાનીઓએ આંદામાન અને નીકોબાર ટાપુઓ કામચલાઉ સરકારને કદી સોંપ્યા જ નહોતા?

જ૦—ન સોંપ્યા હોત તો હું ત્યાં ગયો જ ન હોત.

સ૦—હું તમને કહું છું કે જાપાનીઓએ તો લડાઇ પૂરી થયા પછી એની સોંપણી કરવાનું માત્ર વચન જ આપ્યું હતું.

જ૦—ના.

સ૦—હું તમને કહું છું કે યુદ્ધકાળ દરમિયાન તો એ માત્ર એવાં જ ખાતાંની સોંપણી કરવા માગતા હતા કે જેનાથી એ ટાપુઓના સંરક્ષણ-કાર્યમાં નડતર ન થાય.

જ૦—એ સાચું છે.

સ૦—હું તમને કહું છું કે એકમાત્ર કેળવણી ખાતું જ તમને સોંપી દેવામાં આવ્યું હતું ને?

જ૦—એક માત્ર કેળવણી ખાતું જ મેં સંભાળી લીધું હતું.

સ૦—બીજાં ખાતાં સંભાળી લેવાનો તમે ઈન્કાર કરેલો?

જ૦—જો પોલીસખાતું મારા હાથમાં ન સોંપાય તો બીજાં ખાતાં સંભાળી લેવા હું તૈયાર નહોતો,

સ૦—હકીકતમાં તો પોલીસખાતું સોંપવામાં આવ્યું નહોતું ને?

જ૦—એ મેળવવાના પ્રયત્નો હું કરી રહ્યો હતો.

સ૦—હું તમને કહું છુ કે હકીકતમાં તો પોલીસ ખાતાની સોંપણી થઇ જ નહોતી ને?

જ૦—હું ત્યાંથી રવાના થયો ત્યાં સુધી એની સોંપણી થઇ નહોતી.

સ૦—હું તમને કહું છું કે બીજાં ખાતાંની સોંપણી પણ કરવામાં આવી નહોતી ?

જ૦—બીજાં ખાતાંનો કબજો સંભાળવાનો મેં ઇન્કાર કરેલો. એ બેમાં ઘણો તફાવત છે.

સ૦—હમણાં જ ખબર પડશે કે એમાં શો તફાવત પડે છે. કેળવણી ખાતા અંગે પણ નિશાળે જવાની ઉમ્મરના તમામ બાળકોને નીપોંગો–શાળા નામે ઓળખાતી નિશાળમાં જ મોકલવાનો આગ્રહ જાપાનીઓએ રાખ્યો હતો

જ૦—મોટી ઉમ્મરના તમામ બાળકોને જાપાનીઓ પોતાની નીપોંગો–શાળામાં લઇ જતા હતા એ સાચું નથી. જાપાનીઓ એક નીપોંગો–શાળા ચલાવતા હતા અને એમાં થોડા વિદ્યાર્થીઓ હતા. અમારા કેળવણી ખાતા સાથે એમને કાંઇ સંબંધ નહોતો.

સ૦—તમે આંદામાનમાં હતા તે દરમિયાન શ્રી સુભાષચંદ્ર બોઝને તમે માત્ર જાપાનીઓ દ્વારા જ સંદેશા મોકલી શકતા હતા ?

જ૦—રાજ્યના વડાને હું માસિક અહેવાલ પેશ કરતો હતો.

સ૦—કર્નલ લોગનાથન, આ શું મારા સવાલનો જવાબ છે ? હું એ ફરીવાર પૂછું ?

જ૦—મને તમારો સવાલ સમજાતો નથી.

તે પછી સરકારી વકીલે પોતાનો સવાલ ફરીવાર પૂછયો.

જ૦—સંદેશાવ્યવહારનો બીજો કોઇ રસ્તો નહોતો તેથી મારે મારા અહેવાલો જાપાનીઓ મારફત મોકલવા પડતા હતા.

સ૦—તમારા અહેવાલોને જાપાનીઓ તપાસતા હતા ખરા ?

જ૦—હું સીલબંધ અહેવાલો આપતો અને રાજ્યના વડાને એ મોકલી આપવાનું જાપાનીઓને કહેતો.

સ૦—તમારા કેટલાક અહેવાલોની ભાષા સાથે જાપાનીઓ સંમત નહોતા થતા તેથી એમાં ફેરફાર કરવા પડયા હતા એ ખોટું છે?

જ૦—એકવાર જાપાનીઓએ મારો અહેવાલ મને પાછો મોકલેલો અને એવી વિનંતિ કરેલી કે એક-બે સ્થળે એમાં ફેરફાર કરવો કારણ કે એમાં એક બે મુદ્દા જો દુશ્મનના હાથનાં પડે તો જોખમકારક નીવડે તેવા હતા.

સ૦—તમને તમારો રેડીઓ રાખવા દેવામાં આવતો નહોતો ?

જ૦—મેં એક રેડીઆની માગણી કરેલી અને જાપાનીઓએ મને કહેલું કે મને એ મેળવી આપશે. રેડીઆની બહુ તંગી હતી અને જાપાનીઓએ કહેલું કે તેઓ એ જલદી મેળવી શકયા નહોતા.

સ૦—સંરક્ષણનાં કોઈ પણ કાર્યો તમને જોવા દેવામાં આવતાં નહોતાં ?

જ૦—તમારા સવાલમાંથી એવું સૂચન થાય છે કે મેં સંરક્ષણનાં કાર્યો જોવાનો પ્રયાસ કર્યો હોય અને મને તેની મનાઇ કરવામાં આવી હોય. આ સાચું નથી કારણ કે સંરક્ષણનાં કાર્યો જોવાની મને દરકાર નહોતી......શ્રી સુભાષચંદ્ર બોઝે મને આંદામાન અને નીકોબાર મોકલ્યો ત્યારે એક સત્તા-પત્ર મને આપવામાં આવેલો.

તે પછી સરકારી વકીલે, જાપાનીસ સત્તાવાળાઓ તરફથી સુભાષ બોઝ ઉપર લખવામાં આવેલા એક કાગળના આ ફકરા તરફ સાક્ષીનું ધ્યાન દોર્યું: ‘એવી સમજણ રાખવાની છે કે તમામ ખાતાંની સોંપણી પૂરી થઇ જાય તે દરમિયાન આંદામાન અને નીકોબાર ટાપુઓના ચીફ કમિશ્નર કે એવા કોઈ બિરદવાળા કામચલાઉ સરકારના કોઈ અમલદારને ત્યાં મોકલી આપવા કે જે, ત્યાંના નૌકાદળના કમાન્ડરની નીચે રહીને લશ્કરી-તંત્ર સાથે પૂરા સહકારથી કામ કરે.’

સ૦—બસ તમને આટલી જ સત્તા આપવામાં આવેલી ને ?

જ૦—આ કાગળને લાગેવળગે છે ત્યાં સુધી મને મળેલી સૂચનાઓ એ પ્રમાણેની જ હતી. પણ આ સૂચનાઓનો અમલ મને

શ્રી સુભાષ બોઝે આપેલા કાગળ પ્રમાણે કરવાનો હતો, કારણ કે એ કાગળમાં મને વધુ વિશાળ સત્તાઓ આપવામાં આવેલી. એ કાગળ ઉપરાંત પણ, આંદામાન જતાં પહેલાં મને શ્રી સુભાષચંદ્ર બોઝે મૌખિક સૂચનાઓ આપી હતી, એમાં એમણે એમ કહેલું કે સ્થાનક મુશ્કેલીઓને ખ્યાલમાં રાખ્યા બાદ આખા ટાપુઓનો કબજો બને તેટલો વહેલો સંભાળી લેવો.

આંદામાનના ચીફ કમિશ્નર તરીકે પોતે મોકલેલા માસિક અહેવાલો-—માંથી અમુક સાક્ષીએ રજૂ કર્યા. એમાંના એકમાં કહેવાતા જાસૂસોની જાપા-નીઓએ ધરપકડ કરીને એમની ઉપર ખટલો ચલાવ્યાનું અને એમાંના ઘણાને ઠાર માર્યાનું તેમજ ફાંસીએ ચડાવ્યાનું જણાવવામાં આવ્યું હતું. બીજા એક અહેવાલમાં અટકાયત દરમિયાન લાગુ પડેલી બીમારીને કારણે કેટલાકનાં મરણ થયાની વાત હતી. સાક્ષીએ કહ્યું કે એ વાકય દ્વારા પોતે એવો અર્થ પાઠવ્યો હતો કે પોલીસના કબજામાં એમની ઉપર થયેલા સિતમોને કારણે એ મરણ પામ્યા હતા. ત્રીજા એક અહેવાલમાં 'જાપાનીસ રસમો' નો ઉલ્લેખ હતો એની મારફત પોતે 'સિતમો' સમજાવવા માગતા હતા એમ સાક્ષીએ જણાવ્યું. સાક્ષીએ કહ્યું કે આ વાત એમણે ચોકખા શબ્દોમાં નહોતી લખી કારણ કે જાપાનીઓ એમના અહેવાલોની તપાસણી કરતા હતા અને રાજ્યના વડા ( સુભાષ બોઝ )ને પરિસ્થિતિની જાણ થાય એવી પોતાની ઇચ્છા હતી

જ૦—તમે ત્યાં હતા તે દરમિયાન જાપાનીઓએ જાસૂસીના કિસ્સાઓમાં ભયંકર સિતમો ગુજાર્યા હતા ?

જ૦—ના;

સ૦—તમને એની જાણ હતી પણ એનો કાંઈ ઇલાજ તમા-રાથી થઈ શકે તેમ નહોતો ?

જ૦—ના......એક પછી એક બધાં ખાતાંનો કબજો સંભાળી લેવાની શકયતા વિશે વખતોવખત મારે જાપાનીસ નાગરિક વહીવટ-—કર્તા સાથે ચર્ચાઓ થતી. એક પોલીસખાતા સિવાય બધાં જ ખાતાં સંભાળી લેવાનું મને કહેવામાં આવેલું. પણ મારી માગણી એવી

હતી કે પોલીસખાતું ન મળે ત્યાં સુધી બીજા ખાતાં સંભાળવા હું તૈયાર નહોતો.

સ૦—એ ટાપુઓનો નાગરિક વહીવટ ત્યાંના નાગરિક વહીવટ-ખાતાના વડા જોચીના હાથમાં હતો, અને તેનો લશ્કરી તથા નૌકા-વહીવટ જાપાનીસ 'રેર-એડમિરલ'ના હાથમાં હતો તો પછી નિશાળો અને સ્વાવલંબનનો કાર્યક્રમ ચલાવવા સિવાય તમે ત્યાં બીજું શું કરતા હતા ?

જવાબમાં સાક્ષીએ કેળવણી અને સ્વવલંબનના કાર્યક્રમ નીચે થયેલા કાર્યની સમજણ આપી.

સ૦—એની એ વાત ૭ વાર કહેવાથી તમારા કામની અગત્ય કાંઇ વધતી નથી.

જ૦—એનો એ જ સવાલ તમે મને ૭ વાર પૂછયો છે... કેળવણી અને સ્વાવલંબનના કાર્યક્રમ ઉપરાંત જાસૂસી અંગે હું બને તેટલી વિગતો મેળવતો અને જાપાની સત્તાવાળાઓ મુખ્ય સમક્ષ એ અંગે મારું દૃષ્ટિબિંદુ રજૂ કરતો તેમજ નાગરિક બાબતોના ન્યાયાધીશ મહમ્મદ ઇકબાલ પાસેથી અહેવાલો મેળવતો.

## <u>૧૨ મી ડિસેંબર : બુધવાર</u> : ૧૬ :

સ૦—આંદામાન અને નીકોબાર ટાપુઓમાંથી કામચલાઉ સરકાર પાછી ખેંચી લેવાની સલાહ તમે આપેલી ?

સ૦—મેં અદાલતને દસ વખત કહ્યું છે કે પોલીસખાતું મારા હાથ નીચે લેવા હું મથી રહ્યો હતો,

**અદાલતનાપ્રમુખ**—બરાબર સાંભળો અને જવાબ આપો.

જ૦—ગઇ કાલે મેં કહેલું કે ઇકબાલ નાગરિક ખટલાઓ ચલાવતા હતા. એમાં નાણાંની ધીરધાર અંગેના, દેવા વિશેના, ગીરો મૂકવાના, અને મકાનો તથા કુટુંબો વિશેની તકરારો અંગેના ખટલા-

એનો સમાવેશ થતો.....શ્રી સુભાષચંદ્ર બોઝ તરફથી મને એક તાર મળ્યો એટલે આંદામાનના મારા વસવાટ દરમિયાન થયેલી પ્રગતિનો અહેવાલ જાતે આપવા હું આંદામાનથી રવાના થયો. મારી ગેર-હાજરી દરમિયાન આલ્વી આંદામાનના કામચલાઉ કમિશ્નર નિમાયેલા.

સ૦—સિંગાપુર પહોંચ્યા પછી, આંદામાન અને નીકોબાર ટાપુઓમાંથી સરકાર પાછી ખેંચી લેવાની માગણી કરતો એક તાર તમે સુભાષચંદ્ર બોઝને કરેલો?

જ૦—મેં પોતે સુભાષ બોઝને એવો તાર મોકલ્યો નહોતો.

પોર્ટ બ્લેરમાં પોતે કરેલા કાર્યનો જે અહેવાલ સાક્ષીએ સિંગાપુરમાં સુભાષચંદ્ર બોઝને પેશ કર્યો હતો તે એમને અદાલતમાં દેખાડવામાં આવ્યો. એમાં એક સ્થળે કહેવાયું હતું કે, 'પ્રજાની યાતનાઓ ઓછી કરવામાં આપણે નિષ્ફળ નીવડયા છીએ તેથી એમને આપણામાં વિશ્વાસ નથી રહ્યો. પ્રજાને એમ લાગે છે કે કામચલાઉ સરકાર પાછી ખેંચી લેવાથી એમની હાલત સુધરશે.' સાક્ષીએ જણાવ્યું કે એ ટાપુ ઉપરના પોતાના અનુભવને પરિણામે પોતે એ અભિપ્રાય ઉપર આવ્યા હતા.

સ૦—કામચલાઉ સરકારને આંદામાન–નીકોબારમાંથી પાછી ખેંચી લેવી જોઇએ એવો અભિપ્રાય તમે કદી ધરાવતા નહોતા એમ તમે કહો છો?

જ૦—વાત એમ છે કે પોલીસખાતું આખું મારા હાથ નીચે લેવા માટે હું મથી રહ્યા હતો. એ ખાતું સોંપી દેવા જો સત્તાવાળાઓ તૈયાર ન હોય તો પછી કામચલાઉ સરકાર પાછી ખેંચી લેવાનો સવાલ વિચારવો જ પડે તેમ હતું......

૧૯૪૨ના સપ્ટેંબરમાં હું આ૦હિં૦ફો૦માં જોડાયો. આ૦હિં૦ફો૦ની રચનામાં મેં કોઇ ખાસ ભાગ લીધો નહોતો. ૧૯૪૨ માં કે૦ મોહનસીંગની ધરપકડ કરાઇ હતી. એમની ધરપકડ પછી એક–બે કલાકે, બિદાદરીમાંની એક સભામાં રાશબિહારી બોઝનો એક સંદેશો વાંચી સંભળાવવામાં આવેલો. મોહનસીંગની ધરપકડની એમાં જાહેરાત હતી. મોહનસીંગની ધરપકડ પછી એક વહીવટી સમિતિ

સ્થપાયેલી. હું એમાં હતો. સમિતિનું કામ છાવણીમાં વ્યવસ્થા અને શિસ્ત જાળવવાનું, બધાં શસ્ત્રો તેમજ દારૂગોળો ભેગાં કરીને તેને સલામત સ્થળે મૂકી દેવાનું, છાવણીમાંના સૈનિકોની ખોરાકીનું ધ્યાન રાખવાનું અને ત્યાં હોય તે સિપાહીઓનો વહીવટ ચલાવવાનું હતું.

સ૦—મોહનસીંઘની ધરપકડ પછી અને આ૦હિં૦ફો૦ ને વિખેરી નાખવામાં આવી તે પછી આ૦હિં૦ફો૦ના સિપાહીઓને ફરી પાછા યુદ્ધકેદીઓ બનાવવામા આવેલા ?

જ૦—સિપાહીઓની એવી માગણી હતી કે એમને પાછા યુદ્ધકેદીઓને દરજ્જે મૂકવામાં આવે પણ એમને યુદ્ધકેદીઓ તરીકે લેવાની જાપાનીઓએ ના પાડી કારણ કે આ૦હિં૦ફો૦માં જોડાવા માટે એ બધાને સ્વતંત્ર હિંદીઓ બનાવવામાં આવેલા, અને હવે એ યુદ્ધકેદીઓ તરીકેના પોતાના દરજ્જા પર પાછા ફરી શકે નહિ...... જાપાનીઓએ મોહનસિંઘને કેદમાં રાખ્યા કે નહિ તે તથા મોહન-સીંઘની ધરપકડ પછી એ કેટલા વખત સુધી સિંગાપુરમાં હતા તે હું જાણતો નથી......

સ૦—આઝાદ હિંદ ફોજમાં ભરતી કરવા માટેના રસ્તાઓમાં લાંચરૂશ્વતનો સમાવેશ થતો હતો ?

જ૦—મને એની જાણ નથી.

સ૦—તોફાની માણસોને અટકાયત-છાવણીમાં લઇ જવાતા ?

જ૦—મને એની જાણ નથી.

સ૦—માર મારવો, માણસોને ગટરની અંદર ઉતારવા અને માને નહિ ત્યાં સુધી ત્યાં ઊભા રાખવા, અને બીજા સિતમો જેવી ખાસ તરકીબો અજમાવવામાં આવતી હતી ?

જ૦—મને એની જાણ નથી......ભયંકર જુલમનો એક કિસ્સો મારા જાણવામાં આવેલો. ઘૂંટણમાંના જખમમાં સડો થવાથી એક માણસ મરણ પામેલો. ઇસ્પિતાલમાંથી મને એવો અહેવાલ મળેલો.

મેં આ કિસ્સામાં તપાસ કરવા બાબત લખાણ કરેલું એનો કાંઇ જવાબ મળ્યો નહોતો. એની તપાસ માટે એક ખાસ કોર્ટ બેસાડયાનું મે સાંભળેલું. માર ખાવાને પરિણામે સખત જખમો પામેલા દરદીઓને ઇસ્પિતાલમાં દાખલ કરાતા હોવાની મને જાણ નથી. મારી જાણમાં તો આ એક જ કિસ્સો આવેલો અને એને વિશે મેં પગલાં લીધેલાં. મારું કામ તો ઇસ્પિતાલની દેખરેખ રાખવાનું હતું. સરકારની સ્થાપના થઈ ત્યારથી તે આંદામાન જવા રવાના થયો ત્યાં સુધી હું તબીબી ખાતાનો વડો હતો.

સ૦—કામચલાઉ સરકારની કામગરી શી હતી ?

જ૦—આ સવાલ અચોકકસ છે.

**ભુલાભાઇ** : હું વાંધો ઉઠાવું છું, એ તો હિંદી સરકાર શું કરે છે? એના જેવો સવાલ છે.

**અદાલતના પ્રમુખ** : તમે જેમાં હાજર હતા એવી પ્રધાન. મંડળોની બેઠકમાં કયા વિષયોની ચર્ચા થતી ?

જ૦—જુદી જુદી વિગતોની ચર્ચા થતી, જેવી કેઃ રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીતો, કૂચ–ગીતો, લડાઇની જાહેરાત, આ૦હિં૦ફો૦માં વાપરવાની ભાષા, હિંદી સ્વાતંત્ર્ય સંઘની શાખાઓ અને તેમનાં કાર્યોને લગતી જુદી જુદી વિગતો, ફોજમાં કરવાનો વધારો અને ભરતી–કાર્ય. તાલીમ અને એવા બીજા વિષયો. એ વિષયો એક બીજા સાથે સંકળાયેલા હતા……

૧૯૪૫ ૨૪મી એપ્રિલથી પખવાડિયાએક સુધી આખા રંગુન શહેરમાં અમે ચોકીપહેરો ભરેલો. સુભાષચંદ્ર બોઝ ૨૪મી એપ્રિલે રંગુનથી જતા રહ્યા તે અગાઉ હું એમને મળેલો. શ્રી બોઝની વિદાય પછી બરમા વિભાગના જી૦ ઓ. સી. તરીકે કામ કરવા માટે મારી નિમણૂક કરવામાં આવેલી. જાપાનીસ પેઢીઓએ ૨૧–મી એપ્રિલે અને જાપાનીસ સરકારે ૨૩મી એપ્રિલે રંગુન ખાલી

કરવા માંડયું હતું......બરમાં રેવોલ્યુશનરી આર્મી (ક્રાંતિકારી બરમી સેના)એ રંગુનનો કબજો લીધાની મને જાણ નથી. શ્રી બોઝની વિદાય અને બ્રિટિશ સૈન્યના આગમન વચ્ચેના કાળ દરમિયાન એક પખવાડિયા સુધી રંગુન આ૦હિં૦ફો૦ના કબજામાં હતું.




આઝાદ ફોજની સલામી લેતા
નેતાજી બોઝ અને વડાપ્રધાન ટોજો

# આઝાદ સરકારના વહીવટની વધુ વિગતો

તે પછીના સાક્ષી આઝાદ હિંદ બેંકર ડીરેક્ટરોમાંના એક શ્રી દીનાનાથે જણાવ્યું કે—

રંગુનમાં હું દસ વરસ રહ્યો છું, ઇમારતી લાકડાંનો વેપાર કરું છું અને ઇજનેરી કોંટ્રાક્ટો લઉં છું. જાપાનીઓએ લડાઇ જાહેર કરી ત્યારે હું રંગુનમાં હતો. ૧૯૪૧ની ૨૦મી ડિસેમ્બરે જાપાનીઓએ મલાયાનો કબજો લેવા માંડયો અને ૨૩મી ડિસેમ્બરે રંગુન ઉપર બોંબમારો કર્યો.

સ૦—જાપાનીસ બોંબમારા વખતે રંગુનમાં શી પરિસ્થિતી હતી?

જ૦—ભારે નાસભાગ થઇ રહી હતી. રંગુનમાં હિંદીઓને લૂંટવાનું અને એમનાં ખૂન કરવાનું ચાલતું હતું. જાપાનીઓ રંગુનમાં દાખલ થયા ત્યારે હું મોગામાં હતો. હિંદી સ્વાતંત્ર્ય સંઘની અને તેની રંગુન–શાખાની સ્થાપનાની મને જાણ હતી. આઝાદ હિન્દ બેંકના ડીરેક્ટરોમાંનો હું એક હતો. બીજા ડીરેક્ટરો હતા શ્રી અય્યર (પ્રમુખ), શ્રી રશીદ, શ્રી બેટાઇ, શ્રી માધા અને કર્નલ આલાગાપ્પાન.

બરમા અને મલાયામાંના હિંદીઓ તરફથી કામચલાઉ સરકારને ફાળા આપવામાં આવતા હતા. એક નેતાજી ફાળા સમિતિ પણ હતી. એનું કાર્ય કામચલાઉ સરકાર માટે પ્રજા પાસેથી ઉઘરાણાં કરવાનું હતું. ઉઘરાણાંમાં રોકડ અને ચીજ વસ્તુઓ આવતાં. આ રીતે ભેગાં થયેલાં નાણાં આઝાદ હિન્દ બેંકમાં રખાતાં અથવા તો આઝાદ હિન્દ સરકારના નાણાંકીય–ખાતામાં રખાતાં.

સ૦—બરમામાં થયેલો કુલ ફાળો કેટલો હતો?

જ૦—પંદર કરોડ રૂપિયા જેટલો.

સ૦—મલાયામાં કુલ કેટલો ફાળો થયેલો?

૪૦—લગભગ પાંચ કરોડ રૂપિયા......રૂપિયાની સરખામણીમાં ડૉલરની કિંમત કેટલી થાય તે હું જાણતો નથી. પ્રજાનાં માણસો પણ આ બેંક સાથે વ્યવહાર રાખતાં. બેંકની રંગુન–શાખામાં ત્રીસ–ચાલીસ લાખ રૂપિયા હતા. બેંક સાથે મારો સંબંધ ૧૯૪૪ના એપ્રિલથી તે બ્રિટિશ લશ્કરી સત્તાવાળાઓએ ૧૯૪૫ના મેની અધવચમાં એનો કબજો લીધો ત્યાં સુધી ચાલુ હતો. એ વખતે બેંક પાસે પાંત્રીસેક લાખ રૂપિય હતા.

ઝિયાવાડી જાગીરના પચાસેક ચોરસ માઇલના વિસ્તારમાં મુખ્યત્વે હિંદીઓની વસ્તી હતી. એ જાગીર કામચલાઉ સરકારને સોંપી દેવામાં આવેલી. આઝાદ હિંદ સરકારના મહેસૂલી પ્રધાને એ વિસ્તારોના વહીવટ માટે એક વહીવટકર્તા નીમ્યા હતા. રાજ્યની ૧૫,૦૦૦ની વસ્તી હતી અને એમાં ઇસ્પિતાલો ઉપરાંત સૂતર, ધાબળા, અને કોથળા બનાવવાનાં કારખાના હતાં. એ રાજ્યમાં આ૦હિં૦ફો૦નું એક મથક હતું તેમજ એક તાલીમ છાવણી પણ હતી. કારખાનાં કામચલાઉ સરકાર તરફથી ચલાવવામાં આવતાં અને તેની તમામ પેદાશનો ઉપયોગ પણ એ કરતી. ન ણાં, સ્વયંસેવકોની ભરતી અને તાલીમ, પ્રચાર અને જાહેર તંદુરસ્તીની વ્યવસ્થા હિંદી સ્વાતંત્ર્ય સંઘની જુદી જુદી શાખાઓ કરતી અને હિંદીઓનાં હિતની સંભાળ રાખતી. સંઘમાં એક નારી– વભાગ હતો અને એક બાલસેના પણ હતી. ગેરહાજર હિંદીઓની મિલકતની સંભાળ પણ સંઘ રાખતો.

તે પછીના સાક્ષી હવાલદાર શીવસીંઘ આ૦હિં૦ફો૦માં લેફ્ટનેન્ટનો દરજ્જો ધરાવતા હતા. એમણે કહ્યુ કે—

'આઝાદ હિંદ ફોજનો હું સભ્ય હતો અને આજે પણ છું. ૧૯૪૨ના ઓગસ્ટમાં હું બરમા આવેલો. ઝિયાવાડી નામનો એક પ્રદેશ છે તે મને ખબર છે. ૧૯૪૩ના ઓગસ્ટથી ૧૯૪૫ના એપ્રિલ સુધી હું ત્યાં રહેલો. ત્યાં મને એક તાલીમ–છાવણી શરૂ કરવા

મોકલવામાં આવેલો અને એ મારા અંકુશ નીચે હતી. એ પ્રદેશમાં આશરે ૧૫,૦૦૦ હિંદીઓની વસ્તી હતી. તાલીમ-છાવણી ઉપરાંત ત્યાં આ૦હિં૦ફો૦ની એક ઇસ્પિતાલ હતી, સાજા થઇ રહેલા દરદીઓ માટેનું એક આરામ-ગૃહ હતું અને અપંગ સિપાહીઓ માટેનું એક નિવાસસ્થાન હતું. ખાંડનું એક કારખાનું અને આઝાદ હિંદ દળની એક મોટી કચેરી પણ ત્યાં સ્થાપવામાં આવ્યાં હતાં.

આઝાદ હિંદ દળનો ઉદ્દેશ અમારા લશ્કરે કબજે કરેલા અને અમારી સરકારના અંકુશ નીચેના પ્રદેશોનો વહીવટ કરવાનો હતો. આઝાદ હિંદ દળ લે૦ વિઠ્ઠલરાવના અંકુશ નીચે હતું અને શ્રી ઘોષના તાબામાં જાહેર બાંધકામ ખાતું હતું. ગામડાનાં ઝૂમખાં માટે તેહસીલદારો નીમવામાં આવ્યા હતા અને એમનું કામ મહેસૂલ ઉઘરાવવાનું, નાના ઝઘડા પતાવવાનું અને મોટી તકરારો ઉપરના સત્તાવાળાઓ પાસે પહોંચાડવાનું હતું. શ્રી રામચંદ્ર પ્રસાદ એના વ્યવસ્થાપક હતા. એમની નિમણૂક સરકારે કરેલી હતી. પોલીસખાતું શ્રી શ્યામચરણ મિશ્રના હાથમાં હતું, એમની નિમણૂક પણ સરકારે કરેલી હતી. શ્રી ઘોષના તાબામાં જાહેર બાંધકામ ખાતા ઉપરાંત ખેતીવાડી અને આરોગ્યનાં ખાતાં પણ હતાં.

આ પ્રદેશનો બચાવ આઝાદ હિન્દ ફોજના સિપાહીઓએ કર્યો હતો. જાપાનીઓ કે બરમીઓને આ પ્રદેશ સાથે કાંઇ લેવાદેવા નહોતી. ઘણીવાર બરમી અને જાપાનીસ સરકારો સાથે ગેરસમજણ ઊભી થતી, પણ અમારી કામચલાઉ સરકાર એને દૂર કરતી. મુક્ત કરાયેલા પ્રદેશોના ભાવિ ગવર્નર તરીકે જનરલ ચેટરજીની નિમણૂક થઇ હતી. એમનું વડું મથક ઝિયાવાડીમાં હતું.

ઊલટતપાસમાં:—

જાપાનીઓ સાથેની લડાઇમાં મેં ભાગ લીધેલો અને ૧૯૪૨ના જાન્યુઆરીમાં હું કેદ પકડાયો હતો. આ૦હિં૦ફોજ અને કામ-

ચલાઉ સરકારની સ્થાપના થયા પછી અંગ્રેજો સામે લડવા માટે હું મારી મેળે ભરતી થઇ ગયો હતો.

સ૦—૧૯૪૨ની ૧૦ મી ફેબ્રુઆરીએ તમે સાઇગોનથી રેડીઓ-દ્વારા હિંદી લશ્કરને ઉદ્દેશીને બોલ્યા હતા ?

જ૦—હિંદી લશ્કરને ઉદ્દેશીને હું રેડીઓ પરથી બોલ્યો નહોતો. મને કેદ પકડયા પછી જાપાનીઓએ મારી સાથે કેવો વર્તાવ રાખ્યો હતો તે મેં રેડીઓ પરથી જાહેર કરેલું. આ મેં મારી પોતાની જ ઇચ્છાથી કર્યું હતું, કારણ કે જાપાનીઓએ મને કહેલું કે એમણે મારી સાથે કેવો વર્તાવ રાખ્યો છે એ જો મારે બ્રૉડકાસ્ટ કરવું હોય તો કરી શકું છું.

સ૦—એ બ્રૉડકાસ્ટ કોના લાભ માટે હતો ?

જ૦—અંગ્રેજો જેમને જંગલોમાં છોડીને જતા રહ્યા હતા એવા ઘણા હિંદી સૈનિકોના લાભ માટે એ હતો, કે જેથી એ ભેગા થઇને સાઇગોનમાં એકબીજાને મળી શકે. હિંદી સિપાહીઓને સામે પક્ષે ભળી જવાનું મેં રેડીઓ ઉપરથી કહ્યું નહોતું......૧૯૪૨ના માર્ચમાં હું પહેલવહેલો કે૦ મોહનસીંગને સિંગાપુરમાં મળેલો અને એમની પડખેના એક બંગલામાં ચાર-પાંચ દિવસ સુધી રહેલો. ઇપોહમાં હું કેદ પકડાયો પછી જાપાનીઓએ મને પ્રથમ કુલાલાંપુર અને પછી સાઇગોન મોકલેલો. ત્યાં મને શું કામ લઈ જવાયો તેની મને ખબર નથી. મને તો એટલું જ કહેવામાં આવ્યું હતું કે મારે જવાનું છે.

સ૦—હું તમને કહું છું કે તમે એમને માટે ચોક્કસ કાર્ય કરવા જવા તૈયાર છો કે નહિ એ જાપાનીઓએ તમને પૂછેલું ?

જ૦—મને તો ફક્ત જવાનો હુકમ કરવામાં આવેલો...... સાઇગોનમાં મને કર્નલ સાઇટો પાસે લઇ ગયા. ત્યાં કર્નલ સાઇટોએ મને જાપાનીઓની યુદ્ધનેમોની વાત કરી.

સ૦—અંગ્રેજો સામે લડવા માટે એક લશ્કરમાં જોડાવાનું એણે તમને અને તમારી ટૂકડીને કહ્યું હતું ?

જ૦—અંગ્રેજો સામે લડવા માટે એણે મને કોઇ લશ્કરમાં જોડાવાનું કહ્યું નહોતું.

સ૦—હું તમને કહું છું કે તમને બ્રોડકાસ્ટ કરવાનું કહેવામાં આવેલું, અને જાપાનીઓને મદદ કરીને હિન્દની આઝાદી મેળવવાનું તમે હિન્દી લશ્કરને રેડીઓ ઉપરથી કહેલું પણ ખરું.

જ૦—ના. મેં અગાઉ જે કહ્યું એ જ મેં બ્રોડકાસ્ટ કરેલું અને બીજુ કાંઇ જ નહિ.

સ૦—સિંગાપુરમાં તમે મેજર ફ્યુજીવારાને મળેલા ?

જ૦—એમને હું મળેલો નહિ, પણ મેં એમને જોયેલા.

સ૦—તમે સિંગાપુર જવાની વાત કરતા હતા. તમે ત્યાં જવાની માગણી કરેલી કે તમને ત્યાં મોકલવામાં આવેલા ?

જ૦—મને ત્યાં મોકલવામાં આવેલો.

સ૦—મોહનસીંઘ સાથે તમે કેવી રીતે રહ્યા ? અગાઉ તો તમારે એમની સાથે કાંઇ સંબંધ હતો નહિ.

જ૦—હું મોહનસીંઘની સાથે રહ્યો હતો એવું મેં નથી કહ્યું, મેં કહેલું કે કે૦ મોહનસીંઘની પડખેના એક ઘરમાં બીજા હિન્દી સિપાહીઓ રહેતા હતા ત્યાં હું પણ રહેલો.

સ૦—એ ઘર માઉન્ટ પ્લેઝન્ટ રોડ ઉપરના મોહનસીંઘના બંગલામાં હતું ?

જ૦—માઉન્ટ પ્લેઝન્ટ રોડ ઉપર સંખ્યાબંધ બંગલાઓ હતા. કે૦ મોહનસીંઘની પડખેના એક નાના મકાનમાં હું રહ્યો હતો.

સ૦—સિંગાપુર પહોંચ્યા પછી તમે મોહનસીંઘ સમક્ષ હાજર થયા હતા કે નહિ ?

જ૦—ના......ત્યાં પાંચ-છ દિવસ રહ્યા પછી હું બિદાદરી છાવણીમાં ગયેલો. મને ત્યાં જવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

સ૦—તમને વખતોવખત જુદા જુદા સ્થળોએ શા માટે લઈ જવામાં આવતા હતા એ તો તમે કદી પૂછ્યું જ નહિ હોય?

જ૦—એ જ રીતે બીજા ઘણા માણસો એક સ્થળેથી બીજે સ્થળે જતા હતા. આ બધી હિલચાલ માટેનાં કારણો મને કહેવામાં આવ્યાં નહોતાં.

સ૦—બિદાદરીમાં હતા ત્યારે તમે આઝાદ હિંદ ફોજ વિશે કાંઇ સાંભળેલું?

જ૦—હા, બિદાદરીમાં મેં આ૦હિં૦ફો૦ વિશે સાંભળેલું.

સ૦—અને આ૦હિ૦ફો૦માં જોડાવાનું તમે બીજાને સમજાવતા હતા?

જ૦—ના.

સ૦—આ૦હિં૦ફો૦માં જોડાવાનું તમને કોઇએ સમજાવેલું?

જ૦—ના.........એ છાવણીમાં હું લગભગ બે મહિના સુધી રહયો પણ એટલા વખત દરમિયાન એક પણ ભાષણ મેં સાંભળ્યું નહોતું. આગળ જતાં, આ૦હિં૦ફો૦ના વડા મથકના કહેવાથી હું બેંગકોક પરિષદમાં હાજર રહેવા બેંગકોક ગયેલો. એ વખતે હું આ૦હિં૦ફો૦માં હતો.

સ૦—બેંગકોક પરિષદ ૧૯૪૨ના જૂનમાં ભરાયેલી?

જ૦—હા.

સ૦—એ વખતે આઝાદ હિંદ ફોજની સ્થાપના થઈ ગઇ હતી?

જ૦—હા, એની સ્થાપના થઇ ગઈ હતી.

સ૦—આ૦હિં૦ફો૦માં જોડાવાની તમારી ઇચ્છા તમે દર્શાવેલી?

જ૦—હા, જો મને દરેક વાતનો સંતોષ થાય તો આ૦હિં૦ફો૦માં જોડાવા તૈયાર હતો.

સ૦—તમને બેંગકોક જવાનું કઇ વ્યક્તિએ કહેલું?

જ૦—કે૦ અમરસીંધે મને બેંગકોક જવાનું કહેલું.

સ૦—ક્યા કારણસર એમણે તમને એમ કહેલું ? કોઇના પ્રતિનિધિ તરીકે તમારે જવાનું હતું ?

જ૦—એમણે મને કહ્યું કે ત્યાં એક પરિષદ ભરવાની છે અને મારે ત્યાં જઈને હિંદુસ્તાનીમાં જે ભાષણ થાય તેની નોંધ કરવી. કે૦ મોહનસીંઘના ભાષણની મેં નોંધ કરેલી. તે પછી હું સિંગાપુર પાછો ફર્યો અને ૧૯૪૨ના સપ્ટેંબરમાં રંગુન ગયો. કર્નલ જિલ નીચે એક ખાસ ટૂકડી મોકલવામાં આવેલી અને હું પણ એમાં હતો.

સ૦—આ સમયે તમે આ૦હિં૦ફો૦માં રીતસર જોડાયેલા હતા ?

જ૦—હું એમાં જોડાયો હતો ખરો પણ જાપાનીસ સરકારે અમારી આઝાદ હિંદ ફોજને અને કામચલાઉ સરકારને સ્વીકારેલ નહિ ત્યાં સુધી લડવા માટે હું તૈયાર નહોતો.

સ૦—૧૯૪૨ના સપ્ટેંબરની આખરમાં તમને આરાકાન મોરચે દુશ્મન દળોમાં પેસી જવાનું કામ સોંપાયું હતું ?

જ૦—ના. મને આરાકાન જઇને માહિતી મેળવવાનું અને પાછા ફરીને મારો અહેવાલ રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ કામ મેં આ૦હિં૦ફો૦ના એક સભ્ય તરીકે કર્યું હતું. ૧૯૪૨ના ડિસેંબરમાં હું રંગુન પાછો ફર્યો. ડિસેંબરમાં કયારેક મેં આ૦હિં૦ ફો૦માંની કટોકટી વિશે સાંભળ્યું. એ વખતે નાસી છૂટીને હિંદ પહોંચી જવાનો પ્રયાસ મેં કર્યો નહોતો.

૧૯૪૩મા મિંગાલાડોમમાં ક૦ જિલની ટૂકડી જાપાનીઓએ કેદ કરી હતી હું પણ એમાંનો એક હતો. એમને શા માટે કેદ કરવામાં આવ્યા હતાં તે હું જાણતો નથી.

સ૦—ક૦ જિલની ટૂકડી શા માટે ઊભી કરવામાં આવેલી ?

જ૦—જિલની 'ટૂકડી ઊભી કરવાના સંપૂર્ણ કારણો હું જાણતો નથી, પણ મને જે કામ સોંપવામાં આવ્યું હતું તે હું જણાવી ચૂકયો છું.

સ૦—આરાકાનમાં તમે જે કામ કરેલું તે ક૦ જિલની ટૂકડીનું કામ હતું?

જ૦—એ વખતે હું આ૦હિં૦ફો૦ માં હતો પણ જાપાનીઓએ આ૦હિં૦ફો૦ અને કામચલાઉ સરકારનો સ્વીકાર ન કર્યો ત્યાં સુધી મેં કામ કર્યું નહોતું. લડાયક હિલચાલમાં આ૦હિં૦ફો૦ના કોઇ સિપાહીએ સીધો ભાગ લીધો નહોતો. મને આરાકાન મોકલવામાં આવ્યો ત્યારે આ૦હિં૦ફો૦ અને કામચલાઉ સરકારે અંગ્રેજો કે અમેરિકનો સામે લડાઈ જાહેર કરી નહોતી. ઝિયાવાડી જાગીરમાં મને આ૦હિં૦ફો૦ની તાલીમ-છાવણી ખોલવા માટે મોકલવામાં આવેલો.

૧૯૪૪ના ઑકટોબરમાં હું સેનગુપ્તાને મળેલો, નાસી ને હિંદ પહોંચી જવાની ઇચ્છા મેં દર્શાવી નહોતી. બારમી ગેરીલા સૈનિકો સાથે મારે કાંઈ સંપર્ક નહોતો. ૧૯૪૪ની આખરમાં અને ૧૯૪૫ની શરૂઆતમાં મેં અંગ્રેજોને માહિતી પૂરી પાડેલી એ વાત ખોટી છે. અમે કૅપ્ટન બ્રાઉનને કેદ પકડયા ત્યારે હું એમને મળેલો. હું અંગ્રેજોને માહિતી આપવા રહીશ એવું મેં કૅ૦ બ્રાઉનને કહ્યું નહોતું, પણ એક બરમા સાથે મારે સંપર્ક હતો. ઝિયાવાડી જાગીર, આ૦હિં૦ફો૦ અને કામચલાઉ સરકારને બચાવવા મેં એક યુક્તિ કરેલી. બરમી સૈનિકોને મેં કહેલું કે જાગીરમાં ફક્ત એક હૉસ્પિતાલ છે અને સંરક્ષણની કોઇ હરોળો એ વિસ્તારમાં નથી. આ માહિતી આપવા માટે મને એક હજાર રૂપિયા મળેલા એ વાત ખોટી છે.

સ૦—ઝિયાવાડી જાગીર કોની માલીકીની હતી એ તમે જાણો છો?

જ૦—એ એક હિંદીની માલિકીની હતી. એનું નામ હું નથી જાણતો. અમારી સરકારે એ જાગીરનો કબ્જો લીધો કારણ કે એ હિંદી ત્યાં હાજર નહોતો.

સ૦—એ માત્ર જમીન હતી કે જાગીર ?

જ૦—તમને ઠીક પડે એ તમે એને કહી શકો છો.

સ૦—એ જમીનનો કબ્જો તમારી સરકારે કયારે લીધો એ તમે અદાલતને જણાવો એમ હું ઇચ્છું છું.

જ૦—૧૯૪૪ના જૂનના આશરામાં અમે એ જાગીરનો કબ્જો ત્યાં કામ કરતા વ્યવસ્થાપક પાસેથી લીધો હતો અને તે પછી પણ એમણે કામ કરવું ચાલુ રાખેલું. સરકારે એમને અમુક સત્તાઓ આપેલી. પરમાણંદ નામના એક ભાઇ એ વખતે વ્યવસ્થાપક હતા. આગળ જતાં એ સરકારના પૂરવઠા-ખાતાના પ્રધાન બન્યા અને ગંગાપ્રસાદ નામના બીજા એક ભાઇને એ જાગીરના અને ખાંડનાં કારખાનાંના વ્યવસ્થાપક નીમવામાં આવ્યા હતા.

સ૦—આપણે ચોખવટ કરી લઇએ. સરકારે એનો કબ્જો લીધો તે પહેલાં એ જાગીર નહોતી પણ જમીન હતી.

જ૦—હું ત્યાં ગયો ત્યારથી એ જાગીર કહેવાતી. અગાઉ એ જાગીર કહેવાતી કે જમીન તે હું જાણતો નથી.

૧૯૪૪ના ઑગસ્ટમાં હું ત્યાં ગયો ત્યારે એ ઝિયાવાડી જાગીર હતી. એનો રાજા એક રાયબહાદુર હતો. એ હિંદુસ્તાન ભાગી ગયેલો એ જાગીરનો સરકારે કબ્જો લીધો તે પછીની વ્યવસ્થા વિષે હું જાણું છું. તે પહેલાનું હું કાંઇ જાણતો નથી.

સ૦—એ એક જાગીર હતી, એના એક રાજા હતા અને એ હિંદુસ્તાન નાસી ગયેલા એ તમે કયાંથી જાણ્યું ?

જ૦—ત્યાં એક રાજ મહેલ હતો અને મેં રાજ મહેલ જોયો હતો. એ રાજા હજી હિંદમાં જીવતા છે.

સ૦—આ જમીન તેના માલિકે કામચલાઉ સરકારને આપેલી?

જ૦—મને એટલી ખબર છે કે જાપાનીસ સરકાર અને અમારી સરકાર વચ્ચે એક કરાર થયેલો કે ભાગી ગયેલા હિંદીઓની માલિકીની તમામ માલમિલકતનો કબજો અમારી સરકાર લઇ લેશે.

સ૦—આ બરમામાં હતું?

જ૦—હા.

સ૦—અને ૧૯૪૪ના જૂનમાં જાપાનીઓ આખા બરમાનો લશ્કરી કબજો ધરાવતા હતા?

જ૦—હા.

સ૦—ઝિયાવાડીની જાગીર સહિત?

જ૦—મેં એક વાર કહ્યું કે એ અમને આપવામાં આવી હતી.

સ૦—કોના તરફથી? જાપાનીઓ તરફથી?

જ૦—મેં એકવાર કહ્યું છે કે અમારી સરકાર અને જાપાનીસ સરકાર વચ્ચે આખા પૂર્વ એશિયા અંગેનો એક કરાર થયેલો હતો, અને એમાં બરમાનો સમાવેશ પણ થતો હતો. એ કરારની રૂએ અમારી સરકારે આ જાગીરોનો કબજો લીધો હતો.

સ૦—સાચી વાત એ છે કે ઝિયાવાડીમાં આ૦હિં૦ફો૦એ સ્થાપેલી એક તાલીમ-છાવણી હતી.

જ૦—હા, આ૦હિં૦ફો૦ માટે લોકોને તાલીમ આપવા માટેની એક તાલીમ-છાવણી ત્યાં હતી.

શ્રી ભુલાભાઇની ફેરતપાસમાં:—

સ૦—જાપાનીસ યુદ્ધનેમો અંગે કર્નલ સાઇટોએ તમને આપેલી સમજણની વાત તમે કરતા હતા. હિંદુસ્તાન સંબંધે કર્નલ સાઇટોએ તમને કહેલી યુદ્ધનેમો શી હતી?

જ૦—કે હિંદુસ્તાન સમેત આખા પૂર્વ એશિયાની આઝાદી માટે જાપાન લડી રહ્યું છે.

## ૧૩ મી ડિસેંબર : ગુરુવાર                    : ૧૭ :

હિંદી સરકારના સામ્રાજ્ય-સંબંધ ખાતાના શ્રી નંદાએ અદાલતમાં કેટલાક સત્તાવાર આંકડા રજૂ કર્યા. એમણે કહ્યું કે, જાપાન સાથેની લડાઇ શરૂ થઇ તે અગાઉ સત્તાવાર આંકડા મુજબ બરમામાં ૧૦,૧૭,૮૨૫ હિંદીઓ હતા, મલાયામાં લગભગ ૮,૦૦,૦૦૦ હતા, થાઈલેંડમાં ૬૫,૦૦૦. હિંદી-ચીનમાં ૬,૦૦૦, હોંગકોંગનાં ૪,૭૪૫, ડચ ઈસ્ટ ઇંડીઝમાં ૬૫,૦૦૦, જેટલા અને જાપાનમાં લગભગ ૩૦૦ હિંદીઓ હતા.

ઊલટ તપાસમાં એમણે જણાવ્યું કે સરકારી દફતરમાંની માહિતી મુજબ જાપાન સાથેની લડાઇ પછી જાપાનમાં માત્ર ૫૪ હિંદીઓ રહ્યા હતા. જાપાન લડાઈમાં ઊતર્યું તે પછી આ બધા દેશોમાંથી કેટલા કેટલા હિંદીઓ બહાર નીકળી ગયા હતા તેના આંકડા એમની પાસે હતા નહિ.

તે પછી જમના વિસ્તારના વડા મથકના 'એ. એ. જી.' લેફ્ટ કo સ્કવેરની જુબાની આવી. ૧૯૪૫ની ૧૫મી જુલાઇએ લંડન રેડીઓ ઉપરથી લશ્કરી દળો માટેના કાર્યક્રમમાં એક બ્રૉડકાસ્ટ થયેલો તેની વડા મથકના સિમલા વિભાગમાં સત્તાવાર રીતે જે નોંધ થઇ હતી તે એમણે રજૂ કરી:—

'એ વાતની હવે પૂરતી સાબિતિ મળી ચૂકી છે કે ફ્રાંસમાંનાં જર્મન દળો ફ્રેંચ સામના દળના સભ્યોને દેશદ્રોહીઓ ગણે છે એ અંગે મિત્ર આક્રમણકારી સેનાના વડા મથકથી સેનાપતિ આઇઝન-હોવરને નામે કરાયેલી એક જાહેરાતમાં નીચેના ચાર મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ (૧) સેનાપતિ કોનીગના અંકુશ હેઠળના ફ્રાંસની અંદરનાં ફ્રેંચ દળો એ એક લડાયક દળ છે અને મિત્ર આક્રમણકારી સેનાનું એ એક અંગ છે. (૨) 'માકી'ને નામે ઓળખાતું ફ્રાંસની અંદરનું આ દળ દુશ્મન સામે ખુલ્લેખુલ્લું લડે છે અને સેનાપતિ આઇઝનહોવર તેને પોતાના કાબૂ હેઠળનું એક લશ્કર ગણે છે. (૩) સામના-દળો સામેના કોઇ પણ વેર વાળવાના સિતમોથી યુદ્ધકાનૂનોનો ભંગ થાય છેઃ જેનું પાલન કરવા જર્મની બંધાયેલું છે. (૪) સેનાપતિ આઇઝનહોવરના કાબૂ હેઠળના દળના કોઇપણ સૈનિક સામે કરાયેલા સિતમોના કરવૈયાને શોધી કાઢવાની દરેક કોશિશ કરવામાં આવશે.

આ દિશામાં પગલાં લેવાઇ પણ ચૂકયાં છે. ગુનેગારોનો ઇન્સાફ તરત જ તોળવામાં આવશે.'

૧૮ મી જુલાઈએ એક જાહેરાત દ્વારા બર્લિન રેડીઓએ એનો જવાબ એમ આપ્યો કહેવાય છે:—

'લંડન રેડીઓએ બ્રૉડકાસ્ટ કરેલી એક જાહેરાત મારફત ફ્રેંચ સામના–દળોને એક લડાયક સેનાનું કાયદેસરનું સ્વરૂપ આપવાનો સેનાપતિ આઇઝનહોવરે પ્રયાસ કર્યો ને. વિલ્હેલ્મસ્ટ્રાસ્સ ( જર્મન સરકારની વડી કચેરી )માંથી જવાબદાર મંડળોએ તેના જવાબમાં આ નિવેદન આપ્યું છે: મિત્ર સેનાપતિએ કરેલો આ પ્રયાસ ગેરવાજબી છે. કાયદેસરની ફ્રેંચ હકૂમતની સામે ફ્રેંચ સામના દળ બળવો કરે છે અને આવા ગુનાં માટે મોતની સજા ઠરાવતા ફ્રેંચ કાયદાનો ભંગ કરે છે. ફ્રેંચ સામના–દળની પ્રવૃત્તિઓ એ રીતસરની લડાઇ નથી, પણ કબ્જો ધરાવતી સત્તા સામે હલકટ હુમલાખોરી છે. આ રીતે રીતસરના લશ્કરના અધિકારો સામના–દળે ગુમાવ્યા છે.'

બચાવ પક્ષના અગિયારમા સાક્ષી કે૦ અરસદે જણાવ્યું કે—

'સિંગાપુરના પતન પછી તમામ હિંદી અફસરો–સિપાહીઓને કર્નલ હંટે જાપાનીઓના હાથમાં સોંપી દીધા પછી મેજર ફયુજીવારાએ ભાષણ કરતાં કહેલું કે: સિંગાપુર અને મલાયામાં જાપાનીસ સેનાએ મિત્ર લશ્કરને હરાવ્યું છે અને હવે જાપાનીસ દળો બરમા તરફ આગળ વધી રહ્યાં છે. પૂર્વ એશિયામાંનાં તમામ રાષ્ટ્રો આઝાદ અને સ્વતંત્ર થાય એવી જાપાનીઓની ઇચ્છા છે. સ્વતંત્ર હિંદુસ્તાન વિના દૂર પૂર્વમાંનો સંયુક્ત–આબાદી–વિસ્તાર સલામત ન રહી શકે તેથી જાપાનીઓ હિંદને આઝાદ બનેલું જોવા માગે છે. તે સિવાય જાપાનીઓની હિંદ અંગે બીજી કોઈ મુરાદ નથી અને એ દિશામાં હિંદીઓને તમામ મદદ કરવા જાપાનીઓ તૈયાર છે. તમે બધા હિંદીઓ છો અને હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે તમારે પણ કાર્ય કરવું જોઇએ.

અમે તમને યુદ્ધકેદીઓ ગણતા નથી. અમને લાગેવળગે છે ત્યાંસુધી તમે સ્વતંત્ર છો અને એ રીતે હું તમને કે૦ મોહનસીંઘના હાથમાં સોંપી દઉં છું. તમે અમારા તાબામાં હતા અને અમારા હુકમનું જે રીતે પાલન કરતા તે રીતે એમના હુકમનું પણ પાલન કરજો.

તે પછી કે૦ મોહનસીંઘે ભાષણ કર્યું કે: " મલાયાની લડાઈમાં હિંદી લશ્કરને લડવાની તક મળી નથી કારણ કે એ લડાઇ સાવ ટૂંકી હતી. ઉપરાંત પાયદળને મદદ કરનારાં બીજાં શસ્ત્રો કે વિમાનો પણ એની પાસે હતાં નહિ, હિંદી લશ્કરની આબરૂ આ રીતે ઓછી થઇ છે. પોતાની સ્વતંત્રતા માટે લડવાનો સમય હિંદીઓ માટે આજે જ આવી પહોંચ્યો છે. અત્યાર સુધી હિંદુસ્તાન પાસે પોતાનું સશસ્ત્ર દળ નહોતું, પણ હિંદની મુક્તિ માટે લડનારું એક સશસ્ત્ર દળ ઊભું કરવાની તક આજે આપણી સામે જ પડી છે." એ સભામાં હિંદી લશ્કરની ઘણી ટૂકડીઓ સહિત ૪૦ થી ૫૦ હજારની હાજરી હતી.

કે૦ સેહગલ કે જેમને હું છેલ્લા ૧૨-૧૩ વર્ષથી ઓળખતો હતો અને બીજા ઉપરી અફસરો સાથે ચર્ચા કર્યા બાદ મેં ૧૯૪૨ના જુલાઈમાં આ૦હિં૦ફો૦માં જોડાવાનો મહત્વનો નિર્ણય કર્યો. ત્યાં સુધી રાજકારણમાં કે હિંદની રાજકીય આઝાદીમાં મને ઝાઝો રસ નહોતો કારણ કે મને એ જાતનું જ શિક્ષણ આપવામાં આવ્યું હતું. વળી, ૧૯૩૬માં હું હિંદી લશ્કરમાં જોડાયો ત્યારે મને લાગ્યું કે હિંદી લશ્કરમાં રાજકારણને પ્રોત્સાહન અપાતું નથી અને તેથી હું એનાથી દૂર રહેલો.

આ એક એવો મોટો સવાલ હતો કે હું એનો નિર્ણય એકલે હાથે ન કરી શકયો. મારા મિત્રો સાથેની ચર્ચા પછી અમે એકમતે ઠરાવ્યું કે એ સંજોગોમાં અમારા બધાની વફાદારી અમારા દેશ

પ્રત્યેની હતી. મને અને મારી સાથે ચર્ચા કરનારા અફસરોને લાગ્યું કે જો સિંગાપુર અને મલાયામાંના ઉચ્ચ અફસરો આ૦ હિં૦ફો૦માં નહિ જોડાય તો કદાચ જાપાનીઓ હિંદી યુદ્ધકેદીઓનો ગેરલાભ ઉઠાવશે. અમને એમ પણ થયું કે જો અમે અમારી પોતાની જ એક ફોજ ઊભી કરી હોય તો જાપાનીઓ ઉપર પણ અમારું કાંઈક વજન પડે અને એ રીતે મલાયામાંના હિંદીઓ ઉપર કોઈ પણ જાતના જુલમ ગુજારતાં જાપાનીઓને અમે અટકાવી શકીએ. ચીનાઓ એંગ્લો-ઈંડિયનો, અને મલાયાવાસીઓ ઉપર જાપાનીઓ શું વિતાવતા હતા તે અમે જોયું હતું. આ૦હિં૦ફો૦માં જોડાવાની જો હિંદીઓ ના પાડે તો સિંગાપુર અને મલાયામાંની આખી હિંદી વસતીને કદાચ સહન કરવું પડે એમ હતું.

પણ પછી એ સવાલ ઊભો થયો કે અમે આ૦હિં૦ફો૦માં જોડાઈએ તો હિંદુસ્તાનમાંના અમારા દેશભાઈઓ ઉપર એની કેવી અસર થશે? હિંદુસ્તાનમાં કૉંગ્રેસે પોતાની જાતને જાપાનીઓની દુશ્મન જાહેર કરી હતી એ અમે જાણતા હતા. તેથી અમને થયું કે જાપાનીઓને મદદ કરવા બદલ અમને દેશદ્રોહીઓ તો નહિ ગણવામાં આવે ને? અમારી દલીલો કૉંગ્રેસ સ્વીકારશે કે નહિ એ વિશે અમારા દિલમાં શંકાઓ પેસવા માંડી. પણ પછી અમને લાગ્યું કે કૉંગ્રેસને જો એ વખતનાં સંજોગો સમજાવાય, અને જો હિંદના લોકોને અમે એવી ખાતરી આપીએ કે આ૦હિં૦ફો૦એ તો હિંદી અફસરોના ફરમાન ઉઠાવતી એક ફોજ છે અને એ કાંઈ જાપાનીઓનું રમકડું નથી, અને એ ફોજ એક માત્ર હિંદની મુક્તિ મેળવવાના કારણસર જ ભરતી કરવામાં આવી છે, તો કૉંગ્રેસ અને હિંદના લોકો અમારાં કાર્યો સમજી શકે એવી શકયતા હતી...

૧૯૪૨ના ડિસેંબરમાં, હિંદી સ્વાતંત્ર્ય સંઘની કાર્યવાહક સમિતિના પ્રમુખ રાશબિહારી બોઝની હાજરીમાં જ પહેલી આ૦હિં૦

ફો૦ના વડા સેનાપતિ મોહનસીંગની ધરપકડ કરવામાં આવેલી. તે પછી પહેલી આ૦હિં૦ફો૦ વિખેરી નાખવામાં આવેલી. અને તે પછીનાં બે-ત્રણ અઠવાડિયાં સુધી આ૦હિં૦ફો૦ના સિપાહીઓ પોતાની જાતને યુદ્ધકેદીઓ માનતા હતા. પણ જાપાનીઓએ એમને યુદ્ધકેદીઓ તરીકે પાછા સંભાળવાની ના પાડી અને કહ્યું કે, અમે તમને સ્વતંત્રતા આપી હતી અને તમે રાજ્યની સામે કાંઈ ગુનો નથી કર્યો તેથી અમે તમને યુદ્ધકેદીઓ ગણી શકીએ નહિ.

રાશબિહારી બોઝ અને કર્નલ ઇવાકુરુ નામના એક જાપાનીસ અફસર સાથે લાંબી ચર્ચાઓ કર્યા બાદ પહેલી આ૦હિં૦ફો૦ના ઉચ્ચ અફસરોએ બીજી આ૦હિં૦ફો૦માં ચાલુ રહેવાનું નક્કી કર્યું. એમ નિર્ણય થયો કે બીજી આ૦હિં૦ફો૦માં સંપૂર્ણપણે સ્વચ્છાપૂર્વકની ભરતી કરવી અને પોતાની ઇચ્છા બીજી આ૦હિં૦ફો૦માં રહેવાની છે કે નહિ તે પહેલી આ૦હિં૦ફો૦ના દરેક સભ્યને પુછવું......હિંદી લશ્કરની જુદી જુદી શાખાએ જે કાર્ય કરે છે તે આ૦હિં૦ફો૦માંની એના જેવી શાખાઓ પણ બજાવતી.'

સ૦—ફરિયાદપક્ષ તરફથી એવો આરોપ કરવામાં આવ્યો છે કે પહેલી કે બીજી આ૦હિં૦ફો૦માં ભરતી કરાવવા માટે બળજબરીના રસ્તાઓ અજમાવવામાં આવતા હતા. એ સાચું છે?

જ૦—પહેલી કે બીજી આ૦હિં૦ફો૦માં ભરતી કરવા માટે કોઇ બળજબરી વાપરવામા આવ્યાનું મારી જાણમાં નથી.

તે પછી શ્રી ભુલાભાઈએ જાહેર કર્યું કે બચાવપક્ષની જુબાની પૂરી થઇ છે. ડૅા. લક્ષ્મી, ટોકીઓથી બોલાવાયેલા બીજા બે જાપાનીસ અફસરો અને બીજા કેટલાક સાક્ષીઓની જુબાનીઓ રજ કરવાનું બચાવપક્ષે માંડી વાળ્યું.

## 'નૈતિક ને આંતરરાષ્ટ્રીય કાનૂનોએ માન્ય રાખેલો મુક્તિયુદ્ધ ખેલવાનો ગુલામોનો અધિકાર'

**૧૭ મી ડિસેંબર : સોમવાર** : ૧૮ :

બચાવપક્ષની દલીલોની શરૂઆત શ્રી ભુલાભાઈએ કરી:

'આ અદાલત સમક્ષ આજે જેનો ઇન્સાફ તોળાઈ રહ્યો છે તે તો છે પોતાની મુક્તિ માટે નિડરપણે યુદ્ધ ચલાવવાનો ગુલામ પ્રજાનો અધિકાર. આંતરરાષ્ટ્રીય કાયદાના એવા સર્વમાન્ય અભિપ્રાયો હું રજૂ કરી શકીશ કે એક રાષ્ટ્ર અથવા રાષ્ટ્રનો એક ભાગ એવા તબક્કે જરૂર પહોંચે છે કે જ્યારે પોતાની મુક્તિ માટે યુદ્ધ ચલાવવાનો અધિકાર એ મેળવે છે. અદાલતને સંતોષ થાય એવી રીતે હું એ સાબિત કરી બતાવી શકીશ.

ખરી રીતે તો અદાલત સમક્ષ રાજા સામે યુદ્ધ ચલાવવાનો માત્ર એક જ આરોપ છે. ખૂનના અને ખૂન કરાવવાના આરોપોને સંબંધ છે ત્યાં સુધી એ પ્રથમ આરોપના એક ભાગરૂપ જ છે. હું એમ એટલા માટે કહું છું કે રાજા સામે યુદ્ધ ચલાવવાના આરોપના કિસ્સામાં તો દરેકદરેક ગોળીબાર કરવાના કાર્યનો પણ આરોપ મૂકી શકાય—અને એતો બેહૂદું જ ગણાય એમ મને લાગે છે.

થોડા વખતમાં હું બતાવી આપીશ કે બીજા આરોપને સંબંધ છે ત્યાં સુધી હકીકતમાં એનો કોઇ પાયો જ નથી, સિવાય કે ઠાર મરાયેલા કહેવાતા ચાર માણસો અંગે એવો પુરાવો અપાયો છે કે એમની ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું અને એમને સજા કરવામાં આવી હતી. મહમ્મદ હુસેનના સંબંધમાં તો એને સજા કરવામાં આવ્યાનો પણ કોઈ પુરાવો રજૂ થયો નથી. પુરાવાઓ ઉપરથી અદાલતને એવા નિર્ણય ઉપર આવવું જ પડશે કે એક કિસ્સામાં સજા ફરમાવવામાં આવી હતી અને બીજામાં નહોતી ફરમાવાઇ, છતાં એ બેમાંથી એકેયનો અમલ થયો જ નહોતો.

સામાન્ય રીતે એક લશ્કરી અદાલતને જેનો ફેંસલો કરવાનો હોય છે એથી જુદી જ જાતના મુદ્દાઓ મુકદ્દમામાં ઊભા થયા છે. સામાન્ય રીતે તો એ ફરજ પ્રત્યેની વ્યક્તિગત બેપરવાઈ કે વ્યક્તિગત ગુનાના કિસ્સા હોય છે. તમારી સામે આ એક એવો કિસ્સો છે કે જેના પુરાવા બતાવે છે કે તમારી સામે ખડા કરાયેલા ત્રણેય અફસરો એક સુવ્યવસ્થિત ફોજના ભાગના હતા, અને ફરિયાદપક્ષના કહેવા મુજબ એમણે રાજા સામે યુદ્ધ ચલાવ્યું હતું. આ એક વ્યક્તિગત મુકદ્દમો નથી, આખી આઝાદ હિંદ ફોજની જિંદગીનો અને એની ઇજ્જતનો આ અદાલતમાં ઇન્સાફ તોળાઇ રહ્યો છે.

નીચેના અગત્યના બનાવો વિશે આ મુકદ્દમામાં જુબાની પડી છે.

(૧) ૧૯૪૧ના ડિસેંબરમાં જાપાને કરેલી યુદ્ધની જાહેરાત. (૨) ૧૯૪૨ની ૧૫મી ફેબ્રુઆરીએ સિંગાપુરમાં બ્રિટિશ સૈન્યની શરણાગતિ. (૩) ૧૯૪૨ની ૧૭મી ફેબ્રુઆરીએ ફેરર પાર્કમાં મળેલી સભા, જ્યાં હિંદી સિપાહીઓની જાપાનીઓના હાથમાં વિધિસરની સોંપણી થઇ. (૪) ૧૯૪૨ના સપ્ટેંબરમાં પહેલી આ૦હિં૦ફો૦ની સ્થાપના અને કેપ્ટન મોહનસીંઘની ધરપકડ પછી ૧૯૪૨ના ડિસેંબરમાં એનું થયેલું વિસર્જન. (૫) ૧૯૪૩ની ૨ જી જુલાઇએ સિંગાપુરમાં શ્રી સુભાષચંદ્ર બોઝનું આગમન. આગળ જતાં એમણે આ૦હિં૦ફો૦-નું નેતૃત્વ સંભાળ્યુ અને બૃહદ પૂર્વ એશિયાની એક પરિષદ ભરાઇ. એમાં દૂર પૂર્વના દેશોના જુદા જુદા ભાગોમાંથી હિંદી સ્વાતંત્ર્ય સંઘના હિંદી પ્રતિનિધિઓએ હાજરી આપેલી. એ પરિષદમાં થયેલા ઠરાવોમાંનો એક એ હતો કે આઝાદ હિંદની એક કામચલાઉ સરકારની સ્થાપના કરવી. (૬) ૧૯૨૩ની ૨૧મી આકટોબરે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાની જાહેરાત થઈ. એ સરકારની સ્થાપના પછી જુદા જુદા પ્રધાનોએ નેતાજી સુભાષ બોઝની આગેવાનીવાળી કામચલાઉ સરકાર પ્રત્યે વફાદારીના સોગંદ લીધા, (૭) એ સરકારે બ્રિટન અને અમેરિકા સામે લડાઇની જાહેરાત કરી. નવા રાજતંત્રના

ફરમાન મુજબ પોતાની ફરજ બજાવવાનું આઝાદ હિંદ ફોજે શરૂ કર્યું. (૮) એ સરકાર રંગુન ખસેડવામાં આવી આ૦હિં૦ફો૦ બરમામાંથી હિંદુસ્તાનની અંદર ઠેઠ કોહિમા સુધી ગઇ અને પછી એણે પીછેહઠ કરી, રંગુનને બ્રિટિશ સૈન્યે કબજે કર્યું તે પહેલાંના થોડા દિવસોના, તે વખતના અને તે પછીના થોડા દિવસોના બનાવો અને ખાસ તો જાપાની સૈનિકોની વિદાય બાદ અને બ્રિટિશ સૈનિકોના આગમન પૂર્વે આ૦હિં૦ફો૦એ ભજવેલો ભાગ.

કામચલાઉ સરકારની નક્કરપણે સ્થાપના થઇ હતી. એનો ઉદ્દેશ હિંદુસ્તાનને સ્વતંત્ર બનાવવાનો અને મલાયા તથા બરમામાંના હિંદીઓનાં જાનમાલ અને ઇજ્જતનું રક્ષણ કરવાનો હતો. એમનો પ્રથમ ઉદ્દેશ નિષ્ફળ ગયો એ હકીકત અપ્રસ્તુત છે. અદાલતને જેની સાથે લાગે વળગે છે તે તો એ છે કે એ એક સુવ્યવસ્થિતિ સરકાર હતી અને એની ફરજોની યોગ્ય વહેંચણી કરવામાં આવેલી હતી. એકલા મલાયામાંથી જ ૨,૩૦,૦૦૦ માણસોએ ૧૯૪૪ના જૂન સુધીમાં નવી સરકાર પ્રત્યેની વફાદારીના સોગંદ લીધા હતા અને તે પછી પણ એ કાર્ય ચાલુ રહ્યું હતું.

બંડખોરોની એકાદ ટૂકડીની કે કોઇ મહત્વહીન અને અચોક્કસ ટોળાની એ સરકાર નહોતી. જેને વીસ લાખ માણસો વફાદાર હતા અને જેને ધરી–સરકારોએ સ્વીકારેલી હતી એવી એ એક સુવ્યવસ્થિત સરકાર હતી. પોતે જેને ખાતર લડવા માગતી હોય તે કારણસર યુદ્ધ જાહેર કરવાનો એને અધિકાર હતો. એવું સૂચન કરાયું છે કે દક્ષિણ પૂર્વ એશિયામાંની જે સરકારોએ કામચલાઉ સરકારનો સ્વીકાર કરેલો તે જાપાનના અંકુશ નીચે હતી. પણ તેથી એમના એ સ્વીકારની કિંમત કાંઇ ઓછી થતી નથી. લડાઇ જાહેર કરવાનો જેને અધિકાર હોય એવી કોઇ હકૂમત એકવાર જો ઊભી થઇ હોય તો પછી લડાઇ પોતેજ પોતાને વાજબી ઠરાવે છે. એ લડાઇના સંચાલનમાં કરેલું કોઈ પણ કાર્ય એ હકીકતને પરિણામે જ સજાથી મુક્ત બની જાય છે.

યુદ્ધ–ગુનાઓને નામે ઓળખાતા અને સુધરેલા કાયદાને વટાવી ગયેલા અપરાધોના ગુનેગાર કોઈ માણસોનો આ કિસ્સો નથી.

એ સરકારનું પોતાનું એક લશ્કર હતું કે જે આ૦હિં૦ફો૦ કાનૂન પ્રમાણે ચાલતું હતું. ફટકાની સજા જેટલી આ૦હિં૦ફો૦ કાનૂનમાં છે તેટલી જ હિંદી કાયદામાં પણ છે. આ૦હિં૦ફો૦નો કાનૂન હિંદી લશ્કરી કાનૂનને લગભગ મળતો આવે છે તેથી એ કાનૂનની કોઈપણ ટીકા ખુદ હિંદી લશ્કરી કાનૂનની ટીકા બરોબર છે.

જાપાનીસ સરકારે આંદામાન અને નીકોબાર ટાપુઓ કામચલાઉ સરકારને સોંપી દીધા તેની રીતસરની વિધિ પોર્ટ બ્લેરમાં થઇ હતી. જે મુદ્દા વિશે મતભેદ છે તે એના વહીવટની મર્યાદા અને એના પ્રકાર અંગેનો છે. . . . . પણ એ હકીકત સાબિત થઇ ચૂકી છે કે એ ટાપુઓ આઝાદ હિંદ સરકારને સોંપી દેવામાં આવ્યા હતા, અને એમનાં નામ શહીદ ટાપુઓ અને સ્વરાજ ટાપુઓ પડાયાં હતાં, તે વખતની પરિસ્થિતિની જરૂરિયાતો એવી હતી કે એમનો પૂરેપૂરો વહીવટ સંભાળી લેવાનું શકય નહોતું.

એ જ રીતે નીપોન સરકાર અને આઝાદ હિંદ સરકાર વચ્ચે થયેલા કરાર પ્રમાણે ૫૦ ચોરસ માઇલના વિસ્તારવાળું અને ૧૫,૦૦૦ હિંદીઓની વસતીવાળું ઝિયાવાડી મુક્ત કરાયેલા પ્રદેશમાંના એક તરીકે આ૦હિં૦ફો૦નો સંપૂર્ણ વહીવટ ચાલતો હતો એ હકીકતને તો ફરિયાદપક્ષ પડકાર પણ નથી કરી શકયો.

વળી, આ૦હિં૦ફો૦ સરહદ ઓળંગીને હિંદમાં દાખલ થઇ કે તરત જ એક જાહેરનામું બહાર પાડવામાં આવેલું. એમાં આઝાદ હિંદ સરકારના વડાની અને જાપાનીસ કમાન્ડરની સહીઓ હતી. એમાં એમ કહ્યું હતું કે લડાઇ દરમિયાન હિંદની ધરતીનો કોઇપણ ભાગ જાપાનીસ સૈન્યના કબજામાં આવશે તો એ મુક્ત બનેલા

પ્રદેશોના એક ભાગ તરીકે આ૦હિં૦ફો૦ને સોંપી દેવામાં આવશે અને એની ઉપર આ૦હિં૦ફો૦નો વહીવટ ચાલશે. આ રીતે ૧૫૦૦ ચોરસ માઇલ જેટલો મણિપુર અને વિષ્ણુપુરનો વિસ્તાર આ૦હિં૦ફો૦એ પોતાનાં અંકુશ હેઠળ લીધેલો હતો. એમનો વહીવટ ત્યાં કેટલા સમય સુધી ચાલ્યો એ બીના મહત્વહીન છે કારણ કે લડાઇ દરમિયાન કેટલાય પ્રદેશોની માલિકી ઝડપથી બદલાતી હોય છે.

એ એક અજાયબીભરી બીના છે કે બરમા અને મલાયા ઉપર (અંગ્રેજોનો) ફરીવાર કબજો સ્થપાયો ત્યારે આઝાદ સરકારના કબજામાંના તમામ દસ્તાવેજી કાગળીઆં સહીસલામત હાલતમાં હાથ લાગ્યાં હતાં. એ બતાવે છે કે આઝાદ હિંદ સરકારની અને તેની ફોજની વ્યવસ્થા હોવી જોઇએ તેટલી સુંદર હતી.

બીજો એક અગત્યનો મુદ્દો તો એ હકૂમતના નાણાં મેળવવાના માર્ગોનો છે. એમ સાબિત કરાયું છે કે હિંદીઓએ સરકારને વીસેક કરોડ રૂપિયા ભેટ આપ્યા હતા, અને એ રકમમાંથી નાગરિક સરકાર અને ફોજનું સંચાલન થતું હતું. અને વિજેતાઓએ જ્યારે આઝાદ હિંદ બેન્કનો કબજો લીધો ત્યારે એમાં ૩૫ લાખ રૂપિયા હતા. 'સ્ટેમ્પ કલેક્ટિંગ' નામના એક સામયિકમાં આઝાદ હિંદ સરકારે કાઢેલી ટિકિટો છપાઇ છે એ વાતની નોંધ લેવાની વિનંતિ હું અદાલતને કરૂં છું......

હિંદી ફોઝદારી કાયદાની ૭૯મી કલમ કહે છે કે, 'કાયદા પ્રમાણે કોઇપણ માણસને જે કરવાની છૂટ હોય તે ગુનો નથી ગણાતો.' આ રીતે, આંતરરાષ્ટ્રીય કાયદામાં જેની છૂટ અપાઇ હોય તેવી કોઇ પણ ક્રિયાને નાગરિક ગુનો કહી શકાય નહિ. ખાસ કરીને આ અદાલતના સભ્યોને તો એ વાતનો બરાબર ખ્યાલ હશે કારણ કે એક સુવ્યવસ્થિત લશ્કરના ભાગ તરીકે એમણે આ લડાઇ દરમિયાન ઘણા માણસોને મારી નાખ્યા હશે.

આંતરરાષ્ટ્રીય અન્યાયોને અસરકારક રીતે દાબી દઇ શકે એવી કોઇ આંતરરાષ્ટ્રીય સરકારની ગેરહાજરી દરમિયાન જે લડાઈ થાય તેને આંતરરાષ્ટ્રીય કાનૂન અનુસાર હંમેશા કાયદેસર ગણવામાં આવી છે. પરદેશી ધૂંસરી નીચેથી પોતાની જાતને મુક્ત કરવા માટે લડાયેલી કોઇ પણ લડાઇ નૈતિક અને આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ પુરેપૂરી વાજબી છે.

અમને જો એવું કહેવામાં આવે કે હિંદી સિપાહીઓ ઇંગ્લંડની આઝાદી માટે જર્મની સામે, ઈંગ્લંડને માટે ઇટલી સામે અને ઇંગ્લંડને માટે જાપાન સામે લડી શકે ખરા, પણ આઝાદ હિંદ સરકાર પોતાની જાતને ઇંગ્લંડકે બીજા કોઇપણ દેશની ગુલામીમાંથી મુક્ત ન કરી શકે, તો સાચે જ એ ઇન્સાફની છલના ગણાશે.

બેઉ રાષ્ટ્રો સ્વતંત્ર અથવા સાર્વભૌમ હોવાં જોઇએ એ લડાઇ માટે જરૂરી નથી. હાલ તુરત માટે જે સ્વતંત્ર્ય ન હોય તેવી પ્રજાઓનો લડાઈ લડવા માટે સંગઠિત બનવાનો અધિકાર આધુનિક આંતરરાષ્ટ્રીય કાયદાએ માન્ય રાખ્યો છે. અને જો એવું લશ્કર ઊભું થાય અને લડાઇ લડે તો એના વ્યક્તિગત અફસરોના કાર્યને કોઇ પણ મ્યુનિસિપલ કાયદો ગુનો ગણી શકે નહિ.

એક રાજ્ય અને તેના રાજ્યકર્તા વચ્ચે લડાઇની હસ્તી હોઇ શકે એ સ્વીકારવામાં આવ્યું છે. ચાર્લ્સ પહેલા અને જેમ્સ બીજાના સમયમાં ઇંગ્લંડના ઇતિહાસમાં શું એવી લડાઇઓ નથી લડાઇ? બોઅર લડાઇ પણ એવી જ લડાઇ હતી. લડાઇમાં કોણ હાર્યું તેની જરાય અસર લડવાના અધિકાર ઉપર તો થતી જ નથી. આવી લડાઇની તુલના એ જે રસમથી લડાતી હોય તેની ઉપરથી થાય છે.

આ૦હિં૦ફો૦ એક રીતસરના સંચાલનવાળી ફોજ હતી, અને એણે સુધરેલા શિરસ્તા મુજબ લડાઇ ચલાવેલી. યુ. એસ, એ. (અમેરિકા) માં ઉત્તર અને દક્ષિણ વચ્ચેની લડાઈ દરમિયાન બન્યું હતું તેમ

બળવાખોરોને પણ આંતરરાષ્ટ્રીય કાનૂન મુજબ માન્ય રાખવામાં આવે છે....

લડાઇમાં માણસો મારવા માટે જો તમારી ઉપર ખટલો થાય અને જેમ ચૂકાદો તમારી તરફેણમાં હોય તે જ પ્રમાણે તમારો ચુકાદો આ માણસોની તરફેણમાં હોવો જોઈએ. પોતાના અંગત કારણો-સર આ ત્રણ આરોપીઓએ લડાઇમાં અને માણસોને મારવામાં ભાગ નહોતે લીધો. . . . . એ લોકોએ કાઇ ફાલતુ માણસો તરીકે નહિ પણ એક સુવ્યવસ્થિત સરકારના ભાગ તરીકે લડાઈ ચલાવી છે. આઝાદ હિંદની કામચલાઉ સરકાર અને બ્રિટન વચ્ચે લડાઈ ચાલુ હતી તેથી એ લડાઇના સંચાલન દરમિયાન કરાયેલાં કાર્યોને નાગરિક ગુના ગણી શકાય નહિ-

. . . . જો આરોપીઓને સફળતા મળી હોત તો એમનો ઇન્સાફ તોળવા માટેની આ અદાલત હસ્તી ધરાવતી ન હોત,

. . . . દુશ્મનની સરકાર તમે ભલે સ્વીકારો નહિ, પણ તમારીને એની વચ્ચેના યુદ્ધસંબંધનો સ્વીકાર થઈ શકે. એ રીતે વ્યક્તિગત સ્ત્રી-પુરુષોએ યુદ્ધકાળ દરમિયાન કરેલાં કાર્યોમાં તેમને રક્ષણ મળે છે . . . . ૧૯૩૭ની ૧૪મી એપ્રિલે આ સભામાં સ્પેઇનના આંતર-વિગ્રહ અંગે ચર્ચા થતી હતી ત્યારે એ વખતના પરદેશ ખાતાના મંત્રી શ્રી ઇડને બે પક્ષો વચ્ચેના યુદ્ધસંબંધનો સ્વીકાર કરેલો. એમણે કહેલું તેમ યુદ્ધસંબંધ સ્વીકારવાનો સવાલ સિદ્ધાંતનો નહિ પણ હકીકતનો છે . . . . આ રીતે કામચલાઉ સરકારનો બ્રિટને સ્વીકાર કર્યો હોવો જોઇએ એવી કોઇપણ દલીલ નકામી છે. કામચલાઉ સરકાર પોતે હિંદની સરકાર નથી બની ગઇ તેનો કાંઇ વાંધો નથી. . . .

વળી, જો આ૦હિં૦ફો૦એ બ્રિટિશ હિંદી લશ્કરના સિપાહીઓ ઉપર ગોળીઓ ચલાવેલી તો તેમ બ્રિટિશ હિંદી લશ્કરે પણ આ૦હિં૦ ફો૦ના સિપાહીઓ ઉપર ગોળીઓ ચલાવેલી. આ વર્તન માટેનું વાજબી-પણું બેઉ પક્ષે એકસરખું છે. . . .

આઝાદ હિંદ સરકારને પ્રદેશો મળ્યા હતા એ મેં સાબિત કર્યું છે, પણ યુદ્ધસંબંધ સાબિત કરવા માટે એ હકીકતની કોઇ જરૂર નથી. ઇતિહાસમાં એવા દાખલા બન્યા છે. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બેલ્જીઅમની સરકાર પાસે બેલ્જીઅમની એક તસુ પણ જમીન નહોતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ લંડનમાં કેટલીક ભાગેડુ સરકારો કામ કરતી હતી કે જેમની પાસે કોઇ પ્રદેશ નહોતો. આ ભાગેડુ સરકારના પ્રદેશો એમની પાસેથી થોડા સમય પૂરતા ખૂંચવી લેવાયા હતા. હિંદીઓ પાસેથી એમનો પ્રદેશ ૧૫૦ વર્ષથી ખૂંચવી લેવાયો છે તેથી હું જે મુદ્દા રજૂ કરું છું તેમાં જરાય ફેર પડતો નથી. આ૦હિં૦ફો૦ પોતાના દેશને મુક્ત કરવાના પ્રયાસો કરતી એક મુક્તિસેના હતી અને યુદ્ધસંબંધના એને અધિકારો હતા. અમે હિંદીઓ છીએ તેથી આ નિયમનો જુદો અર્થ થઇ શકે નહિ. સાચી રીતે કે ખોટી રીતે આ કામચલાઉ સરકાર અને તેના ફરમાન પ્રમાણે તેની ફોજ પોતાના જ દેશની મુક્તિ માટે લડી હતી. એને માટે લડવાનો એમને અધિકાર હતો.

ફ્રાંસની પેતાં–સરકાર જર્મનીની મિત્ર હતી. 'માકી' (સામના–દળો) એ સરકારનો સામનો કરતાં હતાં. સેનાપતિ આઇઝનહોવરે એક જાહેરાત બહાર પાડેલી કે 'માકી' એમના કાબૂ હેઠળનું એક લડાયક દળ હતું અને એમની સામે વેરનાં પગલાં લેવાશે તો જર્મની જેને આધીન હતું તે કાનૂનનો એ ભંગ ગણાશે. આ૦હિં૦ફો૦નો પક્ષ તો એનાથીય મજબૂત છે, અને એમની સામે લેવાનારું કોઇ પણ પગલું આંતરરાષ્ટ્રીય કાનૂનનો ભંગ ગણાશે.

હિંદી સરકારે અને આમસભામાં નાયબ–હિંદી વજીરે એક નિવેદન કરેલું કે રાજા સામે યુદ્ધ ચલાવવા માટે કોઇની ઉપર કામ ચલાવવાની સરકારની નીતિ નથી. આ હુકમથી અદાલત દોરવાય એમ હું નથી ઇચ્છતો તેમ હું તેનો આશરો પણ નથી લેવા માગતો. પણ એ નિવેદન હું રજૂ કરું છું કારણ કે એની પાછળ એવી આડકતરી

કબૂલાત છે કે આ સંજોગોમાં યુદ્ધ ચલાવવાનો આરોપ ટકી શકે તેમ નથી....

૧૯૪૨ની ૧૭મી ફેબ્રુઆરીના બનાવો પછી કોઇ વફાદારી રહી નહોતી...... કેંટન અરશદે કહ્યું છે કે એક એમના દેશ પ્રત્યેની વફાદારી જ બાકી રહી હતી. બ્રિટનમાં વફાદારી રાજા અને દેશ બેઉ પ્રત્યે હોય છે. પણ હિંદમાં એ માત્ર રાજા પ્રત્યે હોય છે. રાજા અને દેશ બેઉ એક હોય ત્યારે તો ત્રીજો કોઇ વિકલ્પ રહેતો નથી. પણ એ એક ન હોય ત્યારે વિકલ્પમાં વફાદારી દેશ પ્રત્યેની જ હોય.

અમારા દેશની મુક્તિ માટે અમે રાજા સામે જ લડી રહ્યા હતા ત્યારે અમારે માટે વફાદારીનો પ્રશ્ન જ કેમ ઊભો થઇ શકે ? તમે તમારા જ દેશની મુકિત માટે લડતા હો તો બીજી કોઇ વફાદારી તમને તેમ કરતાં રોકે છે એમ તો તમે તમારો અંતરાત્મા વેચી દીધો હોય તો જ કહી શકો. જો એમ બને તો તો અમારાં જ દુર્ભાગ્ય કારણ કે અમારે તો પછી ગુલામો જ રહેવાનું !

......આ૦હિં૦ફો૦ જાપાનના એક મિત્ર તરીકે લડેલી. એ કબૂલ કરવામાં કોઇ નામોશી નથી કારણ કે જેમ અમેરિકનો, અંગ્રેજો અને આઝાદ ફ્રેંચોનો ઉદ્દેશ ફ્રાંસને મુકત કરવાનો હતો તેમ જાપાનીસ લશ્કર અને આ૦હિં૦ફો૦ એ બેનો ઉદ્દેશ હિંદને મુકત કરવાનો હતો. એ દોરવણીથી ફ્રેંચો એંગ્લો–અમેરિકનોના પૂતળાં નહોતાં બની ગયાં......

ફરિયાદપક્ષના દરેક સાક્ષીએ એટલું કબૂલ કર્યું છે કે જાપાનીસ લશ્કર અને આ૦હિં૦ફો૦નો ઉદ્દેશ હિંદની મુકિત હતો. ......આરોપીઓના ગૌરવના બચાવમાં હું કહું છું કે એમના વિરોધીઓએ વાતવાતમાં કહ્યું છે તેમ એ જાપાનીઓનાં પૂતળાં નહોતાં.'

## ૧૮મી ડિસેંબર : મંગળવાર : ૧૯ :

અમેરિકાના સ્વાતંત્ર્ય-યુદ્ધનો દાખલો આપીને શ્રી ભુલાભાઇએ દેશ અને રાજા પ્રત્યેની વફાદારીનો વધુ તફાવત દેખાડયો—

'અમેરિકન પ્રજા સામે પણ રાજા પ્રત્યેની વફાદારી અને દેશ પ્રત્યેની વફાદારી વચ્ચે વિરોધ ઊભો થયો હતો. એક પરદેશી રાજા પ્રત્યેની વફાદારીને બદલે એમણે દેશ પ્રત્યેની વફાદારી પસંદ કરી......ઇંગ્લંડમાં પણ ઘણા વખતથી એક કાયદો છે કે એક દેશ પોતાની જાતને બીજા વધુ શક્તિશાળી દેશના રક્ષણ નીચે મૂકે અને જો એ દેશ એનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય તો રક્ષિત દેશને પોતાની સ્વતંત્રતા પાછી મેળવવાનો અધિકાર છે.

......યુદ્ધકેદીઓ તરીકે પોતાને ખોરાકમાં જે ખાંડ નહોતી મળતી તે મેળવવા માટે લોકો આ૦હિં૦ફો૦માં જોડાયેલા એ વાત તો હાસ્યાસ્પદ છે. આ૦હિં૦ફો૦માં જોડાયા હતા એમની ઉપર તો દુશ્મન લશ્કર સાથે લડતાં લડતાં મરવાનું જોખમ હતું......ફરિયાદ-પક્ષના કેટલાક સાક્ષીઓએ પોતાની ઉપર બળજબરી થયાની જુબાની આપી હતી તેનું કારણ તો એ છે કે એમને હુકમભંગ કે બીજા ગુનાઓ માટે સજા કરવામાં આવી અને પોતાની જાતને મોટી દેખાડવા માટે આવાં હોશિયારીભર્યાં અર્ધસત્યો એ હવે ઉચ્ચારી રહ્યા છે.'

બચાવપક્ષના સાક્ષીઓએ આપેલી જુબાનીમાંથી વારંવાર ઉતારા ટાંકી ટાંકીને શ્રી ભુલાભાઈએ ફોજ-ભરતી માટે બળજબરી કે જુલ્મો કર્યાના અને પાંચ માણસોના ખૂનો કર્યા કે કરાવ્યાના આરોપોનો લંબાણથી ઇન્કાર કર્યો. એમણે એમ પણ કહ્યું કે કે૦ સેહગલ એક યુદ્ધકેદી તરીકે શરણે થયા હતા અને લડાઇ બંધ પડે પછી યુદ્ધકેદીઓને છોડી મૂકવામાં આવતા હોઇને એમને પણ તરત જ મુક્ત કરવા જોઇએ. તે ઉપરાંત આ આખો મુકદ્દમો ગેરકાયદેસર છે આ અદાલતને એ ચલાવવાની કાયદેસરની કોઇ સત્તા

નથી એવી દલીલો કરીને એમણે એના સમર્થનમાં કાયદાની જુદી જુદી બારીકીઓ રજૂ કરી. આ બધા કારણોસર આરોપીઓને નિર્દોષ કરાવવાની અપીલ એમણે અદાલતને કરી, અને દસ કલાક સુધી ચાલેલું એમનું ભાષણ પૂરું કર્યું.

## ૨૨મી ડિસેંબર : શનિવાર : ૨૦ :

બચાવપક્ષની દલીલોના જવાબમાં સરકારી વકીલે પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું તેમાં તમામ આરોપોનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. એમણે કહ્યું કે આરોપીઓએ પોતે જ યુદ્ધકેદીઓ ઉપર સિતમ ગુજાર્યા હતા કે બીજા પાસે ગુજારાવ્યા હતા એવો દાવો ફરિયાદપક્ષે કર્યો નહોતો. ફરિયાદપક્ષ તો એમ કહે છે કે યુદ્ધકેદીઓ જો આ૦હિં૦ફો૦માં ન જોડાય તો એમને જુલમો સહન કરવા પડશે એવી ગર્ભિત ધમકીઓ આરોપીઓએ આપી હતી. પણ સરકારી વકીલે કબૂલ કર્યું કે અદાલતમાં પડેલી જુબાનીએ એમની દલીલને ટેકો આપ્યો નહોતો.

એમણે જણાવ્યું કે આરોપીઓ હિંદી લશ્કરી કાયદાને આધીન હતા અને ફોજમાંથી એ રજા લ્યે કે એમને છૂટા કરવામાં આવે નહિ ત્યાં સુધી એને આધીન એ રહે છે. કામચલાઉ સરકારની સ્થાપના કરવી એ પણ એક ગુનો છે, એમ કહીને એમણે ઉમેર્યું કે એ સરકારના હુકમ પ્રમાણે ગુના કર્યા હતા એવો બચાવ થઈ શકે નહિ, એ સરકાર સાથેના યુદ્ધસંબંધનો સ્વીકાર જ્યાં સુધી હિંદી સરકાર કરે નહિ ત્યાં સુધી એ અંગેના કોઈ અધિકાર એ સરકારના કે એની ફોજના સભ્યોને મળી શકે નહિ અમેરિકાનો કાયદો ઈંગ્લંડના કાયદા કરતાં જુદો છે. અમેરિકામાં આંતરરાષ્ટ્રીય કાયદો એ દેશના કાયદાથી પણ ઉપરવટ હોય છે. જ્યારે ઈંગ્લંડમાં એથી જુદી જ પરિસ્થિતિ છે. તેથી અમેરિકન કાયદામાંથી બચાવપક્ષના વકીલે આપેલા ઉતારા અપ્રસ્તુત છે. આંતરરાષ્ટ્રીય કાયદાનો કોઈ મુદ્દો આ મુકદ્દમામાં ઊભો થતો નથી. આ અદાલતને કાયદેસર રીતે ઊભી કરવામાં આવી છે

અને હિંદી લશ્કરી કાયદા પ્રમાણે તેણે ઇન્સાફ તોળવાનો છે એમ પણ એમણે કહ્યું.

હિંદી સરકારે બહાર પાડેલા એક નિવેદન તરફ અદાલતનું ધ્યાન એમણે દોર્યું. એમાં એમ જણાવાયું હતું કે આ૦હિં૦ફો૦માં ન જોડાનારા ૪૫,૦૦૦ યુદ્ધકેદીઓમાંથી ૧૧,૦૦૦એ રોગચાળામાં પોતાના જાન ગુમાવ્યા હતા. જ્યારે આ૦હિં૦ફો૦માં જોડાયેલા ૨૦,૦૦૦ માંથી માત્ર ૧૫૦૦ મરણ પામ્યા હતા. આઝાદ હિંદ સરકાર પાસે એક તસુ પણ જમીન હતી નહિ. અને કોઇ કરવેરા કે મહેસૂલ એ ઉઘરાવતી નહોતી. એ તો માત્ર કાગળ ઉપરની સરકાર હતી...કે૦ સેહગલ યુદ્ધકેદી તરીકે શરણે થયા હતા એવી દલીલના જવાબમાં એમણે કહ્યું કે એમને એવો કોઈ દરજ્જો આપવાનો અધિકાર કર્નલ ફિટ્સનને હતો નહિ. ચાર કલાક સુધીની દલીલોને અંતે સર નોશીરવાને ઉમેર્યું કે:—

'બધા આરોપીઓ સામેના તમામ આરોપો શંકારહિતપણે પૂરવાર થઈ ચૂક્યા છે. આરોપીઓ સામેના તહોમતો માટે કાયદામાં કોઈ બચાવ નથી. તેમ છતાં એવા પુરાવા સારા પ્રમાણમાં રજૂ થયા છે કે આરોપીઓએ જે કાંઇ કર્યું છે તેની પાછળ કોઇ પગારદારી ઇરાદો નહિ પણ પોતે જેને સાચા દિલથી દેશપ્રેમી ઇરાદો માનતા હતા તે હતો. હિંદુસ્તાનની સેવા કરવાની ડહાપણભરી કે ગેરરસ્તે દોરવાયેલી લાગણીથી એમણે એ કર્યું હતું. તેથી કાયદેસર રીતે તો આરોપીઓનો કોઈ બચાવ થઇ શકે તેમ નથી. પણ જો અદાલતનો ફેંસલો આરોપીઓની વિરૂદ્ધમાં હોય તો સજા કરવાની બાબતમાં એનો વાજબીપણે ખ્યાલ રાખી શકાય. અદાલતને લાગેવળગે છે ત્યાં સુધી સજાની બાબતમાં એમના હાથ બાંધેલા છે. જો અદાલતનો ફેંસલો આરોપીઓની વિરુદ્ધમાં હોય તો એમને ઓછામાં ઓછી જનમટીપની સજા એ કરી શકે છે. પણ પોતાની સામે પડેલા પુરાવાઓ ઉપરથી જો અદાલતને એમ લાગે કે આ મુકદ્દમામાં સજા ઓછી કરી શકાય તેવી લાયકાત છે તો 'કન્ફર્મિંગ અફસર'ની વિચારણા માટે અદાલત એ જાતનો શેરો કરી શકે છે.'

## ૨૯મી ડિસેંબર ; શનિવાર : ૨૧ :

અદાલતના બીજા સભ્યોને ઉદ્દેશીને બેઉ પક્ષોની હકીકતો અને કાયદા અંગેની દલીલો રજૂ કરતા જજ-એડવોકેટ કર્નલ કેરિનના ત્રણ કલાકના ભાષણની શરૂઆતમાં એમણે કહ્યું કે

' આ મુકદ્દમામાં જેટલી મહત્વની અને ગૂંચવણભરી હકીકતો તેમજ કાયદાની બારીકીઓ ઉપર ઇન્સાફ તોળવાનું કામ લશ્કરી અદાલત ઉપર આવ્યું છે તેવું વારંવાર આવતું નથી. આવા ગંભીર આરોપો સહિત તમારી સામે ખડા કરાયેલા ત્રણ આરોપીઓની ગુનેગારી કે નિર્દોષતા નક્કી કરવાનો ભારે બોજો તમારી ઉપર છે. એ મુશ્કેલ કાર્યમાં તમને યથાશક્ત મદદ કરવાની હવે મારી ફરજ છે. મારું કાર્ય તમારી સમક્ષ કાયદાનો સાર રજૂ કરવાનું, આ આરોપોને એ કઈ રીતે લાગુ પડી શકે તે દેખાડવાનું અને ફરિયાદ-પક્ષે કે બચાવપક્ષે હકીકત અંગે ઊભા કરેલા મુદ્દા તમારી સામે મૂકવાનું છે. કાયદાના સવાલ વિશે બને તેટલી સ્પષ્ટતાપૂર્વક અને બને તેટલા ચોક્ખા શબ્દોમાં તમને સલાહ આપવાનું મારું કામ છે, પરંતુ હકીકત શી હતી એનો નિર્ણય તો તમારે એકલાએ જ લેવાનો છે, કારણ કે એવી બાબતોના ન્યાયકર્તા તમને જ ઠરાવવામાં આવ્યા છે. હકીકત વિશે કોઈ પણ જાતનો અભિપ્રાય વ્યક્ત કરવાનું મારું કામ નથી.

તમારા દૈનિક જીવનમાં એ વસ્તુ એક યા બીજી રીતે તમારા ધ્યાન ઉપર જરૂર આવી હશે કે આ અને આની સાથે સંકળાયેલા બીજા મુકદ્દમાઓએ વર્તમાનપત્રો દ્વારા અને બીજી રીતે જાહેર જનતાનું ઘણું આકર્ષણ કર્યું છે. એ હકીકત પ્રત્યે દુર્લક્ષ કરીએ તો આપણે વસ્તુસ્થિતિ પ્રત્યે આંધળા કહેવાઈએ. પણ બહારના એ તમામ અહેવાલો અને અભિપ્રાયો તરફ તમારે દુર્લક્ષ કરવાનું છે અને માત્ર તમારી સમક્ષ અહીં રજૂ થયેલા પુરાવાઓ

ઉપરથી જ તમારે ફેંસલો કરવાનો છે...દરેક આરોપીની ગુનેગારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે...આરોપીઓ ગુનેગાર છે એમ સાબિત ન થાય ત્યાં સુધી એ નિર્દોષ છે એમ જ માનવાનું છે.'

કાયદાની બારીકીઓને આધારે આ અદાલતને આવા ગુનાનો ઇન્સાફ તોળવાનો અધિકાર નથી તેમજ આખો મુકદ્દમો ગેરકાયદે છે એવી બચાવ-પક્ષની દલીલને જજ–એડવોકેટે અસ્વીકાર્ય ઠરાવી, અને પછી આઝાદ હિંદની કામચલાઉ સરકારની રચના અને સ્થાપના અંગેની કેટલીક બાબતો પરના પુરાવાઓનો ટૂંક સાર આપ્યો:

'૧૯૪૩ની ૨૧ મી ઓક્ટોબરે સિંગાપુરમાં મળેલી એક સભામાં આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાની જાહેરાત સુભાષચંદ્ર બોઝે કરી હોવાનું જણાવવામાં આવ્યું છે. આ સરકારે બ્રિટન અને અમેરિકા સામે લડાઇ જાહેર કરેલી. જાપાનીસ વિદેશ-કચેરીના શ્રી સાબુર ઓહટાએ જણાવ્યું છે કે એમની સરકારે કામ-ચલાઉ સરકારનો સ્વીકાર કરેલો, અને તેની જાહેરાતનો અસલ મુસદ્દો એમણે પોતે ઘડેલો. આઝાદ હિંદ સરકારના માહિતી–ખાતાના પ્રધાન શ્રી અય્યરે એ સરકારનાં કાર્યોની વિગતો રજૂ કરી છે. ધરીરાજ્યોએ એ સરકારનો સ્વીકાર કર્યો હતો એવી જુબાની લેફ્‌૦ નાગે અને શ્રી માત્સુમોટોએ આપી છે. એ સરકાર ઉપર શ્રી હાચિયાને જાપાનીસ સરકારે પોતાના એલચી તરીકે મોકલ્યા હતા એની પણ સાબિતી છે. શ્રી દીનાનાથે જણાવ્યું છે કે રંગુનમાં એક આઝાદ હિંદ બેંક હતી અને સરકારનાં તમામ નાણાં એ બેંકમાં નાણાં–પ્રધાનના નામ ઉપર રાખવામાં આવતાં. જુદાં જુદાં ખાતાંને એ ખરચ પૂરું પાડતા. આંદામાન અને નીકોબાર ટાપુઓ કામચલાઉ સરકારને સોંપી દેવામાં આવેલા એવો દાવો કરવામાં આવ્યો છે. બરમામાં ઝિયાવાડીને નામે ઓળખાતો પચાસ ચોરસ માઇલનો બીજો પણ એક વિસ્તાર કામ-

ચલાઉ સરકારને સોંપી દેવાયાનું કહેવાયું છે. આ અંગે ફરિયાદપક્ષનું એમ કહેવું છે કે એનો વહીવટ એ કાંઈ મુકત કરાયેલા પ્રદેશોનો વહીવટ ગણાવી શકાય નહિ. છેલ્લે કેપ્ટન અરશદે અદાલતને જણાવ્યું કે મણિપુર રાજ્યમાં આ૦હિં૦ફો૦એ કબજે કરેલા વિસ્તારનો વહીવટ આઝાદ હિંદ દળ ચલાવતું હતું. ફરિયાદપક્ષના વકીલે કે૦ અરશદના ૨૧મી જૂન ૧૯૪૪ ના એક કાગળ પ્રત્યે અદાલતનું ધ્યાન દોર્યું છે, જેમાં એમણે એમ જણાવેલું કે, આઝાદ હિંદ દળ નામની એક નવી સંસ્થા શરૂ કરવામાં આવી છે અને 'આપણા વિજયી સૈન્યોને પગલે પગલે એ હિંદુસ્તાનમાં જશે.' ફરિયાદપક્ષના વકીલે કહ્યું છે કે એમાંથી એવો અર્થ તારવવો જોઈએ કે એ તારીખ સુધી આઝાદ હિંદ દળ હિંદમાં પહોંચ્યું નહોતું અને તેથી એ વિસ્તારનો વહીવટ એ કરી શકયું હોય નહિ.

'આંતરરાષ્ટ્રીય કાયદાની વિચારણા કરવા માટે નીચેની હકીકતો સાબિત થઇ ચૂકી છે એવો બચાવપક્ષનો દાવો છે: (૧) કામચલાઉ સરકારની રીતસરની સ્થાપના અને જાહેરાત થઈ હતી. (૨) એ એક સુવ્યવસ્થિત સરકાર હતી. (૩) ધરીરાજ્યોએ એ સરકારનો સ્વીકાર કર્યો હતો. આ સ્વીકાર સાબિત કરે છે કે એ સરકાર રાજ્યસત્તા–પદે પહોંચી ચૂકી હતી. (૪) એ રાજ્યસત્તા પાસે એક સુસંચાલિત લશ્કર હતું અને રીતસરના નિમાયેલા હિંદી અફસરોની નીચે રહીને એ કાર્ય કરતું હતું. (૫) આઝાદ હિંદ ફોજની સ્થાપના કરવાનો મુખ્ય ઉદ્દેશ હિંદની સ્વતંત્રતા મેળવવાનો હતો અને એની સાથેનો બીજો ઉદેશ લડાઇ દરમિયાન બરમા અને ખાસ તો મલાયામાંના હિંદીઓનું રક્ષણ કરવાનો હતો. (૬) આ નવી હિંદી રાજ્યસત્તાએ બીજી કોઈ પણ રાજ્યસત્તાની માફક પોતાના પ્રદેશો મેળવ્યા હતા. (૭) આ લડાઇ લડવા માટે એ રાજ્યસત્તા પાસે મોટા પ્રમાણમાં સાધન–સામગ્રી હતાં.

'આ દેશને સ્વતંત્ર કરવા માટે લડાઇ લડવાનો કામચલાઉ સરકારને અધિકાર હતો અને એ પ્રમાણે એ લડાઈ લડેલી પણ ખરી એમ બચાવપક્ષ ઉપલી હકીકતોને આધારે કહે છે. જો એવી સરકારને યુદ્ધ ચડવાનો અધિકાર હોય અને રાષ્ટ્રોએ તેનો સ્વીકાર કર્યો હોય તો પછી આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ બે સ્વતંત્ર રાષ્ટ્રો અથવા બે રાજ્યસત્તાઓ એકબીજા સામે યુદ્ધ ચલાવી શકે છે અને એવી લડાઇના સંચાલનમાં જે કોઈએ કાંઈ પણ કાર્ય કર્યું હોય તેમને મ્યુનિસિપલ કાયદો લાગુ પડી શકતો નથી......ફરિયાદપક્ષની મુખ્ય દલીલ એવી છે કે આંતરરાષ્ટ્રીય કાયદો તપાસવાનો અને એક રાજ્યસત્તા અને તેના પ્રજાજન વચ્ચેની સદંતર આંતરિક બાબતમાં એને લાગુ પાડવાનો અધિકાર બ્રિટિશ અદાલતો કે બ્રિટિશ હિંદની અદાલતોને છે નહિ. ......તમે જે નિર્ણય કરો તેમાં તમારે એ પણ વિચારવાનું છે કે હિંદી લશ્કરના હિંદી અફસરો ઉપર જેમાં હિંદી લશ્કરી કાનૂન પ્રમાણે આરોપો મૂકવામાં આવ્યા છે એવા આ મુકદ્દમામાં આંતરરાષ્ટ્રીય કાયદાની વિચારણા કરવી એ અમારે માટે કાયદેસર રીતે વાજબી છે કે નહિ: કારણકે તમારી સૌથી પહેલી ફરજ તો હિંદી લશ્કરી કાનૂન પ્રમાણે અને બ્રિટિશ હિંદના કાયદા પ્રમાણે ઇન્સાફ તોળવાની છે. આ વિષય ઉપર બેઉ પક્ષોએ રજૂ કરેલી તમામ દલીલોનો વિચાર કર્યા પછી મને લાગે છે કે આંતરરાષ્ટ્રીય કાયદાને આ ખટલામાંની હકીકતોને લાગુ પાડવા સંબંધમાં આ અદાલતને અપાયેલી વિવેકશકિત સદંતર બંધન-રહિત નથી......

'જેની માફક આરોપી અફસરોએ રાજા સામે યુદ્ધ ચલાવ્યું હોવાનો આરોપ મુકાયો છે તે આઝાદ હિંદ ફોજની હયાતી અને તેનાં કાર્યો અંગે, કે ત્રણેય આરોપીઓ એમાં જોડાયેલા અને તેના જાહેર ઉદ્દેશોને એમણે સ્વીકારેલા એ વિષે ફરિયાદપક્ષ અને બચાવપક્ષ વચ્ચે કોઇ મતભેદ નથી. પણ ત્રણે આરોપીઓ ઉપર એક સંયુકત મુકદ્દમો

સાંકળો એનો અર્થ એ નથી કે ત્રણેયને એકસરખી સજા ફરમાવવી. સંયુક્ત આરોપોને તો ત્રણેય સામેના પુરાવાઓની એકી સાથે અને એક જ સમયે રજૂઆત થઇ શકે એ સગવડ સાથે જ સંબંધ છે. તે સિવાય તો, દરેક આરોપીને પોતાની સામે પુરાવાઓની સ્વતંત્રપણે તુલના કરાવવાનો અને પોતાની સામેના અલગ અલગ ફેંસલા માગવાનો અધિકાર છે......

'બધા આરોપીઓએ એ વાત ભારપૂર્વક જણાવી છે કે આઝાદ-ફોજ એ એક સંપૂર્ણપણે સ્વયંસેવક-સેના હતી અને એમાં માત્ર સ્વેચ્છાપૂર્વક જોડાયેલા સ્વયંસેવકો જ શામિલ હતા, અને સ્વદેશપ્રેમના ઉચ્ચમાં ઉચ્ચ ઇરાદાઓથી એ હંમેશાં પ્રેરાયેલા હતા. બેશક જો કોઇ કૃત્ય ગુનેગારીભર્યું હોય તો તેની પાછળના ઇરાદાઓ એને ક્ષમા કરાવી શકે નહિ. પણ સાથે સાથે, આરોપીઓએ જે કહ્યું છે તે તમે સ્વીકારો —અને એનો ઇન્કાર કરવામાં આવ્યો નથી—તો પછી જો આરોપીઓને સજા કરવાની હોય તો તેમાં ઘટાડો કરવા માટેના વજનદાર સંજોગો હયાતી ધરાવે છે.'

અંતે, પોતપોતાના પક્ષોની સુંદર રજૂઆત કરવા બદલ અને આખા મુકદ્દમા દરમિયાન પોતાની સાથે સહકારથી કામ પાડવા બદલ જજ-એડવોકેટ બચાવપક્ષના ધારાશાસ્ત્રી શ્રી ભુલાભાઈની, સરકારી વકીલની અને લશ્કરી-વકીલ લેફ્‌૦ કર્નલ વોલ્શની પ્રશંસા કરી તે પછી પ્રમુખશ્રીએ જાહેર કર્યું કે પોતાના ફેંસલાની વિચારણા કર્યા બાદ અદાલત આવતા સોમવારે ફરી મળશે.

# ફેંસલો : સજા : માફી

**૩૧ મી ડિસેંબર : સોમવાર** : ૨૨ :

અદાલતની બાવીસમી અને છેલ્લી બેઠકની કાર્યવાહીની શરૂઆત કરતાં જજ—એડવોકેટે લશ્કરી વકીલ પાસેથી આરોપીઓના ચારિત્ર્યની અને લશ્કરી નોકરી અંગેની વિગતો માગી. જવાબમાં લશ્કરી વકીલે જણાવ્યું કે કેપ્ટન શાહનવાઝની ઉમ્મર ૩૧ વર્ષ ને ૧૧ માસની છે. ૯ વર્ષ ને ૧૧ માસની એમની લશ્કરી નોકરી દરમિયાન એ અફસરપદે રહ્યા હતા. ૫ વર્ષ અને ૧ માસ સુધી એ કેપ્ટન હતા. આ મુકદ્દમા સિવાય એમનું સામાન્ય ચારિત્ર્ય ઘણું સારું છે. એમને કોઇ માનચાંદ મળ્યાં નથી. કેપ્ટન સેહગલની ઉમ્મર ૨૮ વર્ષ અને ૧૧ માસની છે. પાંચ વર્ષ સુધી એમને કેપ્ટન તરીકે નોકરી કરી છે. એમનું ચારિત્ર્ય ઘણું સારું છે. કોઇ માનચાંદ એમને મળ્યાં નથી. લેફ્ટેનન્ટ ધિલન ૩૦ વર્ષ ને ૯ માસની ઉમ્મરના છે. પોણાછ વર્ષની એમની નોકરી દરમિયાન સવાચાર વર્ષ સુધી એ લેફ્ટેનન્ટ હતા. એમનું ચારિત્ર્ય ઘણું સારું છે. કોઇ માનચાંદ એમણે મેળવ્યા નથી.

લશ્કરી અદાલતનો એવો શિરસ્તો છે કે જો આરોપીઓ ઉપરના એક યા વધુ આરોપો સાબિત થયેલા લાગે તો પછી સજા કડક કે હળવી બનાવવામાં આરોપીઓના ચારિત્ર્યની વિગતો ન્યાયાધીશો ધ્યાનમાં લ્યે છે. એટલે આજની અદાલત દરમિયાન ઉપલી વિગતોની માગણી થઇ એની ઉપરથી એવું સૂચન મળી ગયું કે આરોપીઓ એમની ઉપરના એક યા વધુ આરોપો મુજબ ગુનેગાર જણાયા છે.

અદાલતના પ્રમુખ મેજર—જનરલ બ્લેકલેન્ડે તે પછી જાહેર કર્યું કે, ' સજા અંગેની વિચારણા કરવા માટે હવે અદાલત બંધ કરવામાં આવે છે. ફેંસલો અને સજાને મંજૂરી મળ્યા બાદ એ થોડા દિવસોમાં જાહેર કરાશે. ખુલ્લી અદાલતની કાર્યવાહી એ રીતે પૂરી થાય છે.'

લશ્કરી અદાલતના નિયમ મુજબ આ મુકદ્દમાની આખી કાર્યવાહી જજ–એડવોકેટ તરફથી હિંદના વડા સર સેનાધિપતિ ( સર ક્લૉડ ઑકિન-લેક )ના કાયદા અંગેના સલાહકારને મોકલાશે. એ કાર્યવાહી, એનો ફેંસલો અને એની સજા બધી રીતે કાયદેસર અને બરોબર છે કે નહિ તેની જાણ આ સલાહકાર સરસેનાધિપતિને કરશે. કાર્યવાહી, ફેંસલો અને સજા દરેક રીતે વાજબી અને ન્યાયી છે કે નહિ તેની વિચારણા કર્યા બાદ સર-સેનાધિપતિથી સજામાં કાંઇ વધારો કરી શકાય નહિ. પણ જો એમને યોગ્ય લાગે તો એ સજા ઘટાડી શકે છે અને સમૂળગી રદ બાતલ પણ કરી શકે છે.

## ૩જી જાન્યુઆરી : ગુરુવાર

આઝાદ હિંદ ફોજના પહેલા મુકદ્દમાના ત્રણ આરોપી અફસરોને અદાલતે ફરમાવેલી જનમટીપની સજા વડા સરસેનાધિપતિએ માફ કરી છે એવું જણાવતી નીચે મુજબની સત્તાવાર યાદી બહાર પાડવામાં આવી છે:

'કેપ્ટન શાહનવાઝખાન, કેપ્ટન સેહગલ, અને લેફ્ટેનન્ટ ધિલન ઉપર લશ્કરી અદાલતમાં મુકદ્દમો ચલાવવામાં આવ્યો છે. રાજા સામે યુદ્ધ ચલાવવાનો આરોપ ત્રણે ય પર છે અને લેફ્૦ ધિલન ઉપર ખૂન કરવાનો તથા બીજા બે ઉપર ખૂન કરાવવાનો આરોપ છે. અદાલતનો ફેંસલો એ છે કે યુદ્ધ ચલાવવાના આરોપસર એ ત્રણેય ગુનેગાર ઠર્યા છે; કે૦ શાહનવાઝ-ખાનને ખૂન કરાવવાના આરોપસરની સજા પણ થઈ છે, અને ખૂન કરવાના આરોપમાં લેફ્૦ ધિલનને તથા ખૂન કરાવવાના આરોપમાં કે૦ સેહગલને બિનગુનેગાર ઠરાવવામાં આવ્યા છે. . . . યુદ્ધ ચલાવ-વાના ગુનાસર ત્રણે ય આરોપીઓને અદાલતે જનમટીપની, લશ્કર-માંથી છૂટા કરવાની અને એમનાં પગાર–ભથ્થાંની જમા રકમો જપ્ત કરવાની સજા કરી છે . . . . અદાલતનો ફેંસલો દરેક બાબતમાં પુરાવાઓ સાથે સુસંગત છે એની સરસેનાધિપતિને ખાતરી થઇ છે, અને તેથી એમણે એને પોતાની મંજૂરી આપી છે . . . .

'વર્તમાનપત્રોમાં જણાવવામાં આવ્યું છે તેમ હિંદી સરકારની નીતિ હવેથી માત્ર એવા માણસો ઉપર કામ ચલાવવાની છે કે જેમની ઉપર યુદ્ધ ચલાવવા ઉપરાંત ભયંકર સિતમો ગુજારવાના આરોપો પણ મૂકવામાં આવ્યા હોય. કોઈ પણ મુકદ્દમામાં સજાની પુનઃવિચારણા કરનાર અધિકારીએ એ ધ્યાનમાં રાખવાનું છે કે સાબિત થયેલાં કૃત્યો સુધરેલી દુનિયાના વ્યવહાર–નિયમોનો કેટલે અંશે ભંગ કરે છે. લેફ્૦ ધિલન અને કે૦ સેહગલને ખૂન–કરાવવાના આરોપોમાં નિર્દોષ ઠરાવવામાં આવ્યા છે. જુલમ ગુજારવાનાં બીજાં કૃત્યોના આરોપ એમની ઉપર મૂકવામાં આવ્યા નથી. કે૦ શાહનવાઝખાનને ખૂન કરાવવાના આરોપસર ગુનેગાર ઠરાવવામાં આવ્યા છે અને એમની સામે સાબિત થયેલાં કૃત્યો ઘણાં આકરાં છે, છતાં અત્યારના સંજોગોનો ખ્યાલ કરવો જરૂરી મનાયું છે.

'તેથી સરસેનાધિપતિએ સજાની બાબતમાં ત્રણેય આરોપીઓ સાથે એકધારું વર્તન રાખવાનો અને એમને થયેલી જનમટીપની સજા માફ કરવાનો નિર્ણય કર્યો છે. પણ એમને લશ્કરમાંથી રદ કરવાની અને તેમનાં પગાર–ભથ્થાં જપ્ત કરવાની સજા એમણે મંજૂર રાખી છે, કારણ કે પોતાની વફાદારી ફગાવી દઈને રાજ્યસત્તા સામે યુદ્ધ ચલાવવું એ એક સિપાહી માટે ગમે તેવા સંજોગોમાં પણ એક અતિ ગંભીર ગુનો છે. આ એક એવો સિદ્ધાંત છે કે કાયદેસર રીતે સ્થાપિત થયેલી ભૂતકાળની કે ભવિષ્યની કોઈપણ સરકારના હિત ખાતર એની જાળવણી થવી જરૂરી છે.'

★



મુક્તિ પછી આંસુભરી આંખે શાહનવાઝ નેતાજીના મોટાભાઇ શરતબાબુને ભેટી રહ્યા છે.
સેહગલ અને ધિલન બાજુમાં ઊભા છે.

સબ સુખ ચૈનકી બરખા બરસે, ભારત ભાગ હૈ જાગા,
પંજાબ સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ ઉત્કલ બંગા,
ચંચલ સાગર બિંધ હિમાલા, નીલા જમના ગંગા,
તેરે નીત ગુન ગાએ,
તુઝસે જીવન પાએ
સબ તન પાએ આશા
સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા
જય હો, જય હો, જય હો, જય જય જય જય હો !

સબકે દિલમેં પ્રીત બસાએ તેરી મીઠી બાની,
હર સૂબેકે રહનેવાલે હર મઝહબકે પ્રાની,
સબ ભેદ-ઔર-ફરક મિટાકે,
સબ ગોદમેં તેરી આકે,
ગૂંથે પ્રેમકી માલા;
સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા
જય હો, જય હો, જય હો, જય જય જય જય હો !

સુબહ સવેરે પાંખ પખેરૂ તેરી હી ગુન ગાએં,
બાસ ભરી ભરપૂર હવાએં જીવનમેં રૂત લાએં,
સબ મિલ કર હિંદ પુકારે,
જય આઝાદ હિંદ કે નારે,
પ્યારા દેશ હમારા,
સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા,
જય હો, જય હો, જય હો, જય જય જય જય હો !
ભારત નામ સુભાગા !